॥ શ્રી કનકેશ્વરી પ્રસન્નસ્તુ ॥

માતૃદેવો ભવ     પિતૃદેવો ભવ     ગુરુદેવો ભવ

# નાથળીયા ઉનેવાળ જ્ઞાતિનો અમર સાંસ્કૃતિક વારસો



અમારું આ પુસ્તક અમે કરેલ માહિતી સંગ્રહ છે. તેમાં જો કોઈ પણ પ્રકારની ક્ષતિ રહી ગઈ હોય તો સમાજની ક્ષમાયાચના માગીએ છીએ.

• પ્રકાશક •

મિનાક્ષી દિનેશચંદ્ર મહેતા
મો. ૯૪૨૭૪ ૯૧૬૮૩

દિનેશચંદ્ર વલ્લભજી ઓઝા
મો. ૯૪૨૬૯૯૩૨૯૬

૩૬૨/એ, રાયજીનગર, શેરી નં.૧૩, મોતીબાગ પાસે,
જૂનાગઢ – ૩૬૨ ૦૦૧. (ગુજરાત)
ફોન : ૦૨૮૫–૨૬૭૨૫૪૪
E-mail : dineshoza21@yahoo.com

# વલ્લભજી દેવજી ઓઝા પરિવાર


દેવજીબાપા


વલ્લભજીબાપા


દિવાળી માઁ


કાંતીભાઇ


જસવંતીબેન


મંગળાબેન


ગૌરીશંકર


દોલતરાય


જ્યોત્સનાબેન


સરસ્તીબેન


મનસુખલાલ


દિનેશચંદ્ર


મિનાક્ષીબેન


અરૂણભાઇ


કપીલાબેન


રાકેશભાઇ


રિધ્ધિબેન


જશ


મોક્ષા

# વડિલોનાં સ્નેહ સાથે અંતરીક્ષથી આશિર્વાદ



સ્વ. દેવજી બાપા



સ્વ. વલ્લભજી બાપા



સ્વ. દિવાળી માં

માવતરનાં ચરણોમાં
આ પુસ્તક અર્પણ



ગં.સ્વ. મંજુલાબેન ડી. મેહતા



સ્વ. દિનેશચંદ્ર એમ. મહેતા

# ઓઝા પરિવાર આંબો

## નાનડીયા ઔઝા પરિવાર વટવૃક્ષ

સુરરાપુરા : ઓઝા સરીયા, નાગેશ્રી પાસે
કુળદેવી : કનકાઇ માતાજી, સાસણ ગીર
ગોર : શ્રોત્રિય
યજમાન : ભટ્ટ - જોષી
બારોટ : પ્રવિણભાઇ બચુભાઇ (કાગવદર)
તથા નાથાભાઇ બારોટ (પીથલપુર)
ગૌત્ર : કર્ણવ
શાખા : માધ્યાચિની
પર્વ : ત્રિપર્વ
વેદ : યર્જુવેદ
ઇષ્ટદેવ : મહાકાલેશ્વર (ઉજૈન)

ભૂલચુક માફ કરશોજી
• સંકલન •
ડોલરરાય કરૂણાશંકર ઔઝા
દોલતરાય વલ્લભજી ઔઝા
પરેશકુમાર કાંતીલાલ ઔઝા
• આલેખન • સૌજન્ય •
દિનેશચંદ્ર વલ્લભજી ઔઝા




## નાનડીયા ઓઝા પરિવાર

ડોસલદાદા એ કુંડલીયા નાગની ક્ષેત્રપાલ તરીકેની સ્થાપના કરી સં.૧૩૦૪ માં ઓઝા સાંખના હોવાથી ઓઝાસરીયા કહેવાયા.

**નિચે જણાવેલ ગામમાં વશેલા કુટુંબો**

| ભુપતદાદા | સેજાદાદા | હાદાદાદા | હરાજદાદા | નાનાદાદા | |
|---|---|---|---|---|---|
| ઝોલાપર<br>દેવકા<br>કડીયાળી<br>મોઠાયુ<br>કથીવદર<br>દાતરડી<br>ખાંભલીયા | ઉંટીયુ<br>રાજપરડુ<br>ડુંગર<br>નાગાળા | કોવાયા<br>દાતરડી<br>તડ<br>લોઠવા | રામપરા<br>સમઢીયાળુ<br>જામકા<br>માંડરડી<br>સોંદરડી<br>ખત્રીવાડા | શેરગઢ<br>અજાબ<br>બડોદર | |
| ભુપતાણી | સેજાણી | હાદાણી | હરાજવાડા | નાનડીયા | નાનડીયા |

**શ્રીમતી મીનાક્ષી દિનેશચંદ્ર વલ્લભજી ઓઝાનાં પરિવારનાં રાકેશ, રીધ્ધી, મોક્ષા અને જશના જયશ્રીકૃષ્ણ**

# જ્ઞાતિ નું ગૌરવ

## નાથળિયા ઉનેવાળ સેવક મંડળના
## સ્થાપક સપ્ત ઋષિઓ

| | |
|---|---|
| શ્રી ચુનીલાલ સવજી જોષી (પટેલ) | સીમર |
| શ્રી ગોવિંદજી નથુભાઈ મહેતા | સીમર |
| શ્રી ત્રીકમજી જીવાભાઈ જોષી | ગાંગડા |
| શ્રી કરસનજી નથુભાઈ ઓઝા | ડુંગર |
| શ્રી નરસિંહભાઈ જીવાભાઈ જોષી | ગાંગડા |
| શ્રી ખીમજી જશોધર ભટ્ટ | રામપરા |
| શ્રી ભાઈજી જેરામ ઉપાધ્યાય | મોઢા |


રમેશભાઇ ઓઝા

ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા
ભગવદઆચાર્ય, સાંદીપનીનાં સ્થાપક.


કરુણાશંકર ઓઝા

કરૂણાશંકર આણંદજી ઓઝા
જે તે સમયે વિદ્યાર્થીભવનની આવશ્યકતા
અનુસાર જૂનાગઢ માં વિદ્યાર્થી ભવનનાં
સ્થાપક તેમજ કેળવણીકાર


મૂળશંકર ઓઝા

મૂળશંકર શામજી ઓઝા
જે તે સમયે વિદ્યાર્થીભવનની આવશ્યકતા
અનુસાર જૂનાગઢ માં વિદ્યાર્થી ભવનનાં
સ્થાપક તેમજ કેળવણીકાર


વલ્લભજી ઓઝા

વલ્લભજી દેવજી ઓઝા
શેરગઢ હાઈસ્કૂલનાં સ્થાપક
મહિલા શિક્ષણ તથા સશક્તિકરણનાં પ્રણેતા


ડોલરરાય ઓઝા

ડોલરરાય કરૂણાશંકર ઓઝા
વિદ્યાર્થી ભુવનને સમયની માંગ મુજબ વાડીમાં
રૂપાંતરીત કરવા કમાટે ભૂમીનું યોગદાન


દોલતરાય ઓઝા

દોલતરાય વલ્લભજી ઓઝા
નાથળીયા ઉનેવાળ બ્રહ્મ સમાજ જુનાગઢનાં
સ્થાપક તથા પ્રથમ પ્રમુખ ના.ઉ.બ્ર.સ.વાડીનાં પ્રથમ
ચુંટાયેલા પ્રમુખ (લોકશાહી બંધારણ અમલવામાં આવતા)


લાલજીબાપા ઉપાધ્યાય

લાલજી દામજી ઉપાધ્યાય
જૂનાગઢમાં વાડી માટે જમીનનું અનુદાન
તેમજ જ્ઞાતિની વાડી બને તે માટેના દીર્ઘ દ્રષ્ટા.


દિનેશચંદ્ર મહેતા

દિનેશચંદ્ર મૂળજી મહેતા
નાવડા કાંધલીયા દાદાની પુનરૂત્થાનની શરૂઆત
કરનાર મુંબઈ મુકામે ના. ઉ. હિતવર્ધક મંડળ
નાં ભૂતપૂર્વ પ્રમુખ જૂનાગઢ ની આર.ઝી.
હુકુમત ના લડવૈયા તથા ગુ.સ. દ્વારા સ્વતંત્ર
સેનાની તરીકે સન્માનીત.


સ્વ. શ્રી લલ્લુભાઇ
શંકરભાઇ ભટ્ટ (વતરા)

લલ્લુભાઇ શંકરભાઇ ભટ્ટ
નાથળીયા ઉનેવાળ સેવક મંડળનાં સ્થાપક
ઉના.


માધવજી સવજી ઓઝા

માધવજી સવજી ઓઝા
નાથળીયા ઉનેવાળ વિદ્યાર્થીભવનનાં સ્થાપક
ઉના.


ભવાનીશંકર આત્મારામ ઓઝા

ભવાનીશંકર આત્મારામ ઓઝા
નાથળીયા ઉનેવાળ વિદ્યાર્થીભવનનાં સ્થાપક
ઉના.


પરમાણંદબાપા ઓઝા

પરમાણંદદાસ જીવાભાઈ ઓઝા
બેડીયા સરકાર ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ વનમંત્રી,
જીલ્લા પંચાયત જૂનાગઢ ના ભૂતપૂર્વ પ્રમુખ.


જાદવજી જોષી

જાદવજી આણંદજી જોષી
સૌ પ્રથમ જૂનાગઢમાં વાસણના દાતા
તથા સમાજની મેડીકલ સુશ્રુસા કરનાર
મૂક સેવક.


દિનેશચંદ્ર ઓઝા

દિનેશચંદ્ર વલ્લભજી ઓઝા
ઓઝા સરીયા દાદા સેવા ટ્રષ્ટ ના સ્થાપક
તથા ઉપ પ્રમુખ તેમજ ઓઝા સરીયા દાદાને
ઉજાગર કરનાર તથા પુસ્તક સંકલન કર્તા.


મિનાક્ષી મહેતા

મિનાક્ષી દિનેશચંદ્ર મહેતા
જ્ઞાતિમાં પ્રથમ મહિલા એમ.એ., એમએડ્.
પુસ્તકનાં લેખક તથા સંકલન કર્તા.



ઇન્દિરાબેન જોષી

ઈન્દીરાબેન જયેન્દ્રભાઈ જોષી
નાથળીયા ઉનેવાળ હિતવર્ધક મંડળ મુંબઈ
ના પ્રથમ મહિલા પ્રમુખ તથા ના.ઉ. સેવક
મંડળ માં મહિલા મંડળના પાંખનાં મંત્રી



મનુભાઇ ઓઝા

મનુભાઈ કેશવજી ઓઝા
ઓઝા સરીયા દાદા સેવા ટ્રષ્ટના પ્રમુખ



મનસુખભાઇ મહેતા

મનસુખભાઈ મહેતા
ગુ.સ. તથા રાષ્ટ્રિય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ
થી સન્માનીત પ્રતિભાશાળી વ્યક્તિત્વ.



જાગૃતિબેન મહેતા

જાગૃતિ કાંતિલાલ ઓઝા
ગુ.સ. તથા રાષ્ટ્રિય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ
થી સન્માનીત ગૌરવશાળી મહિલા



નવનીતભાઇ ઉપાધ્યાય

નવનીતભાઈ નાનાલાલ ઉપાધ્યાય
વેરાવળ સમસ્ત બ્રહ્મસમાજ ના પ્રમુખ
જ્ઞાતિ ના સેવા કાર્યકર



ડૉ. જે. કે. ભટ્ટ

ડૉ. જે. કે. ભટ્ટ
જ્ઞાતિનાં પ્રથમ પીએચ.ડી., વેદાંત આચાર્ય,
સાહિત્ય રત્ન, બ્રહ્મર્ષિ એવોર્ડ, સારસ્વત એવોર્ડ,
બ્રહ્મ ગૌરવ એવોર્ડ, ભારતમાતા મંદિર એવોર્ડ,
વેદશાસ્ત્ર સંપન્ન એવોર્ડ વિજેતા તેમજ લેખક
તથા કથાકાર



કાંતિલાલ મહેતા

કાંતિલાલ હિરજી મહેતા
વેરાવળ જ્ઞાતિની વાડીનાં સ્થાપક
તથા પ્રથમ પ્રમુખ



મુકેશભાઇ મહેતા

મુકેશ મણિશંકર મહેતા
સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢના પ્રમુખ
તથા સંકટમોચન નું બિરૂદ આપી શકાય
તેવી હસ્તી.



ઉમેશભાઇ મહેતા

ઉમેશ રતિલાલ મહેતા
રાજકોટ બ્રહ્મસમાજના સ્થાપક તથા
કાર્યકર બ્લડબેંક તથા દેહદાન, ચક્ષુદાન
સેવા કાર્યકર.



મહેશભાઇ જોષી

મહેશ મણીશંકર જોષી
જૂનાગઢ વાડીનાં પ્રથમ પ્રમુખ
તથા લોક સેવક.


ટ્રસ્ટ વાડી-
Welcome
ચિ. જય રાકેશ ઓઝાની યજ્ઞોપવિત
તારીખ : ૨૦-૧૧-૨૦૧૭ નાં રોજ અમારી બુકનું વિમોચન

# સંસ્કારોમાંનો એક સંસ્કાર, યજ્ઞોપવિત શા માટે....

- ઉપનયન સંસ્કારએ દિવ્ય સંસ્કાર છે, તેના દ્વારા બ્રાહ્મણને નવો જન્મ મળે છે, તે એનો સંસ્કાર જન્મ છે, જન્મના જાયતે શુદ્રઃ સંસ્કારે દ્વિજ ઉચ્યતે । જનોઇ આપતી વખતે બટુકને લંગોટી પહેરાવે છે, લંગોટી બાંધવી એટલે જ વિષય વાસનાં ઉપર કાબુ રાખવો.
- જનોઇ લેતી વખતે કમરે મેખલા બાંધવી પડે છે, મેખલા બંધન એટલે... વ્રતબંધન, મેખલા બંધન એટલે... જિંદગીમાં આવનારી અગવડો સાથે કમર કસીને સંઘર્ષ કરવાની તત્પરતાં મેખલા બંધન એટલે... જીવનનાં દૈવાસુર સંગ્રામમાં આસુરી વૃત્તિ વિજય ન બની જાય તે માટેની સતત જાગૃતિ.
- બટુકનાં હાથમાંનો દંડ આત્મશાસનનું પ્રતીક છે, પોતાનાં હાથે થયેલો અપરાધનો દંડ કાંતો સજા પોતેજ માંગી લેવી એ આત્મશાસનનું રહસ્ય છે, દંડ જેમ સરળ અને સીધો છે, તેમ દંડ ધારણ કરનાર બટુકે પણ સીધા, સરળ ને ટટાર રહેવાનું છે, અને ખુમારીથી કહી શકે કે હું નમીશ તો ફકત માતા-પિતાને, ગુરૂને, સંતોને અને ભગવાનને માણસ ગમે ત્યાં નમે એવો દીન કે લાચાર ન હોવો જોઇએ તેમજ કોઇને પણ ન નમે એટલો ઉન્મત્ત ન હોવો જોઇએ.
- જનોઇ લેતી વખતે બટુકે મૃગાજિન બાંધવાનું હોય છે, તે કૃતજ્ઞતાનું પ્રતીક છે અગાઉ મુજબ એ રાજધર્મ ગણાતો પરંતુ હરણાઓનું બલિદાન ન લેવાય એ ધ્યાનમાં રાખી કૃતજ્ઞ બુદ્ધિથી ઋષિઓએ મૃગચર્મને પવિત્ર માન્યુ માટે જરૂર પડયે તેવુ બલિદાન આપવા તૈયાર રહીશ એટલે મૃગાજિન ધારણમાં પરોક્ષ કબુલાત છે.
- જનોઇએ વૈદિક જીવન ધારણાનું પ્રતીક છે, જનોઇનાં નવ તાંતણા હોય છે અને પ્રત્યેક તાંતણાં ઉપર જુદા જુદા દેવતાઓની સ્થાપનાં કરી હોય છે.
- ૐકારં પ્રથમ તન્તો ન્યસામિ । પ્રથમ ઓમકાર, બીજે અગ્નિ, ત્રીજે નાગ, ચોથે સોમ એમ અનુક્રમે પિતૃઓ, પ્રજાપતિ, વાયુ, યમ અને નવમે વિશ્વ દેવતાઓ જનોઇ દ્વિજનાં શરીરપર ધારણ છે, તેમાં પ્રત્યેક કર્મોની તે સાક્ષી છે.
- જનોઇના નવ તંતુઓમાં ત્રણ ત્રણમાં ગુંથી ત્રિસુત્રી બનાવવામાં આવે છે અને સુત્રો પર અનુક્રમે ઋગવેદ, યજુર્વેદ અને સામવેદની સ્થાપનાં કરવામાં આવે છે, ત્યાર પછી આ ત્રણેની ગાંઠ મારવામાં આવે છે તેને બ્રહ્મ ગાંઠ કહે છે ત્યાં અથર્વવેદની સ્થાપના કરવામાં આવે છે. ઋગવેદ પ્રથમ દોરકે, ન્યસામિ । યજુર્વેદ દ્વિતીય દોરકે ન્યસામિ । સામવેદ તૃતીય દોરકે ન્યસામિ । અથર્વવેદ ગ્રંથો ન્યસામિ । જનોઇ એટલે બુધ્ધિને પ્રજ્ઞામાં પરિવર્તન કરનારી રસાયણ ૐ ભૂર્ભુવ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહી ધિયો યોનઃ પ્રચોદયાત્ ॥ બુધ્ધિને તેજસ્વી કરનારા ગાયત્રી મંત્રની દીક્ષા જનોઇની સાથે જ આપવામાં આવે છે.


શ્રી નાથળિયા ઉનેવાળ સેવક મંડળ આયોજિત ૨૮ મો
વસંતોત્સવ
વસંતોત્સવ
શ્રી નાથળિયા ઉનેવાળ સેવક મંડળ
વસંતોત્સવ
અમારા પ્રમુખસ્થાને યોજાયેલ વસંતોત્સવ તા. ૧૫-૨-૨૦૧૩

# ઉના ખાતે આપણી જ્ઞાતિનો વસંતોત્સવ
# તા. ૧૫-૨-૨૦૧૩ ના રોજ પ્રમુખસ્થાન સંભાળ્યું.

## સમારંભ પ્રમુખ દંપતિ



શ્રી દિનેશચંદ્ર વલ્લભજી ઓઝા

## શ્રી દિનેશચંદ્ર વલ્લભજી ઓઝાનો સંક્ષિપ્ત પરિચય

શ્રી વલ્લભજી દેવજી ઓઝા અને શ્રી દિવાળીબેનના પુત્ર શ્રી દિનેશચંદ્રભાઇનો જન્મ તા.૫/૧૨/૧૯૫૨ના રોજ આખા મુકામે મોસાળમાં થયેલ. મૂળ વતન શેરગઢ. પ્રાથમિક શિક્ષણ શેરગઢમાં, હાઇસ્કૂલનો અભ્યાસ કેશોદમાં તથા એક વર્ષ માતૃસંસ્થા ઉના બોર્ડીંગમાં ભણ્યા. ત્યારબાદ કોલેજ શિક્ષણ જુનાગઢમાં મેળવેલ. બી.કોમની ડીગ્રી મેળવતાં સુધીમાં સ્વપ્રયત્ને નાના-મોટા વ્યવસાય દ્વારા શિક્ષણ ખર્ચ જાતેજ ઉપાડેલ. મુંબઇ સંસ્થાપીત શ્રી નાથળિયા ઉનેવાળ હિતવર્ધક મંડળનાં પ્રથમ પ્રમુખ તથા આરજી હકુમતનાં સેનાની સાહિત્ય રસીક અને સંસ્થાનાં પરમ શુભેચ્છક તથા સહાયક સભ્ય હતા, અજાબના વતની શ્રી દિનેશચંદ્ર મુળજીભાઇ મહેતાનાં મોટા પુત્રી શ્રી મિનાક્ષીબેન સાથે તા.૫/૧૨/૧૯૭૫ના રોજ લગ્નગ્રંથીથી જોડાયા અને ભાગ્ય પરિવર્તનની તક શ્રી દિનેશભાઇ ઓઝાને સાંપડી, જાણે કે "તાલ સે તાલ મિલા". પ્રભુતામાં પગલાં માંડતાજ ટૂંક સમયમાં યુનાઇટેડ ઇન્ડીયા ઇન્સ્યુરન્નસ કું.માં તેમને આસી. ક્લાર્કની પોસ્ટ પોરબંદર મુકામે મળી. ત્યાં પાંચ વર્ષ ગાળ્યા બાદ જુનાગઢ ટ્રાન્સફર થયા. ૨૮ વર્ષ જુનાગઢમાં એકજ ઓફિસમાં ત્રણ પ્રમોશન પ્રાપ્ત કરી વીમા કંપનીમાં ધરખમ સિદ્ધી પ્રાપ્ત કરી. માત્ર છેલ્લું પ્રમોશન અમરેલી બ્રાંચ મેનેજર તરીકેનું ૨૦૦૬માં સ્વીકાર્યું. વીમાક્ષેત્રમાં પછાત વિસ્તારમાં લોકજાગૃતિ લાવી કંપનીને ધરખમ ફાયદો કરાવ્યો, જે અંગે વીમા કંપનીએ પણ રજત પદકો અર્પણ કરી સન્માન્યા. અંતમાં હાલ તા.૩૧/૧૨/૨૦૧૨નાં રોજ નિવૃત્તિ જુનાગઢમાં લીધેલ છે.

શ્રી દિનેશભાઇ તેમનાં સર્વિસકાળ દરમ્યાન અનેક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. વીમાકર્મચારી મંડળ જુનાગઢ જીલ્લાના પ્રતિનિધી તરીકે ૨૫ વર્ષ બિનહરીફ રીતે સંચાલન કરેલું. સ્પોર્ટસ ક્લબનાં પ્રમુખ તરીકે ૧૦ વર્ષ સેવા આપી છે. લાયન્સ ક્લબ (પ્લાઝા) જુનાગઢનાં સેક્રેટરી રહી ચૂક્યા છે. હાઉસીંગ સોસાયટીની સ્થાપના કરેલ છે. ક્રેડિટ કો.ઓ. સો.ની સ્થાપના કરેલ છે. વીમા કર્મચારીઓ માટે અલગ બ્લડ બેંકની સ્થાપના કરેલ છે. કર્મચારીઓનાં સુખ-દુઃખમાં હંમેશા પડખે ઉભા રહેવાની તત્પરતા દાખવેલ છે. શ્રી ઓઝા પરિવારનાં સુરાપુરા શ્રી ઓઝા સરીયા દાદા (નાગેશ્રી - તા. રાજુલા)નું પુનરૂત્થાન કાર્ય, જે અગાઉ ૫-૧૦ ભાઇઓએ જહેમત ઉઠાવી કરી રહ્યા હતા, તેમાના શ્રી મનસુખલાલ કેશવજી ઓઝાનાં સંપર્કમાં તેઓ આવવાથી પોતે પણ તે કાર્ય માટે અથાગ પરિશ્રમ તન,મન,ધનથી કરી રહ્યા છે. આ બધાજ કાર્ય ઉપરાંત તેમની જ્ઞાતિ સેવાના કાર્યમાં ઉત્તમ કાર્ય યશકલગીરૂપે જુનાગઢ મુકામે થયેલ જ્ઞાતિની વાડીમાં લોકશાહી બંધારણ ઘડવા માટે ઝુંબેશ આદરેલ અને તેમના પરિશ્રમ અને પ્રયત્નો સફળતા સાથે સિદ્ધ થયા. તેમણે આ સેવા નિઃસ્વાર્થ ભાવે અપેક્ષાહીન કરેલ, કોઇ પદ મેળવવા નહીં. જેનાં ફળ આજે સમગ્ર સમાજ માણી રહ્યો છે.

તેમનાં ધર્મપત્નિ મિનાક્ષીબેન પણ એમ. એ., એમ.એડ. સાથે આદર્શ શિક્ષિકા, માતા, ગૃહિણી તથા કુટુંબ પરિવારની ભાવનાવાળા છે. મુંબઇમાં એકાદ વર્ષ લેક્ચરર તરીકે સર્વિસ કર્યા બાદ લગ્ન થતાં સૌરાષ્ટ્રમાં બી.એડ. કરી શિક્ષકની નોકરી સ્વિકારી તેઓ પણ તેમનાં પિતાની જેમ એક સારા સાહિત્યકારનો વારસો ધરાવે છે. હાલ તેઓ નિવૃત્ત છે. મિનાક્ષીબેનના નાના બહેન એટલે નાથળિયા ઉનેવાળ મહિલા મંડળ - મુંબઇનાં મંત્રી શ્રી ઇન્દિરાબેન. આ દંપતિનો પુત્ર શ્રી રાકેશભાઇ ડિપ્લોમાં ઇન ઓટોમોબાઇલની ડીગ્રી ધરાવે છે. હાલમાં રાકેશભાઇ મુંબઇ મુકામે ગોદરેજ કું.માં એન્જીનિયીર છે. તેમનાં ધર્મપ્તનિ શ્રી રીદ્ધીબેન એમ.એ., બી.એડ છે અને આદર્શ ગૃહિણી છે. રાકેશભાઇનાં બાગમાં બે ફૂલો "મોક્ષા" તથા "જશ" છે.

શેરગઢનો ઓઝા પરિવાર શિક્ષણપ્રેમી છે. વલ્લભજીબાપાએ શેરગઢમાં સૌપ્રથમ હાઇસ્કુલ સ્થાપવા અથાગ જહેમત ઉઠાવી હતી પોતાનાં સંતાનો તથા વહુઓને ભણાવી ગણાવી નોકરી કરતાં સ્વાવલંબી બનાવ્યા. શ્રી દિનેશભાઇનાં મોટા ભાઇ સ્વ. કાંતિભાઇ (ગ્રામસેવક), શ્રી દોલતભાઇ (પ્રા.શિ.), નાનાભાઇ સ્વ. અરૂણભાઇ (પ્રા.શિ.). તેમનાં બંને મોટા ભાભી તથા નાના ભાઇનાં પત્નિ, બન્ને બહેનો, દિકરીઓ, બધાજ શિક્ષણ જગત સાથે જોડાયેલા છે, જેથી આ પરિવારની શિક્ષણ સજાગતા ઉંચી છે. તેમનાં પરિવારની પુત્રી શ્રી જાગૃતિબેન, જેમને હમણાંજ તા. ૫/૯/૨૦૧૨નાં રોજ રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ રાષ્ટ્રપતિનાં હસ્તે અર્પણ થયેલ છે.

આવા શિક્ષણપ્રેમી પરિવારના સભ્યને આજનાં પ્રમુખસ્થાન માટે મેં સૂચન કર્યું તે તેમણે તરતજ આ સ્થાન સ્વીકારવા સંમતિ આપેલ. આમ આપ સૌના એક શિક્ષણપ્રેમી વ્યક્તિનું કદરદાન નજરાણું અર્પણ કરતાં હર્ષ અનુભવું છું.

એક ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શિક્ષણ પ્રેમી શ્રી દિનેશભાઇના ઉપરોક્ત પરિચયમાં જણાવ્યા પ્રમાણે એક અસામાન્ય વ્યક્તિત્વ ધરાવતા મૂઠી ઉંચેરા માનવી છે હવે નિવૃત્તિના સમયમાં અનેક ક્ષેત્રોમાં જ્ઞાતિજનોને ઉપયોગી થઇ શકશે. વળી મનુભાઇ ઓઝા (ગઢવી)ના સંપર્કને લઇ ચારેય ચોરાનું તેમની સામે વિશાળ કાર્યક્ષેત્ર છે. ઉમદા ભાવના ધરાવે છે, તેમજ હૃદયના ઋજુતા હોવાથી પોતાની માતૃસંસ્થામાંથી અવઞ્રણ થવા સામે ચાલીને સંસ્થા માટે કંઇક કરી છૂટવાની ભાવના ધરાવે છે. તે સંસ્થાના શતાબ્દી વર્ષોમાં શુભશુકન સમાન છે. કલ્યાણકારી નિર્ણય બદલ દિનેશચંદ્રભાઇને ખુબ ખુબ ધન્યવાદ

પરિચયકર્તા : શ્રી હરિલાલ જી. મહેતા.

## તારીખ : ૧૮-૧૧-૨૦૧૮ નાં રોજ
## રાજકોટ ટ્રસ્ટ દ્વારા થયેલ સન્માન.








રજી. નં. એ-૨૮૯૬ પુરુષાર્થ + શ્રદ્ધા = સિદ્ધિ સ્થાપના : ૯-૫-૨૦૦૩

# શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ ટ્રસ્ટ - રાજકોટ

શિક્ષણ - સેવા - આરોગ્ય

## વિશેષ સિદ્ધિ સન્માન

તા.૧૮-૧૧-૨૦૧૮

બ્રહ્મ વિભૂતિ શ્રી, મીનાક્ષીબેન - દિનેશભાઈ ઓઝા

આપ દ્વારા 'નાથળિયા ઉનેવાળ જ્ઞાતિનો અમર સાંસ્કૃતિક વારસો' પુસ્તક લેખન ક્ષેત્રમાં થયેલ વિશિષ્ટ પ્રદાનની શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ - રાજકોટ ગૌરવપૂર્ણ નોંધ લે છે. તેમજ આપને મળેલ આ સિદ્ધિ બદલ અમે સૌ હર્ષ અને ધન્યતાની લાગણી અનુભવીએ છીએ. આપની આ અપૂર્વ સિદ્ધિ આપણા સમાજ માટે ચોક્કસ પ્રેરક અને પથદર્શક બની રહેશે.

આપશ્રી ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરીને સિદ્ધિના નવાં સોપાનો સર કરો અને આપણા સમાજનું ગૌરવ વધારો એવી હૃદયની શુભકામનાઓ.

પ્રમુખ<br>
શ્રી ના.ઉ.બ્રહ્મસમાજ ટ્રસ્ટ<br>
રાજકોટ

માનદ્‌મંત્રી<br>
શ્રી ના.ઉ.બ્રહ્મસમાજ ટ્રસ્ટ<br>
રાજકોટ

કાર્યાલય : ઉમેશ આર. મહેતા - "શ્રીહરિ ઉપકાર", ૧-ગીતાનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૨ ■ મો.: ૯૪૨૮૫ ૦૬૦૧૧ ■ E-mail: unevalbhraman.rajkot2003@gmail.com



# શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ ટ્રસ્ટ-રાજકોટ

શિક્ષણ - સેવા - આરોગ્ય<br>
પુરુષાર્થ + શ્રદ્ધા = સિદ્ધિ

## સન્માન પુષ્પ

**શ્રીમતિ મીનાક્ષીબેન દીનેશચંદ્ર મહેતા**<br>
**શ્રી દીનેશચંદ્ર વલ્લભજીભાઈ ઓઝા**

આપશ્રીએ ખૂબજ મહેનત, ધગશ અને રસપૂર્વક વિવિધ માહિતીઓ એકઠી કરી **" નાથળીયા ઉનેવાળ જ્ઞાતિનો અમર સાંસ્કૃતિક વારસો "** નામે પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. જે બદલ અમો આપનું સન્માન કરતાં હર્ષ અને ગૌરવ અનુભવીએ છીએ. ભવિષ્યમાં પણ સમાજ માટે આપની સેવા-સરિતાનો પ્રવાહ નિરંતર વહેતો રહે તેવી અભ્યર્થના.

શ્રી મનસુખભાઈ મહેતા<br>
પ્રમુખશ્રી

શ્રી ઉમેશ આર.મહેતા<br>
માનદ્ મંત્રીશ્રી

# જાન્યુઆરી-૨૦૧૮ નાં મુખપત્રમાં નોંધ લઈને અમોને બિરદાવ્યા

## શ્રી નાથળિયા ઉનેવાળ જ્ઞાતિનાં અમર સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા પુસ્તકનું પ્રકાશન:

### ૨૪૮ પાનાના દળદાર પુસ્તકમાં અનેક માહિતી પુરી પડાઈ છે. ૭૦૦ પુસ્તીકા છપાવી જ્ઞાતિજનોને કરાયું નિ:શુલ્ક વિતરણ

જુનાગઢમાં શ્રી નાથળિયા ઉનેવાળ જ્ઞાતિનાં અમર સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા પુસ્તકનું પ્રકાશન કરાયું છે. ૨૪૮ પાનાના દળદાર અને રસદાર માહિતિ આપતા આ પુસ્તકની ૭૦૦ કોપી બનાવી નાથળિયા ઉનેવાળ જ્ઞાતિજનોને તદ્દન નિ:શુલ્ક વિતરણ કરવામાં આવેલ છે. આ પુસ્તકનાં લેખન અને સંકલનકર્તા છે શ્રી દિનેશભાઈ વલ્લભજી ઓઝા અને મિનાક્ષીબેન દિનેશચંદ્ર મહેતા. દિનેશભાઈ ઓઝા ઓઝા સરીયા દાદા સેવા ટ્રસ્ટનાં સ્થાપક તેમજ ઉપપ્રમુખ તરીકે સેવા બજાવે છે અને ઓઝા સરીયાદાદાને ઉજાગર કરતા પુસ્તકનાં સંકલનકર્તા છે. જ્યારે મિનાક્ષીબેન દિનેશચંદ્ર મહેતા જ્ઞાતિનાં પ્રથમ મહિલા છે કે જેમણે એમ.એ, એમ.એડની ડીગ્રી હાંસલ કરી છે. આ પુસ્તકમાં શ્રી નાથળિયા ઉનેવાળ જ્ઞાતિનું વંશવૃક્ષ, ઈતિહાસ, ઓઝા કુળનો આંબો, અન્ય આંબાઓ, ૮૪ બ્રહ્મણોની યાદી, આપણાં રીત-રીવાજો, પરંપરા, સોળ સંસ્કાર, લગ્ન લખવાથી લઈને વિદાય સુધીનાં વિવિધ પ્રસંગોને અનુરૂપ ગવાતા ગીતો, જનોઈનાં ગીતો, આરતી, ગરબા, સીમંતનાં ગીતો, વિગેરે તમામ નાની-મોટી બાબતોને વણી લેવામાં આવી છે. આ પુસ્તકને ભાઈશ્રી રેમશભાઈ ઓઝા, શ્રી નાથળિયા ઉનેવાળ સેવક મંડળ-મુંબઈ, શ્રી નાથળિયા ઉનેવાળ હિતવર્ધક મંડળ (ઓખા-લોઢવા વિભાગ) તેમજ સમાજની અન્ય ઘણીજ સંસ્થાઓએ બીરદાવેલ છે અને લેખક સંકલનકર્તા શ્રી મિનાક્ષીબેન મહેતા તથા દિનેશભાઈ ઓઝાને અભિનંદન પાઠવ્યા છે. જ્ઞાતિજનોને આ પુસ્તક નિ:શુલ્ક તેમનાં નિવાસસ્થાનેથી - એ-૩૬૨, શેરી નં.૧૩, રાયજી બાગ, મોતી બાગ પાસે, જુનાગઢથી મેળવી શકે છે. વધુ માહિતિ માટે ૯૪૨૬૯ ૯૩૨૯૬ (94269 93296) નંબર ઉપર સંપર્ક કરવો.

# તા. ૨૭-૧૨-૨૦૧૭ નાં રોજ સૌરાષ્ટ્રભૂમિ ન્યુઝ પેપરમાં નોંધ લઈ અમોને બિરદાવ્યા.

સૌરાષ્ટ્રભૂમિ જૂનાગઢ આવૃતિ    બુધવાર તા.૨૭ ડિસેમ્બર, ૨૦૧૭    www.saurashtrabhoomi.com E-mail : saurashtrabhoomi@gmail.com    ૭

## શ્રી નાથળીયા ઉનેવાળ જ્ઞાતિનાં અમર સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા પુસ્તકનું પ્રકાશન કરાયું

### ૨૪૮ પાનાના દળદાર પુસ્તકમાં અનેક માહિતી પુરી પડાઈ : ૭૦૦ પુસ્તીકા છપાવી જ્ઞાતિજનોને કરાયું નિઃશુલ્ક વિતરણ


મિનાક્ષીબેન મહેતા


દિનેશભાઈ ઓઝા

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢમાં શ્રી નાથળીયા ઉનેવાળ જ્ઞાતિનાં અમર સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતાં પુસ્તકનું પ્રકાશન કરાયુંછે. ૨૪૮ પાનાના દળદાર અને રસદાર માહિતી આપતા આ પુસ્તકની ૭૦૦ કોપી બનાવી નાથળીયા ઉનેવાળ જ્ઞાતિજનોને તદ્દન નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી છે. શ્રી નાથળીયા ઉનેવાળ જ્ઞાતિનો અમર સાંસ્કૃતિક વારસો કેવો ભવ્ય છે તે વિષે જ્ઞાતિજનો માહિતગાર થાય અને તેનું ગૌરવ લઈ શકે તે માટે આ પુસ્તકનું નિર્માણ કરવામાંઆવ્યું છે. આ દળદાર પુસ્તકના લેખન સંકલનકર્તા છે દિનેશભાઈ વલ્લભજી ઓઝા અને મિનાક્ષીબેન દિનેશચંદ્ર મહેતા, દિનેશભાઈ ઓઝા, ઓઝા સરીયાદાદા સેવા ટ્રસ્ટનાં સ્થાપક તેમજ ઉપપ્રમુખ તરીકેની સેવા બજાવવા ઓઝા સરીયાદાદાને ઉજાગર કરતાં પુસ્તકના સંકલનકર્તા છે. જયારે મિનાશ્રીબેન દિનેશચંદ્ર મહેતા જ્ઞાતિના પ્રથમ મહિલા છે કે જેમણે એમએ, એમએડની ડિગ્રી હાંસલ કરી છે. આ બંનેએ ભારે પુરૂષાર્થ કરી, માહિતી એકઠી કરીને આ પુસ્તકનું નિર્માણ કર્યું છે. આ પુસ્તકમાં નાથળીયા ઉનેવાળ જ્ઞાતિનું વંશવૃક્ષ, ઈતિહાસ, ઓઝા કુળનો આંબો અન્યઆંબાઓ, ૮૪બ્રાહ્મણોની યાદી, આપણા રીત-રીવાજો, પરંપરા, સોળ સંસ્કાર, સોળ શણગાર, લછગ્ન લખવાથી લઈને વિદાય સુધીના વિવિધ પ્રસંગોને અનુરૂપ ગવાતા ગીતો, જનોઈના ગીતો, આરતી, ગરબા, સીમંતનાં ગીતો વગેરે તમામ નાની-મોટી બાબતોને વણી લઈને આ પુસ્તકનું નિર્માણ કરવામાં આવ્યું છે. પુસ્તક નિર્માણ બાદ સ્વખર્ચે તમામ જ્ઞાતિજનોના ઘરે પહોંચતું કરવાની સેવા પણ બજાવવામાં આવી છે. આ પુસ્તકને ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, શ્રી નાથળીયા ઉનેવાળ સેવક મંડળ મુંબઈ, શ્રી નાથળીયા ઉનેવાળ હિતવર્ધક મંડળ (આખા-લોઢવા વિભાગ), શ્રી નાથળીયા ઉનેવાળ બ્રહ્મસમાજ જૂનાગઢનાં આદ્યસ્થાપક અને પ્રમુખ દોલતરાય વલ્લભજી ઓઝા, નિર્મળભાઈ દવે, મધુસુદન ઓઝા, નાથળીયા ઉનેવાળ, બ્રહ્મ સમાજ ટ્રસ્ટ જૂનાગઢનાં માજી મેનેજીંગ ટ્રસ્ટી મહેશભાઈ જોષી, શ્રી નાથળીયા ઉનેવાળ બ્રહ્મસમાજ ટ્રસ્ટ રાજકોટ, શ્રી નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ જ્ઞાતિ વેરાવળ, શ્રી કલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ, શ્રી ઓઝા સરીયા દાદા સેવા ટ્રસ્ટ નાગેશ્રી, શ્રી નાથળીયા ઉનેવાળ બ્રહ્મસમાજ ટ્રસ્ટ જૂનાગઢ, શ્રી કાંધલીયા દાદા સેવા ટ્રસ્ટ નાવડા વગેરે સંસ્થાઓ, જ્ઞાતિ અગ્રણીઓએ વાંચી તેના લેખક સંકલનકર્તા મિનાક્ષીબેન મહેતા અને દિનેશભાઈ ઓઝાને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે. દિનેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે તમામ જ્ઞાતિજનોને ઘર બેઠા પુસ્તક પહોંચાડવામાં આવ્યું છે અને તે પણ તદન નિઃશુલ્ક છતાં કોઈ જ્ઞાતિજનો આ પુસ્તક મેળવવામાં બાકી રહી ગયા હોય તો એ-૩૬૨, શેરી નં.૧૩ રાયજીબાગ, મોતીબાગ પાસે, જૂનાગઢ ખાતેનાં નિવાસસ્થાનેથી આ પુસ્તક મેળવી શકે છે. વધુમાહિતી માટે ૯૪૨૬૯૯૩૨૯૬ નંબર ઉપર સંપર્કકરવા દિનેશભાઈઓઝાએ જણાવ્યું છે.



॥ શ્રી ગણેશાય નમઃ ॥



# નાથળીયા ઉનેવાળ જ્ઞાતિનો અમર સાંસ્કૃતિક વારસો

● લેખક - સંકલન કર્તા ●

મહેતા મિનાક્ષી ડી.

ઓઝા દિનેશભાઈ ડી.

## નાથળીયા ઉનેવાળ જ્ઞાતિનો

## અમર સાંસ્કૃતિક વારસો

લેખક અને સંકલન કર્તા **મહેતા મિનાક્ષી દિનેશચંદ્ર**
એ-૩૬૨, શેરી નંબર-૧૩, રાયજીબાગ,
મોતીબાગ પાસે, જૂનાગઢ.
મો. ૯૪૨૭૪ ૯૧૬૮૩

© સર્વે હક્ક લેખકને આધીન

આવૃત્તિ **પ્રથમ આવૃત્તિ, ૨૦-૧૧-૨૦૧૭**
પ્રત **૭૦૦**
**દ્વિતીય આવૃત્તિ, ૫-૧૨-૨૦૧૮**
પ્રત **૩૦૦**

પુસ્તક પ્રાપ્તી સ્થાન
**ઓઝા દિનેશચંદ્ર વલ્લભજી**
એ-૩૬૨, શેરી નંબર-૧૩, રાયજીબાગ,
મોતીબાગ પાસે, જૂનાગઢ.
મો. ૯૪૨૬૯ ૯૩૨૯૬

પ્રકાશક : **નાથ પ્રકાશન**

ISBN : 978-81-9355301-5

9 788193 553015

॥ શ્રી સરસ્વતયૈ નમઃ ॥

સંપાદકની કલમે,

"આજે દિલમાં કેમ અતિ ઉમંગ થઈ ગયો,
જાણે સપનાનો સાચો સંગ થઈ ગયો.
મારા જીવનનો બસ એજ રંગ થઈ ગયો.
માતપિતાને આ પુસ્તકને અર્પણ કરતાં નાતો સળંગ થઈ ગયો."

કોડીલી કન્યા જ્યારે યૌવનના આંગણે આવીને ઉભી રહે ત્યારે માબાપને મન એક જ મહેચ્છા હોય છે ક્યારે દીકરીના લગ્ન કરી તેને સાસરીયે વળાવીયે. કન્યાના જીવનમાં આમુલ પરિવર્તન લાવતો પ્રસંગ એટલે લગ્ન. લગ્નસંબંધથી વરને કન્યાનો મધુર મેળાપ થાય છે અને એનાથી જ તો માનવજીવનને અનોખો ઓપ મળે છે. જીવનની સુંદરતા વધે છે. આવા મંગલ પ્રસંગનું જેટલું મહત્ત્વ આંકીએ તેટલું ઓછું છે.

મંગલ પ્રસંગો લગ્નનાં મંગલ ગીતો દ્વારા જ મંગલમય બને છે. લગ્નગીત એ આપણી આગવી સંસ્કૃતિ છે. અને લોકસાહિત્યનો એક ભાગ છે. માનવીનો સ્વભાવ જ એવો છે કે એ પોતાની સંવેદનાને શબ્દો દ્વારા વાચા આપે છે. અને જ્યારે શબ્દો ગેયતા ધારણ કરે ત્યારે હૃદયસ્પર્શી બની જાય છે. લય એક એવું માધ્યમ છે કે જેના દ્વારા માનવી પોતાની અભિવ્યક્તિ ખૂબ સરસ રીતે રજૂ કરી શકે છે. આપણાં લગ્નનાં મંગલ ગીતોની પણ આજ ખૂબી છે. લગ્નનાં પ્રસંગને હૃદયગમ્ય બનાવવા માટે ગીતોના સૂરતાલથી આપણે અંતરની ઉર્મીઓ, અભિલાષાઓ અને ફટાણા જેવા ગીતોથી રમૂજ વૃત્તિઓ રજૂ કરી શકીએ છીએ.

બાલ્યવયથી જ મને કાવ્ય, ગીત, ગરબા, ભજન વગેરે સાંભળવાનો, ગાવાનો તેમજ લખવાનો ખૂબ જ શોખ. આ શોખની પાછળ મારા પૂજ્ય પિતાશ્રી

દિનેશચંદ્ર મુળજી મહેતા જેઓ લોકસાહિત્યના અત્યંત શોખીન, ગાયક તેમજ તેમની જીભે રમતા લોકગીતોથી હું પણ આ શોખને પોષતી. શોખને અનુરૂપ ક્ષેત્ર સાથ સહકાર પ્રેમ અને લાગણી જ્યારે મળે ત્યારે તેનો આનંદ વિશેષ હોય છે. આ વિશેષતા મારી તારીખ ૩૧/૫/૨૦૧૧ નાં શાળામાંની નોકરીમાંથી નીવૃત્ત થતાં મારા ઉરમાં રહેલા અરમાનોને ઉજાગર કરવાની ભરપૂર તકો મળવા લાગી. આ અગાઉ નામી અનામી ઘણાં સગાસ્નેહી મિત્રો તરફથી મને સૂચનો પ્રેરણા મળતી હતી કે તમે આપણું આ જૂના ગીતોનું સંકલન કરો. અને આ સંકલન અંગેનું એક નાનકડું બીજ મેં મારા હૃદયમાં વાવેલું તેને અંકુર ફૂટવાની ક્ષણ આવી પહોંચી.

અમારા સ્વ. વલ્લભજી દેવજી ઓઝા પરિવારના સૌથી મોટા પુત્ર સ્વ. કાંતિલાલ વલ્લભજી ઓઝાનાં સુપુત્ર ચિ. પરેશભાઈની પુત્રી ચિ. શુભાંગીનું સગપણ નક્કી થતાં અમારે ત્યાં રૂડો અવસર આવ્યો અને મારા ઉરનાં અનેક તારોને ઝંકૃત કરી ગયો અને મારી ઈચ્છાને લગ્ન ગીતીકાનાં સંકલન માટે પ્રેરીત કરી દીધી. આમ આ પુસ્તકની સાથે આપણી પરંપરાઓ, રીતરીવાજો, પ્રથાઓ પણ આપણા સમાજને ધ્યાને રહે તે માટે આ પુસ્તકમાં મેં ઉનેવાળ જ્ઞાતિનો ઈતિહાસ, તેનું વંશવૃક્ષ તેની પરંપરાઓ અને રીતરીવાજો આવી બાબતોને પણ સમાવીષ્ટ કરેલ છે. જો કે સમય પરીવર્તનશીલ છે તેની સાથે હું પણ સંમત છું પરંતુ આપણી પ્રાચીન પરંપરાથી ભવિષ્યની પેઢી માહિતગાર થાય તે માટેનો શુભ હેતુથી આ સંકલન દ્વારા મારો એક નાનકડો પ્રયાસ છે.

આ કાર્યમાં મને મારા પતિનો પૂરેપૂરો સહકાર હોવાથી તેઓએ આપણા સમાજનાં કુટુંબોમાં સાયુજ્ય સાધી દરેક કુટુંબના આંબા મળી શકે તો મેળવવાના પ્રયત્નો કર્યા છે અને અમે જે કોઈ પ્રાપ્ત થયું તેનો આ પુસ્તકમાં સમાવેશ કરેલ છે. આ કાર્યમાં જે કોઈનો મને સહકાર મળ્યો છે. તે સૌની હું ઋણી છું. તે સૌનો આભાર માનું છું. આમ છતાં આમાં કોઈપણ પ્રકારની ભૂલચૂક હોય તો ક્ષમ્ય કરશો. અને મારા આ નાનકડા પ્રયાસને બિરદાવશો.

સંપાદક : મહેતા મિનાક્ષી ડી.

# કુટુંબ પરિચય

આ સાથે સમગ્ર જ્ઞાતિને જાણ ખાતર મારા કુટુંબ વિશે પણ થોડું જણાવવા ઈચ્છું છું. શેરગઢ નિવાસ સ્વ. વલ્લભજી દેવજી ઓઝાના પરિવારમાં સામાજીક સેવા વણાઈ ગયેલ છે. મારા પૂજ્ય સસરા વલ્લભજી બાપા તેમના સમયમાં શૈક્ષણિક ક્રાંતિ માટે ચીરસ્મરણીય છે. તેમણે પોતાની બંને પુત્રવધુ તથા પુત્રીઓને લગ્ન બાદ ઘણા સમયગાળા પછી પણ શિક્ષણ અપાવ્યું અને પગભર કરી. (નોંધ :- આ સમય આ ક્રાંતિ માટે ખૂબ કઠિન હતો.) પરંતુ તેમની દીર્ઘદ્રષ્ટિ આમાં રહેલી હતી. ઉપરાંત શેરગઢ મુકામે હાઈસ્કૂલ શરૂ કરવા મકાનની સુવિધા આપી અમદાવાદ મુકામે શાળા મંજૂરી મેળવવા તથા અન્ય વહીવટી કામ માટે અથાગ પ્રયત્ન કર્યો. મારા સાસુ દિવાળીબેન વહુદિકરીને ભણવા મોકલતી વખતે અંતરાય રૂપ બન્યા વગર બધા મોરચે એકલે હાથે અભણ નારી હોવા છતાં પતિનાં કાર્યમાં સાથ સહકાર આપવા લડી લીધું.

અમારા મોટા ભાઈ કાંતિભાઈની દીર્ઘદ્રષ્ટિ બધી જ દિકરીઓને શૈક્ષણિક લાયકાત ઉચ્ચ પ્રકારની આપી જેના ફળ સ્વરૂપ અમારી મોટી દિકરી બેન જાગૃતિ વિનોદરાય મહેતા સમગ્ર દેશભરમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત કરી દાદાના વાવેલા બીજને ઉગાડી બતાડ્યું. નાથળીયા ઉનેવાળ બ્રહ્મસમાજની ૧૯૮૩ માં સ્થાપના કરનાર તથા પ્રથમ પ્રમુખ એવા અમારા ભાઈ દોલતભાઈ વર્ષોથી જૂનાગઢમાં સમાજને કોઈપણ પ્રકારની મદદની જરૂરીયાત હોય તો પ્રથમ ઉભા રહેતા અને તેમણે શરૂ કરેલ વાસણ ફાળો, સમૂહ લગ્નની પ્રવૃત્તિ, સામાજીક કાર્યકારી મંડળની સ્થાપના, બોર્ડિંગ વખતમાંથી વાડી બન્યા બાદ પ્રમુખ તરીકેની કામગીરી, જ્ઞાતિના કોઈપણ સારા માઠા પ્રસંગે દરેકને ત્યાં મદદરૂપ થવું આવી ઉમદા ભાવનાથી તેમણે આજ સુધીનું જીવન યાદગાર બનાવ્યું છે. જેની સમગ્ર સમાજે નોંધ લીધેલ છે. અમારા નાના ભાઈ અરૂણભાઈ નાનીવયમાં આપણી વચ્ચેથી વિદાય થયા. તેમનાં પણ કેટલાક અરમાનો હતાં. ગરીબ વિદ્યાર્થીને સહાય કરવી તે તેનો મુખ્ય ધ્યેય હતો.

તેના પ્રતિક સ્વરૂપે અમારા કપિલાબેન આજે પણ તેજસ્વી વિદ્યાર્થીઓનાં સન્માન વખતે પુરસ્કાર આપી જ્ઞાતિનાં બાળકોને ઉત્તેજન આપે છે. ઉપરાંત ગુપ્ત મદદ ઘણે સ્થળે કરે છે. અમારા બેન મંગળાબેન તથા સરસ્વતિબેન પણ પિતાજીની ઈચ્છા મુજબ શિક્ષીત બની પોતાની પુત્રીઓને શિક્ષીત બનાવી કન્યા કેળવણી આજે ખૂબ ચર્ચાય છે. પણ પચાસ વર્ષ પૂર્વેથી જ અમારા પરિવારમાં આ અભિયાન ચાલી રહ્યું છે. આમ, ભાવિ દષ્ટિ સહ આ પરિવાર અમૂલ છે.

અંતે મારા પતિ શ્રી દિનેશભાઈ વલ્લભજી ઓઝા જેને સમાજ હિતેચ્છુ સમાજ દિર્ઘદષ્ટિ તરીકે આપ સૌની સામે રજૂ કરતાં મને ખૂબ જ આનંદ થાય છે. કુટુંબ પરિવારના સંસ્કાર લોહીમાં વણાયેલ હોવાથી આપણી જ્ઞાતિનાં કે બાહ્ય સમાજનાં હીતો માટે હંમેશ તત્પર રહ્યાં છે. તેનો ચીતાર ટૂંકમાં જણાવું નહીં તો આ તબક્કે હું નગુણી ગણાઉં. ઘણાં વર્ષો પૂર્વે સ્વામીનારાણ મંદિર જવાહર રોડના સભાખંડમાં જ્ઞાતિની વાડી બનાવવા અંગે એક મીટીંગ મળી હતી. ત્યારે મારા પતિએ પોતાના નામ જોગ એક હસ્તલીખીત કાગળ રજૂ કરેલ તેમાં બોર્ડીંગને વાડીમાં રૂપાંતરીત કરવા અંગે જણાવેલ. સાથે તેમાં બોર્ડીંગની અત્યાર શું જરૂરીયાત છે ? તેમજ હવે પછી ભવિષ્યની પેઢીને શી જરૂરીયાત છે ? તે બંને પાંસાની છણાવટ આ પત્રમાં કરેલ. આ પત્ર સમગ્ર જ્ઞાતિજન વચ્ચે શ્રી કેશુભાઈ દવે એ વાંચેલ અને તે સમયે તેમણે તથા સમગ્ર જ્ઞાતિજને આ બાબતને અનુમોદન આપેલ અને ટેકો આપેલ. ત્યારપછી ઘણા લાંબા સમય બાદ આ કાર્ય આગળ ધપ્યું. બોર્ડીંગને વાડીમાં રૂપાંતરીત કરવામાં આવી. ટ્રસ્ટી મંડળની રચના થઈ. બંધારણની રચના થઈ. બંધારણનો અભ્યાસ કરતાં સમાજ હિતેચ્છુ સ્વભાવ અને ભવિષ્યની દીર્ઘદ્રષ્ટિને કારણે તેમાં રહેલી ત્રુટીઓ તેમની નજરે આવી. તેમાં સુધારા સુચવ્યાં અને લોકશાહી સ્વરૂપ બંધારણને મળે તે માટે પાંચેક વર્ષ સખત જહેમત ઉઠાવી સંઘર્ષ કર્યો. આ સંઘર્ષમાં અમારી સાથે શ્રી કાંતિલાલ વલ્લભજી ઓઝા તથા શ્રી દિનેશચંદ્ર મુળજી મહેતા તથા નિર્મળભાઈ દવે જોડાયેલા હતા. તેમજ અમોને વેરાવળ બ્રહ્મસમાજ તથા મનસુખલાલ અમૃતલાલ મહેતા તરફથી લેખીત સ્વરૂપે ટેકો જાહેર કરેલ. જેને કારણે લોકશાહી

બંધારણ સંસ્થાએ સ્વીકારીને લોકશાહી પ્રક્રિયાને માન આપવા માટે બધાજ ટ્રસ્ટી મંડળના સભ્યોએ રાજીનામા આપીને ઈચ્છા વ્યક્ત કરી કે નવું ટ્રસ્ટી મંડળ લોકશાહી ઢબે ચુંટાય. તેથી લોકશાહી પ્રક્રિયા મુજબ લોકોના મત વડે શ્રી દોલતભાઈ વલ્લભજી ઓઝા લોકશાહી ઢબે પ્રથમ પ્રમુખ બન્યા. લોકશાહી પ્રક્રિયા એક સીડી સ્વરૂપે અસ્તિત્વમાં આવતા અત્યારે દરેક હોદેદાર આપણી સંસ્થાના ચુંટાયેલા છે. ઉપરોક્ત અમારા સંઘર્ષમાં જ્ઞાતિનો મૌન ટેકો હતો. જેમ કમળ જળમાં રહીને પણ પાણીથી વિમુખ રહે છે તેમ સમાજનાં અનુભવોથી પર રહી તેમના ધ્યેયને વળગી રહ્યાં અને જેમ અંધારા પછી અંજવાળું હોય છે જ તેમ સમાજ હિતમાં લોકશાહી બંધારણ શક્ય બન્યું અને તે તેમની સફળતા લક્ષ્યપ્રાપ્તિ સિદ્ધ કરી. આ કાર્યમાં સમગ્ર જ્ઞાતિ પણ વાંચતી વિચારતી થયેલ અને મૂક પ્રેક્ષક તરીકે સહકાર આપેલ તેથી અમે જ્ઞાતિનો આભાર તેમના સહકાર બદલ માનીએ છીએ.

ઉપરોક્ત કાર્ય ઉપરાંત નિવૃત્તિ પછીનું અમારા ઓઝા કુટુંબના સુરાપુરા શ્રી ઓઝા સરીયા દાદા જે નાગેશ્રી (તાલુકો. રાજુલા) મુકામે આવેલ છે. તેમનાં ડેરાને મંદિરમાં જીર્ણોદ્ધાર કરવો. ફરીથી પ્રાણપ્રતિષ્ઠા કરી દર વરસે યજ્ઞનું આયોજન કરવું અને ભવ્ય સંકલ્પ કદી કોઈ પાસે હાથ લાંબો કરી માંગવું નહીં. આવી ચેલેન્જ ઉપાડી લીધી છે. અમે બંને દંપતિ તેમાં સાથે મળી કામ કરીએ છીએ. ઓઝા સરીયાદાદા અચુક અમારી સહાય કરે છે. આજે પાંચ વર્ષમાં ઘણી પ્રગતિ સાધી શક્યા છીએ. આ ઉપરાંત અંતિમ ચરણમાં જતાં પૂર્વે મારા પતિ આ સાંસ્કૃતિક વારસાના સંકલન માટે મારી સાથે ઉભા રહી અણનમ ટેકો મને પણ આપે છે. ઓઝાસરીયા દાદાનું કાર્ય હોય કે જ્ઞાતિની વાડી અન્ય કોઈ કાર્ય હોય તે તો જાણે આપણા સમાજની સેવા કરી ગણાય. પંરતુ તેમણે તેમના જીવન દરમિયાન અનેક સામાજીક પ્રવૃત્તિઓ અન્ય સંસ્થાઓ માટે પણ કરેલ છે. તેઓશ્રી અઠ્ઠાવીસ વર્ષ યુનીયનની લીડરશીપ સંભાળેલ છે. સૌરાષ્ટ્ર ઝોન ખાતે એકલે હાથે ઘણી લડત પણ આપી છે. જેનાથી અનેક ભાઈઓ બહેનોને વ્યાવસાયીક લાભ પ્રાપ્ત થયા છે. બ્લડબેંક, કો.ઓપરેટીવ સોસાયટીની સ્થાપના, હાઉસીંગ સોસાયટીની સ્થાપના,

સ્પોર્ટસ કલબ, લાયન્સ કલબનાં પ્રેસીડન્ટ તરીકેની કામગીરી કરી અનેક સામાજીક હીતનાં કાર્ય કરેલ છે. આમ તેમનું એક અન્ય સમાજમાં પણ અનોખું સામાજીક કાર્યકર તરીકેનું વ્યક્તિત્વ ઉપસેલ છે. તે આપણા માટે ગૌરવની વાત છે. અમારા કુટુંબની આ ગૌરવશાળી યાત્રામાં અમુલ્ય ફાળો આપનાર શ્રી ગૌરીશંકર રામજી મહેતા તથા શ્રી મનસુખલાલ અમૃતલાલ મહેતાએ અમોને માર્ગદર્શન, હૂફ તેમજ તેમનો સતત સહકાર મળેલ છે. અમો તેમના ઋણી છીએ.

- મિનાક્ષી દિનેશચંદ્ર મહેતા

દિનેશચંદ્ર વલ્લભજી ઓઝા



## रमेशभाई ओझा

॥ૐ॥

તા. ૯-૬-૨૦૧૭

પરમ ભગવદીયા સૌ. મિનાક્ષીબેન ડી. મહેતા,

સપ્રેમ જય શ્રીકૃષ્ણ

શાસન, સમાજ અને ધર્મ આ ત્રણ માનવ સમુદાયને નિયંત્રિત અને સુવ્યવસ્થિત કરનારા પરિબળો છે.

દરેક સમાજની પોતાની ઓળખ, પરંપરાઓ અને રીતરીવાજ અને પોતાનો ઈતિહાસ છે. વર્તમાન અને ભવિષ્યની પેઢી એનાથી અવગત થાય એવા આશયથી આપ, આપણી 'નાથજીયા જ્ઞાતિનો અમર સાંસ્કૃતિક વારસો'નું પ્રકાશન કરવાનો વિચાર ધરાવો છો, તેને આવકારું છું.

આ સ્તુત્ય પ્રયાસ માટે અભિનંદન અને હૃદયની શુભકામનાઓ

भाई

सान्दीपनि विद्यानिकेतन महर्षि सान्दीपनि मार्ग रांघावाव पोरबन्दर ३६० ५७८ गुजरात भारत
फोन: ९१-२८६ २२२१६९८ फैक्स: ९१-२८६ २२२२९१२ contactus@sandipani.org www.sandipani.org

Estd: Vikram Samvat, 1971 AD 1915
Pb. Trust Regd. No. A/753 Mumbai

શ્રી નાથળિયા ઉનેવાળ સેવક મંડળ - મુંબઇ
Shree Nathaliya Uneval Sevak Mandal - Mumbai
**Registered Office:**
B. A. & Bothers (Bombay) Pvt. Ltd.
98, Shumardas Gandhi Marg, Princess Street, Mumbai - 400 002.
**Administrative Office:**
Sanskar Kendra, Dee Jay Smruti Society, Ashok Chakrawarti Road.
Kandivali (E), Mumbai - 400 101 / Ph.: 022 - 2884 0380 / M.: 98208 92841

॥ ૐ ॥ મુંબઈ તા. ૨૫-૫-૨૦૨૩
ગુરુવાર

પરમ માનનીય આ. શ્રી શિવાનંદ મિત્ર દિનેશભાઈ જોષી,
મું. જુનાગઢ

આપ આપની શાખ શ્રી નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ સોરઠિયા ... (... ...) અંગે એક પુસ્તક સંપાદિત કરી રહ્યા છો. એ પુસ્તકનું નામ "શ્રી નાથળિયા ઉનેવાળ શાખનો અમર સાંસ્કૃતિક વારસો" તે જાણીને આનંદ થયો. આપ પ્રકાશિત કરશો એ પુસ્તક સમાજને ... ઉપયોગી થશે તેમ માનું છું. આ ભગીરથ કાર્ય આપે ઉપાડ્યું છે તે બદલ હું આપને અભિનંદન આપું છું.

આજથી ૧૦૮ વર્ષ પહેલાં આપણા વડીલોએ શ્રી નાથળિયા ઉનેવાળ સેવક મંડળની સ્થાપના કરી. ... ... ... ... માં સ્થાપના. ૫૩ - ૨૩ - ... ... ... ૧૦૦ સ્થાપના ... ... ... ... ... ... ... ... ... થયા છે.

તે ઉપરાંત સંસ્થા ... સ્થાપના ... ૨૦૦૩, ... ... ૨૦૦૩, ... ... ૨૦૦૩, ... ... ... અને ... ... ... ... ... અને ... ... ... ... સંસ્થા ... ... ... ... છે.

હું આ સંસ્થાનો ૧૦ વર્ષથી પ્રમુખ/ટ્રસ્ટી છું. આપના પુસ્તકના પ્રકાશનમાં સમાજના ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...

।। ॐ भूर्भुवः स्वः तत्स वितुर्वरेण्यं भर्गो देवस्य धीमही धियोयोनः प्रचोदयात् ।।

# શ્રી નાથળિયા ઉનેવાળ હિતવર્ધક મંડળ

(આખા - લોઢવા વિભાગ)

Reg.No.A 3272

સ્થાપના

| | | | | |
|---|---|---|---|---|
| મુખ્ય દાતા<br>શ્રીમતી રમાબેન મુળશંકર ઓઝા<br>પરિવાર - માંચેસ્ટર (U.K.)<br>શ્રી મગનલાલ કાનજી મહેતા પરિવાર<br>(હ. શ્રી જગદીશભાઇ) | ઇ.સ.<br>૧૯૭૮ | ॐ | સંવત<br>૨૦૩૪ | ઓફિસ<br>શ્રી નરેન્દ્રભાઇ જટાશંકર મહેતા<br>D-૨૮/૨૦૪, યોગી નગર,<br>બોરીવલી (પશ્ચિમ),<br>મુંબઇ - ૪૦૦ ૦૯૧<br>ફોન : ૨૮૩૩ ૩૬૪૨ |

તા

આપશ્રી પુસ્તક ‘‘આપણો અમર સાંસ્કૃતિક વારસો’’ માં જ્ઞાતિની પરંપરા રીતરીવાજો જાણવા લાયક માહિતીઓ શક્ય તેટલા કુટુંબોના આંબા લગ્નગીતો આપણો ઉનેવાળ જ્ઞાતિનો ઈતિહાસ જેવી બાબતો ભવિષ્યની પેઢીને ઉજાગર કરવાના ધ્યેયથી જે સંકલન કાર્ય કરી રહ્યાં છો. તેમાં સમાજને એકસૂત્રતાના તાંતણે બાંધવાનો પ્રયાસ તથા સખત પરિશ્રમ તેમાં ઉજાગર થાય છે. ત્યારે અમારી સંસ્થાની પ્રવૃત્તિઓ તેમજ તેની જાણકારી ઘર ઘર સુધી પહોંચાડવાની અમને તક આપે આપી છે. તે બદલ અમે તમારા ઋણ છીએ.

શ્રી નાથળીયા ઉનેવાળ હિતવર્ધક મંડળ (આખા - લોઢવા) મુંબઈ વિભાગની સ્થાપના ૧૯૭૮માં થઈ અને તેના સ્થાપકમાં તે સમયે જ્ઞાતિના અગ્રણીઓ નીચે મુજબ હતાં. મે. ટ્રસ્ટી શ્રી ભીમજીભાઈ મુળશંકર દવે, શ્રી ભીમજીભાઈ સવજીભાઈ ઓઝા, શ્રી દિનેશચંદ્ર મુળજીભાઈ મહેતા, શ્રી હરિલાલ જીવનલાલ મહેતા, શ્રી ભવાનીશંકર રૂગનાથ ઓઝા, શ્રી મગનલાલ કાનજી મહેતા વગેરે. ત્યારબાદ શ્રી નરેન્દ્રભાઈ જયશંકર મહેતા, શ્રી નરેશભાઈ રતિલાલ દવે પણ મે. ટ્રસ્ટી તરીકે રહી ચૂક્યા છે અને હાલમાં શ્રીમતી ઈન્દિરાબેન જયેન્દ્રભાઈ જોષી છે.

આ સંસ્થા વર્ષમાં બે ફંકશન શ્રાવણીપર્વ તથા નવા વર્ષનું સ્નેહમિલનનો કાર્યક્રમ ઉજવે છે. આ ઉપરાંત સ્કોલરશીપ તેમજ શાળા-કોલેજમાં ભણતાં વિધાર્થીઓને ઉત્તેજન માટે ઈનામ વિતરણ પણ કરે છે. મુખ્ય ધ્યેય આ રીતે સમગ્ર સમાજને એક તંતુ સાથે જોડી રાખવાનો છે. અત્યારે સંસ્થાએ ૩૯ વર્ષ પુરા કરી ૪૦ વર્ષમાં પ્રવેશ મેળવેલ છે. સમાજનું હીત મુખ્ય ધ્યેયને વરેલ આજ સુધી જળવાઈ રહ્યું છે.

આપના કાર્યમાં સંસ્થા વતી ખૂબ ખૂબ ધન્યવાદ આપને એમાં ખૂબ સફળતા મળે તેવી કનકાઈ મા પાસે અભ્યર્થના.

જય કનકાઈ

મે. ટ્રસ્ટી ઈન્દીરાબેન જયેન્દ્રભાઈ જોષી

ઓઝા દોલતરાય વલ્લભજી
આદ્ય સ્થાપક પ્રમુખ (સને ૧૯૮૩ થી ૧૯૮૮)
શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ, જૂનાગઢ

ચિ. ભાઈશ્રી દિનેશભાઈ તથા મિનાક્ષી ઓઝા

વિષય :- આપના દ્વારા સંસ્થા પ્રમુખ તરીકે માંગવામં આવેલ લેખ અંગે.

જૂનાગઢના મારા વસવાટ સમયમાં સૌથી વિશેષ બે વ્યક્તિનાં કાર્યો અને વ્યક્તિત્વથી હું પ્રભાવિત થયો છું.

(૧) મુ.શ્રી કરૂણાશંકર આણંદજી ઓઝા કે જેઓની હૃદયમાં હમેશાં જ્ઞાતિ હિતની કાળજી હતી. ઉદારતા અને સ્પષ્ટવકતા એ એમનો વિશિષ્ટ ગુણ હતો. તેઓ સદાય જ્ઞાતિજનોને અનેકવિધ રૂપે ઉપયોગી બની રહ્યા હતાં. એ પરંપરા એમના સુપુત્ર મુ.શ્રી. ડોલરભાઈ ઓઝાએ પણ જાળવી રાખી સમગ્ર જ્ઞાતિના અભિનંદનના અધિકારી બન્યા હતા. મારા માટે પ્રેરણામૂર્તિ સમાન હતા. તેઓના મારા પ્રત્યે ભાવ અને લાગણી કદી ભુલી શકાય નહીં.

(૨) મુ.શ્રી. નરભેરામ ઝીણાભાઈ મહેતા સ્વભાવે સૌમ્યમૂર્તિ સમાન હતા તથા મિતભાષી, મિષ્ટભાષી તેમજ નિરાભીમાની પણું અને તટસ્થતા આપણા સૌ માટે પ્રેરણા સમાન છે. જ્ઞાતિ સેવા તેમજ સમૂહલગ્ન પ્રવૃત્તિમાં તેઓનું વિશિષ્ટ યોગદાન રહ્યું છે.

મુ.શ્રી. કરૂણાશંકર આણંદજી ઓજા તથા મુ. શ્રી મુળશંકર શામજી ઓઝાએ એ સમયની માંગ ભણતરની હતી ત્યારે કાંડે ઘા ઝીલી આધુનિક વિદ્યાર્થી ગૃહ જ્ઞાતિને અર્પણ કરી મોટી સેવા કરી હતી. તેમાં પણ તેઓનો સિંહ ભાગ હતો.

સ્થિતિ સંપન્ન વ્યક્તિ હોવા છતાં ફકત સમૂહ લગ્નની પ્રવૃત્તિને ઉત્તેજન મળે તેટલા જ માટે પોતાના પુત્રના લગ્ન તેમાં કરાવી વિશિષ્ટ અનુકરણીય ઉદાહરણ પુરૂં પાડ્યું તે ભુલી શકીએ નહીં.

આપણી જ્ઞાતિના મહિલા ભામાશાનું જેને બિરૂદ આપવામાં આવ્યું છે એવા મુ. શ્રી જયાબેને પોતાની સમગ્ર મુડી જ્ઞાતિને અર્પણ કરી ઉનેવાળ જગત તેમજ સમગ્ર સમાજમાં મોટું ઉદાહરણ પુરૂ પાડી નામના મેળવી છે. તેના ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી (૧) શ્રી દિનકરરાય નરભેરામ મહેતા (૨) શ્રી દોલતરાય વલ્લભજી ઓઝા તરીકે મને સેવા કરવાની તક મળી તેને અમારા પ્રત્યેની તેની લાગણીનો આદર કરીને વંદન કરૂં છું.

શરૂઆતના સમયમાં જ્ઞાતિના સેવાકાર્યમાં મારા વ્હાલા સાથીદાર શ્રી દિનકરરાય એ. મહેતાને જેને મારું અંગ ગણું છું તે ભુલી શકાય નહીં. જ્ઞાતિની લાગણીના કારણે જ્ઞાતિજનોના શુભ-અશુભ પ્રસંગોએ હાજર રહી. ઉપયોગ થવા પ્રયાસ કરેલ છે. ત્યારબાદ સમયાંતરે કિર્તીભાઈ જોશી તથા જયંતિભાઈ જી. મહેતાનો સાથ સહકાર સાથે જ્ઞાતિ સેવાકાર્યમાં વિશેષ પ્રગતિ થઈ.

જૂનાગઢમાં સૌ પ્રથમ સને માં નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ જૂનાગઢની સ્થાપના કરવામાં આવી. સને ૧૯૮૩ થી ૧૯૮૮ સુધી તેના પ્રમુખ તરીકે શ્રી દોલતરાય વી. ઓઝા તેમજ મંત્રી તરીકે શ્રી જયંતિભાઈ જી. મહેતાની વરણી કરવામાં આવી અને જ્ઞાતિએ કાર્યભાર સોંપ્યો તે અમારું અહોભાગ્ય સમજું છું.

ફરીથી તા. ૨૧/૦૯/૨૦૦૧ થી તા. ૧૯/૦૫/૨૦૦૨ સુધી પ્રમુખ તરીકે જ્ઞાતિએ વરણી કરતાં સેવા કરવાની તક મળી તે જ્ઞાતિની મારા પ્રત્યેની લાગણીનો આદર કરું છું.

વાસણ ફાળા અનુસંધાને પ્રાતઃ સ્મરણીય જાદવજીભાઈ જોશી અને તેના પરિવાર યાદ કર્યા વિના રહી શકાય નહીં. કારણ કે તેઓ દ્વારા સારી અને શુભ શરૂઆત સૌને માટે પ્રેરણાદાયી ઘટના છે.

અત્યાર સુધીની મારી કારકિર્દીમાં જ્ઞાતિની મારા પ્રત્યેની શુભ લાગણી તેમજ સાથીદારોનો સહયોગ સેવાકાર્યોની સફળતા છે. આ તકે આભાર વ્યક્ત કરું છું.

મારા જીવનમાં મુ. શ્રી ડોલરભાઈ ઓઝાની હુંફ અને લાગણીનું અદકેરું સ્થાન છે. મારા જ્ઞાતિ સેવા કાર્યમાં મને પ્રેરણા, હિંમત અને બળ તેઓ દ્વારા હંમેશા મને મળતાં રહ્યાં છે. આ તકે તેઓને યાદી કરી વંદન.

ચિ. ભાઈશ્રી દિનેશભાઈ વી. ઓઝા તથા મિનાક્ષી ડી. ઓઝા

તમારા દ્વારા જ્ઞાતિ ઉપયોગી માહિતી સભર પુસ્તક રજૂ કરવા જઈ રહ્યા છો ત્યારે સૌ પ્રથમ મિનાક્ષીને હાર્દિક અભિનંદન કારણ કે, નિરંતર કાંઈક નવું કરવાનું તેની જિજ્ઞાસા વૃત્તિને આભારી છે. હરખઘેલો લાગણીસભર સ્વભાવ કારણભૂત છે. જે બિરદાવ્યા સિવાય રહી શકાય નહીં. ફરીથી શુભકામના સાથે હાર્દિક અભિનંદન.

આ ભગીરથ કાર્યમાં તમારો ફાળો સવિશેષ છે. આ કાર્યને મૂર્ત સ્વરૂપ આપવામાં પ્રશંસનીય કાર્ય બદલ શુભકામના સાથે તમોને હાર્દિક અભિનંદન.

આ તકે પરિવાર સાથે હર્ષ અને ગૌરવની લાગણી વ્યકત્ત કરીએ છીએ.

શ્રી દોલતરાય વી. ઓઝા

## "જય કનકાઈ"

સૌ પ્રથમ તો "આપણા સમાજનો અમર સાંસ્કૃતિક વારસો" નામના પુસ્તકનું આપ સંકલન કાર્ય કરી રહેલ છો તેનાં જ્ઞાતિનાં વડિલ તરીકે મારા વિચારો જાણવાની અને તે ઉજાગર કરવાની તક આપવા બદલ ખૂબ ખૂબ આભાર. આપ બંને દંપતિને મારા આ ભગિરથ કાર્ય માટે શુભાશિષ પાઠવું છું. હું આપણી જ્ઞાતિની બોર્ડીંગનું વાડીમાં રૂપાંતર કરેલ તે સમયે આપની સમાજ હિતેચ્છુ દૃષ્ટિનો અંદાજ કરી શક્યો હતો. ત્યારથી તમારો પરિચય વિશેષ થયો.

વાડીનાં બંધારણમાં રહેલ ત્રુટીઓને દૂર કરી બંધારણ સુધારણા કરવાના કાર્યમાં હું તમારી સાથે જોડાયેલ તેમાં ગૃપનાં સભ્યો શ્રીકાંતિલાલ વલ્લભજી ઓઝા, શ્રી દિનેશચન્દ્ર મુળજી મહેતા હતા. મને સામુહિક પુરુષાર્થ કરવાની તક મળી જે બંધારણ લોકશાહી બનાવવા માટે સતત પરિશ્રમ સાથે રજૂઆત કરી અને અંતે વાડીના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી મહેશભાઈ જોષીએ આપણને સુધારણા સુચવવા માટેનું આમંત્રણ આપ્યું અને મીટીંગ બોલાવી સુધારા ગ્રાહ્ય કર્યા.

તમારી પાસેથી એક વાત સમાજ હિત માટે લડવું તે ખૂબ ગમી. હોદ્દા માટે કદી ન દોડવું આ દૃઢ સંકલ્પ મને સ્પર્ષી ગયો. ગુલાબ કાંટા સાથે જ ખીલે છે અને દરેકને ખુશબુ તેમજ સૌંદર્ય પાન સરખું જ કરાવે છે. તેને કાંટા નડતા નથી. તેમ અનેક અંતરાયોની પરવા કર્યા વગર ધ્યેય પ્રાપ્તિને વળગી સફળતા મેળવી. બંધારણમાં સુધારણા શક્ય બની તે ઘટનાથી આ વાડી સંપૂર્ણ પણે સમગ્ર સમાજની બની શકી. તે ખરેખર આપણા સમાજ માટે ગૌરવશાળી છે. સમાજ માટે હંમેશ યાદગાર રહેશે.

અંતમાં પૂ. નારાયણમૂતિ સ્વામિ. (અ.પુ. સ્વામિમંદિર સારંગપુર)નાં શબ્દો તથા આશિર્વાદ સાથે વિરમું છું.

"પરિસ્થિતિ"માં "સ્થિતિ" કેળવવામાં આવે તો "પ્રશ્નો" ઝડપથી ઉકેલી શકાય છે.

નિર્મળભાઈ દવેના આશિર્વાદ.

નિર્મળચંદ્ર ગુલાબશંકર દવે

ઓઝા મધુસૂદન ડોલરરાય
૪૦૧, રોયલ લીફ એપાર્ટમેન્ટ
ગાંધીગ્રામ પોલીસ ચોકી પાછળ
જૂનાગઢ. તા. ૨૦-૭-૨૦૧૬

સ્નેહી શ્રી દિનુભાઈ ઓઝા
અ.સૌ. શ્રી મિનાક્ષીબેન ઓઝા
જૂનાગઢ.

આપશ્રી દ્વારા જે પુસ્તક તૈયાર થઈ રહ્યું છે તેમાં આપશ્રીએ વિદ્યાર્થીગૃહ જૂનાગઢ અંગેની જે માહિતી માગેલ છે તે મારી જાણ અને સમજણ પ્રમાણે નીચે મુજબ છે.

સને ૧૯૬૨ ના દહાડામાં જૂનાગઢમાં ઉનેવાળ વિદ્યાર્થી ગૃહ (બોર્ડીંગ)ના બાંધકામની શરૂઆત થઈ.

હેતુ :- ઉનેવાળ જ્ઞાતિનાં બાળકોના આગળના અભ્યાસ માટે.

ઉના સિવાય ક્યાંય સગવડતા ન હતી. તે સમયે પૂજ્ય શ્રી કરૂણાશંકર આણંદજી ઓઝા અને પૂજ્ય શ્રી મુળશંકર શામજી ઓઝાના શુભ સંકલ્પ અને દાન અને પૂજ્ય શ્રી ડોલરરાય કરૂણાશંકર ઓઝાની ૧૭૫૧ વાર જમીનના દાનથી વિદ્યાર્થી ગૃહનું નિર્માણ થયું.

સને ૧૯૬૩ થી ૧૯૯૭ સુધી વિદ્યાર્થી ગૃહનો જ્ઞાતિનાં બાળકોએ લાભ લીધો. ત્યારપછી ગામડાઓમાં હાઈસ્કૂલ, કોલેજો થતાં વિદ્યાર્થી ગૃહ બંધ જેવી હાલતમાં હતું.

સને ૧૯૯૭ માં જ્ઞાતિને વાડીની જરૂરિયાત ઉભી થતાં પૂજ્ય શ્રી ડોલરરાય કરૂણાશંકર ઓઝાએ જે તે વખતે તેમના ખરાબ સમયને ધ્યાને ન લેતાં આ જમીન અને વિદ્યાર્થી ગૃહ શરૂ કરી જ્ઞાતિને વાડી બનાવવા માટે આજ્ઞા કરી દીધી. એટલે

ઉનેવાળ વિદ્યાર્થી ગૃહ અને નાથળીયા ઉનેવાળ બ્રહ્મસમાજ જૂનાગઢ બંને ટ્રસ્ટનું સર્જન થયું.

અસ્તુ.

રજૂઆત, મધુસૂદન ડી. ઓઝા
જૂનાગઢ

બીડાણ :- વાડીનાં સહયુભર
લેટર તા. ૨૫-૬-
ઝેરોક્ષ કોપી જોડેલ છે.

તમારા ધ્યાન સારૂ અગત્યની નોંધ :-

ઉનેવાળ જ્ઞાતિનાં શેઠ શ્રી કરૂણાશંકર આણંદજી ઓઝાએ અહીં અવર્ણનીય સેવા કરેલ છે. જે અત્રે નોંધનીય છે. ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે જૂનાગઢ નવાબી શાસનમાં હતુ. તેથી પાકિસ્તાનમાં જોડાવાની ચળવળ ચાલતી હતી. તે સમયે હિન્દુઓ હીજરત કરતાં હતા ત્યારે આપણા સમાજના વિરલ વડવા પોતાના અંતરાત્માથી જાગૃત થઈ સમાજને માટે રાજકોટમાં કેમ્પ ચાલુ કર્યો હતો. તેમાં રહેવા જમવાની સગવડ ઉભી કરેલ જે ફક્ત સેવાના જ હેતુથી હતી તે ખૂબ જ નોંધનીય છે.

શ્રી મહેશભાઇ એમ. જોષી
જેનીલ
રાયજીનગર, શેરી નં.-૫,
બ્લોક નં.-૧૯૫,
જુનાગઢ.

સ્નેહી શ્રી, - દિનેશચંદ્ર વલ્લભજી ઓઝા.
અ.સૌ. બહેન શ્રી મિનાક્ષી ડી. ઓઝા - જુનાગઢ.

આપશ્રી દ્વારા મને રૂબરૂ જણાવેલ કે અમો એક પુસ્તક તૈયાર કરી રહ્યા છીએ. તેમાં નાથળિયા ઉનેવાળ ટ્રસ્ટ વાડી અંગેની અમારા વખતની માહિતી - વિગત માંગેલ છે. જે મારી જાણ અને સમજણ પ્રમાણે નીચે મુજબ છે.

જુનાગઢ શહેર માં એજ્યુકેશન અંગે ઘણી બધી સુવીધાઓ થતાં ગામડાં માંથી જ્ઞાતિજનો જુનાગઢ શહેર માં વસવાટ માટે આવતાં જ્ઞાતી નો મોટો સમુદાય જુનાગઢ માં વસવાટ કરતો થયો.

સમાજ નાં કુટુંબોને પોતાનાં માંગલીક વિગેરે પ્રસંગો કરવામાં ઘણી તકલીફો થતી એટલે સમાજનાં જ્ઞાતી હિત ચીંતક એવા શ્રી ડોલરરાય કરૂણાશંકર ઓઝાને વિનંતી કરતાં તેઓશ્રી એ વિદ્યાર્થી ગૃહ નું આખું સંકુલ જે પોતાની માલીકી ની જમીન ૧૭૫૧ વારમાં હતું તે જુનાગઢ બ્રહ્મ સમાજ ને ૧૯૯૭ ની સાલમાં અર્પણ કરી દીધું.

ત્યાર બાદ એ જ વર્ષ માં જમીન સમતલ કરીને પ્લાન, નકશાઓ, સુધરાઇની મંજુરી વિગેરે વહીવટી પ્રક્રિયાઓ પુરી કરી તા.- ૧૬-૦૫-૧૯૯૭ નાં રોજ મુરબ્બી શ્રી ડોલરરાય કરૂણાશંકર ઓઝા અને અ.સૌ. સુર્યાબેન ડી. ઓઝા નાં શુભ હસ્તે વાડીનું ભુમી પુજન થયું.

જુનાગઢ માં વસતા તમામ જ્ઞાતિજનોનાં સાથ અને સહકારથી રૂા.- ૧૩,૦૦,૦૦૦, રૂપીયા તેર લાખ જેવી માતબર રકમ થતાં કાર્યની શરૂઆત થઇ.

વર્ષો પહેલાં જ્ઞાતિનાં હિત ચિંતક એવા શ્રી લાલજી દામજી ઉપાધ્યાય ને જુનાગઢ માં જ્ઞાતિની વાડી થાય એવી શુભ ભાવનાથી જે તે વખતે તેમણે ૫૦૦ વારનો એક પ્લોટ ગાંધીગ્રામ જુનાગઢ લીધેલ જે પ્લોટ તેમનાં ટ્રસ્ટીશ્રીઓ વેચાણ કરી રૂા.- ૮,૦૦,૦૦૦ , રૂપીયા આંઠ લાખ સમાજ ને અર્પણ કરતાં કાર્યકર્તાઓનાં ઉત્સાહ માં વધારો થયો.

જ્ઞાતીજનો નો સહકાર આર્થિક સહાય - સેવા વિગેરે થી કાર્યકર્તાઓનાં ઉત્સાહ માં વધારો થયો અને એક વર્ષમાં નવું સંકુલ વાડી શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ ની વાડીનું સંકુલ ઉભુ થઇ શકયું.

તા.- ૧૮-૦૬-૧૯૯૮ નાં રોજ જ્ઞાતીજનોની વિશાળ હાજરી માં આણંદજી ઓધવજી ઓઝા - શ્રી શામજી રૂગનાથ ઓઝા શ્રી લાલજી દામજી ઉપાધ્યાય સંસ્કાર કેન્દ્ર - વાડી નું શાનદાર રીતે ભવ્ય થી ભવ્ય રીતે ઉદઘાટન થયું.

આજ સમય માં જ્ઞાતિનાં ભામાશા જેને કરી શકીએ એવા શ્રી જટાશંકર પુરૂષોતમ મહેતા અને અ.સૌ. જયાબેન જટાશંકર મહેતા એ બાંધકામ વખતે ઘણી સારી એવી રકમ આપી ટ્રસ્ટીઓ નાં ઉત્સાહ માં વધારો કર્યો.

અંત માં જોઇએ તો ઉતરોતર જ્ઞાતિજનો એ વખતો વખતનાં સંચાલકોએ વાડીનો ખુબ વિકાસ કર્યો છે. એ આપણે જોઇએ છીએ.

અસ્તુ...

લી.
શ્રી મહેશભાઇ એમ. જોષી
માજી. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
ના.ઉ.બ્રહ્મ સમાજ,ટ્રસ્ટ જુનાગઢ

રજી. નં. : એ- ૨૮૯૬ ॥ શ્રી કનકેશ્વરી પ્રસન્નોસ્તુ ॥ સ્થાપના : ૯-૫-૨૦૦૩

# શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ ટ્રસ્ટ - રાજકોટ

પુરૂષાર્થ + શ્રદ્ધા = સિદ્ધિ

શિક્ષણ - સેવા - આરોગ્ય

કાર્યાલય : "શ્રી હરિ ઉપકાર" ૧, ગીતાનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૨ ■ મો. : ૯૪૨૮૫ ૦૬૦૧૧

ટ્રસ્ટીશ્રીઓ
શ્રી મનસુખભાઈ એચ. મહેતા - પ્રમુખ
શ્રી જીતેન્દ્રભાઈ એચ. શ્રોત્રિય - ઉપપ્રમુખ
શ્રી ઉમેશભાઈ આર. મહેતા - માનદ્‌મંત્રીશ્રી

E-mail: brahmsamajrajkot@gmail.com www.brahmsamajtrust.org

શ્રી કિશોરભાઈ જી. દવે - ખજાનચી
શ્રી સુનિલ પી. જોષી - સહમંત્રી
શ્રી કાંતિભાઈ એ. મહેતા - ટ્રસ્ટી
શ્રી ધીરેન્દ્રભાઈ એ. મહેતા - ટ્રસ્ટી
શ્રી જગદીશભાઈ જે. મહેતા - ટ્રસ્ટી
શ્રી મુકેશભાઈ વી. દવે - ટ્રસ્ટી
શ્રી આશિષ એમ. મહેતા - ટ્રસ્ટી
શ્રીમતી ઉષાબેન એ. મહેતા - ટ્રસ્ટી
શ્રી મુકેશભાઈ કે. મહેતા - ટ્રસ્ટી
શ્રી ભાર્ગવ એન. જોષી - ટ્રસ્ટી

રેફ. નં. : ૬૭/૧૪ તા. ૧૬-૮-૨૦૧૬

## ઋણસ્વીકાર

આ પુસ્તકમાં સમાવિષ્ટ અનેક રસપદ અને જાણવા લાયક માહિતી એકઠી કરી જ્ઞાતિ સમક્ષ આ **'હેન્ડ બૂક'** મુકવા માટેના આ કાર્યમાં મુરબ્બી શ્રી દિનેશભાઈ તથા મીનાક્ષીબેનનાં પરિવારનો અદમ્ય ઉત્સાહ પડછાયા કરે છે. ઓઝા પરિવારનાં સંગઠન અને કૌટુંબિક ભાવનાને પોષવાનો અવિરત પ્રયાસ **'ઓઝાસરીયા દાદા'** ના માધ્યમથી પણ આપ કરી રહયા છો ત્યારે એક સંસ્થા તરીકે અમો ગર્વ અને આનંદની લાગણી અનુભવીએ છીએ અને આપનાં પરિવારની સુખાકારી માટે પ્રાર્થીએ છીએ. શ્રી દિનેશભાઈ નાં પરિવારે આ પુસ્તક ના માધ્યમથી અમારી સંસ્થાને–સંસ્થાની પ્રવૃતિઓ ને ઘર ઘર સુધી પ્રસરવાની તક પુરી પાડી છે. તે બદલ અમો તેમના **ઋણી** છીએ.

શુભકામનાઓ સાથે ..........

જય કનકાઈ

જય સ્વામિનારાયણ

જય મહાકાલ

**મનસુખભાઈ એચ. મહેતા**
પ્રમુખ
શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ
રાજકોટ

**ઉમેશ રતિલાલ મહેતા**
માનદ મંત્રી
શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ
રાજકોટ

## સંગઠન શકિતનું પ્રતિક

# શ્રી નાથળિયા ઉનેવાળ બ્રાહમણ જ્ઞાતી – વેરાવળ

છેલ્લા ત્રણ ચાર દાયકા પહેલા નાનો એવો વેરાવળનો સમાજ તે વખતના વેરાવળ સમાજના, બ્રાહમજ્ઞ સમાજના, આપણી જ્ઞાતીના અને રાજકીય અગ્રણીશ્રી દયાશંકર માવજીભાઈ ઓઝાની શ્રધ્ધા અને આગેવાનીમાં વેરાવળ સમાજ દ્વારા પ્રભાસ પાટણ ક્ષેત્રના વાડી વિસ્તારમાં આવેલ પ્રાંચીન કુળદેવી શ્રી કનકેશ્વરી માતાજીના મંદિરમાં શારદીય નવરાત્રીમાં હવનાષ્ટમીના હવનનું આયોજન થતુ હતું. જે સમયમાં જ્ઞાતી પાસે નાના પ્રસંગને અનુરૂપ રસોઈ અને વપરાશના થોડા વાસણો હતા જે તે વખતે જ્ઞાતી સેવક વયોવૃધ્ધ શ્રી નર્મદાશંકર ભવાનીશંકર ઓઝા તેમના કૃષ્ણનગરના નિવાસસ્થાને સાચવતા હતા. જરૂરીયાત મુજબ જ્ઞાતીજનોને આપતા, જાતે સફાઈ કરતા અને સાચવતા હતા તેમની સાથે કેટરીંગ વ્યવસાયના નિષ્ણાંત, ધાર્મીક વિધિના જાણકાર, બાંધકામ ક્ષેત્રમાં વિશિષ્ટ જાણકારી ધરાવનાર, જ્ઞાતી–જનોના પ્રસંગોમાં સેવાભાવથી સહાય કરનાર બ્રહમસમાજ અને આપણી જ્ઞાતીના અગ્રણી શ્રી નવનીતલાલ નાનાલાલ ઉપાધ્યાયની સદાય ઉત્સાહ પ્રેરક સહાય મળી કહેતી.

હવનાષ્ટમી પ્રસંગે જ્ઞાતીજનો મળતા ત્યારે જ્ઞાતીનીવાડીની જરૂરીયાત અંગે ચર્ચાઓ થતી અને કંઈક કરવુ જોઈએ એવો સંયુકત સૂર નિકળતો હતો. દરમ્યાન જ્ઞાતિ ભાઈઓ સમાનહેતુ માટે એક બીજાની નજીક આવ્યા સાથે મળીને કામ કરવા એક પ્લેટફોર્મની જરૂરીયાત જણાતા યુવક મંડળની રચના થઈ અને હવન ઉપરાંત જ્ઞાતીજનોના સ્નેહ સંમેલન શરૂઆતશ્રી કસ્તુરબા મહીલા મંડળમાં થઈ. સંગઠનને સમર્પીત નિષ્ઠાવાન સેવકો મળતા જ્ઞાતીની વાડી માટે હકારાત્મક રીતે એક જુટ થઈ કામ કરવા સંકલીત થયા. પ્રભાસ પાટણ વાડી વિસ્તારમાં કુળદેવી કનકેશ્વરી માતાનું મંદિરે આસો મહીનામાં હવનાષ્ટમીએ હવન અને ભાઈબીજના દિવસે સ્નેહસંમેલન સાથે તેજસ્વી બાળકોને ઈનામ વિતરણના કાર્યક્રમો ચાલુ થયા.

જ્ઞાતી સંગઠન ક્રમશ મજબુત થતા શ્રી નાથળિયા ઉનેવાળ બ્રાહમણ સમાજ ટ્રસ્ટની સ્થાપના શ્રી કાંતીલાલ હીરજીભાઈ મહેતાના પ્રમુખપદે અને શ્રી દયાશંકર માવજીભાઈ ઓઝાના ઉપપ્રમુખ પદે રચના થઈ. જ્ઞાતીના વડીલો, ટ્રસ્ટીશ્રીઓ દર રવીવારે સહુ સહુની બાઈક કે વાહનો લઈને ફાળા માટે નિકળી પડતા વેરાવળ – જુનાગઢ અને આજુબાજુના વિસ્તારમાં ઘરે ઘરે વાડીના ફાળા માટે સતત સંપર્ક કરવામાં આવતો. આ સમયે અઘરા અને મહેનત વાળા જ્ઞાતીના કામો માટે સદાય તત્પર રહેનાર ત્રિપુટી શ્રી અમૃતલાલ કરૂણાશંકર ઓઝા, શ્રી વસંતરાય કરૂણાશંકર ઓઝા અને વિનોદકુમાર પ્રભાશંકર ઉપાધ્યાય ખુબ જ ઉપયોગી થતી હતી. પ્રમુખશ્રીની ધીરગંભીર આગેવાની સાથે, માન–અપમાન સહન કરીને ધીરજ અને ઉત્સાહપૂર્વક જ્ઞાતીની વાડી નિર્માણના એક માત્ર લક્ષ્ય સાથે સમગ્ર મંડળ આગળ વધતુ હતું.

તે સમયે જ્ઞાતીના મર્યાદીત કુટુંબો હોવાને કારણે અને નવા મોટા પ્રોજેકટ હાથ ઉપર હોવાના કારણે અવારનવાર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો એ સમયે શ્રી રમણીકલાલ ભીમજીભાઈ મહેતા (પ્રાંચી) જ્ઞાતી માટે ભામાશા રૂપ સાબીત થયા હતા અને સંગઠનને સતત આર્થિક મદદ અને પ્રોત્સાહન પુરૂ પાડતા.

જ્ઞાતીની વાડીનો પ્રોજેકટ સક્રિય ચર્ચા અને વિચારણામાં હતો એ દરમ્યાન સને ૧૯૯૨ ના શ્રીમતી મુકતાબેન બેચરલાલ મહેતાનો સ્વર્ગવાસ થયો અને તેમની શ્રવણી નિમિતે તા. ૨૫/૦૩/૧૯૯૨ ના રોજ વેરાવળ જ્ઞાતિજનો વાડી માટે જગ્યાની ખરીદી અને વાડી માટે આયોજન કરે ત્યારે શ્રી બેચરલાલ પુરષોતમ મહેતા પરિવાર દ્વારા એક રૂમના ખર્ચ પેટે રૂા. ૨૫,૫૫૧ /– નુ દાન જાહેર કરવામાં આવ્યુ તેનાથી જ્ઞાતીની વાડીના આયોજનને વેગ મળ્યો અને ઉત્સાહ વધ્યો.

સમયના પ્રવાહમાં આગળ વધતા સમાજ ઉપર કુળદેવીશ્રી કનકેશ્વરી માતાની કૃપા થઈ કે માન્ચેસ્ટર નિવાસી શ્રીમતી રમાબેન મુળશંકર ઓઝાના સંપર્કમાં આવ્યા અને મોટુ અનુદાન મળતા જ્ઞાતી શંકુલની કાર્યવાહી ઝડપથી આગળ વધી. શ્રીમતી રમાબેન મુળશંકર ઓઝા, શ્રી સુરેશકુમાર મુળશંકર ઓઝાની આર્થીક મદદ વગર શંકુલનુ કામ આટલુ ઝડપી ન થઈ શકયુ હોત તે જાહેરમાં સ્વીકારી શકાય તેવુ નકકર સત્ય છે. વેરાવળ સમાજ અને રમાબેન મુળશંકર ઓઝાને જોડવાનુ નિમિત બન્યા, શ્રી ભાલચંદભાઈ મહેતા (અમદાવાદ) ત્યારબાદ માન્ચેસ્ટર પરીવાર સાથે જોડાયેલા અજાબ / જુનાગઢના જ્ઞાતીજનોની હુફ મળી.

જ્ઞાતીનું શંકુલ બન્યુ ત્યા સુધી જ્ઞાતીજનોની મીટીંગ માટે અઘોષીત નિશ્ચિત સ્થળ શ્રી મોરારજી કરશનજી દવેનું રબારીવાડાનું નિવાસ સ્થાન રહયુ અને દરેક મીટીંગ વખતે સ્વ. વડીલ મોરારજી બાપાનું એક જ વાકય કે નાઈતની વાડી જટ બનાવો. મીટીંગની જયારે જરૂરીયાત ઉપસ્થિત થતી ત્યારે એવુ જ નકકી થતુ રાત્રે નવા રબારીવાડામાં મળીયે અને હસ્તેમોઢે પરીવારજનો દ્વારા જ્ઞાતીજનોને આવકારવામાં આવતો. શ્રી નર્મદાશંકર ભવાનીશંકર ઓઝાની નિવાસ સ્થાનના વેચાણ બાદ જ્ઞાતીની વાડી બની ત્યાં સુધી જ્ઞાતીના માણસો મોરારજીભાઈ દવેના નિવાસ સ્થાને સચવાતા હતા.

વિકાસયાત્રા આગળ વધતા અંતે તા. ૧૨/૧૧/૧૯૯૨ ના શુભદિવસે પ.પૂ. જ્ઞાતીજન, રાષ્ટ્રીય સંત, ભાગ્વતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા (પૂજયભાઈ) ના કરકમળો દ્વારા જગ્યાનું ભૂમિપૂજન કરવામાં આવ્યુ. તે વખતે સ્વ. જશુભાઈ ધાનાભાઈ બારડ મુખ્ય મહેમાન બનેલા. સંતના આર્શિવાદથી શરૂ થયેલુ શુભ કાર્યને ખુબ જ ઝડપ મળી અને સંતની શ્રી કનકેશ્વરી પ્રાર્થના હોલમાં ફલોરીંગની સેવા પણ મળી.

દરમ્યાન વેરાવળના સમર્પીત સેવકો દાન ફાળા માટે મુંબઈની ચાર થી પાંચ વખત મુલાકાત સ્વખર્ચે લીધી હતી અને મુંબઈથી ખૂબ જ સારો પ્રતિસાદ સમાજને મળ્યો. મુંબઈ સમાજમાંથી એવી લાગણી પણ મળી હતી કે કયાય જ્ઞાતીની વાડી નથી તો કોઈ પણ

જગ્યાએ જ્ઞાતી વાડી બનતી હોય તે અમારા માટે ગૌરવ સ્વરૂપ અને અમારો સહકાર અવશ્ય હોય જ.

પ્રમુખશ્રી વાડી નિર્માણનુ કામ તબકકાવાર ચાલુ થઈ જતા તા. ૨૫/૧૨/૧૯૯૪ ના રોજ સંકુલના મુખ્ય દાતા શ્રીમતી રમાબેન મુળશંકર ઓઝા હસ્તે વાડી જ્ઞાતી અને શહેરના લાભાર્થે અર્પણ કરવામાં આવી.

| | | |
|---|---|---|
| (૧) | ટ્રસ્ટી મંડળની સ્થાપના | તા. ૦૧/૧૨/૧૯૯૧ |
| (૨) | ભૂમિ પૂજનની તારીખ | તા. ૧૨/૧૧/૧૯૯૨ |
| (૩) | વાડી માટેની જમીન દસ્તાવેજ રજીસ્ટર થયા | તા. ૨૨/૦૬/૧૯૯૩ |
| (૪) | વાડી શંકુલનુ ઉદઘાટન | તા. ૨૫/૧૨/૧૯૯૮ |
| (૫) | માતાજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા | તા. ૦૮/૦૫/૧૯૯૫ |
| (૬) | કનકેશ્વરી માતાજી પ્રાર્થના હોલ નામકરણ | |
| | ગં. સ્વ. શાંતાબેન કરૂણાશંકર ઓઝા લોઢવાવાળા | ફેબ્રુઆરી ૧૯૯૭ |

નોંધ :–

જુનાગઢ નિવાસી શ્રી દિનેશચંદ્ર વલ્લભજી ઓઝા દ્વારા વેરાવળ જ્ઞાતી વાડી નિર્માણનો ઈતીહાસ માંગતા વાડી નિર્માણમાં સંલગ્ન જ્ઞાતીજનો પાસેથી અને સ્મૃતીમાં રહેલી યાદોના આધારે સંકલન કર્યુ છે છતા પણ કંઈ માહિતીમાં અપૂર્ણતા હોય તો તેની ભુલ સંકલન કરનારની છે તેથી ક્ષમ્ય ગણવા નમ્ર વિનંતી.

તા. ૧૮/૦૮/૨૦૧૬,
વાર : ગુરૂવાર
બળેવ – રક્ષાબંધન – શ્રાવણ પૂનમ

જીતેન્દ્ર મહેતા
જીતેન્દ્ર બેચરલાલ મહેતા
સેક્રેટરી
સ્થાપક ટ્રસ્ટી મંડળ
શ્રી નાથળિયા ઉનેવાળ બ્રાહમણ
સમાજ ટ્રસ્ટ – વેરાવળ

# જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ

સેવા સહકાર સંગઠન

**કાર્યાલય : ઉમેશ આર. મહેતા (ચેરમેન) - "શ્રીહરિ ઉપકાર", ૧-ગીતાનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૨**
Emai : jankalyan.s.c.trust@gmail.com મો.: ૯૪૨૮૫ ૦૬૦૧૧

**રેફ. નં. :** ૩૫/૨ **તા.** ૦૭ - ૧૦ - **૨૦૧**૭

**મુરબ્બીશ્રી દિનેશભાઈ ઓઝા તથા મીનાક્ષીબેન**

આપના દ્વારા અથાગ પ્રયત્ન કરી સમસ્ત આખા લોઢવા ચોરાના આંબાને મોટાભાગે નજીકના દરેક કુટુંબીજનોને એક કરી સમગ્ર ઉનેવાળ બ્રાહ્મણ જ્ઞાતિમાં કૌટુંબીક – પારિવારીક ભાવના ઉભી કરી છે. સમગ્ર જ્ઞાતિ વતી હું આપને અભિનંદન પાઠવું છું સાથે સાથે આભાર પણ માનું છું.

મારા દિકરા હરિતના લગ્ન વખતે(૬–૧૨–૧૫)મહેતા પરિવારનો આંબો અપગ્રેડ કરી અમારા પરિવારને અર્પણ કરેલ.નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ સમાજ ટ્રસ્ટ રાજકોટની મે/૦૩ માં સ્થાપના કરી **સમગ્ર ગુજરાત લેવલે ડીરેકટરી** માં સંપુર્ણ વિગત એકત્ર કરી દરેકને વિનામુલ્યે આપી એક કરવાનો પ્રયત્ન કરતો આવ્યો છુંતથા રાજકોટ ટ્રસ્ટ,દ્વારા **સમગ્ર ગુજરાત લેવલે અમો શિક્ષણ તથા આરોગ્ય સહાય** આપીએ છીએ. છેલ્લા ત્રણ વર્ષથી રકતદાન – ચક્ષુદાન – દેહદાન ની પ્રવૃતિ ને વેગ આપેલ છે.તે અનુસંધાને ૩૧–૮–૧૭ સુધીમાં **૫–રકતદાન કેમ્પ, ૪–દેહદાન તથા ૨૧–ચક્ષુદાન** અમોએ કરેલ છે જે માહીતી રાજકોટ ટ્રસ્ટના મંત્રી તરીકે આપને જણાવું છું.

રાજકોટમાં **જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ** ની **સ્થાપના** ૨૩–૧૨–૧૬ થી કરી રજી.નં. **ઈ/૧૦૫૬૬ થી** થયેલ છે તેમાં **ચેરમેન** ની જવાબદારી નિભાવી **જ્ઞાતિ–જાતીનાં ભેદભાવ રાખ્યા વગર વિવિધ ક્ષેત્રમાં સેવા કાર્ય** કરી રહયો છું.જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા અમો **રકતદાન – ચક્ષુદાન – દેહદાન ઉપરાંત અંગદાન** ને લગતી પ્રવૃતિ કરીએ છીએ. અકસ્માત કે અચાનક મગજને સંપુર્ણ નુકસાન થયા બાદ ફરીથી જીવંત ન થાય તેને **"બ્રેઈન ડેથ"** કહે છે **તેવી વ્યકિત વેન્ટીલેટર પર હોય** છે. શરીરમાં લોહી ભ્રમણ ને કારણે બધાં અંગોને લોહી પહોંચતું હોવાથી બધા અંગો જીવીત હોય છે આવી" બ્રેઈન ડેથ" અવસ્થામાં **હૃદય, કીડની, લીવર, પેનક્રીયાસ, આંતરડા, આંખ, ચામડી, હાડકા વગેરે નું દાન કરી શકાય** છે. જરૂર હોય છે **માત્ર સંકલ્પની, પરોપકારી ભાવનાની, ઈશ્વરીય સંકેતને સમજવાની** આ વિગત સમજાવી અંગદાનના સંકલ્પ પત્રો ભરીએ છીએ.**જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા **૦૫–ચક્ષુદાન** અમોએ કરેલ છે.

**જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા કલેકટરશ્રી રાજકોટ** ને ઉપરોકત રજુઆત કરતાં લોકમેળા–૧૭ માં અમોને ડી–૨૩ નંબરનો સ્ટોલ આપેલ અને અમોને પ્રોત્સાહીત કરેલ. લોકમેળાના પાંચ દિવસ દરમ્યાન **તા. ૧૩–૮ થી ૧૭–૮ સુધી** દરરોજ **૧૨ કલાક સુધી** પરિવાર સાથે ફરવા આવનાર પરિવારને અમારી પ્રવૃતિ અંગે સમજાવેલ અને તેના પ્રતિસાદ રૂપે **૯–દેહદાન, ૬૪–ચક્ષુદાન તથા ૧૧૩ અંગદાન નાં સંકલ્પ પત્રો** એટલે કે કુલ ૧૮૬ વ્યકિતઓના સંકલ્પ પત્રો ભરેલ આ વિગત ને દરેક પ્રેસ દ્વારા પણ સારોએવો સહયોગ મળેલ. આ રીતે **જે અંગો વેચાતાં કયાંયપણ મળતા નથી તેને માટે સમાજને જાગૃત કરવા અમોએ નમ્ર પ્રયાસ કરેલ છે.**

આ ઉપરાંત **ઝુપડપટ્ટી વિસ્તારમાં** જરૂરીયાત મંદ પરિવારને તેમની સાઈઝનાં **સ્લીપર ઉનાળામાં અર્પણ** કરેલ, તથા રાજકોટ **બસ સ્ટેન્ડમાં ઉનાળામાં** એપ્રીલ–મે મહીનામાં **બપોરે ૩ થી ૫ છાસ વિતરણ વિનામુલ્યે** કરેલ. ૯ બુધવાર સુધી દર બુધવારે ૧૮૦૦ થી ૨૦૦૦ મુસાફરોએ લાભ લીધેલ.

স্থাপના : ૨૩-૧૨-૨૦૧૬ ॥ શ્રી કનકેશ્વરી પરસ્નોસ્તુ ॥ રજી. નં. ઈ/૧૦૫૬૬/રાજકોટ

# જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

સેવા સહકાર સંગઠન

**કાર્યાલય : ઉમેશ આર. મહેતા (ચેરમેન) - "શ્રીહરિ ઉપકાર", ૧-ગીતાનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૨**

Emai : jankalyan.s.c.trust@gmail.com **મો.: ૯૪૨૮૫ ૦૬૦૧૧**

**રેફ. નં. :** **તા. - ૨૦**

ૐ **માનવ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ** રાજકોટમાં કાર્યવાહક સમિતિમાં સક્રીય સેવા આપું છું. તેનાં ધ્વારા દર વર્ષે **ડીસેમ્બરનાં ત્રીજા રવિવારે** રાજકોટમાં **યુવક–યુવતી પસંદગી મેળો** ભરાય છે. છેલ્લા **૧૨ વર્ષથી આસો નવરાત્રી દરમ્યાન આશાપુરા મઢ (કચ્છ) ચાલીને જતાં પદયાત્રીકો** માટે મેડીકલ તથા ફળાહાર નાસ્તો વગેરે ની સેવાર્થે ભૂજ મુકામે **પાંચ દિવસ કેમ્પ** ચલાવીએ છીએ. તેમાં **સંયોજક** તરીકેની જવાબદારી નિભાવું છું.

આ ઉપરાંત ઘણી સંસ્થાઓ સાથે જોડાયેલ છું. વધુમાં આ માનવ દેહ મળ્યો છે તો આ ભવમાં વધુને વધુ બીજા માનવને ઉપયોગી થવા પ્રયત્ન કરતો રહયો છું. **"સામાજીક જીવન"** ક્ષેત્રમાં કરેલ પ્રદાન અનુસંધાને મારા સર્વ સેવાકીય કાર્યને ધ્યાને લઈ **સમસ્ત ગુજરાત બ્રાહ્મણ સમાજ** (રાજય કક્ષા) ધ્વારા **બ્રાહ્મગૌરવ એવોર્ડ–૨૦૧૭** તા. ૨૦/૮/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

વધુમાં વધુ સેવાકાર્ય કરી શકુ અને મારૂ જીવન સાર્થક બનાવી શકુ તેવા સર્વ વડીલો આશીર્વાદ આપે તેવી આશા સાથે વિરમું છું.

ઉમેશ મહેતા

**ચેરમેન**– જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ. .

**માનદ મંત્રી** – નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ સમાજ ટ્રસ્ટ, રાજકોટ.

**ચેરમેન,**
**જનકલ્યાણ સાર્વજનીક**
**ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ.**

**શિક્ષણ – આરોગ્ય – પર્યાવરણ – સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ – જનકલ્યાણના કામો – વિકલાંગોની પ્રવૃત્તિ – બાળ, યુવા, મહિલા વિકાસ – શહેરી વિકાસ**
**નિદાન કેમ્પો – રક્તદાન કેમ્પ – ચક્ષુદાન કેમ્પ – દેહદાન –પદયાત્રી કેમ્પો – કુદરતી આપતો.**

*॥ મારી દુનિયામાં બધું જ શ્રેષ્ઠ છે અને કલ્યાણકારી છે. ॥*

## શુભેચ્છા સંદેશ

ભાઈશ્રી દિનેશભાઈ તથા મિનાક્ષીબેન તમારી સેવાકીય પ્રવૃત્તિની અમે નોંધ લેતા હર્ષ અનુભવીએ છીએ કે ઓઝાના છોટુ એ નાથળીયા ઉનેવાળ જ્ઞાતિની આગવી ઓળખ સમાજમાં ઉભી થાય તેવી પ્રવૃત્તિ કરી રહ્યા છે. દાદાના તમોને આશિર્વાદ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના.

દાદા એટલે ઓઝા સરીયાદાદા કે જે નાગેશ્રી મુકામે ગામથી બારોબાર ૩ કિ.મી. દૂર ડોસલદાદાએ કુંડળીયા નાગ ક્ષેત્રપાલની સ્થાપ્ના કરી ૧૩૦૪ સન. જે ઓઝા સાખના હોવાથી ઓઝા સરીયા દાદા કહેવાયા. જે ઓઝા કુળના સુરાપુરા છે.

બીજું સમાજને આપણા ભવ્ય ભૂતકાળથી માહિતગાર કરવાનું તેમજ જ્ઞાતિના રીતરીવાજો, સંસ્કારો, પરંપરા, વિષેનું માર્ગદર્શન તમામ કુટુંબની અનોખી ઓળખ રૂપ આંબા તૈયાર કરવા આવા ભગીરથ કાર્યને અમે બીરદાવીયે છીએ. તમોને ઈશ્વર વધુને વધુ શક્તિ આપે તેમજ વધુને વધુ જ્ઞાતિની સેવાના કામમાં આવો તેવી શુભેચ્છા.

ઉપરાંત તમારી નોંધનીય વિગત તો એ છે કે તમે જ્ઞાતિનું કાર્ય જ્ઞાતિ માટે તેમજ જ્ઞાતિની સહાય વડે કરી રહ્યા છો. ને માત્રને માત્ર તમારી વ્યક્તિગત આર્થિક ભંડોળ દ્વારા તે માટે હું તમને બિરદાવું છું.

શ્રી ઓઝા સરીયા દાદા સેવા ટ્રસ્ટ

પ્રમુખ

મનુભાઈ કે. ઓઝા

ટ્રસ્ટ રજી. નં. એ-૨૦૯૮-જૂનાગઢ "શ્રી કનકેશ્વરી પ્રસન્નોસ્તુ" ફોન : ૦૨૮૫-૨૬૨૩૫૦૪

શ્રી આણંદજી ઓધવજી ઓઝા તથા શ્રી શામજી રૂગનાથ ઓઝા
શ્રી લાલજી દામજી ઉપાધ્યાય સંસ્કાર કેન્દ્ર, જૂનાગઢ

# શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ-જૂનાગઢ

શ્રી કરૂણાશંકર આણંદજી ઓઝા કોમ્યુનીટી-હોલ શ્રી મુળશંકર શામજી ઓઝા કોમ્યુનીટી-હોલ

બહાઉદ્દિન કોલેજ ફાટક પાસે, ગાંધીગ્રામ, જૂનાગઢ. ૩૬૨ ૦૦૧.

રેફ નં. તારીખ : ૨૧-૧૦-૨૦૧૭

પ્રતિ
શ્રી દિનેશચંદ્ર વલ્લભજી ઓઝા
શ્રીમતિ મીનાક્ષીબેન દિનેશચદ્ર ઓઝા પરિવાર

શુભેચ્છા સંદેશ

જુનાગઢ જીલ્લાના કેશોદ તાલુકાના શેરગઢ ગામના વતની અને હાલ જુનાગઢમાં વસતા દિનેશચદ્ર વલ્લભજી ઓઝા તથા શ્રીમતિ મીનાક્ષીબેન દિનેશચદ્ર ઓઝા દવારા ઉતમ કૅમનો વિચાર કરતા જ્ઞાતિના વડવાની યાદી હંમેશા કાયમી રહે, તે માટે નાનડિયા ઓઝા પરિવાર વટવૃક્ષ બનાવેલ છે. તેમજ જ્ઞાતિનું ગૌરવ વધારનારા નાથળિયા ઉનેવાળ સેવક મંડળના સ્થાપક સપ્તરૂષીઓની માહિતી આપેલ છે. તમામ કામગીરી સુંદરરીતે કરેલ છે. આગામી દિવસોમાં આ માહિતી દિવાદાંડી સમાન સિધ્ધ થશે.આ ઉમદાકાર્ય માટે શુભેચ્છા સહ અભિનંદન.

( શ્રી રશ્મિકાંત ડી.મહેતા )
મંત્રીશ્રી

( શ્રી મધુસુદનભાઈ ડી.ઓઝા )
મે.ટ્રસ્ટીશ્રી

રેફરન્સ નં. તા. 23/10/2021

જય શ્રી કાંધલિયા દાદા,

પૂ.શ્રી કાંધલિયા દાદાની વિગતો મહુવાના બારોટ ગમુભાઈ ટપુભાઈ રહે.તુલસી સોસાયટી પ્લોટ નં.૪ મહુવાના ચોપડા ઉપરની વિગતે શ્રી કાંધલિયા દાદાના પિતા મુરલીધર,માતા પુતલીબાઈ તેમના દાદા ધરણીધર તથા દાદી જીવીબેન, શ્રી મુરલીધર મહેતા નાગદેવતાના ઉપાષ્ક હતા તેને પુત્ર ન હોવાથી ઉપાસના કરેલ અને પૂજાના ફળમાં ગંગાધર નામનો પુત્ર આપ્યો હતો.

સવંત ૯૯૬ માં નાગદેવતાએ ઉના મુકામે બળેવના દિવસે દુશ્મનનાં કાંધ મરડ્યા ત્યારથી કાંધલિયા દાદા કહેવાણા.

ગંગાધર મહેતાએ ઉના પાસે ફાફણ ગામમાં સવંત ૧૦01 માં દાદાની સ્થાપના કરી ત્યારબાદ ઉતરોતર માવજી મહેતાએ સવંત ૧૨૧૨ માં નાંવડા ગામ ગઢ બંધાવેલ ત્યારબાદ માવજી મહેતાએ નાવડા ગામે સવંત ૧૨૧૫ માં કાંધલિયા દાદાની સ્થાપના કરી પછી તેમનાં ધર્મપત્ની માનબાઈએ સવંત ૧૨૧૮ માં ગૌદાનીવાવ કરાવી (ગાડોઇ – ટીનમસ) ત્યારપછી વરસન પરાની વાવ કરાવી પછી નાથીબાઈ સતી થયા જે વિઠ્ઠલભાઇની પુત્રી જેનો નાવાડાના કોઠે થયો છે.સવંત ૧૨03 નાથીબાઈ નાં વીરજી તેમજ માધવ બે ભાઈ , માતા કાનબાઇ પિતા વિઠ્ઠલભાઈ,વોરા ભવાનભાઈ નાં ભાણેજ શ્રી કાંધલિયા દાદા વોરાના ભાણેજનો ઉલ્લેખછે.

પૂ.શ્રી કાંધલિયા દાદાની માંગલ્ય મૂર્તિ પહેલા પીલુડીના ઝાડ નીચે હતી જે મહેતા પરિવારેનાં વડીલોએ સારી રીતે જોયેલ છે.

બીજી લોકવાયકા મુજબ શ્રી કાંધલિયા દાદાનું મુળ નામ દેવરાજભાઈ
પિતાનું નામ :શ્રી જીવરાજભાઈ ,માતાનું નામ : શ્રી લક્ષ્મીબેન તથા
બેનનું નામ હંસાબેન (બેબીબેન)તેમનાં સ્વસુર પક્ષમાં સસરા શ્રી કરસનજી જીવાભાઈ દવે ,
સાસુ ભાનુબેન કરસનજી
પત્નિ નું નામ કલાવતી
મોસાળનું ગામ લોઢવા અને વતનનું ગામ આલીધ્રા(મેંદરડા) હોવાનું કહેવાય છે.

પૂ.શ્રી કાંધલિયા દાદાનાં મંદિરે મહેતા પરીવારની પુત્રવધુ લાજની મર્યાદા રાખીને જ દ્વારમાં પ્રવેશે છે.

પૂ.શ્રી કાંધલિયા દાદાનાં નિવેધમાં કોરા ચોખા ,ઘી,ગોળ ,કે સુખડી ,શ્રી ફળ ,ઉપવસ્ત્ર,ધોતિયું વિગેરે ગામે ત્યારે ધરી શકાય છે.

પરીવારના દિકરાના લગ્નની છેડા છેડી દાદાના સન્મુખ છોડી શકાય છે. અને બાળકના યજ્ઞોપવિત સંસ્કારપછી પણ દાદાના દર્શને આંવે છે. તેમજ મહેતા પરીવાર નાં ભાણેજો પણ શુભ પ્રસંગ પછી દાદાના દર્શને આંવે છે.

-૧-

રજી. નં. એ-૨૩૪૧

# શ્રી કાંધલીયા દાદા સેવા ટ્રસ્ટ

મુ. નાવડા, તા. વંથલી.

રેફરન્સ નં. તા.

**ખાસ નોંધ** : પૂ.શ્રી કાંધલિયા દાદાની ચિત્ર પ્રતિમા કે ફોટો વિગેરે લઇ શકતા નાથી તેથી કોઈ પ્રતિમા કે ફોટો પરીવારના કોઈ ઘરે નથી તથા શ્રીફળની કાચલી પણ નાવડા પરિસર ની બહાર લઇ જઇ શકાતી નથી.

શ્રી કાંધલિયા દાદાનાં નૈવેધ (લગ્નના)સોમવાર,ગુરુવાર(અજવાળીયામાં નૈવેધ કરવા) એક કિલો ચોખા ,બે નંગ શ્રીફળ, પા કિલો તલ ,સિંદુર,જનોઈનો જોટો,અગરબત્તી,દિવો,ઘી,ગોળ લગ્નના દિવસે જે કપડાં પહેર્યા હોય તેજ કપડાં પહેરવાના ,પુત્રવધુએ લાજ કાઢી ને ખંભે ખેશ –ચુંદડી રાખવા શ્રી કાંધલિયા દાદાનાં મંદિરમાં બહેનનાં હાથે છેડા છેડી છોડવી.

ચોખાની ચાર ઢગલી કરવી તેની માથે ગોળ તથા થોડું ઘી મુકવું ને ચાર શેષ મુકવી (નારિયેળ) શ્રી કાંધલિયા દાદાને સિંદુર લગાવવું જનોઈ પહેરાવવી ચાંદલો કરી દીવા અગરબતી ધુપ કરી આરતી ઉતારવી .

ઉપરોક્ત વિગતો બારોટના ચોપડા તથા લોકવાયકા મુજબની છે.

પ્રફુલચંદ્ર એચ. મહેતા

પ્રમુખ

શ્રી કાંધલિયા દાદા સેવા ટ્રસ્ટ-નાવડા

દર વર્ષે ડિસેમ્બર માસના છેલ્લા રવિવારે મહેતા પરીવાર નું સ્નેહ સંમેલન નાવડા મુકામે થાય છે.

- ૨ -

# અનુક્રમણીકા


| ક્રમ | વિષય | પેઈઝ નંબર |
|---|---|---|
| ૧ | ઉનેવાળ જ્ઞાતિનું વંશવૃક્ષ | ૩૨ |
| ૨ | ઉનેવાળ જ્ઞાતિનો ઈતિહાસ | ૩૩ |
| ૩ | પ્રવિણ બારોટવાળો ઉનેવાળ જ્ઞાતિનો ઈતિહાસ | ૩૬ |
| ૪ | ઓઝા કુળનો આંબો | ૩૭ |
| ૫ | આપણી પરંપરા તથા રીતરીવાજ | ૩૯ |
| ૬ | સોળ સંસ્કાર | ૫૧ |
| ૭ | સોળ શણગાર | ૫૪ |
| ૮ | સગાઈના ગીતો | ૫૯ |
| ૯ | સ્નેહભર્યું નિમંત્રણ પાઠવતી પત્રીકા અંગીના ગીતો | ૬૭ |
| ૧૦ | ગણેશ સ્થાપનના ગીતો | ૭૬ |
| ૧૧ | મંડપ મૂહુર્તના ગીતો | ૮૦ |
| ૧૨ | ચાક - પીઠી - પસ ના ગીતો | ૮૯ |
| ૧૩ | મોસાળાના ગીતો | ૯૪ |
| ૧૪ | સાંજી તથા માયર | ૯૮ |
| ૧૫ | મંગલ ફેરાના ગીતો | ૧૨૮ |
| ૧૬ | જાન-સામૈયાના ગીતો | ૧૩૪ |

| | | |
|---|---|---|
| ૧૭ | ફટાણા | ૧૪૭ |
| ૧૮ | નીંદરડીના ગીતો | ૧૬૮ |
| ૧૯ | વિદાયના ગીતો | ૧૭૩ |
| ૨૦ | સીમંતના ગીતો | ૧૮૨ |
| ૨૧ | સીમંતના ગરબા | ૧૯૨ |
| ૨૨ | જનોઈના ગીતો | ૨૦૦ |
| ૨૩ | આરતી | ૨૦૪ |
| ૨૪ | વસંતોત્સવ-૨૦૧૩ ના ઉપક્રમે લાગણીભીની હૈયા સ્ફૂરણા | ૨૦૫ |
| ૨૫ | ૮૪ બ્રાહ્મણોની યાદી | ૨૦૭ |
| ૨૬ | આંબા | ૨૧૪થી |




**કુળદેવી - કનકેશ્વરી (કનકાઈ)**

**શીવ - મહાકાળેશ્વર**

**ગણેશ - ભાલચંદ્ર**

**ઉના - ઉનેવાળ**

**ઉત્તરહિંદ - આર્યાવર્ત**

**કોકેશ્યન - સંસ્કૃતિ**

# ઉનેવાળ જ્ઞાતિનો ઈતિહાસ

દારૂકાવન (દેલવાડા) પાસે ઋષિતોયા (મચ્છુંદ્રી) નદીનાં કાંઠા પર ઋષિયો તપ કરતા હતા. ત્યાં શંકર ભગવાનનાં લીંગનો પાત થતા લીંગને ઉન્નત બનાવવા ઋષિઓએ ઘોર તપ કર્યું. શંકર ભગવાન પ્રસન્ન થતાં લીંગ ગુપ્તપ્રયાગમાં ઉન્નત પામ્યું. આથી ઋષિઓએ ત્યાં મહાયજ્ઞ કર્યો. આથી બ્રહ્માએ વિશ્વકર્મા પાસે ઉન્નતનગર (ઉના) નામે સુંદર નગર વસાવી ઉનેવાળ બ્રાહ્મણોને દાનમાં આપ્યું. રાજ્યનો વિસ્તાર ૩૨ ચોરસ ગાઉનો હતો. આ ઋષિઓ એજ ઉનેવાળ બ્રાહ્મણો હતાં. તેમાં ગંગાધર ઓઝા મહાન ઋષિ હતાં.

બીજો મત એમ પણ કહે છે કે કોકેશ્યન પ્રદેશમાંથી આર્યો ઘાસચારાને પાણી માટે આર્યાવર્તમાં આવેલ. ત્યાંથી સોલંકી રાજાઓએ તેમને બોલાવી ઉન્નત નગર (ઉના) ભેટ આપેલ. એવી દંતકથા છે. આ ઉનેવાળ બ્રાહ્મણો મહાકાલ શીવ ભાલચંદ્ર (ભાભલ) ગણેશ, ઢુંઢી (ભૈરવ) અને કુળદેવી કનકેશ્વરીની આરાધના કરતા હતાં.

ગંગાધર ઓઝાનાં કુળમાં તેજબળ નામના માણસે ઉન્નતપુરમાં રાજગાદી સ્થાપી. લોકોને સુખી કર્યા હતાં. તે પછી બીજા રાજા દેવબળ થયા હતાં. ત્રીજા રાજા નારાયણબળ થયા હતાં. ચોથા રાજા રામબળે વિ.સં. ૧૧૩૨માં મહારૂદ્ર યજ્ઞ કર્યો હતો. પાંચમાં રાજા મહાબળ થયા હતાં. છઠ્ઠાં રાજા વીરબળ થયા હતાં. સાતમાં રાજા રાજબળ હતાં. આઠમાં રાજા સોમબળ નિર્વંશ જતાં તેમનાં ભત્રીજા ચંદ્રબળ ઓઝા રાજા બનેલ. તે બહુ પરાક્રમી અને પ્રજાપ્રેમી હતાં.

ચંદ્રબળ ઓઝાનાં સમયમાં જોધપુરનાં વેજલવાજા નામનાં રાઠોડે કાવાદાવા ખેલી ઓખા પરગણાનો કબજો મેળવ્યો. આગળ વધી પ્રભાસ પાટણમાં વાજા વંશની ગાદી સ્થાપી. નાઘેરમાં વેજલકોઠો રચી ત્યાં તેની લુટારૂ ટોળીની મદદથી આજુબાજુનાં પ્રદેશમાં હાહાકાર મચાવ્યો હતો. તે ઘણો ક્રૂર અને લોભી હતો. ચંદ્રબળ ઓઝાનાં કપટી દીવાન મોતીશા જોડે રાજ્ય ઉથલાવવાની ગુપ્ત મંત્રણા કર્યા પછી પોતાના સસરા

દીવના રાજા જેમવલ્લભ પાસેથી પાંચ હજાર સૈનિકની મદદ મેળવી ગુપ્ત યોજના મુજબ ઈ.સ. ૧૨૬૦ વિ.સં. ૧૩૧૬નાં શ્રાવણ સુદ પુનમને દિવસે બ્રાહ્મણો ગુપ્ત પ્રયાગ જનોઈ બદલવા ગયા પછી આક્રમણ કર્યું. આ ધાંધલથી ગુપ્ત પ્રયાગમાં ખબર પડતાં ચંદ્રબળઓઝાએ અને સોળસો બ્રાહ્મણોએ વતનની આઝાદી માટે મરી ફીટવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરી તેનો સામનો કર્યો. તેમાં ચંદ્રબળ ઓઝા દૈવયોગે મરાયા. સોળસો બ્રાહ્મણોની કતલ થઈ. સોળસો સ્ત્રીઓએ લાજ મર્યાદા સાચવવા જૌહર કર્યા.

ચંદ્રબળ રાજાનું રાજ હાથમાં આવતાં વેજલ વાજાએ સૈનિકોને આજ્ઞા કરી કે જ્યાં ઉનેવાળને દેખો ત્યાં કતલ કરો. શક લાગે કે બીજી જાતિની ઓળખ આપે તો તેને તે જ્ઞાતિનું ખાણુંપીણું આપી ઉનેવાળ નથી તેની ખાત્રી કરો. આમ કેટલાક ઉનેવાળ બાંભણીયા કોળી બન્યાં. હાલ તેઓ કુળદેવી કનકેશ્વરીની આરાધના કરે છે. કેટલાક નાસીને છારા (કોડીનાર) ગામમાં ગયા તે છારિયા ઉનેવાળ કહેવાયા. કેટલાક બાજગામમાં (ગુજરાત) ગયા તે બાજિયા ઉનેવાળ કહેવાયા. નાથળ (ઊના) ગામમાં ગયા તે નાથળિયા ઉનેવાળ કહેવાયા.

~ **છારિયા ઉનાવાળ :-**

છારા, કોડિનાર, દેલવાડા અને સરખડી ચોરામાં વસે છે. તેમાં પુરોહિત, જાની, ભટ્ટ, જોશી પંડ્યા અને ઉપાધ્યાય અટકવાળા ભાઈઓ છે.

~ **બાજિયા ઉનેવાળ :-**

સુરત શુક્લતીર્થ, ચરોતર, સોખડા, વાતરસ ઉતરાજ, ભાલ, દંઢાય અને સિદ્ધપુર ચોરામાં વસે છે. તેમાં ભટ્ટ, ઠાકુર, મહેતા, જોષી, ઉપાધ્યાય, પંડ્યા, પુરોહિત અને અધ્વર્યુ અટકવાળા ભાઈઓ છે.

~ **નાઘેરવાસી નાથળિયા ઉનેવાળ :-**

દેવકા અને સીમર ચોરામાં વસે છે. તેમાં ઓઝા, વાલિયા જોષી, ભટ્ટ જોષી, ગામોટ જોષી, પટેલ જોષી, ઠાકર, રાજગોર, ઉપાધ્યાય , પાઠક, વોરા અટકવાળા ભાઈઓ છે. આ વિસ્તારમાં થોડા સમયથી સોરઠમાંથી મહેતા, દવે અને શ્રોત્રિય અટકવાળા ભાઈઓ આવીને વસ્યાં છે.

~ **સોરઠવાસી નાથળિયા ઉનેવાળ :-**

આખા અને લોઢવા ચોરામાં વસે છે. તેમાં દવે, ઓઝા, શ્રોત્રિય, ઉપાધ્યાય, મહેતા ભટ્ટ જોશી અને વાલિયા જોશી અટકવાળા ભાઈઓ વસે છે.

~ **ઓઝા પરિવારનો ઈતિહાસ :-**

ચંદ્રબાળ ઓઝાનાં ભાઈ હાદાણીબળનાં વંશજ હાદાણી ઓઝા ચંદ્રબળ ઓઝાનાં પુત્ર રામબળને ડાઠાના સીમરીયાની પુત્રીથી થયેલ પુત્ર ભૂપતબળનાં વંશજ ભુપતાણી ઓઝા બીજા પુત્ર સેજબળનાં વંશજ સેજાણી ઓઝા, હરાજ દાદાના વંશજ હરાજવાળા અને રામજી પાઠકની પુત્રીથી થયેલા પુત્ર નાનબળનાં વંશજ નાનડીયા ઓઝા છે.

~ **નોંધ :-**

ઉપરોક્ત વિગત શ્રીનાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ જ્ઞાતિ મુંબઈ આખા લોઢવા ચોરા રચીત વસ્તીપત્રક ઈ.સ. ૧૯૭૯ સંવત ૨૦૩૫ તા. ૧૫/૪/૭૯નાં રોજ પ્રગટ થયેલ સંચાલક અને પ્રકાશક શ્રીમોહનલાલ વાલજીભાઈ દવે રચીત પુસ્તકમાંથી લીધેલ છે. અમે તેમના ઋણી છીએ.

અમારા ભાઈશ્રી દોલતભાઈ વલ્લભજી ઓઝા, ઓઝાનાં બારોટની રૂબરૂ મુલાકાતે ગયેલ તેમણે આપેલી વિગતો આ મુજબ છે.

બારોટ, નામ :- નાથાલાલ ભનુભાઈ કુંવરીયા
સરનામું :- જલારામ હાઈસ્કૂલ પાસે,
મુ. પીથલપુર તાલુકો તળાજા. પીન. - ૩૬૪૧૩૫

<u>ઓઝા કુટુંબની નોંધ</u> મેળવવા માટે બારોટનાં જૂના (નાના) ચોપડા પાનાં નં. ૧૦૦૪૫ ઉપર આપેલ છે.

શ્રોત્રીય કુટુંબની નોંધ બારોટનો જૂનો (નાનો) ચોપડો પાના નં. ૫૮ ઉપરથી નોંધનીય વિગત અત્રે આપીએ છીએ. પ્રથમ શાખા આછરજ હતી સિરાજની બે પાંખી ઉનામાં રાજ હતું. ત્યારે જુદી પડી મોટેરા પુત્ર નરછૈયાની પાંખી પાઠક કહેવાયા. નાનેરા પુત્ર સવદતની પાંખી તે શ્રોત્રીય કહેવાયા. બંને પાંખી સીરાજે ભેગી થાય છે.

યજ્ઞમાં મંત્ર દ્વારા અગ્નિ પ્રગટાવતા તે અગ્નિહોત્રી અને તેમાંથી આગળ જતાં શ્રોત્રીય કહેવાયા.

~ **બારોટ સાથે જોડાયેલી અટકો :-**

ઓઝા સમગ્રપાંખી, શ્રોત્રીય પાઠક, ઠાકર, રાજગોર, વોરા.

● **નોંધ :-**

ઉનેવાળ જ્ઞાતિનો વધુ ઈતિહાસ જાણવા દિનેશભાઈ દવેનું પુસ્તક 'ઉનેવાળ ઉદય' વાંચવાથી ઘણું જાણવા મળશે. તેમજ છારીયા ઉનેવાળ જ્ઞાતિ એ છપાવેલી 'ઉનેવાળનો ઈતિહાસ' પુસ્તક પણ સંદર્ભ ગ્રંથ તરીકે ઘણું ઉપયોગી છે.

## પ્રવિણ બારોટવાળો ઉનેવાળ જ્ઞાતિનો ઈતિહાસ

● **નોંધ :-**

તા. ૨૧/૬/૨૦૧૬નાં રોજ પ્રવિણભાઈ સોનરાત (બારોટ)ને ઘરે બોલાવેલ તેની પાસેથી મેળવેલો ઈતિહાસ.

શ્રી ગણેશાય નમઃ

સમગ્ર ઓઝા પરિવારનાં બારોટનો હક્ક ધરાવનાર જીવા ભીખા બારોટ છે. તા. ૧૪/૧૨/૧૯૨૦નાં રોજ સોનરાત જીવાભીખા બારોટને ઓઝાભાઈઓ એ સ્ટેમ્પપેપર ઉપર હક્ક હિસ્સો લખી આપેલ છે. તેની ફોટોકોપી આપણી પાસે પુરાવામાં છે. (હાલમા કાગવડ)

ભાઈશ્રી પ્રવિણભાઈ દેવીપુત્રનાં મુખેથી સાંભળી તેમની રૂબરૂમાં જ આ લખાણ કરેલ છે. તેમનાં જણાવ્યા મુજબ મૂળ ઉત્પત્તિથી શરૂઆત કરેલ છે. તે વંશવૃક્ષ ખૂબ જ મોટું છે. ગંગાધર ઉનામાં થઈ ગયા ત્યારની વાત, ઓઝા અટક શરૂ થઈ તે વાત, શાહબુદીન ધોરીની ચડાઈની વાત, સિદ્ધરાજ જયસિંહની વાત, વનરાજ ચાવડાની વાત તેમની પાસેથી પ્રાપ્ત થઈ છે. તેમના જણાવ્યા મુજબ આપણો વંશવેલો નીચે પ્રમાણે છે.

શ્રી ગણેશાય નમઃ

નોંધઃ- તા. ૨૧/૬/૨૦૧૬ નાં રોજ પ્રવિણભાઈ સોનરાત (બારોટ) ને ઘરે બોલાવેલ તેની પાસેથી મેળવેલો ઈતિહાસ.

# ઓઝા કુળ - નાથળીયા ઉનેવાળ

સમગ્ર ઓઝા પરિવારનાં બારોટનો હક્ક ધરાવનાર જીવા ભીખા બારોટ છે. તા. ૧૪/૧૨/૧૯૨૦ નાં રોજસોનરાત જીવાભાઈ બારોટને ઓઝા ભાઈઓએ સ્ટેમ્પ પેપર ઉપર હક્ક હિસ્સો લખી આપેલ છે. તેની ફોટોકોપી આપણી પાસે પુરાવામાં છે. (હાલમાં કાગવડ)

ભાઈશ્રી પ્રવિણભાઈ દેવીપુત્રનાં મુખેથી સાંભળી તેમની રૂબરૂ જ આ લખાણ કરેલ છે. તેમના જણાવયા મુજબ મૂળ ઉત્પતિથી શરૂઆત કરેલ છે. તે વંશવૃક્ષ ખૂબજ મોટું છે. ગંગાધર ઉનામાં થઈ ગયા ત્યારથી વાત, ઓઝા અટક શરૂ થઈ તે વાત, શાહબુદીન ઘોરીની ચડાઈની વાત, સીદધરાજ જયસિંહની વાત, વનરાજ ચાવડાની વાત તેમની પાસેથી પ્રાપ્ત થઈ છે. તેમના જણાવયા મુજબ આપણો વંશવેલો નીચે પ્રમાણે છે.

* વંશવેલો *

આદિનારાયણ બ્રહ્મા
↓ કંદર્પ
↓ કણ્વ
↓ અસ્તરણીય
↓ વિજય
↓ ત્રકુરાવ
↓ મધરાવ
↓ કનકરાવ
↓ વસંતરાવ
↓ જયોતિરાવ
↓ કસ્સણરાવ
↓ અનંતરાવ
↓ કાલીકાપ્રસાદ
↓ વિદ્યાધર
↓ સૂત
↓ સંજય
↓ ભૂદેવ
↓ માગધ
↓ હરઘોળ
↓ સંજય
↓ હરઘોળ
↓ કાલીદાસ
↓ સજજનરાવ
↓ હરદાસ
↓ ઓઝનરાવ

વિશેષ નોંધઃ- ઓઝા અટક શરૂ થઈ. વનરાજ ચાવડા તે સમયે રાજા હતા. સન. ૭૪૬ માં તેમને ત્રણ દીકરા હતા. દેવકરણ, માધવજી, હેમચંદ્રબળ. આ સમય સન. ૯૧૧ થી ૧૫૦૦ નો હતો.

↓ હેમચંદ્રબળ — ૧૦૯૪
નોંધ :- સન ૧૦૯૪માં ઉજજૈનથી ઉનામાં સીદધરાજ જયસિંહ લઈ આવયા. સન ૧૧૪૩ સુધી રાજસભા ભોગવી.
↓ ગંગાધર
↓ યશકરણી
↓ સૂર્યકાંત - નોંધ :- ત્રણ પુત્ર શીવશંકર, નારણજી, દેવજી.
↓ દેવજી
↓ કાલીદાસ
↓ અંબાશંકર
↓ વેણીશંકર
↓ કાલીદાસ
↓ હરજીવનરાય
↓ ચંદ્રબળ - નોંધ :- સન ૧૧૭૭ માં શાહબુદીન સાથે યુદધ, ચંદ્રબળને હરાવ્યા રાજા મૃત્યુ પામ્યા. દીનકર ના પળમાં આવ્યા તેથી નાથળીયા કહેવાયા. સન ૧૧૯૧
↓ દીનકર
↓ માવજી
↓ ગોવિંદજી ગોવિંદજીના બીજાભાઈ રણછોડ.
↓ દામોદર
↓ માવાદાદા
↓ ડોસલદાદા - નોંધ :- ડોસલદાદા એ કુંડળીયા નાગ ક્ષેત્રપાલની સ્થાપન કરી ૧૩૦૪ સન. ઓઝા સાખના હોવાથી ઓઝા સરીયા દાદા કહેવાયા.
↓ કાળાદાદા
↓ હરીદાદા
↓ પરસોત્તમદાદા
↓ લાભુદાદા
↓ ઉમિયાદાદા
↓ પીતાંબર
↓ રામબળ - સન૧૫૧૫

રામબળ
↓ ભૂપત દાદા
↓ સેજા દાદા
↓ હાદા દાદા
↓ હરાજા દાદા
↓ નાનાદાદા → અત્રેથી નાનડીયા ઓઝાનો આંબો જૂવો

ડોસલદાદા એ કુંડળીયા નાગની ક્ષેત્રપાલ તરીકેની સ્થાપના કરી સં.૧૩૦૪ માં ઓઝા સાંખના હોવાથી ઓઝાસરીયા કહેવાયા.

**નિચે જણાવેલ ગામમાં વશેલા કુટુંબો**

| ભુપતદાદા | સેજાદાદા | હાદાદાદા | હરાજદાદા | નાનાદાદા |
| --- | --- | --- | --- | --- |
| ઝોલાપર<br>દેવકા<br>કડીયાળી<br>મોબાસુ<br>કથીવદર<br>ઘાતરડી<br>ખાંભલીયા | ઉંદીયુ<br>રાજપરડુ<br>ડુંગર<br>નાગાળા | કોવાયા<br>દાતરડી<br>તડ<br>લોઠવા | રામપરા<br>સમઢીયાળુ<br>જામકા<br>મોકરડી<br>સોંદરડી<br>ખજીવાડા | શેરગઢ<br>અજાબ<br>બડોદર |
| ભુપતાણી | સેજાણી | હાદાણી | હરાજવાડા | નાનડીયા |

• ભુલચુક માફ કરશો •

માહિતિ આપનાર :
પ્રવિણભાઇ બારોટ (કાગવદર)

:: સૌજન્ય ::
દિનેશચંદ્ર વલ્લભજી ઓઝા
મિનાક્ષી દિનેશચંદ્ર મહેતા
મો. ૯૪૨૬૯ ૯૩૨૯૬

**ઉનામાં છઠ્ઠી સદીથી આઠમી સદી સુધી રાજ્ય શાસકો રહ્યા તથે ઉનેવાળ કહેવાયા. પ્રથમ રાજા બ્રહ્મર્ષિ ગંગાધર ઓઝા હતા. છેલ્લા રાજા બ્રહ્મર્ષિ ચંદ્રબળ ઓઝા હતા.**

**છારા ગામને લીધે છારીયા**
**કોડીનાર તરફ**

**નાથળ ગામને લીધે નાથળિયા**
**સીંમર/દેવકા/આખા/**
**લોઠવા (ચાર ચોરા)**

**બાજ ગામને લીધે બાજીયા**
**સુરત/શુક્લતિર્થ/ચરોતર/વાતસર/ભાલ/**
**ઘંઢાળી અને સિદ્ધપૂર તરફ (ઉત્તર ગુજરાત)**

| **ભટ્ટ - જોષી જોષી ગાંગડીયા, લોઠવીયા** | **દવે, દ્વિવેદી, ઠાકર** | **જોષી - પટેલ** | **મહેતા** | **ઓઝા, ભૂપતાણી, સેજાણી, રાજવાળા, હાદાણી, નાનડીયા** | **રાજ્યગોર** |
|---|---|---|---|---|---|
| ગોત્ર-શાંડીલ્ય<br>પ્રવર-શાંડીલ્ય<br>અસતિ, દેવલ | વેદ-સામવેદ/પાંચ પ્રવર<br>શાખા-કૌથમીય<br>ગોત્ર-સાવર્ણી<br>પ્રવર-સાવર્ણી,<br>શ્રવણ,આપલાયન,<br>પીપલાયન,કૌથમીય | ગોત્ર - વાલખીલ્ય<br>પ્રવર-વાલખીલ્ય,<br>જમદગ્નિ,<br>ભારદ્વાજ | ગોત્ર - કૌશિક<br>પ્રવર-કૌશિક,<br>ઓશિક,<br>ભારદ્વાજ | ગોત્ર - કણ્વ<br>પ્રવર - કણ્વ,<br>અત્રિ,<br>ગૌતમ | ગોત્ર - ભારદ્વાજ<br>પ્રવર - ભારદ્વાજ,<br>આંગીરસ,<br>બૃહસ્પતિ |

| **પાઠક, શ્રોત્રિય** | **ઉપાધ્યાય, દેસાઈ** | **વોરા** |
|---|---|---|
| ગોત્ર - માંડવ્ય<br>પ્રવર - માંડવ્ય,<br>વિશ્વામિત્ર, માંડુક્ય | ગોત્ર - વસિષ્ઠ<br>પ્રવર - વસિષ્ઠ,<br>ઈન્દ્રપ્રમદ, ભારદ્વાજ | ગોત્ર - કુત્સસ<br>પ્રવર - કાશ્યપ,<br>કૌત્સ, નેષધ |

# આપણી પરંપરા તથા રીતરીવાજ

~ **નામકરણ સંસ્કાર :-**

વરપક્ષ કે કન્યાપક્ષ બંને બાળકનાં જન્મની રાશી પરથી ફઈબા નામ પાડે છે. ઝોળીમાં બાળકને સુવડાવી ચારે છેડે ચાર ફઈબા પીપળાનાં પાન તથા રૂપિયા સાથે બાળકને ઝુલાવી નામ આપે છે. અને બાળકના માતા પિતા ફઈબાને યથાશક્તિ ભેટ આપે છે.

~ **ચૌલ સંસ્કાર :-**

આ સંસ્કાર માત્ર પુત્ર માટે જ છે. જ્યારે પુત્ર સવા વરસનો થાય ત્યારે વાળ ઉતરાવાય છે. વાણંદને ઘઉં, લાલ કપડું અને યથાશક્તિ ભેટ અપાય છે. બાળકની બેન ભાઈના વાળ ખોળામાં ઝીલે છે અને તેને પણ યથાશક્તિ ભેટ માતાપિતા આપે છે. મહેતા કુટુંબમાં વાળ ઉતરાવતી વખતે વ્રજનાં નાળીયેરની ધુવાડી આપી વાળ ઉતરાવાય છે.

~ **વિદ્યોપાર્જન સંસ્કાર :-**

પુત્ર કે પુત્રી ૩ વર્ષના થાય ત્યારે સારો દિવસ જોઈ બાલમંદિરમાં દાખલ કરાય છે. અને તે નિમીત્તે શાળામાં બાળકોને પેંડા, સાકર, પીપર, પેન્સિલ જેવી વસ્તુઓ આપવામાં આવે છે.

~ **ઉપનયન સંસ્કાર :-**

પુત્ર ૭ વરસનો થાય ત્યારે યજ્ઞોપવિત આપવામાં આવે છે. પુત્રનાં પિતા મંડપારોપણ ગૃહશાંતિ યજ્ઞ બટુકને ભીક્ષા પીરસવી અને વાજતે ગાજતે કાશીયાત્રા. આમ આ પ્રસંગ લગ્નની માફક જ ઉજવાય છે. જમણવાર સગાસ્નેહી તેમજ મિત્રો માટે યોજાય છે. તથા ભેટ સોગાદ પણ અપાય છે. આમ તો આ સંસ્કાર અભ્યાસ અર્થે આશ્રમ પ્રયાણ માટેનો છે.

~ **કન્યાપક્ષ :-**

બડવાના મામા આ પ્રસંગે યથાશક્તિ મામેરું આપે છે. કાશીયાત્રામાં મામા ભાણેજને ખભે બેસાડી ઘરે લાવે છે. અને ભાણેજને ખભેથી ઉતારવાની ભેટ આપે છે.

~ **પડો બદલાવવો :-**

● **વરપક્ષ :** કન્યાના પિતાને ત્યાં જઈ કન્યાને ચાંલ્લો કરી ખોળામાં ૧ જોડી કપડાં, ૧ શ્રીફળ, ૦ાા કિલો સાકરનો પડો, નાકનો દાણો તથા સાંકળા અને ચૂડી આપે છે. બેન દિકરીયુંને ભેટ આપે છે.

● **કન્યાપક્ષ :** કન્યાની જેમ વરરાજાને બાજોઠ ઉપર બેસાડી ચાંલ્લો કરી વરરાજાનાં હાથમાં ૧ શ્રીફળ, ૦ાા કિલો સાકરનો પડો, ૧ જોડી કપડાં આપે છે. અને વેવાઈ પક્ષ સાથે મળી ગોળધાણા ખાઈ મીઠાં મોઢાં કરે છે. આમંત્રિતોને નાસ્તો, ચાપાણી કરાવે છે. વરપક્ષ વાળાને જમણ આપે છે.

~ **સગાઈ :-**

● **વરપક્ષ :** કન્યાને સૌ પ્રથમ બાજોઠ ઉપર બેસાડી ચાંલ્લો કરી ચુંદડી ઓઢાડાય છે. ત્યારપછી બે પડા, બે શ્રીફળ (જેમાંથી ૧ પડો તથા ૧ શ્રીફળ કન્યાપક્ષે વરરાજાને પાછું વાળવાનું હોય છે.) ૧ જોડી + ૨ જોડી કપડાં (સમુર્તુ સાથે હોય તો બીજા ૨ જોડી કપડાં) ઉપરાંત ૧ જોડી હરખનાં અને ૧ જોડી સામા તહેવારનાં આમ કુલ પાંચ જોડી કપડાં કન્યાને માટે દાગીનો તથા મીઠાઈ આપે છે. સગાઈ પછી લગ્ન સુધીના સમયગાળામાં આવતાં તહેવારો જેવાકે હુતાશણી, દશેરા, કેરી વગેરે વખતે પણ ૧ જોડી કપડાં તથા તહેવાર સબબની મીઠાઈ આપવામાં આવે છે. વરપક્ષ વાળા અમુક તહેવાર જેવા કે જયાપાર્વતી, દિવાળી વખતે પોતાને ત્યાં કન્યાને જમવા બોલાવી યોગ્ય ભેટ પણ આપે છે. અંતે વરરાજા કન્યાને હેમની વીંટી પહેરાવી રીંગ સેટીમની ઉજવે છે.

● **કન્યાપક્ષ :** કન્યાના પિતા વરરાજાને બાજોઠ ઉપર બેસાડી ચાંલ્લો કરી કપડાં તથા શ્રીફળ સાકરનો પડો આપે છે. વરકન્યાને સગાસ્નેહીઓ ભેટ આપે છે. વરપક્ષની સાથે સામ સામે બેસી ગોળધાણા પુરુષો ખાય છે. સ્ત્રીઓમાં બંને પક્ષે સામ સામે સાકર ખાવાનો રીવાજ છે. કન્યાપક્ષ તરફથી જમણવાર હોય છે. ઉપરાંત દશેરા, કેરી, હારડો લઈને જે તે સમયે વરપક્ષવાળા કન્યાપક્ષ ગૃહે પધારે ત્યારે પણ તે સૌનું યથોયીત સ્વાગત કરી જમાડે છે. અંતમાં વિદાય વખતે સગાઈબાદ મગમેથી આપવામાં આવે છે.

~ **ગળવણ :-**

કન્યાપક્ષવાળાને વરપક્ષવાળા પોતાને ત્યાં ગળવણ કરવા તેડાવે છે. બંને પક્ષે સગાં સ્નેહી સાથે મળે છે તથા ભોજન ગ્રહણ કરે છે.

~ **લગ્ન લખવા :-**

કન્યાપક્ષવાળાને ત્યાં સારા મૂહર્ત માં વરપક્ષ પોતાની અનુકુળતા મુજબ સગા સાથે લગ્ન લખવા જાય છે. અને ત્યાંથી ઘરે પાછા ફર્યા બાદ પોતાનાં સગાં સ્નેહીને કંકોત્રી લખે છે. લગ્ન લખે ત્યારે કન્યાપક્ષવાળા લગ્નપડી તથા સાથે ૫ કંકોત્રી લખે છે. ઈશ્વરને, ઈષ્ટદેવને, કુળદેવીને, ગામના ચોરાને, વેવાઈને. આ પ્રમાણે થયા પછી લગ્નપડી તથા કંકોત્રી લઈ કળોયા (જમાઈ અથવા ભાણેજ) કન્યાપક્ષ તરફથી વરપક્ષને ત્યાં આપવા જાય છે. ઘણી જગ્યાએ કન્યાનો ભાઈ પણ જાય છે.

~ **લગ્ન વધાવવા :-**

કન્યાપક્ષ તરફથી લગ્ન પડી લઈને આવનારને બાજોઠ ઉપ બેસાડી વધાવવામાં આવે છે. તથા લાવનારને યથાયોગ્ય ભેટ અપાય છે. સગાં સ્નેહી સાથે બેસી જમે છે તથા મંગળ ગીતો ગાય છે. લગ્ન લખવા તથા વધાવવા બંને પક્ષે વીધીપૂર્ણ થતાં લગ્ન સુધી દરરોજ મંગળગીતો ગવાય છે.

~ **સાંજી :-**

બંને પક્ષે સાંજીમાં મંગળગીતો ગવાય છે. અને ગાવા આવનાર આમંત્રિતોને સ્નેહીજનોને સાંજીની લ્હાણી અપાય છે. કન્યાપક્ષવાળા મોટી સાંજીને દિવસે કન્યાને આપવાનો કરિયાવર બતાવે છે.

~ **મંડપારોપણ :-**

લગ્નનાં પ્રથમ દિવસે અથવા શુભ દિવસે શુભ ચોઘડીયે મંડપારોપણ થાય. શ્રીબ્રહ્મા, શ્રીવિષ્ણુ, શ્રીમહેશ, ઈષ્ટદેવ અને શ્રીકુળદેવી કનકાઈ આ ચારેયની સાક્ષીએ માણેકસ્તંભ રોપવામાં આવે છે. રોપણવિધી ચાર કુટુંબનાં પુરુષો દ્વારા થાય છે. અને વધાવવાની વિધી ચાર કુટુંબની સ્ત્રીઓ દ્વારા થાય છે. મંડપારોપણ થાય એટલે વર કન્યા બંનેને મીંઢોળ બંધાય. કારણ કે વરવધુ બ્રહ્મચર્યા શ્રમ છોડી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરશે તેથી મીંઢોળ મદન ફળ છે. તે કામદેવ છે. તે વરકન્યાના હાથે બંધાતા તેના ફળ સ્વરૂપે ગૃહસ્થાશ્રમ ભોગવવા સક્ષમ બને છે. તેમજ તેની સાથે લોઢાની કડી, છલડી વગેરે બાંધવામાં આવે છે. કેમ કે, ભૂત, પ્રેત, પિશાચ કે કોઈની મીઠી, મેલી નજર ન લાગી જાય.

~ **ગણેશ સ્થાપન :-**

ગરવા ગણપતિની સ્થાપના કરવામાં આવે છે. ગણેશજી વિઘ્નહર્તા છે. સારા, નવલા કે શુભ પ્રસંગોમાં કાંઈ વિઘ્ન ન આવે તે ભાવનાથી ગણેશજી ની પુજા કરી તેમને વિનંતી કરાય છે કે રિદ્ધી સિદ્ધી લઈ તમે અમારે ત્યાં પધારજો.

~ **ચાક વધાવવાની વિધી :-**

બંને પક્ષે આ વિધી સરખી જ છે. કંકુ, ચોખા, શ્રીફળ, મીઠાઈ લઈ કુંભારને ત્યાં ચાક તથા માટલી વધાવવા જાય છે. (જો કે આજના યુગમાં પૈડું વધાવી અગાઉથી લીધેલ માટલી કોડીયા નજીકમાં જ વધાવી લેવાય છે. સમયની માંગ મુજબ) અને ઢોલીની સાથે હીંચ લેતાં માટલા, માટલી, કોડીયા સાથે ગણેશજીનાં સ્થાપન પાસે સ્થાપના કરાય છે. (યથાશક્તિ કુંભારને તેનું દાન અપાય છે.)

~ **ઢોલ વધાવવા :-**

મંડપારોપણ, ચાક વધાવવાની વિધી પત્યા પછી ઢોલીનો ઢોલ ચાર સૌભાગ્યવતી સ્ત્રીઓ કરે છે. ઢોલીને પણ ઘઉં તથા કપડું અને યથાશક્તિ ભેટ અપાય છે.

## ~ પીઠી, પસ તથા પાટેથી ઉઠામણ :-

માંડવાની નીચે જ વર તથા કન્યા બંને પક્ષે બંનેને પસ ભરાય તથા પીઠી ચોળાય છે. ફઈબા (સોનાની) લોઢાની કડી વાળમાં પરોવી જડ વાસે, તેલને કાંડી લઈ (સળીયો) ધાણી પીલાય અર્થાત માથામાં તેલ ઘસાયને વર કે કન્યાની ચારેબાજુ ચાર બેનો ઉભી રહે અને વાનો પૂરે.

(રૂ, જીરૂં, મીઠું, ગોળ) આ અર્થ સૂચક બધી વિધીમાં આનંદ મંગલ વસતાય. દાદા, કાકા, મામા, વીરા પાસે વરકન્યા બંને લાડ લડાય અને પાટેથી ઉઠામણ માગે.

## ~ મામેરાની વિધી :-

માંડવાની ઉપર મુજબની બધી વિધી પૂર્ણ થતાં મોસાળું ભટાય વરકન્યાના મોસાળીયા મંગળગીતો ગાતાં ગાતાં મોસાળું ભરી બેનને માંડવે આવે. બેન પણ આંખની કીકી સમા વીરાનાં કપાળે ચાંલ્લો કરી અને ભાભીના માથે રહેલ છાબને ચાંલ્લો કરી બંનેને વધાવે તથા તેમના ઓવારણા લ્યે અને ધન્ય બને. દરેક ભાઈ પોતાની બેનને, તેમના ભાણેજને તેમજ બેનનાં કુટુંબીઓને યથાયોગ્ય મોસાળું કરે છે. બેન પોતાની ભાભીએ ભરેલ છાબને ખાલી વળાવતી નથી. કંઈક યથાશક્તિ ભેટ તેમાં મૂકે છે.

## ~ વરયાત્રા :-

પ્રભુતામાં પગલાં પાડવાનો મંગળ દિવસ તે લગ્ન વરપક્ષેથી જાનમાં સગાં સ્નેહીને નીમંત્રી વેવાઈને માંડવે પધારે છે. બેન્ડવાજા, ઢોલ શરણાઈ સાથે ઘોડી, મોટર, ગાડીમાં સજ્જ થઈ જાનૈયાઓ ઉમંગભેર વેવાઈને ત્યાં પધારે છે.

## ~ સ્વાગત :-

કન્યાપક્ષ તરફથી વરપક્ષની જાન આવતાં જ તેનું સ્વાગત કરવા ગળ્યાં પાણી આપી તેમનું સ્વાગત કરાય છે. અને જાનને ઉતારે (જાનીવાસે) લઈ જવાય છે.

~ **અંધોળ :-**

કન્યાપક્ષવાળા જાનીવાસે અંધોળ લઈને જાય છે. અંધોળમાં કન્યાપક્ષવાળા પીઠી ચોળી વરરાજાને નવરાવે છે. અંધોળની છાળમાં બે જનોઈ, તેલ, સાબુ, ટુવાલ, પીઠી, સુગંધી, ધોતીયું, અળોટીયું, સૂટનું કાપડ વગેરે આપે છે. કન્યાપક્ષને ઘણી જગ્યાએ વરપક્ષ તરફથી આ સમયે સાંજી મળે છે. આ વિધી વરની અંગ પરીક્ષા માટે છે.

~ **કલવો :-**

જાનીવાસે કન્યાપક્ષ તરફથી સ્નાન કરેલા વરરાજાને પાંચ જાતની મીઠાઈ સાથે નાસ્તો કરાવવા કન્યાવાળા આવે છે. આ વિધી માત્ર વરરાજા અને તેના સાગરીતો પુરતી જ હોય છે. અને આજનાં યુગમાં સમયની કટોકટ્ટી વખતે અંધોળ તથા કલવો સાથેજ લઈ જવામાં આવે છે. અંધોળમાં પણ માત્ર વરરાજાને ચાંલ્લો કરી જમણા પગનાં અંગુઠે પીઠી અડાડીને અર્પણ કરવાની વસ્તુઓ તેને આપી દેવામાં આવે છે. જેથી સમય ન બગડે.

~ **છાબ ભરવી :-**

કન્યાને માંડવે વરપક્ષ તરફથી લગ્નની છાબ ૫ જોડી કપડાં (૧ ઘરચોળું + ૪ જોડી), સાકરનાં પડા - ૨, શ્રીફળ - ૨ તથા સોનાચાંદીનાં ઘરેણા પોતાની યથાશક્તિ છાબમાં મૂકી આવે છે. અને કન્યાને અર્પણ કરે છે. આ સમયે બંને પક્ષ તરફથી ગીતો ગવાય છે. તે હળવી મજાક ભર્યા હોય છે. કન્યાપક્ષ વેવાઈની વસ્તુઓનો સમાજની સાક્ષીએ સ્વીકાર કરે છે.

~ **વરઘોડો તથા તોરણ :-**

જાનીવાસથી વાજતે ગાજતે વરઘોડો કન્યાને માંડવે આવે છે. કન્યાની બેન માથે મોતીનું બેડું નાળીયેર લઈ જીજાજીને ચાંલ્લો કરવા જાય છે. સાસુ પણ ચાંલ્લો કરી જમાઈનું નાક ખેંચે છે અને શ્રીફળની અદલાબદલી થાય છે. અને જાનને માંડવે બોલાવાય છે. વરઘોડાની વિધી પત્યા પછી વર માંડવે આવતાં કન્યાં ફૂલોનો હાર લઈ વરરાજાને પહેરાવે છે. વર પણ કન્યાને હાર પહેરાવે છે. સાસુ જમાઈને પોંખે છે.

ત્યારે હળ, મુસળ, રવૈયો, અને ત્રાક એમ ચાર ચીજ હોય છે. આ ચીજો ગર્ભસંકેત વરરાજાને કરે છે કે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો છે ? કઠીન માર્ગ છે ? હળની જેમ તારે કુટુંબનો ભાર વેંઢારવો પડશે. મુસળની જેમ ખંડાવું પડશે. રવૈયાની જેમ વલોવાવું પડશે ને ત્રાકની જેમ વિંધાવું પડશે. સંપુટીયું ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાનું સૂચક કે તે તોડીને અંદર માયરામાં પ્રવેશો ત્યારે જ કન્યા મળશે.

~ **માયરા :-**

દેવોનું પૂજન થાય છે. કન્યાદાન દેવાય છે. હસ્તમેળાપ થાય છે. ગોત્રોચ્ચાર થાય છે. બંને પક્ષીની બબ્બે સ્ત્રીઓ અખંડ સૌભાગ્ય આપે છે. વરપક્ષ તરફથી આ ચારેય સૌભાગ્યવતીને યોગ્ય ભેટ અપાય છે. (જોકે હવે કંકુ કન્યા કરતાં હોવાથી વરપક્ષવાળા તરફથી ભેટ મની સ્વીકારતાં કન્યાપક્ષ તરફથી જ અપાય છે.) નાની સાળીઓ બૂટ સંતાડી મશ્કરી કરે છે અને પોતાનો દાન માગે છે.

~ **મંગલફેરા :-**

અગ્નિની સાક્ષીએ સપ્તપદી રૂપે ભાવી જીવનની પ્રતિજ્ઞા નવદંપતિ કરે છે. ચાર ફેરા ફરાય છે. આપણામાં પ્રથમ ત્રણ ફેરા ફરતી વખતે વર આગળ અને કન્યા પાછળ રહે છે. ચોથો છેલ્લો ફેરા વખતે કન્યા આગળ અને વર પાછળ રહે છે. કન્યાના ભાઈઓ જવ તલ હોમે છે. અને ફરીથી બંને પક્ષની બબ્બે સ્ત્રીઓ સૌભાગ્ય આપે છે. અને તેમને પણ કન્યાપક્ષ તરફથી યથાયોગ્ય ભેટ અપાય છે. ત્યારબાદ કંસાર જમાય છે.

~ **નવવધુનું સ્વાગત :-**

ફેરા ફરી ઉતર્યા પછી જાનીવાસે વહુને તેડી જઈ કીંમતી કપડાં આપવાનો રીવાજ છે. અને કન્યાપક્ષવાળા મંગળગીતો ગાતા ફરી કન્યાને તેડવા આવે છે.

~ **પહેરામણી :-**

● **વરપક્ષ :** વરપક્ષ પણ પોતાનાં પક્ષને સગાંસ્નેહીઓને યોગ્ય ભેટ પહેરામણી કરે છે. ઘણી વખત સમય બચાવવા માટે આ વિધી વરપક્ષ પોતાને માંડવે આગલે દિવસે કરી લે છે.

● **કન્યાપક્ષ** : કન્યાપક્ષે પોતાનાં સગાંસ્નેહીને ભેટ પહેરામણી કરે જ છે. તે ઉપરાંત વરપક્ષને પહેરામણી કરે છે. તેમાં વરરાજાને સૂટનું કાપડ, વરના પિતાને પાઘડી, માતાને સાડી, લુણવંતીને સાડી, વરપક્ષનાં અન્ય વડીલો સગાંસ્નેહીઓને યથોયીત ભેટ પહેરામણી કરે છે. કન્યા શ્વસુર ગૃહે પધારે ત્યારબાદ પોતાના આણામાંથી પણ સાસુ, નણંદને પગે લાગી સાડી તથા સોપારી તજ લવીંગ, એલચી વગેરે આપે છે.

~ **કન્યાવિદાય તથા કર નિવેધ :-**

જાનને વિદાય તથા કુળદેવનાં નિવેદ્ય વેવાઈ પાસેથી લેવાનાં હોય તો લે છે. કન્યાપક્ષ મામાટમાં ગોળી કે કોઠી આપે છે. તેમાં પાંચ પકવાન ૨ ૧/૨ કિલો મૂકવાનાં હોય છે. મગ, સોપારી, નાળિયેર તથા પૈસા આમ પાંચ વસ્તુ તેમાં મૂકવાની હોય છે. તેના ઉપર લીલી સાટીનનું ૧ મીટર કપડું નાડાછડીથી બાંધે છે. કન્યાને વિદાય કરતી વખતે તેનાં ખોળામાં ભાતાનો ડબ્બો તથા શ્રીફળ મગ, સોપારી, પૈસા આપવાના હોય છે. કન્યાની બેગનું તાળું ચાવી તેની સાસુને સોંપવાનું હોય છે. રથનું (વરકન્યાની મોટરનું) પૂજન કરી તેને વિદાય કરે છે.

~ **વારણું :-**

કન્યાપક્ષથી કન્યાને તેડવા લગ્ન પછી સગાંસ્નેહી સાથે વરપક્ષે જાય છે. અને ત્યાં જમણ હોય છે. તેને વારણું કહેવાય છે.

~ **સીમંત :-**

● **વરપક્ષ** : માતૃત્વને ધન્ય બનાવતો સોનેરી સીમંતનો પ્રસંગ. એક બે માસ જાણ્યું, અજાણ્યું. ત્રીજા માસે કન્યાની માતાને જાણ કરવાની હોય છે. ચોથા માસે ધ્રણને મોં મીઠું કરાવાય છે. પાંચમાં માસે નણંદ પંચમાસી બાંધે છે. (પંચમાસીમાં હનુમાનજીની મળી, ચાર ચૌટાની ધૂળ, લોખંડની છલડી, કોડી, કાળું, કપડું આનાથી બંધાય છે.) છઠ્ઠે માસે સારું મુહર્ત જોવડાવી સીમંત અંગેની કંકોતરી વહુને પિયર લખવામાં આવે છે. સાતમે માસે ખોળો ભરવા માટે કન્યાપક્ષનાં સગાંસ્નેહી સૌ

કન્યાને સાસરે આવે છે. રાંદલમાનું પૂજન થાય છે. આપણી જ્ઞાતિમાં સીમંત પ્રસંગે રાંદલનાં બે લોટા તેડવાનો રીવાજ છે. સમય પરિવર્તનકાળ મુજબ જો તે સમયે તે શક્ય ન બને તો અનુકુળતાએ આ કાર્ય કરવું. વરવધુ રાંદલમાનું પૂજન અર્ચન કરી ગોરણી નોતરી લે ત્યારબાદ વહુન ન્હાવા માટે કન્યાપક્ષવાળા બીજા ઘરે તેડી જાય છે. ત્યાં ન્હાવા તથા શણગારની વિધી પૂર્ણ થતાં જ વહુને પાટ પગલાં ચલાવીને રાંદલમાનાં સ્થાપન સુધી લાવવામાં આવે છે. ત્યાં કન્યાપક્ષ તરફથી વરપક્ષને પહેરામણી તથા ખોળાભરતની વિધી કરાય છે. વરપક્ષે સીમંતની સાંજી આગલે દિવસે હોય છે. ઘણી વખત સમયને સ્થળનાં અભાવથી સાંજી ખોળાભરત વખતે પણ ગવરાવાય છે. આ પ્રસંગે બંને પક્ષનાં સૌ સગાસ્નેહીને આમંત્રીત હોય તેઓનો જમણવાર વરપક્ષ તરફથી હોય છે. સીમંત કાર્ય પૂર્ણ થયા પછી બીજે દિવસે સવારે રાંદલનું ઉથાપન કર્યા બાદ વહુને પિયર વળાવાય છે.

● **કન્યાપક્ષ :** વરપક્ષ તરફથી કંકોતરી મળતાં જ કન્યાપક્ષ કન્યા માટે સારા કિંમતી ૧ જોડી કપડાં, જમાઈનાં કપડાં, સાસુ સસરાને કપડાં લાડકાં દિયરનાં કપડાં, રાખડી બાંધનારી નણંદનાં કપડાં, ખોળો ભરાવનારને કપડાં, બાળક રમાડવાનું કવર અથવા કપડાં ઉપરાંત કુટુંબ પહેરામણીની તૈયારી કરી આવે છે. કન્યાને સાસરેથી ન્હાવા તેડી જાય ત્યાં પણ બહારે શ્રીફળ, મગ, સોપારી, પૈસા મૂકવાના હોય છે. ધ્રણને શણગાર્યા પછી પાટ પગલાં ચાલતી વખતે ખોળામાં ચોખા, શ્રીફળ તથા સાત પડિકા (ચાંદલા, તજ, લવીંગ, દ્રાક્ષ, કાજુ, બદામ, સાકર, નાનાઇછડી) મુકવાનું હોય છે. (૧) અઢી મીટરનું લાલ અથવા લીલું કપડું પાટ પગલાં માટે લેવાનું હોય છે. (બીજું ૧ અઢી મીટરનું આવું કપડું વરપક્ષનું હોય છે.) ૧ ૩ સોપારી અને ૧ ૩ પૈસા (સીક્કા) ધ્રણના પગલે પગલે મુકવામાં આવે છે. ધ્રણની ભાભી અથવા તેની કાકી મૂકે છે. વચમાં ઉંબરો આવે ત્યાં શ્રીફળ મુક્વું. રાંદલમા સમક્ષ પહોંચ્યા બાદ ખોળો ભરત કર્યા પછી જ નીચે બેસાય. સાત પડીકાઓ ખોલવાના. માતાજીને ધરાવી ખવાય તે ચીજ ખાવી. બુશટીયાની વિધી ત્યારપછી કરવાની અને વર વધુ સાથે મળી બાળક રમાડવાની વિધી

કરવી. ત્યારબાદ ગોરાલી તેમજ અન્ય આમંત્રીતો જમણ ગ્રહણ કરે. બીજા દિવસે સવારે રાંદલનું ઉથાપન થયા પછી શુભ ચોઘડીયે પિયર સુવાવડ માટે તેડી લાવે.

~ **છઠ્ઠી :-**

બાળકનાં જન્મ થયા પછી તેની જીભ ઉપર સોનાની સળીથી મધમાં બોળી ૐ લખવો. જેથી પ્રાચીન સંસ્કૃતિ મુજબ સરસ્વતિનો વાસ તેમની જીભે થાય. જન્મ પછી છઠ્ઠા દિવસે છઠ્ઠી લોટાડાય છે. કન્યાપક્ષના ઘરે શ્રીમંતની સાડીમાં બાળકને વીંટીને સ્થાપન પાસે વિધાત્રીના આશિર્વાદ અર્થે લોટાડવું. સ્થાપનમાં પાટલા ઉપર પાંચ પીપળાનાં પાન, ઘઉં, ૫ સળી, કંકુ, સોપારી, લાલ રંગનું સ્થાપન હોય છે. ફઈબા છઠ્ઠી લોટાડે છે અને તેને બાળકની માતા યથાશક્તિ ભેટ આપે છે. ફઈબા પણ કંઈક પોતાના ભત્રીજા માટે મોં જોવાથી છઠ્ઠી લોટાડવાની આનંદ ભેટ આપે છે. ખોળા ભરતનાં ચોખા તે દિવસે રાંધી બાળકોને જમાડવાના હોય છે.

~ **લાડવા :-**

બાળકનાં જન્મનાં સમાચાર મળતાં ૨ કિલો ઘી + ૧ કિલો લોટ + ૨ કિલો ગોળ + ગુંદર + વસાણું વગેરે નાંખીને લાડુ બનાવવા. (ડબ્બામાં ૨૧ કે ૩૧ કે ૫૧) યથાશક્તિ સોના ચાંદીનાં ઘરેણા + માતા તથા બાળકનાં કપડાં અને જરૂરી ચીજવસ્તુ સાથે બાળકનાં જન્મ પછી ૧૦ થી ૧૫ દિવસમાં લઈ જવાનું હોય છે. પ્રથમ વખત વરપક્ષ કન્યાને પીયર લઈ જશે. બીજી વખત હોય તો કન્યાપક્ષ વાળા કન્યાને સાસરે લાડવા લઈ આવશે. પ્રથમ વખત વરપક્ષ લાડવા લઈને જાય ત્યારે ઘણી જગ્યાએ વેવાઈ પક્ષને પહેરામણી કરવામાં આવે છે.

~ **અઘરણીનું આણું :-**

દિકરીને ત્રીજા માસે વળાવતી વખતે દિકરીનાં પાંચ જોડી કપડાં તથા બાળકનાં ૧૧ કે ૨૧ જોડી કપડાં પારણું, ખોયું, રમકડાં, તેમજ બાળકને માટે જરૂરી તમામ ચીજ વસ્તુ અને દાગીનો યથાશક્તિ કરાવી સાસરે વળાવે છે. વરપક્ષવાળા વહુને તેડવા જતી વખતે ખાસ કોઈ રીવાજ નથી સમયકાળ પ્રમાણે વહેવાર કરવાનો હોય છે.

~ **મરણ :-**

નનામી ૨ ૧/૨મીટર પાથરવાનું ૨ ૧/૨મીટર ઓઢાડવાનું કપડું, શબને નવડાવીને નવું વસ્ત્ર પહેરાવવું. નનામીમાં ૪ પીંડ મૂકવાં. ૧ પીંડ અગ્નિદાહ પછી ઘડા પર મૂકે છે. ૪ વિસામે એક એક નાળીયેર ફોડે છે. આગ દોણીમાં લઈ જવાય છે. બહુમાન માટે શાલ નનામી ઉપર ઓઢાડે છે. ૨૭ માસની ઉંમર સુધીના બાળકને ભૂમિદાહ દેવાય છે. કુંવારી દિકરી માટે પુરુષની માફક જ રીવાજ છે. પરંતુ પરણેલી સ્ત્રીનાં ખાપણનો ખર્ચ તેનાં પીયરીયા ભોગવે છે.

~ **અગ્નિદાહ માટે :-**

૧૧ ખાંડી લાકડા, ૧ કિલો ઘી, સુખડ, રાળ, તલ, અગરબત્તી વગેરે ચીજો લેવાની હોય છે. જો કે હવે ઈલેક્ટ્રીક સ્મશાનગૃહ હોય તો તે મુજબ વર્તવું. ત્રણ દિવસ બાદ સાદડી રાખવામાં આવે છે. સાતમે દિવસે સુંવાળી ઉતરાવવાનો રીવાજ છે.

~ **શ્રાદ્ધ :-**

૧૦, ૧૧, ૧૨ મેં દિવસે શ્રાદ્ધવિધી કરાય છે. હવે દશમ અગિયારમાનું શ્રાદ્ધ સાથે જ કરે છે. બારમાં દિવસે સરવણીની વિધી હોય છે.

~ **સરવણી :-**

બારમાં દિવસે સરવણીની વિધી વખતે સૈયાદાન કરાય છે. બેન દિકરી કે ગોરબાપાને અપાય છે. સૈયાદાનમાં પલંગ, ગાદલું, ઓશીકું, ચાદર, રજાઈ, ૧ જોડી કપડાં, થાળી, વાટકો, લોટો, ચમચી, પ્યાલો, રકાબી, ભાતાનો ડબ્બો, સ્ટીલ કે પીત્તળનાં ડબ્બામાં મીઠાઈ મુકવી. થાળી વાટકામાં સીધાનો સામાન, સૂકા લીલાં ફળ, જોડાં, બેટ્રી(દીવો), લાકડી, માળા, કંઠી, જનોઈ, ટુવાલ, નેપકીન, પુરુષ હોય તો છત્રી, સૌભાગ્યવતી સ્ત્રી હોય તો સૌભાગ્યનો શણગાર, વિધવા હોય તો તેની જરૂરીયાતની વસ્તુ, પંચપાત્ર, તરભાણું, આચમન, ચાંદીની સીડી, સાથીયો, ગાય, ભગવાનની મૂર્તિ, તુલસીપત્ર, બીલીપત્ર વગેરે મુકવાનું હોય છે. કળોયાને યથાશક્તિ દાનદક્ષિણા કરે છે. શ્રાદ્ધ વિધી કરાવનારને સસરા પક્ષવાળા ધોતિયું ઓઢાડે છે.

દિકરી વિધવા બને તો પોત માટે સાડી બ્લાઉઝ, ચણીયો લઈ નાવા તેડી જતી વખતે આપવાનાં હોય છે. જો દિકરીનું મરણ થયું હોય તો પીયર પક્ષે ગોયણીમાં ૫, ૭, ૯, ૧૧ યથાશક્તિ બ્લાઉઝ પીસ આપવાનાં હોય છે. તેમજ કાટીયાનાં પૈસા આપવાનાં હોય છે.

~ **પ્રથમ માસીક શ્રાદ્ધ :-**

મરણનાં ૨૦ કે ૨૨ દિવસે કરે છે.

~ **શોકત્યાગ :-**

આ વિધી શોક ભાંગવો તરીકે પણ ઓળખાય છે. વહુનાં પીયરીયા શોક ભંગાવે છે. મરણ નાનું મોટું થયું હોય તે પ્રમાણે શોક ભાંગવાનો સમય નક્કી થાય છે. જોકે હાલમાં દરેક સમજુ સજ્જનો બીજાનો વિચાર કરી કોઈને તકલીફ ન પડે માટે મોટા ભાગે બારમાં દિવસે જ શોક ભંગાવાની વિધી સબબ ત્યાં હાજર સૌ સગાંને ચા પીવડાવી શોક ભંગાવે છે. આ વિધી બાદ બંને પક્ષ માંગલિક પ્રસંગો યોજી શકે છે.

~ **ધ્રો આઠમ :-**

ઋષી પંચમી રહ્યા પછી ધ્રો આઠમ કરવાની હોય છે.

~ **વરસી શ્રાદ્ધ :-**

વરસ પૂર્ણ થતાં ૧૨મું માસિક શ્રાદ્ધ સરાવે છે. જો કે હવે આજનાં યુગમાં માણસો આ વિધી પણ બારમાંને દિવસે જ કરી નાંખે છે. બેનુદિકરીયુંને કુટુંબને જમાડવામાં આવે છે અને યથાશક્તિ દાનધર્મ કરે છે. આ શ્રાદ્ધ વખતે ૫, ૭ કે ૧૧ ટોપલા કરે છે. ટોપલામાં પુરુષ હોય તો પુરુષનાં કપડાંના પીસ મુકાય છે. સ્ત્રી હોય તો બ્લાઉઝપીસ કે સાડી મુકાય છે. સાથે બંગડી, દાંતીયો, ચાંદલો, અરીસો, તેલ, પતાસા મૂકે છે.

~ **સંવત્સરી શ્રાદ્ધ :-**

મૃત્યુનાં ૩ વર્ષ બાદ તેની મૃત્યુની તીથીએ ભાદરવા વદની તીથીએ શ્રાદ્ધવિધી કરી બેનુદિકરીયુંને તેડાવી શ્રાદ્ધમાં મૃતકને ભેળવે એટલે જમાડે છે અને દાનધર્મ કરે છે.

## સોળ સંસ્કાર

હિન્દુ પ્રજાના સનાતન ધર્મમાં સોળ સંસ્કારનું વિશેષ મહત્વ છે. એ સોળ સંસ્કાર નીચે મુજબ છે.

**(૧) ગર્ભાધાન સંસ્કાર**

એ બીજશુદ્ધિરૂપ છે એની પહેલાં રજો દર્શન શાંતિ પ્રયોગ કરવામાં આવે છે. એ ક્ષેત્રશુદ્ધિરૂપ છે. ક્ષેત્રશુદ્ધિ અને બીજ શુદ્ધિથી ઉત્તમ ફળની (સંતાનની) પ્રાપ્તિ થાય છે. ગર્ભાધાન સંસ્કારની સાથે ગર્ભવતી સ્ત્રીનો ધર્મ, એના પતિનો ધર્મ અને એના પરિવારના ધર્મની પણ આપણા શાસ્ત્રોમાં ચર્ચા થયેલી છે.

**(૨) પુંસવન સંસ્કાર**

પુંસવન સંસ્કાર એટલે ગર્ભનું પૂજન.

**(૩) સીમંતોન્નયન સંસ્કાર**

સીમન્તવિધિ - ખોળો ભરવાની વિધિ. દરેક સમાજના રીત-રિવાજ મુજબ આ વિધિ અલગ-અલગ થાય છે. પરંતુ શાસ્ત્રોના વિધિ-વિધાન મુજબ તો આ વિધિ થવી જોઈએ.

**(૪) જાતકર્મ સંસ્કાર**

પુત્રના જન્મ પછી તેનું મોઢું જોતાં પહેલાં કરવાના સંસ્કાર. મોઢું જોયા પછી દાન-પુણ્ય વગેરેનો ઉલ્લેખ પણ શાસ્ત્રોમાં થયેલો છે. આપણા સમાજમાં બાળકને ગળથૂથી પાવાની વિધિ પણ આ જ સંસ્કારમાં સમાવિષ્ટ છે.

**(૫) નામકરણ સંસ્કાર**

પ્રસુતાના અગિયારમાં દિવસના બાળકના સ્નાન પછી ચાર પ્રકારના નામ બાળકના પાડવામાં આવે છે.

(૧) દેવનામ (૨) માસનામ (૩) નક્ષત્રનામ અને (૪) વ્યવહાર નામ

બ્રાહ્મણના નામને અંતે 'દેવ', ક્ષત્રિયના નામને અંતે 'સિંહ', વૈશ્યના નામને અંતે સમૃદ્ધિ વાચક 'ભૂતિ' અને શુદ્રના નામને અંતે 'દાસ' નામ જોડેલું હોય તેવા નામ પાડવા એવું પણ શાસ્ત્રમાં દર્શાવેલું છે.

**(૬) નિષ્ક્રમણ સંસ્કાર**

ત્રીજા અથવા ચોથા મહિને બાળકને પ્રથમ વખત ઘરની બહાર લઈ જવાની સંસ્કાર..... મોટા ભાગે આપણા સમાજમાં બાળકને લઈ પ્રથમ વખત મંદિરમાં દર્શનાર્થે આપણા ઈષ્ટદેવને પગે લગાડવાના હેતુથી મંદિરે લઈ જવામાં આવે છે.

**(૭) અન્નપ્રાશન સંસ્કાર**

જન્મથી છઠ્ઠે, સાતમે કે આઠમે માસે બાળકને ષડરસ ધરાવતું રંધાયેલું અન્ન ખવડાવવાની શરૂઆત અને એની વિધિ એટલે અન્નપ્રકાશન સંસ્કાર

**(૮) ચૌલ સંસ્કાર (ચૂડા કર્મ)**

એક વર્ષ પછી અને ત્રણ વર્ષ પહેલાના સમય દરમ્યાન ડાભીની સળીયો સહિત વાળની લટ લઈ પ્રથમ વખત વાળ ઉતારવાની વિધિ એટલે ચૌલ સંસ્કાર.

**(૯) કર્ણવેધ સંસ્કાર**

સાતમે, આઠમે, દસમે કે બારમે મહિને કર્ણવેધ કરાવવાની વિધિ.

**(૧૦) વિદ્યારંભ સંસ્કાર**

પાંચમા વર્ષે (વેદારંભ સંસ્કાર) ઘરમાં જ વેદોના અભ્યાસનો આરંભ કરાવવો.

**(૧૧) ઉપનયન સંસ્કાર**

આઠમાં વર્ષે કરવાની વિધિ. વિદ્યાભ્યાસાર્થે આચાર્ય પાસે બાળકને લઈ જવો. યજ્ઞોપવિત ધારણ કરાવવું. ત્રિકાળ સંધ્યા શરૂ કરાવવી. બ્રહ્મચારીના આચરણના નિયમો પાળવા. પાસ્કરાચાર્યે બ્રહ્મચર્યના ૧ ૨ વર્ષ ગણાવ્યા છે.

**(૧૨) કેશાંત સંસ્કાર**

યજ્ઞોપવિત વખતે કરવાની થતી મૂંડનવિધિ.

**(૧૩) સમાવર્તન સંસ્કાર**

ચાર વેદોના અધ્યયન પછી બ્રહ્મચર્યની સમાપ્તિ સાથે ગૃહસ્થાકાળમાં પ્રવેશની અનુમતિ. સમાવતેન એટલે સમસ્ત વેદશાસ્ત્ર તથા અન્ય વિદ્યાકલાઓના અભ્યાસની પૂર્ણતા અને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ માટેની પૂર્ણ યોગ્યતા.

**(૧૪) વિવાહ સંસ્કાર**

લગ્ન સંસ્કાર

**(૧૫) વિવાહગ્નિપરગ્રહ સંસ્કાર**

ચોરી (લગ્ન વખતે થતી) અગ્નિની સાક્ષીએ ફેરા..... દંપતિનું પાણિગ્રહણ કરાવવાની વિધિ.

**(૧૬) અંતિમ સંસ્કાર**

મનુષ્યના દેહાંત પછી જીવનના છેલ્લા સંસ્કાર એટલે અંતિમ સંસ્કાર. જેને અગ્નિ સંસ્કાર પણ કહેવામાં આવે છે. દેહને શાસ્ત્રોક્ત વિધિથી અગ્નિને સોંપવાની જે વિધિ કરવામાં આવે છે તે અંતિમ સંસ્કાર.

મનુષ્ય આ ધરાતલ પર શ્રેષ્ઠ પ્રાણી છે. તેણે પશુની માફક આહાર, નિંદ્રા, ભય અને મૈથુનમાં લીન રહેવાનું નથી પણ ઉર્ધ્વગામી જ્ઞાન મેળવીને પશુસમાન જીવનથી ઉપર ઉઠવાનું છે. કવિ સુંદરમે કહ્યું છે,

''વસુંધરાનું વસુ થાઊં સાચું,
હું માનવી, માનવ થાઊં તો ઘણું.''

આ માનવ થવું તો કેવી રીતે થવું ? માનવ તરીકેનું જીવન જીવીએ છીએ તે કોના કારણે ? એ વિચારવું પડશે. આજે આપણા અસંખ્ય અને ભોગવિલાસની વૃત્તિએ સોળ સંસ્કારને અવ્યાવહારિક બનાવી દીધા છે. પરંતુ દેવતાઓ અને ઋષિઓના પુનઃ પુનઃ આ ધરતી પર અવતરણ માટે લુપ્ત થતાં જતાં સોળ સંસ્કારને પુનર્જીવીત કરવાની તાતી આવશ્યક્તા છે.

(સંદર્ભ 'શ્રી નૈમિત્તિકકર્મપ્રકાશ' -લી. શ્રી પિતાંબર ગોવિંદરામ ભટ્ટ)

સૌજન્ય : ડૉ. ચેતનાબેન પાણીરી,
અધ્યક્ષ - ગુજરાતી વિભાગ, બહાઉદ્દીન આર્ટસ કોલેજ - જૂનાગઢ

## સોળ શણગાર

विवाह के बाद स्त्रियों के लिए जरूरी हैं ये 16 सिंगार, न करने पर ये कहता है शास्त्र

बिंदी, कंगन और चूडियां, सिंदूर, काजल, मेहंदी, लाल कपड़े, गजरा आदि हिन्दू महिलाओं के लिए 16 श्रृंगार का विशेष महत्व है। विवाह के बाद स्त्री इन सभी चीजों को अनिवार्य रूप से धारण करती है।

सतना। भारतीय धर्म ग्रंथों में बिना सिंगार के स्त्री को अधूरा माना गया है। विवाह के बाद जो स्त्री सिंगार नहीं करती उसे सुलक्षणा नहीं माना जाता है। क्योंकि विवाहित स्त्रियों के लिए सिंगार को सुहाग का प्रतीक माना जाता है। इसीलिए सभी सुहागनों के लिए सिंगार बहुत जरूरी है। एक तरह से धर्म-शास्त्रों में शुभ शगुन माने गए हैं।

बता दें कि, बिंदी, कंगन और चूडियां, सिंदूर, काजल, मेहंदी, लाल कपड़े, गजरा आदि हिन्दू महिलाओं के लिए 16 श्रृंगार का विशेष महत्व है। विवाह के बाद स्त्री इन सभी चीजों को अनिवार्य रूप से धारण करती है। एमपी पत्रिका यहां हर एक सिंगार का अलग-अलग महत्व बता रहा है।

(1) बिंदी

हिन्दू परिवारों में सदियों से यह परंपरा चली आ रही है कि सुहागिन स्त्रियों को कुमकुम या सिंदूर से अपने माथे पर लाल बिंदी जरूर लगाना चाहिए। इसे परिवार की समृद्धि का प्रतीक माना जाता है।

(2) कंगन और चूड़ियां

सास अपनी बड़ी बहू को मुंह दिखाई रस्म में सुखी और सौभाग्यवती बने रहने के आशीर्वाद के साथ वही कंगन देती है, जो पहली बार ससुराल आने पर उसकी सास ने उसे दिए थे। पारंपरिक रूप से सुहागिन स्त्रियों की कलाइयां चूड़ियों से भरी रहनी चाहिए।

(3) सिंदूर

सिंदूर को सुहाग का प्रतीक माना जाता है। सात फेरों के बाद जब दूल्हा-दुल्हन की मांग भरता है तो इसका मतलब होता है कि वह उसका साथ जीवन भर निभाएगा। इसलिए विवाह के बाद स्त्री को पति की लंबी उम्र की कामना के साथ रोज मांग भरना चाहिए।

(4) काजल

काजल आंखों का सिंगार है। इससे आंखों की सुंदरता तो बढ़ती ही है, साथ ही,काजल की बुरी नजर से भी बचाता है। इसे भी धर्म-ग्रंथों में सौभाग्य का प्रतीक माना गया है।

(5) मेहंदी

मेहंदी के बिना सिंगार अधूरा माना जाता है। इसलिए त्यौहार पर परिवार की सुहागिन स्त्रियां अपने हाथों और पैरों में मेहंदी रचाती है। इसे सौभाग्य का शुभ प्रतीक तो माना ही जाता है। साथ ही, मेहंदी लगाना त्वचा के लिए भी अच्छा होता है।

(6) लाल कपड़े

शादी के समय दुल्हन को सुसज्जित शादी का लाल जोड़ा पहनाना शुभ माना जाता है। शादी के बाद भी कोई त्यौहार

हो या कोई भी शुभ काम हो और घर की स्त्रियां लाल रंग के कपड़े पहने तो बहुत शुभ माना जाता है।

(7) गजरा

यदि कोई सुहागन स्त्री रोज सुबह नहाकर सुगंधित फूलों का गजरा लगाकर भगवान की पूजा करती है तो बहुत शुभ माना जाता है। कहा जाता है कि ऐसा करने से घर में स्थिर लक्ष्मी का निवास होता है।

(8) मांग टीका

मांग के बीचों बीच पहना जाने वाला यह स्वर्ण आभूषण सिंदूर के साथ मिलकर स्त्री की सुंदरता में चार चांद लगा देता है। इसे भी सौभाग्य का प्रतीक माना जाता है।

(9) नथ या कांटा

शादी के बाद यदि कोई स्त्री नाक में नथ या कांटा नहीं पहनती तो उसे अच्छा नहीं माना जाता है, क्योंकि इसे भी सौभाग्य से जोड़कर देखा जाता है।

(10) कान के गहने

कान में पहने जाने वाले आभूषण कई तरह की सुंदर आकृतियों में आते हैं। विवाहिता स्त्री के लिए इसे शुभता का प्रतीक माना जाता है। साथ ही, कान छेदन से कई बीमारियां भी दूर रहती हैं।

(11) हार

गले में पहना जाने वाला सोने या मोतियों का हार पति के प्रति सुहागन स्त्री के वचनबद्धता का प्रतीक माना जाता है। शादी के समय वधू के गले में वर मंगलसूत्र पहनाने की

रस्म निभाता है। इसलिए गले में हार या मंगलसूत्र पहनना शुभ माना जाता है।

(12) बाजूबन्द

कड़े के समान आकृति वाला यह आभूषण सोने या चांदी का होता है। यह बांहों में पूरी तरह कसा रहता है, इसी कारण इसे बाजूबंद कहा जाता है। किसी भी त्यौहार या धार्मिक आयोजन पर सुहागन स्त्रियों का इसे पहनना शुभ माना जाता है।

(13) अंगूठी

शादी के पहले सगाई की रस्म में वर-वधू एक-दूसरे को अंगूठी पहनाते हैं। अंगूठी को सदियों से पति-पत्नी के आपसी प्यार और विश्वास का प्रतीक माना जाता रहा है। शादी के बाद भी स्त्री का इसे पहने रहना शुभता का प्रतीक माना जाता है।

(14) कमरबंद

कमरबंद कमर में पहना जाने वाला आभूषण है, जिसे स्त्रियां विवाह के बाद पहनती है। इससे उनकी छरहरी काया और भी आकर्षक दिखाई देती है। कमरबंद इस बात का प्रतीक कि स्त्री अपने घर की स्वामिनी है।

(15) बिछुआ

पैरों के अंगूठे में रिंग की तरह पहने जाने वाले इस आभूषण को अरसी या अंगूठा कहा जाता है। इस आभूषण के अलावा स्त्रियां छोटी उंगली को छोड़कर तीनों उंगलियों में बिछुआ पहनती है। बिछुआ स्त्री के सौभाग्य का प्रतीक माना जाता है।

(16) पायल

पैरों में पहने जाने वाले इस आभूषण के घुंघरुओं की सुमधुर ध्वनि को बहुत शुभ माना जाता है। हर सौभाग्यवती स्त्री को पैरों में पायल जरूर पहनना चाहिए।

हमारे धर्म-ग्रंथों में सिंगार का विशेष महत्व दिया गया है। हर एक सुहागिन महिलाओं को अपने पति की दीर्घायु के लिए 16 सिंगार करना चाहिए। विवाह के बाद स्त्री इन सभी चीजों को अनिवार्य रूप से धारण करे।

## સગાઈ વિભાગ

**ગીત નંબર-(૧)**

મગ ડોળંતા મોતી લાધ્યું
મોતી માંથી હિરલો લાધ્યો
હિરલો મારે શુભાંગબેન છે
વિજય વેવાઈને કોઈ જાણ્યા નજાણે
પરેશભાઈએ સગાં કીધા
નાતમાં મોટેરા કીધાં
ઓઝા કુટુંબમાં ખેંચી લીધા ..... મગ ડોળંતા
હિરલો મારે શુભાંગીબને છે
હીના વેવાણને કોઈ જાણ્યા ન જાણે
ભાવનાબેને સગાં કીધાં
નાતમાં મોટેરા કીધાં
ઓઝા કુટુંબમાં ખેંચી લીધાં ..... મગ ડોળંતા

**(૨)**

(રાગ : રાજા જનક ઘેર માંડવો)
આવ્યો આવ્યો સઘળો સંસાર,
આવ્યો સઘળો સંસાર
આવ્યું શુભાંગીબેનનું સાસરું
લાવ્યા લાવ્યા ચુંદડીની જોડ લાવ્યા ચુંદડીની જોડ
પહેરો શુભાંગીબેન પાતળા.......આવ્યો.

લાવ્યા લાવ્યા નવરંગ હાર લાવ્યા નવરંગ હાર
પહેરો શુભાંગીબેન લાડકા .......આવ્યો.
લાવ્યા લાવ્યા નવરંગ ચુડી લાવ્યા નવરંગ ચુડી
પહેરો શુભાંગીબેન પાતળા .......આવ્યો.
લાવ્યા લાવ્યા પગનાં પાયલ, લાવ્યા પગનાં પગલાં
પાયલે ઘુઘરી ધમધમે .......આવ્યો.

(૩)

મારા નખનાં પરવાળા જેવી ચુંદડી
કે તારી ચુંદડીનો રંગ રાતો ઓ લાડકી
ઓઢોને શાહેબજાદી ચુંદડી
મારા દાદાજી દેખે માતાજી દેખે
કેમ રે ઓઢું રે સાયબા ચુંદડી
તારા દાદાનાં તેડ્યાં આમે આવ્યાં
તારી માતાનાં ગુણ ગાશું હો લાડડી
ઓઢોને શાહેબજાદી ચુંદડી ..... મારા નખનાં
મારા કાકાશ્રી દેખે કાકીશ્રી દેખે
કેમ રે ઓઢું રે સાયબા ચુંદડી
તારા કાકાનાં તેડ્યાં અને આવ્યાં
તારી કાકીનાં ગુણ ગાશું હો લાડડી
ઓઢોને શાહેબજાદી ચુંદડી ..... મારા નખનાં
મારા વીરાશ્રી દેખે ભાભીશ્રી દેખે
કેમ રે ઓઢું રે સાયબા ચુંદડી
તારા વીરાનાં તેડ્યાં અને આવ્યાં
તારી ભાભીનાં ગુણ ગાશું હો લાડડી
ઓઢોને શાહેબજાદી ચુંદડી ..... મારા નખનાં

(૪)

(રાગ : આસમાનાં રંગની ચુંદડી રે)

લાલ લીલા રંગની ચુંદડી રે રંગ ચુંદડી રે
ભાભીન (બેની) ચુંદડી સોહાય.

ચુંદડીમાં ચમકે તારલાં રે ઝીણાં તારલાં રે
ભાભીને ચુંદડી સોહાય.

ચુંદડીમાં મોતીને હિરલા રે, મોતી હિરલા રે
ભાભીને ચુંદડી સોહાય.

ચુંદડીમાં ટહુકે ઝીણાં મોટલાં રે, ઝીણાં મોટલા રે
ભાભીને ચુંદડી સોહાય.

ચુંદડીમાં વાગે ઘમ્મર ઘુઘરી રે, ઘમ્મર ઘુઘરી રે
ભાભીને ચુંદડી સોહાય.

સગાઈ શુકનની ઓઢી ચુંદડી રે, ઓઢી ચુંદડી રે
ભાભીને ચુંદડી સોહાય.

ચુંદડી ઓઢીન ભાભી સાંચર્યા રે, ભાભી સાંચર્યા રે
ભાભીને ચુંદડી સોહાય.

સાજન માજન સૌ જોઈ રહ્યાં રે, સૌ જોઈ રહ્યાં રે
ભાભીને ચુંદડી સોહાય.

વીરાનાં મનડા આજે મોહી રહ્યાં રે, આજે મોહી રહ્યાં રે
ભાભીને ચુંદડી સોહાય.

લાલ લીલાં રંગની ચુંદડી રે, રંગ ચુંદડી રે
ભાભીને ચુંદડી સોહાય.

(૫)

મારા બેનીની સગાઈ આજ હોંશ મને આવે છે.
પરેશભાઈ ઘેરે પ્રસંગ આજ હોંશ મને આવે છે.
દોલતભાઈ સાંજી ગવરાવોને આજ હોંશ મને આવે છે.
સાંજીમાં સોનું, સાજીમાં રૂપું, રૂપિયાની શી વાત..... હોંશ
જ્યોત્સનાબેન સાંજી ગવરાવોને આજ હોંશ મને આવે છે.
કોઈને સાડી કોઈને સેલા પટોળાની શી વાત ..... હોંશ
મારી બેની .....
વિજય વેવાઈ સાંજી ગવરાવોને આજ હોંશ મને આવે છે.
કોઈને રૂપિયો કોઈને પાવલી પૈસો લઈ ઘેર જાવ..... હોંશ
હિના વેવાણ સાંજી ગવરાવોને આજ હોંશ મને આવે છે.
લ્હાણીમાં વાટકો, લ્હાણીમાં છાલીયા - ખુમચાની શી વાત..... હોંશ
મારી બેની .....

(૬)

દિવાનખાનાને દ્વાર મેં તો બાંધ્યા તોરણીયા
લીલુડો રંગ ઉભરાય રે આજ મારે આંગણે વધામણાં
હિંગળો ધોળાવી મેં તો કંકુ નીપજાવ્યા
શુભાંગીબેનને ચાંદલો ચોડાયરે..... આજ
કમોદ ભરડાવી મેં તો ચોખા નીપજાવ્યા
શુભાંગી બેનને ચોખા ચોડાય રે..... આજ
ત્રોફા ફોડાવી મેં તો શ્રીફળ નીપજાવ્યા
શુભાંગી બેનને શ્રીફળ વિધી થાય રે..... આજ
ઘઉં ભરડાવી મેં તો લાપસી નીપજાવી
સગાઈનાં શુકન સચવાય રે...... આજ
દિવાનખાનાને દ્વારા મેં તો બાંધ્યા તોરણીયા

(૭)

મારી સોનલા થાળીમાં ચીર ચુંદડી
મારી રૂપલા થાળીનો મે માય
વરણું ઓર્યું રે સવા લાખનું
માથે મોળીડા નીપજે સવાલાખ ચુંદડીયુંના મૂલ
વરણું ઓર્યું રે સવા લાખનું
મોઢું મરડીને નવલા વેવાઈ નીસર્યા
ઈ તો નાવે મારે દિપકભાઈને તોલ
વરણું ઓર્યું રે સવા લાખનું..... મારી સોનલા
માથે મોળીડા નીપજે સવા લાખ ચુંદડીયુંનાં મૂલ
વરણું ઓર્યું રે સવા લાખનું
મોઢું મરડીને નવલી વેવાણ નીસર્યા
ઈ તો નાવે મારે ગીતાબેનને તોલ
વરણું ઓર્યું રે સવા લાખનું ..... માર સોનલા

(૮)

(રાગ : ઊંચા ઊંચા રે માડી તારા ડુંગરા રે લોલ)
મોંઘા મુલની રે ભાભી તારી ચુંદડી રે લોલ. (૨)
ચુંદડીમા (૨) ટહુકે ઝીણાં મોર સગાઈ દીન આવ્યો રે લોલ. ..... મોંઘા મુલની
સોનાનાં સેટ રે સસરા તારા લાવ્યાં રે લોલ.
પહેરો તમે (૨) હોંશથી આજ સગાઈ દીન આવ્યો રે લોલ. ..... મોંઘા મુલની
નવરંગી ચુંદડી રે સાસુ તારા લાવ્યાં રે લોલ.
પહેરો તમે (૨) હોંશથી આજ સગાઈ દિન આવ્યો રે લોલ. ..... મોંઘા મુલની
હાથનાં ચુડલાં રે નણદી તારી લાવ્યાં રે લોલ.
પહેરો તમે (૨) હોંશથી આજ સગાઈ દિન આવ્યો રે લોલ. ..... મોંઘા મુલની

પગનાં ઝાંઝરાં રે દિયર તારા લાવ્યાં રે લોલ.
પહેરો તમે (૨) હોંશથી આજ સગાઈ દિન આવ્યો રે લોલ. ..... મોંઘા મુલની
હીરાની અંગુઠી રે સાહેબો તારો લાવ્યો રે લોલ.
પહેરો તમે (૨) હોંશથી આજ સગાઈ દિન આવ્યો રે લોલ. ..... મોંઘા મુલની

**(૯)**

(રાગ : વાણ હાંકો મેવાસી વણઝારા)
રંગ લાગ્યો ચુંદડીએ રંગ લાગ્યો
તારી ચુંદડીમાં ચટકા ચાર ચુંદડીએ રંગ લાગ્યો.
આ સસરાજી તારા આવે છે, એ તો સોનાનાં સેટ લાવે છે.
તમે પહેરીને લાવો લેજો આજ ચુંદડીયે રંગ લાગ્યો. ...... રંગ લાગ્યો
આ સાસુજી તારા આવે છે, એ તો હાથનાં ચુડલાં લાવે છે.
તમે પહેરીને લાવો લેજો આજ ચુંદડીએ રંગ લાગ્યો ..... રંગ લાગ્યો
આ નંણદ તારા આવે છે, એ તો પગનાં ઝાંઝર લાવે છે.
તમે પહેરીને લાવો લેજો આજ ચુંદડીએ રંગ લાગ્યો ..... રંગ લાગ્યો
આ સાયબો તારો આવે છે, એ તો હાથની અંગૂઠી લાવે છે.
તમે પહેરીને લાવો લેજો આજ ચુંદડીએ રંગ લાગ્યો ..... રંગ લાગ્યો

**(૧૦)**

(રાગ : હાં રે વાલા સરસ્વત સ્વામીને વીનવું)
હાં રે મારે આજની ઘડી છે રળીયામણી
હાં રે મારા વીરાની સગાઈની વધામણી હો જી રે ..... આજની ઘડી
હાં રે અમે કુટુંબી તેડાવ્યાં છે આંગણે
હાં રે મારે આંગણીયે મંગલ વધામણાં હો જી રે ..... આજની ઘડી

હાં રે અમે મોતીનાં તોરણો બંધાવ્યાં
હાં રે અમે રૂપાનાં બાજોઠ લાવ્યાં હો જી રે ..... આજની ઘડી
હાં રે અમે શ્રીફળ વધાવવાને આવ્યાં
હાં રે મારે હૈયે હરખ સમાયનાં હો જી રે ..... આજની ઘડી
હાં રે અમે સગાઈની સાંજી ગવડાવી
હાં રે અમે હોંશેથી ચુંદડી ઓઢાડી હો જી રે ..... આજની ઘડી

**(૧૧)**

(રાગ : સવા વાલ સોનું અને અર્ધો વાલ રૂપું)
સોનાનાં તારથી ને રૂપાની હીરથી (૨)
આજ મેં તો ચુંદડી ભરાવી સહિયર મોરી
ચુંદડી રે (૨) મારા ભાભીને શોભતી ..... સોનાનાં
સગાઈ શુકનની આજે લાવ્યા અમે ચુંદડી (૨)
ઉમંગે ભાભીને ઓઢાડી સહિયર મોરી
ચુંદડી રે (૨) મારા ભાભીને શોભતી ..... સોનાનાં
ચુંદડીમાં મોતીને ચુંદડીમાં હીરલાં
ચુંદડીમાં ટહુકે ઝીણાં મોરલા સહિયર મોરી
ચુંદડી રે (૨) મારા ભાભીને શોભતી ..... સોનાનાં
ચુંદડી ઓઢીને ભાભી માડી પાસે હાલી
એની માડીનાં મુખડાં મલકયાં સહિયરમોરી
ચુંદડી રે (૨) મારા ભાભીને શોભતી ..... સોનાનાં
ચુંદડી ઓઢીને ભાભી કાકી પાસે હાલી
એની કાકીનાં હૈયાં હરખ્યાં સહિયર મોરી
ચુંદડી રે (૨) મારા ભાભીને શોભતી ..... સોનાનાં

ચુંદડી ઓઢીને ભાભી બેની પાસે હાલી
એની બેનીનાં દિલડાં ધડક્યાં સહિયર મોરી
ચુંદડી રે (૨) મારા ભાભીને શોભતી ..... સોનાનાં
કદીયેનાં જોઈ અમે કદીયેનાં પહેરી
એવી તારી ચુંદડી સોહામણીઓ બેની મોરી
ચુંદડી રે (૨) તારા અંગે બહુ શોભતી ..... સોનાનાં
આનંદકુમારનાં નામની ઓઢી તે ચુંદડી
એના જીવનને સ્નેહથી સજાવજે હો બેની મોરી
ચુંદડી રે (૨) તારા અંગે બહુ શોભતી ..... સોનાનાં

**(૧૨)**

(રાગ : સોના ઈંઢોણી રૂપા બેડલું રે નાગર)

તમ સાથે બાંધી અમે પ્રીતડી રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
દઈએ ઝાઝેરાં તમને માન રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
સગપણ કીધાં છે ઘણ ભાવથી વેવાઈ, આવોને અમ આંગણીયે.
અંતરમાં આનંદ અપાર રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
શીસમનાં ઢોલીયા ઢળાવીયા રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
હોંશેથી સેવ ઓસાવી રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
ખોબ્બે ખાંડ પીરસાય રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
કળશે થી ઘી રેડાય રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
લચપચતી લાપસી બનાવી છે રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
સામસામા કોળીયા ભરાય રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
છોડી ન છૂટે કદી પ્રીતડી રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
સંબંધમાં રહેશે મીઠાશ રે વેવાઈ, આવોને અમ આંગણીયે.
..... તમ સાથે

## સ્નેહભર્યું નિમંત્રણ પાઠવતી પત્રીકા અંગેના ગીતોનો વિભાગ

### ગીત નંબર - (૧)

કંકુ છાંટી કંકોતરી મોકલી
તેમાં લખીયાં શુભાંગી બેનનાં નામ અવસરીયે પધારજો.
બેનીનાં દાદા આવ્યાં ને માતા આવશે.
બેની તારા મોટાબા નો હરખ ન માય અવસરીયે પધારજો.
બેનીનાં કાકા આવ્યા ને કાકી આવશે.
બેની તારા ફઈબાનો હરખ ન માય અવસરીયે પધારજો.
બેનીનાં મામા આવ્યાં ને મામી આવશે.
બેની તારા માસીબાનો હરખ ન માય અવસરીયે પધારજો.
બેનીનાં વીરા આવ્યાં ને ભાભી આવશે.
બેની તારા ભત્રીજા નો હરખ ન માય અવસરીયે પધારજો.

### (૨)

રતન બાજોઠીયો સોનૈયો જડીયો રે
કુંવારા શુભાંગીબેને લખી કાગળ મોકલ્યો રે
વેલેરા આવો વિજયવેવાઈનાં કુંવર રે
હું કેમ આવું પરેશભાઈની કુંવરી રે
આડાં છે દરિયા ને સમુદ્ર ભરીયાં રે
એરોપ્લેનમાં બેસીને આવો વેલેરા રે
રતન બાજોઠીયો રૂપલે જડીયો રે
કુંવારા શુભાંગીબેને લખી કાગળ મોકલ્યો રે
વેલેરા આવો સંજય વેવાઈનાં ભત્રીજા રે

હું કેમ આવું રાકેશભાઈની ભગીજ રે
આડાં છે દરિયાને સમુદ્ર ભરીયાં રે
હેલીકોપ્ટરમાં બેસીને આવો વેલેરા રે
રતન બાજોઠીયો મોતીડે જડીયો રે
કુંવારા શુભાંગીબેને લખી કાગળ મોકલ્યો રે
વેલેરા આવો કમલેશભાઈનાં ભાણેજ રે
હું કેમ આવું જનકભાઈની ભાણેજ રે
સાડા છે દરિયાને સમુદ્ર ભરીયાં રે
સ્ટીમરમાં બેસીને આવો વેલેરા રે
રતન બાજોઠીયો હીરલે જડીયો રે
કુંવારા શુભાંગી બેને લખી કાગળ મોકલ્યો રે
વેલેરા આવો નીશાબેનનાં વીરા રે
હું કેમ આવું મહર્ષિભાઈની બેની રે
આડા છે દરિયાને સમુદ્ર ભરીયાં રે
મારૂતિમાં બેસીને આવો વેલેરા રે

(૩)

લીલી પીળી પાંખનો ભમરલો રે
ભમ્યો દેશ પરદેશ
જાવ રે ભમરા નોતરે રે .....
પરથમ નોતરું જૂનાગઢ શહેર રે
જમાઈ વિનોદરાયને ઘેર
રાતે ચુડલે જાગૃતિબેન રે
બેની મોરી વ્રજ વધાવ

મૈયર પગરણ સાધ્યાં રે
હું કેમ આવું એકલી રે
મારે ઈશ્વર ભરથાર
ઈશ્વરને ચડવા ઘોડલા રે
બેનીતે માફાની વેલ
માફા આવે મલપતા રે
ને જા ઢળકતા મેલ
ચંપાવરણી રજે ભરાય રે ..... લીલી પીળી

(૪)

જી રે રણઝણ કરતો ભમરો ઉડીયો
જી રે જઈ બેઠો છે કંકુડા ને થડ રે
વાડીનાં ભમરા દ્રાક્ષ મીઠીને સાકર શેરડી.
જી રે આટલા કંકુ તો દાદા શીદ વેર્યા
જી રે આપણે ઘેર શુભાંગીબેનનાં વીવા રે
વાડીનાં ભમરા દ્રાક્ષ મીઠીને સાકર શેરડી.
જી રે રણઝણ કરતો ભમરો ઉડીયો
જી રે જઈ બેઠાં ચોખલીયાને થડ રે
વાડીનાં ભમરા દ્રાક્ષ મીઠીને સાકર શેરડી.
જી રે આટલા ચોખા તો કાકા શીદ વોર્યા
જી રે આપણે ઘેર ભત્રીજીનાં વિવા રે
વાડીનાં ભમરા દ્રાક્ષ મીઠીને સાકર શેરડી.
જી રે રણઝણ કરતો ભમરો ઉડીયો
જી રે જઈ બેઠો નાળીયેરીને થડ રે

વાડીનાં ભમરા દ્રાક્ષ મીઠીને સાકર શેરડી.
જી રે આટલા નાળીયેર મામા શીદ વોર્યા
જી રે આપણે ઘેર ભાણેજુનાં વિવા રે
વાડીનાં ભમરા દ્રાક્ષ મીઠીને સાકર શેરડી.
જી રે રણઝણ કરતો ભમરો ઉડીયો
જી રે જઈ બેઠો સોપારીને થડ રે
વાડીનાં ભમરા દ્રાક્ષ મીઠીને સાકર શેરડી.
જી રે આટલા સોપારી વીરા શીદ વોર્યા
જી રે આપણે ઘેર બેનીશ્રીનાં વીવા રે
વાડીના ભમરા દ્રાક્ષ મીઠીને સાકર શેરડી.

(૫)

ગુલાબવાડી ચૌટામાં રોપાવો રે
ત્યાં બેસીને ચાર કંકોત્રી છપાવો રે
પહેલી કંકોત્રી જૂનાગઢ શહેર મોકલાવો રે
જાગૃતિબેન તમે વેગે વેલા આવો રે
નાના મોટા સાથે તેડી લાવો રે
જાગૃતિબેનને મારૂતિની અસવારી રે
વિનોદ જમાઈને ડ્રાઈવરની સવારી રે..... ગુલાબવાડી
બીજી કંકોત્રી અંકલેશ્વર શહેર મોકલાવો રે
પ્રતિભાબેન તમે વેલા વેલા આવો રે
નાના મોટા સાથે તેડી લાવો રે
પ્રતિભાબેનને એરોપ્લેનની સવારી રે
અમરીશ જમાઈને પાઈલોટની અસવારી રે ..... ગુલાબવાડી

ત્રીજી કંકોત્રી બેંગકોક શહેર મોકલાવો રે
કૌમુદીબેન તમે વેગે વેલા આવો રે
નાના મોટા સાથે તેડી લાવો રે
કૌમુદીબેનને હેલીકોપ્ટરની સવારી રે
શૈલેષ જમાઈને હોન્ડાની અસવારી રે ..... ગુલાબવાડી
ચોથી કંકોત્રી રાયજીબાગ મોકલાવો રે
અર્ચનાબેન તમે વેગે વેલા આવો રે
નાના મોટા સાથે તેડી લાવો રે
અર્ચનાબેનને માફાની છ વેલ રે
વિપુલ જમાઈને બાઈકની અસવારી રે ..... ગુલાબવાડી

(૬)

કંકુડા છંટાવો રૂડા ચોખલીયા ચોડાવો રે
ઈ રે ચોખલીયા ઉજ્જૈન શહેર મોકલાવો રે
ઉજ્જૈન શહેરથી મહાકાલેશ્વર વેગે વેલા આવો રે
શુભાંગીબેનનાં લગ્નમાં તમે વેલેરા પધારો રે
કંકુડા છંટાવો રૂડા ચોખલીયા ચોડાવો રે
ઈ રે ચોખલીયા નાથદ્વારા મોકલાવો રે
નાથદ્વારા થી શ્રીજીબાવા વેગે વેલા આવો રે
શુભાંગીબેનનાં લગ્નમાં તમે વેલેરા પધારો રે
કંકુડા છંટાવો રૂડા ચોખલીયા ચોડાવો રે
ઈ રે ચોખલીયા ચંપારણ મોકલાવો રે
ચંપારણ્યથી મહાપ્રભુજી વેગે વેલા આવો રે
શુભાંગીબેનનાં લગ્નમાં તમે વેલેરા પધારો રે

કંકુડા છંટાવો રૂડા ચોખલીયા ચોડાવો રે
ઈ રે ચોખલીયા દ્વારીકા મોકલાવો રે
દ્વારીકાથી દ્વારીકાધીશ વેગે વેલા આવો રે
શુભાંગીબેનનાં લગ્નમાં તમે વેલેરા પધારો રે

(૭)

પરથમ કાગળ (૨) ઉજ્જૈન મધ્યે મોકલ્યો
ઉજ્જૈન મધ્યે (૨) મહાકાલેશ્વરને નોતર્યા
આપણે ઘેર (૨) શુભાંગીબેનનાં વિવા
તેના મંડપમાં વેલેરા પધારજો.
બીજો કાગળ (૨) નાથદ્વારા મધ્યે મોકલ્યો
નાથદ્વારા મધ્યે (૨) શ્રીજીબાવાને નોતર્યા
આપણે ઘેર (૨) શુભાંગીબેનના વિવા
તેના મંડપમાં વેલેરા પધારજો.
ત્રીજો કાગળ (૨) ડાકોર મધ્યે મોકલ્યો
ડાકોર મધ્યે (૨) રણછોડરાયને નોતર્યા
આપણે ઘેર (૨) શુભાંગીબેનનાં વિવા
તેના મંડપમાં વેલેરા પધારજો.
ચોથો કાગળ (૨) દ્વારીકા મધ્યે મોકલ્યો
દ્વારીકા મધ્યે (૨) દ્વારીકાધીશને નોતર્યા
આપણે ઘેર (૨) શુભાંગીબેનનાં વિવા
તેના મંડપમાં વેલેરા પધારજો.

**નોંધ :-** આ પ્રમાણે કુટુંબમાં ભાઈઓને નીમંત્રી શકાય.

(૮)

લાડડી લગન ઉપર લખી કાગળ મોકલે
રાઈવર ઘડીયે લગને વેલેરા પધારજો.
લાડડી તારા દેશમાં નથી આંબા આંબલી
મારા લાડકડાં રે, પાતળીયા રે આનંદભાઈએ છાંયા જોશે
લાડડી ઈ મારગડે આંબા રોપાવજો ..... લાડડી
લાડડી તારા દેશમાં નથી ઉતારા ઓરડાં
મારા લાડકડાં રે, લહેરકડા રે આનંદભાઈને ઉતારા જોશે
લાડડી ઈ મારગડે બંગલા બંધાવજો ..... લાડડી
લાડડી તારા દેશમાં નથી ભોજન મીઠડાં
મારા લાડકડાં રે લહેરકડા રે આનંદભાઈને ભોજન જોશે..... લાડડી
લાડડી ઈ બંગલે સુખડીયા તેડાવજો..... લાડડા
લાડડી તારા દેશમાં આવી મારે કન્યા પરણવી
મારા લાડકડાં રે પાતળીયા રે આનંદભાઈને કન્યા જોશે.
રાઈવર અમારે માંડવે કન્યા કુંવરી રૂપવતી.

(૯)

લગનીયા લખાવો કંકોત્રી છપાવો..... વેવાઈ સમજાવો વેવાણને
વિજયભાઈ જેવા સસરા
મારી બેનને ન લાગે વસમાં..... વેવાણ સમજાવો વેવાઈને
હીનાબેન જેવ સાસુ
બેનને કદી ન આવે આંસુ..... વેવાણ સમજાવો વેવાઈને
ભાવીનભાઈ જેવા દિયર
બેનને કદી ન સાંભરે પિયર ..... વેવાણ સમજાવો વેવાઈને
નીશાબેન જેવા નણંદી
બેન ને રાખે સામે સદા આનંદી ..... વેવાણ સમજાવો વેવાઈને

(૧૦)

પંખીડા તું તો ઉડી જજે મુંબઈ શહેર રે
બીનાબેનને જઈને કહેજે જલદી આવે રે
બેની આવે જમાઈ આવે ભાણેજ આવે રે
શુભાંગીબેનનાં લગ્નમાં સૌ જલદી આવે રે.
પંખીડા હો પંખીડા (૨)
હો હો પંખીડા તું તો ઉડી જજે કેશોદ શહેર રે
મામાશ્રીને જઈને કહેજે જલદી આવે રે
મામા આવે મામી આવે માસી આવે રે
શુભાંગીબેનનાં લગ્નમાં સૌ જલદી આવે રે.
પંખીડા હો પંખીડા (૨)
હો હો પંખીડા તું તો ઉડી જજે બેંગકોક શહેર રે
ફઈબાને જઈને કહેજે જલદી આવે રે
ફઈબા આવે ફુવા આવે, કાકા આવે રે
શુભાંગીબેનનાં લગ્નમાં સૌ જલદી આવે રે.
પંખીડા હો પંખીડા (૨)

(૧૧)

(રાગ : ઊંચા ઊંચા માડી તારા ડુંગરા રે લોલ.)
ઊંચા ઊંચા રે વીરા તારા માંડવા રે લોલ.
મંડપ ઉપર બોલે ઝીણાં મોર
જાજે વીરા નોતરે રે લોલ .....ઊંચા ઊંચા રે
પહેલી કંકોતરી રે મુંબઈ શહેર મોકલી રે લોલ. (૨)
દેજો તમે (૨) કાકાશ્રીને હાથ વેગે વહેલા આવજો રે લોલ.....ઊંચા ઊંચા રે

બીજી કંકોતરી રે કેશોદ શહેર મોકલી રે લોલ.
દેજો તમે (૨) મામાશ્રીને હાથ વેગે વહેલાં આવજો રે લોલ......ઊંચા ઊંચા રે
ત્રીજી કંકોતરી રે મીરા રોડ મોકલી રે લોલ.
દેજો તમે (૨) બેનીબાને હાથ વેગે વેલા આવજો રે લોલ......ઊંચા ઊંચા રે
ચોથી કંકોતરી રે બેંગકોક શહેર મોકલી રે લોલ.
દેજો તમે (૨) ફઈબાને હાથ વેગે વેલા આવજો રે લોલ......ઊંચા ઊંચા રે

**(૧૨)**

મારી આંગલડી ભીંજાયને મારો નખ નમે રે
મારો ફરુકે છે ડાબા પગનો લાંક રે... ઘેર કોણ દીકરીયું આવશે રે...
મારી જાગૃતિબેન આવ્યા, પ્રતિભાબેન આવશે રે
ઝાઝી જોઉં છું કૌમુદીબેનની વાર રે
અર્ચનાબેન આવ્યે રંગ રહેશે રે...
મારી આંગલડી ભીંજાયને મારો નખ નમે રે
મારો ફરૂકે છે ડાબા પગનો લાંક રે...ઘેર કોણ જમાઈ આવશે રે...
મારે વિનોદરાય આવ્યાં, અમરીશકુમાર આવશે રે.
ઝાઝી જોઉં છું શૈલેષકુમારની વાટ રે
વિપુલકુમાર આવ્યે રંગ રહેશે રે
મારી આંગલડી ભીંજાયને મારો નખ નમે રે
મારો ફરૂકે છે ડાબા પગનો લાંક રે...ઘેર કોણ મામેરીયાત આવશે રે...
મારે મનસુખભાઈ આવ્યા, જયશંકરભાઈ આવશે રે
ઝાઝી જોઉં છું જનકભાઈની વાટ રે
વિજયભાઈ આવ્યે રંગ રહેશે રે..... મારી આંગલડી

# ગણેશ સ્થાપના

## ગીત નંબર - (૧)

પરથમ ગણેશ બેસાડો રે મારા ગણેશ દુંદાળા
ગણેશની સ્થાપના કરાવો રે મારા ગણેશ દુંદાળા
તેત્રીસ કરોડ દેવતા સીમડીએ આવ્યા.
હરખ્યાં ગોવાળીયાનાં મન રે ..... મારા ગણેશ.
તેત્રીસ કરોડ દેવતા વાડીએ પધાર્યા
હરખ્યાં માળીડાનાં મન રે ..... મારા ગણેશ.
તેત્રીસ કરોડ દેવતા નદીએ પધાર્યા
હરખ્યાં પનિહારીનાં મન રે..... મારા ગણેશ.
તેત્રીસ કરોડ દેવતા શેરીએ પધાર્યા
હરખ્યાં પડોશીનાં મન રે ..... મારા ગણેશ.
તેત્રીસ કરોડ દેવતા તોરણે પધાર્યા
હરખ્યાં સાજનીયાનાં મન રે ..... મારા ગણેશ.
તેત્રીસ કરોડ દેવતા માંડવે પધાર્યા
હરખ્યાં માતપિતાનાં મન રે..... મારા ગણેશ.
તેત્રીસ કરોડ દેવતા માયરે પધાર્યા
હરખ્યાં વરકન્યાનાં મન રે ..... મારા ગણેશ.
પરથમ ગણેશ બેસાડો રે મારા ગણેશ દુંદાળા.

## (૨)

ગણેશ પાટ બેસાડીએ ભલા નીપજે પકવાન
સગાસંબંધી તેડાવીએ જો પૂજ્યા હોય મોરાર

જેને તે આંગણ પીપળો, એનો ધન્ય થયો અવતાર
નીત્ય ઉઠી પ્રદક્ષીણા કરે, જો પૂજ્યા હોય મોરાર
જેને તે આંગણ તુલસી, એનો ધન્ય થયો અવતાર
નિત્ય સવારે પૂજીયે, જો પૂજ્યા હોય મોરાર
જેને તે આંગણના ગાવડી, તેનો ધન્ય થયો અવતાર
દોહી કટોરા તે ભરે, જો પૂજ્યા હોય મોરાર
જેને તે ઘેરે ચાર દિકરા, તેનો ધન્ય થયો અવતાર
ચારે વહુવારુ પાયે પડે, જો પૂજ્યા હોમ મોરાર
જેને તે ઘરે એક દિકરી, તેનો ધન્ય થયો અવતાર
ખુટ્યું ખુટ્યું ધન વાપરે, જો પૂજ્યા  હોય મોટાર
કાંદુડા ઘઉંની લાપસીને, ઘેબરીયો કંસાર
સાથે બેસીને આરોગીયે, જો પૂજ્યા હોય મોટાર
લીલુડા રંગનું કાપડું, ને કસુંબલ કોર
ઘરચોળે ઘર બાંધીયે, જો પૂજ્યા હોય મોટાર

(૩)

પાછલી પછીને બેઠા રે ગણેશ કાંઈ બેઠા રે ગણેશ
પરભીને બેઠી પૂતળી રે.
ઈ પૂતળડી પરેશભાઈ ઘરનાર કાંઈ પરેશભાઈ ઘરનાર
ઘેર અવસર ઝઘડો માંડ્યો રે
ગોરીનાં પરણ્યાં ચીર ચુંદડી લઈ આવો કાંઈ ચીરચુંદડી લઈ આવો
માંડવ હાલું મલપતી રે
હાલું ચાલું માંડવડા વચાળ કાંઈ માંડવડા વચાળ
ઘેર શુભાંગીબેનનો શીયો હેડો રે..... પાછલી પછીને

ઈ પુતલ ડી યોગેશભાઈ ઘરનાર કાંઈ યોગેશભાઈ ઘરનાર
ઘેર અવસર જગડો માંડીયો રે
ગોરીનાં પરણ્યાં હાર હાંસડી લઈ આવો કાંઈ હાર હાંસડી લઈ આવો
કાંઈ માંડવ હાલું મલપતી રે
હાલું ચાલું માંડવડા વચાળ કાંઈ માંડવડા વચાળ
ઘેર શુભાંગીબેનનો શીયો હેડો રે..... પાછલી પછીતે
ઈ પુતલડા રાકેશભાઈ ઘરનાર કાંઈ રાકેશભાઈ ઘરનાર
ઘેર અવસર ઝઘડો માંડયો રે
ગોરીનાં પરણ્યાં કડા બંગડી લઈ આવો કાંઈ કડા બંગડી લઈ આવો
માંડવ હાલું મલપતી રે
હાલું ચાલું માંડવડા વચાળ કાંઈ માંડવડા વચાળ
ઘેર શુભાંગીબેનનો શીયો હેડો રે..... પાછલી પછીતે
ઈ પુતલડી ગૌરાંગભાઈ ઘરનાર કાંઈ ગૌરાંગભાઈ ઘરનાર
ઘેર અવસર ઝઘડો માંડીયો રે
ગોરીનાં પરણ્યાં ટાંક ટીલડી લઈ આવો કાંઈ ટાંક ટીલડી લઈ આવો
માંડવ હાલું મલપતી રેહાલું ચાલું માંડવડા વચાળ કાંઈ માંડવડા વચાળ
ઘેર શુભાંગીબેન તો શીયો હેડો રે..... પાછલી પછીને

(૪)

સોનાની સળીએ માંડવો, રૂપાની વળીએ માંડવો
માંડવ રે કાંઈ મળ્યા રે મોરાર, છપ્પન કરોડ જાદવ મળ્યા.
દોલતભાઈએ તે રાયજંગ માંડીયો
વિનોદજભાઈ નોતરા દેવા જાય રાયજંગ હોય રે રળીયામણો
ગોરા ભાવના વહુ પરેશભાઈને વિનવે
સ્વામી અમને રાયજંગ દેખાડો રાયજંગ હોય રે રળીયામણો

ગોરી રાયજંગ રાયજંગ શું કરો
આપણે ઘેર શુભાંગીબેનનાં વિવાહ રાયજંગ હોય રે રળીયામણો
દિનેશભાઈએ રાયજંગ માંડીયો
વિપુલ જમાઈ નોતરા દેવા જાય રાયજંગ હોય રે રળીયામણો
ગોરા રિદ્ધી વહુ રાકેશભાઈને વિનવે
સ્વામી અમને રાયજંગ દેખાડો રાયજંગ હોય રે રળીયામણો
ગોરી રાયજંગ રાયજંગ શું કરો
આપણે ઘેર શુભાંગીબેનનાં વિવાહ રાયજંગ હોય રે રળીયામણો
યોગેશભાઈએ રાયજંગ માંડીયો
શૈલેષ જમાઈ નોતરા દેવા જાય રાયજંગ હોય રે રળીયામણો
ગોરા ગાર્ગી વહુ ગૌરાંગભાઈને વિનવે
સ્વામી અમને રાયજંગ દેખાડો રાયજંગ હોય રે રળીયામણો
ગોરી રાયજંગ રાયજંગ શું કરો
આપણે ઘેર શુભાંગીબેનનાં વિવાહ રાયજંગ હોય રે રળીયામણો

**(૫)**

ગણપતિ ઉપર ચોપડેલા સીંદુર
આજે ગણપતિ પૂજા કોણે કરી
આવ્યા હતાં પરેશભાઈનાં કુંવરી, આજે ગણપતિ પૂજા એણે કરી.
ગણપતિ ઉપર ..... પૂજા કોણે કરી.
આવ્યાં હતાં રાકેશભાઈની ભત્રીજી, આજે ગણપતિ પૂજા એણે કરી
ગણપતિ ઉપર ..... પૂજા કોણે કરી.
આવ્યાં હતાં જનકભાઈની ભાણેજ, આજે ગણપતિ પૂજા એણે કરી
ગણપતિ ઉપર ..... પૂજા કોણે કરી.
આવ્યાં હતાં મહર્ષિભાઈની બેની, આજે ગણપતિ પૂજા એણે કરી
ગણપતિ ઉપર ..... પૂજા કોણે કરી.

# મંડપ મૂહુર્ત

**ગીત નંબર-(૧)**

માંડવ રે કાંઈ ઢાળોને બાજોઠી
ફરતી મેલો ને કંકાવટી
તેડાવો રે મારે આશાપૂરનાં જોષી
કે આજ મારે લખવી છે કંકોતરી
કંકોતરી બાંધો ગૌરાંગભાઈને છેડે
જાય બેની જાગૃતિબેનને સાસરે
બેની રે તમે સૂતા છો કે જાગો
તમારે પિયર પગરણ આદર્યા
વીરા રે તમે કિયા દેશથી આવ્યા
કિયા ગામના છો ગરાસીયા
બેની રે અમે સોરઠ દેશથી આવ્યા
જૂનાગઢ ગામનાં રે ગરાસીયા
વીરા રે તમે કીયા ભાઈના મોભી
કઈ બેન માતાને ઓદર વસ્યાં
બેની રે અમે અરૂણભાઈના મોભી
કપિલાબેન માતાને ઓદર વસ્યાં
વીરા રે મને છોરૂડે હરવાળી
કે વાછરું વરંતા વીરનાં ઓળખ્યાં
વીરા રે હું તો ગરથડીયાની છેલી
કે આંગણે આવ્યો વીરનાં ઓળખી

વીરા રે મેં તો ઝભલે ટોપીએ દીઠા
ઘોડલા ખેલંતા વીરનાં ઓળખ્યાં
વીરા રે તમે રહો તો રે રાંધુ લાપસી
ફરતી મેલું તલધારાડી
આગળ રે મારે ગૌરાંગભાઈનાં ઘોડા
કે પડઘી વાગેને ધરતી ધમધમે
વચમાં રે માટે જાગૃતિબેનની વેલડી
વેલનાં ઘૂઘરા ધમધમે
પાછળ રે મારે વિનોદ જમાઈનાં ગાડાં
ગાડાં ચાલેને કંકુવરણી રજે ભરાય.

(૨)

બાર બત્રીસી મારી થાંભલી
મેલી છે માંડવા હેઠ, ઘેર સાજનીયા પધારશે.
સાજનીયા મારે શુભાંગીબેનનાં દાદા
ઘેર પરેશભાઈ પધારશે, પરેશભાઈ અન્નનાં દાતાર,
ભૂખ્યાંને ભોજન આપશે, તરસ્યાંને પાણીડા પાય,
વછૂટ્યાં સાજન મેલશે..... બાર બત્રીસી
સાજનીયા મારે શુભાંગીબેનનાં કાકા
ઘેર રાકેશભાઈ પધારશે, રાકેશભાઈ અન્નનાં દાતાર,
ભૂખ્યાંને ભોજન આપશે, તરસ્યાને પાણીડાં પાય
વછૂટ્યાં સાજન મેલશે...... બાર બત્રીસી
સાજનીયા મારે શુભાંગીબેનનાં મામા
ઘેર જનકભાઈ પધારશે, જનકભાઈ અન્નનાં દાતાર,

ભૂખ્યાંને ભોજન આપશે, તરસ્યાંને પાણીડાં પાય
વછૂટ્યા સાજન મેલશે...... બાર બત્રીસી
સાજનીયા મારે શુભાંગીબેનનાં વીરા
ઘેર મહર્ષિભાઈ પધારશે, મહર્ષીભાઈ અન્નનાં દાતાર
ભૂખ્યાંને ભોજન આપશે, તરસ્યાંને પાણીડાં પાય
વછૂટ્યાં સાજન મેલશે...... બાર બત્રીસી

(૩)

(રાગ : કોઈ ગોતી દેજો રે મારા શ્યામ સુંદરવરની મોરલી)
કોઈ લીલા લીલા વાંસના માંડવડા રોપાવો
કોઈ લાલ પીળી ભાતના ચંદરવા બંધાવો (૨)
આજ શુભદિન આવ્યો મારે આંગણે રે (૨)
કોઈ લીલા ...
કંકુ ઘોળીને મેં તો લખી રે કંકોતરી
અક્ષત ફૂલડાંથી ફઈબાએ વધાવી (૨)
મેં તો લગન લીધાં છે મારી લાડલીનાં રે (૨)
કોઈ લીલા ...
મોર પોપટની ચિતરેલી ચુંદડી
એના ઘુંઘટમાં શોભે મારી બેની (૨)
મારી બેનીએ કરી છે ભાલે ટીલડી રે (૨)
કોઈ લીલા ...
સાવરે સોનાની મેં તો નથડી ઘડાવી (૨)
નવ નવ રત્નોથી એને રે જડાવી (૨)
પહેરે શુભાંગીબેન જાશે આજે સાસરે રે (૨)
કોઈ લીલા ...

(૪)

માંડવ લીલી આડીને પીળી થાંભલી રે
માંડવ બેસે રાણાને બેસે રાજીયા રે
માંડવ બેસે પરેશભાઈને આજ રે કુંવરીનો માંડવો રે
માંડવ લીલી આડી ..... રાજીયા રે
માંડવ બેસે રાકેશભાઈ આજ રે ભત્રીજીનો માંડવો રે
માંડવ લીલી આડી ..... રાજીયા રે
માંડવ બેસે જનકભાઈ આજ રે ભાણેજુનો માંડવો રે
માંડવ લીલી આડી ..... રાજીયા રે
માંડવ બેસે મહર્ષિભાઈ આજ રે બેનીશ્રીનો માંડવો રે
માંડવ લીલી આડી ..... રાજીયા રે

(૫)

લીલી દ્રાક્ષને છાંયે બેનનો માંડવો
બેની દાદાને પૂછે આજે આનંદ શોછે આપણે આંગણે
કુંવરી તુજને પરણાવું રૂડા લગ્ન જોવડાવું
આજે આનંદ એ છે આપણે આંગણે..... લીલી.
બેની માતાને પૂછે આજે આનંદ શોછે આપણે આંગણે
દીકરી તુજને પરણાવું રૂડા મંડપ રોપાવું
આજે આનંદ એ છે આપણે આંગણે..... લીલી.
બેની કાકાને પૂછે આજે આનંદ શોછે આપણે આંગણે
ભત્રીજી તુજને પરણાવું રૂડા કુટુંબ તેડાવું
આજે આનંદ એ છે આપણે આંગણે ..... લીલી.
બેની મામાને પૂછે આજે આનંદ શોછે આપણે આંગણે
ભાણેજ તુજને પરણાવું રૂડા મોસાળ લઈ આવું

આજે આનંદ એ છે આપણે આંગણે ..... લીલી.
બેની વીરાને પૂછે આજે આનંદ શો છે આપણે આંગણે
બેની તુજને પરણાવું રૂડા જવતલ હોમાવું
આજે આનંદ એ છે આપણે આંગણે ..... લીલી.
બેની બેનને પૂછે આજે આનંદ શો છે આપણે આંગણે
બેની તુજને પરણાવું રૂડી સાંજી ગવરાવું
આજે આનંદ એ છે આપણે આંગણે ..... લીલી.
બેની ફઈબાને પૂછે આજે આનંદ શો છે આપણે આંગણે
ભત્રીજી તુજને પરણાવું રૂડા ફુલેકા દેવરાવું
આજે આનંદ એ છે આપણે આંગણે ..... લીલી.

(૬)

મોટો માંડવડો રોપાવો લીલી છાજલીએ સજાવો માણારાજ
બેનનાં દાદાને તેડાવો પરેશભાઈને તેડાવો માણારાજ
બેનનાં માતાને તેડાવો ભાવનાબેનને તેડાવો માણારાજ
હરખે માંડવડો રોપાવો માણારાજ ..... મોટો
બેનનાં કાકાને તેડાવો રાકેશભાઈને તેડાવો માણારાજ
બેનનાં કાકીને તેડાવો રિદ્ધીબેનને તેડાવો માણારાજ
હરખે કુટુંબડા તેડાવો માલારાજ ..... મોટો
બેનનાં મામાને તેડાવો જનકભાઈને તેડાવો માણારાજ
બેનનાં મામીને તેડાવો સરલાબેનને તેડાવો માણારાજ
હરખે મોસાળા લઈ આવો માણારાજ ...... મોટો
બેનનાં વીરાને તેડાવો સમીરભાઈને તેડાવો માણારાજ
બેનનાં ભાભીને તેડાવો અંજના વહુને તેડાવો માણારાજ

હરખે જવતલ હોમાવો માણારાજ
હરખે પસ ભરાવો માણારાજ...... મોટો
બેનનાં બેનીને તેડાવો મોક્ષાબેનને તેડાવો માણારાજ
હરખે મંગળીયા ગવરાવો માલારાજ ...... મોટો
બેનનાં ફઈબાને તેડાવો કૌમુદીબેનને તેડાવો માણારાજ
હરખે સાંજી ગવરાવો માણારાજ ...... મોટો

(૭)

મારો માંડવ સવરઢીયાળો સર્વે ફૂલડે છાંયો જો
માટે માંડવ સૌ લોક આવ્યાં લોભી દાદા નાવે જો
લોભી દાદા લોભ ન કરીયે અવસર આવ્યા જાશે જો
અવસરીયા તો કાલ વહ્યાં જાશે ભવનાં મેણાં રહેશે જો
મારો માંડવ સવરઢીયાળો સર્વે ફૂલડે છાંયો જો
માટે માંડવ સૌ લોક આવ્યાં લોભી કાકા નાવે જો
લોભી કાકા લોભ ન કરીએ અવસર આવ્યા જાશે જો
અવસરીયા તો કાલ વહ્યાં જાશે ભવનાં મેણાં રહેશે જો
મારો માંડવ સવરઢીયાળો સર્વે ફૂલડે છાંયા જો
મારે માંડવ સૌ લોક આવ્યાં લોભી મામા નાવે જો
લોભી મામા લોભ ન કરીએ અપરસ આવ્યા જાશે જો
અવસરીયા તો કાલ વહ્યા જાશે ભવનાં મેણાં રહેશે જો
મોટો માંડવ સાવરઢીયાળો સર્વે ફૂલડે છાંયો જો
મારે માંડવ સૌ લોક આવ્યાં લોભી વીરા નાવે જો
લોભી વીરા લોભ ન કરીએ અવસર આવ્યા જાશે જો
અવસરીયા તો કાલ વહ્યાં જાશે ભવનાં મેણાં રહેશે જો

(૮)

સુખડનો મંડપ સુખડનો મંડપ

કેવો સોહાય મંડપ વચ્ચે બે બાજોઠ ઢળાય.

દાદા પરેશભાઈ (૨) કેવા સારા

કુંવરી પરણાવીને લહેશે લ્હાવા

માતા ભાવના વહુ (૨) કેવા સારા

મંડપ રોપાવીને લેશે લ્હાવા ..... સુખડનો

કાકા યોગેશભાઈ (૨) કેવા સારા

કુટુંબ તેડાવીને લેશે લ્હાવા

કાકી નીતા વહુ (૨) કેવા સારા

નાત જમાડીને લેશે લ્હાવા ..... સુખડનો

મામા જનકભાઈ (૨) કેવા સારા

મોસાળા લઈ આવીને લેશે લ્હાવા

મામી સરલાબેન (૨) કેવા સારા

છાબ ભરાવીને લેશે લ્હાવા ..... સુખડનો

વીરા સમીરભાઈ (૨) કેવા સારા

જવતલ હોમાવીને લેશે લ્હાવા

ભાભી અંજના વહુ (૨) કેવા સારા

પસ ભરાવીને લેશે લ્હાવા ..... સુખડનો

(૯)

આજે વગડાવો રે વગડાવો રૂડા શરણાયુ ને ઢોલ

હે શરણાયુને ઢોલ બેનીનાં દીલડાં ઝાકમઝોળ..... આજ વગડાવો.

હે ઓલો જોષીડો આવે મલપતો રે (૨)

હે દાદા દાદી વિનવું તમને હોંશથી રે (૨)

રૂડા મુસ જોવડાવીને તમે કરજો એના મોલ. ..... આજ વગડાવો.

હે ઓલો ગાંધીડો આવે મલપતો રે (૨)

હે કાકા કાકી વિનવું તમને હોંશથી રે (૨)

કંકુ શ્રીફળ લઈને તમે કરજો એના મોલ...... આજ વગડાવો.

હે ઓલો મણીયારો આવે મલપતો રે (૨)

હે મામા મામી વિનવું તમને હોંશથી રે (૨)

રૂડો ચુડલો લઈને કરજો એના મોલ...... આજ વગડાવો.

હે ઓલો કાપડીયો આવે મલપતો રે (૨)

હે ભાઈ ભાભી વિનવું તમને હોંશથી રે (૨)

રૂડાં પાનેતર લઈને કરજો એના મોલ...... આજ વગડાવો

હે પેલા વરરાજા આવે મલપતા રે (૨)

હે માતા પિતા વિનવું તમને હોંશથી રે (૨)

હે કન્યાદાન દઈને કરજો એના મોલ...... આજ વગડાવો.

**(૧૦)**

મારા વિરાને માંડવડે ઢોલ વાગે છે, વાગે છે ઢોલ વાગે છે. (૨)

મારે વિરાને માંડવડે ઢોલ વાગે છે.

ગામ ગામનાં જોષીડા આવે છે.

આવે છે શું શું લાવે છે.

એ તો શુભ મુર્હુત જોવારાવે છે...... મારા વીરાને.

ગામ ગામનાં કાપડીયા આવે છે.

આવે છે શું શું લાવે છે.

એ તો ભાભીની ચુંદડી લાવે છે. ..... મારા વીરાને.

ગામ ગામનાં ગાંધીડા આવે છે.
આવે છે શું શું લાવે છે.
એ તો કંકુ ને શ્રીફળ લાવે છે. ..... મારે વીરાને.
ગામ ગામનાં સોનીડા આવે છે.
આવે છે શું શું લાવે છે.
એ તો સોનાનાં સેટ લાવે છે. ..... મારે વીરાને.
ગામ ગામનાં માળીડાં આવે છે.
આવે છે શું શું લાવે છે.
એ તો હારને ગજરા લાવે છે...... મારે વીરાને.

# ચાક વધાવો - પીઠી - પસ

**ગીત નંબર-(૧)**

મેં તો થાળ ભર્યો રે શગ મોતીડે રે
હું તો ચાક વધાવાને જઈશ.
મારે સોના સરીખો સૂરજ ઉગ્યો રે.
બેનીનાં દાદા પરેશભાઈ તમને વિનવું રે
હું તો કુંવરી પરણાવવાને જઈશ ..... મારે સોના.
બેનીનાં કાકા રાકેશભાઈ તમને વિનવું રે
હું તો ભત્રીજ પરણાવાને જઈશ ..... મારે સોના.
બેનીનાં મામા જનકભાઈ તમને વિનવું રે
હું તો ભાણેજ પરણાવવાને જઈશ ..... મારે સોના.
બેનીનાં વીરા મહર્ષિભાઈ તમને વિનવું રે
હું તો બેની પરણાવવાને જઈશ ..... મારે સોના.
બેનીનાં ફઈબા જાગૃતિબેનને વિનવું રે
હું તો ભત્રીજી પરણાવવાને જઈશ ..... મારે સોના.
બેનીનાં બેની મોક્ષાબેનને વિનવું રે
હું તો બેની પરણાવવાને જઈશ ..... મારે સોના.

**(૨)**

જલ રે મગીયાનાં જલ રે સીવડાવો (૨)
લીલા ગજના વાઘા
કડ રે વાળી વાળી પહેરો રે શુભાંગીબેન

પહેરો રે શુભાંગીબેન દાદાનાં મન મોહશે
દાદા પરેશભાઈ કેની કોરે જોશે કે ની કોરે જોશે
હસી હસી કુંવરી સામું જોશે ..... જલરે મગીયા.
કડ રે વાળી વાળી પહેરો રે શુભાંગીબેન
પહેરો રે શુભાંગીબેન કાકાનાં મન મોહશે
કાકા ગૌરાંગભાઈ કેની કોરે જોશે કે ની કોરે જોશે
હસી હસી ભત્રીજી સામું જોશે. ..... જલરે મગીયા.
કડ રે વાળી વાળી પહેરો રે શુભાંગીબેન
પહેરો રે શુભાંગીબેન મામાનાં મન મોહરો
મામા જનકભાઈ કેની કોરે જોશે કેની કોરે જોશે
હસી હસી ભાણેજ સામું જોશે ..... જલરે મગીયા.
કડ રે વાળી વાળી પહેરો રે શુભાંગીબેન
પહેરો રે શુભાંગી બેન વીરાનાં મન મોહશે
વીરા મહર્ષિભાઈ કેની કોરે જોશે કેની કોરે જોશે
હસી હસી બેની સામું જોશે...... જલરે મગીયા.

(૩)

પરથમ રે વધાવો માટે કોણ કોણ આવે
પરથમ રે વધાવે માટે ઈશ્વર આવે
ઈશ્વરજી સરીખા વરવહુ પાર્વતીજી આવે
બીજો રે વધાવે મારે કોણ કોણ આવે
બીજે રે વધાવે મારે શ્રીકૃષ્ણજી આવે
શ્રીકૃષ્ણજી સરીખા વરવહુ રૂક્ષ્મણીજી આવે
ત્રીજે રે વધાવે મારે કોણ કોણ આવે

ત્રીજે રે વધાવે મારે પરેશભાઈ આવે
પરેશભાઈ સરીખા વરવહુ ભાવના વહુ આવે
ચુંદડીના ચારે છેડા ઢળકતાં મેલી
પાહોલા પરમાણે ગોરી રણક્તી આવે
કાંતિભાઈનો કળાયેલ કરે રે અંજવાળા
જસવંત વેવાઈની ઢેલ ગોરી ગોત્રીજ વધાવે
ચોથો રે વધાવે મારે કોણ કોણ આવે
ચોથે રે વધાવે મારે રાકેશભાઈ આવે
રાકેશભાઈ સરીખા વરવહુ રીદ્ધી વહુ આવે
ચુંદડીનાં ચારે છેડા ઢળકતાં મેલો
પાહોલા પરમાણે ગોરી રણકતી આવે
દિનેશભાઈનો કળાયેલ કરે રે અજવાળાં
પ્રફુલ વેવાઈની ઢેલ ગોરી ગોત્રીજ વધાવો

(૪)

આ ગોતીડો ઉતરાવો રે ગોરજી
આ વહુ માગે તો આપો રે ગોરજી
આ વહુ માગે છે સોપારી ગોરજી
આ વહુનાં સસરા વેપારી ગોરજી
આ વહુ માગે છે ખારેક ગોરજી
આ વહુનાં દાદા પારેખ ગોરજી
આ વહુ માગે છે શ્રીફળ રે ગોરજી
આ વહુના મામા શ્રીમંત રેગોરજી
આ ગોતીડો ઉતરાવો રે ગોરજી

(૫)

ધાણી પીલો ધાણી રે ઘોઘા ધાણી
એમાં પીલો અમરોને વળી ડમરો
એ તેલ મારે શુભાંગીબેનને સીંચો
જડ વાસો જડ વાસો રે બેનની ફઈબા
ફઈબાને ફૂમકીયાળી સાડી
તોય ફઈની ફાંદ છે ઉઘાડી
ફૂવાને તો ડગલો તે વળી ધોતી
તોય ફૂવા વાળે છે લંગોટી
જડ વસામણ ફઈબાને તોડો રે
તોય ફઈને મન થયો એ થોડો
જડ વસામણ ફઈબાને રે ઘોડો
તોય ફઈબા છોડે છે રે અંબોડો
રૂ દેજો રૂ દેજો રે રૂપાળા
મીઠું દેજો મીઠું ર મીઠા બોલા
ગોળ દેજો ગોળ રે ગળ્યાં બોલા
જીરૂ દેજો જીરૂ રે જીણા બોલા
જડ વાસો જડ વાસો રે બેનની ફઈબા

(૬)

પીઠી ચોળો પીઠી રે પટરાણી
હાથપગ ચોળે રે બેનની ભાભી
મુખડા નીહાળે રે બેનની માડી..... પીઠી ચોળો.
હાથપગ ચોળે રે બેનની બેની
મુખડા નીહાળે રે બેનની દાદી ..... પીઠી ચોળો.

હાથ પગ ચોળે રે બેનની મામી
મુખડા નીહાળે રે બેનની નાની ..... પીઠી ચોળો.
હાથપગ ચોળે રે બેનની સખી
મુખડા નીહાળે રે બેનની કાકી ..... પીઠી ચોળો.

(૭)

પીઠી ભર્યાં બેઠા રે શુભાંગીબેન
શુભાંગીબેનને બાજોઠેથી ઉઠાડો
હવે જુવે દાદાશ્રીની વાટ
પરેશભાઈ દાદા સૂતા છો કે જાગો
શુભાંગીબેનને પાટેથી રે ઉઠાડો
હવે જુવે કાકાશ્રીની વાટ
યોગેશભાઈ કાકા સૂતા છો કે જાગો
શુભાંગીબેનને પાટેથી રે ઉઠાડો
હવે જુવે મામાશ્રીની વાટ
જનકભાઈ મામા સુતા છો કે જાગો
શુભાંગીબેનને પાટેથી રે ઉઠાડો
હવે જુવે વીરાશ્રીની વાટ
મહર્ષિભાઈ વીરા સૂતા છો કે જાગો
શુભાંગીબેનને પાટેથી રે ઉઠાડો.

# મોસાળા વિભાગ

## ગીત નંબર-(૧)

ઊંચો આંબલીયો ઘોર ગંભીરજો
ફાલે ને ફૂલે રે રળીયામણો
ઉઠો જનકભાઈ ડાળ ઝંઝેરો
પાતળા સરલાબેન વીણે ફૂલડાં
વીણી ચૂણીને છાબ જ ભરી
મોકલો મારે ભાવનાબેનને સાસરે
ઉઠો ભાવનાબેન છાબ વધાવો
માડીને જાયે ભેટ મોકલી
ઘણું ઘણું જીવો મારા વીરા ને ભાભી
અખંડ રહે ભાભીનો ચુડલો
ઘણું ઘણું જીવો મારી માડીનાં જાયા
ભવનાં મેણાં રે વીરે ભાંગીયા
દુધે ન્હાજો વીરા પુત્રે રે કુખજો
વાડી રે વધજો મારા વીરની.

## (૨)

ચૂલે ચોખા રે ઓર્યાં, પાળમાં કઢીયેલાં દૂધ
હંસલા પરનો રે મોરલો.
કીયા ગામનાં મામેરીયાત, કીયે ગામ મામેરા જાય ..... હંસલા.
અજાબ શહેરનાં મામરીયાત, જૂનાગઢ મામેરા જાય..... હંસલા.
કીયાભાઈનો રે મોરલો, કીયા વેવાઈની ઢેલ..... હંસલા.

મનસુખભાઈનો રે મોરલો, હરિલાલ વેવાઈની ઢેલ..... હંસલા.
શું શું જમશે રે મોરલો, શું શું ચણશે રે ઢેલ..... હંસલા.
મોતી ચરશે રે મોરલો, દૂધડાં પીશે રે ઢેલ..... હંસલા.
શું શું જમશે મામેરીયતા, શું શું જમશે રે જાન..... હંસલા.
શીખંડ પુરી જમશે મામેરીયાત, બાસુંદી જમશે રે જાન..... હંસલા.

(૩)

આંગલડી નમે ને મારો નખ ભીંજાશે.
ફરૂકે છે ડાબા પગની નસ રે મામેરા વેળા વઈ જશે.
કીયા ભાઈ આવ્યા કીયા ભાઈ આવશે રે
જાજી જોઉં છું કીયાભાઈની વાટ રે કીયાભાઈ આવ્યે રંગ રેશે રે.
મનસુખભાઈ આવ્યા જસવંતભાઈ આવશે રે
જાજી જોઉં છું જનકભાઈની વાટ રે વિજયભાઈ આવ્યે રંગ રેશે રે.
હસમુખભાઈ આવ્યા અરૂણભાઈ આવશે રે
જાજી જોઉં છું મહેન્દ્રભાઈની વાટ રે યશભાઈ આવ્યે રંગ રેશે રે.

(૪)

વીરા ચાંદલીયો ઉગ્યો ને હરણું આથમ્યું.
વીરા ઘડીયે લગ્ને જોઉં તમારી વાટ રે
મામેરા વેળા વહી જાશે રે,
બેની હાટડે પડી છે હડતાલ રે,
અમદાવાદ ગ્યાતા ઓરવા,
બેની ઓર્યા ઓર્યા ચંપાવરણા ચીર રે
ઉપર ઓરી ચુંદડી રે ..... વીરા.

બેની હાટડે પડી છે હડતાલ રે,
મુંબઈ શેર ગ્યાતા ઓરવા,
બેની ઓર્યા ઓર્યા નવરંગ ચુડલો રે
ઉપર ઓર્યા ઝુમણાં રે ..... વીરા.

(૫)

માંડવડામાં મગન દેજો રે, મુંબઈ શેરનાં મામેરીયાત આવ્યા.
માંડવડામાં મગન દેજો રે સુરત શેરનાં શેઠીયા આવ્યા
માંડવડામાં મગન દેજો રે દિલ્હીનાં દિવાનું આવ્યા
માંડવડામાં મગન દેજો રે ભાવના વહુનાં વીરા આવ્યા
માંડવડામાં મગન દેજો ર શુભાંગીબેનનાં મામા આવ્યા

(૬)

રૂડા રાવટીયા મામેરીયાત આવ્યા રે.
ત્યાં કાંઈ કોણ કોણ સાજન બેસે રે.
ત્યાં કાંઈ જસવંતભાઈ સાજન બેસે રે.
ત્યાં કાંઈ કોણ કોણ મામેરા લઈ આવે રે.
ત્યાં કાંઈ જનકભાઈ મામેરા લઈ આવે રે.
ત્યાં કાંઈ કંઈ વહુ છાબ ભરાવે રે.
ત્યાં કાંઈ સરલાબેન છાબ ભરાવે રે.
ત્યાં કાંઈ કઈ બેન છાબ વધાવે રે.
ત્યાં કાંઈ ભાવનાબેન છાબ વધારે રે.
રૂડા રાવટીયા મામેરીયાત આવ્યા રે.

(૭)

આવી ગયો આવી ગયો આવી ગયો રે.
આજ મારો વીરો મારે ઘેર આવ્યો રે.

આવી ગયો આવી ગયો આવી ગયો રે.
આજ મારો વીરો મોસાળુ લાવ્યો રે.
સાડી પણ લાવ્યો, સેલા પણ લાવ્યો
ચુંદડીની જોડ વીરો લેતો આવ્યો રે..... આજ.
હાર પણ લાવ્યો, હાંસડી પણ લાવ્યો
પોંચાની જોડ વીરો લેતો આવ્યો રે..... આજ.
સ્કૂટર પણ લાવ્યો, બાઈક પણ લાવ્યો
મારૂતીની ચાવી વીરો લેતો આવ્યો રે..... આજ.
પાનેતર પણ લાવ્યો, ચુડલો પણ લાવ્યો
સોળે શણગાર વીરો લેતો આવ્યો રે..... આજ.

(૮)

(રાગ : ઓ રંગ રસીયા ક્યાં રમી આવ્યાં રાસ જો)
ઓ મારા વીરા ના લગાડશો વાર જો
આ વાટલડી હું જોઉં રે મામેરું લઈ આવજો
હાં રે અમે જઈશું કાપડીયાને હાર જો
આ પાનેતર મુલવીને વહેલાં આવશું...... ઓ મારા વીરા.
હાં રે અમે જઈશું મણીયારાને હાર જો
આ ચુડલો રે મુલવીને વહેલા આવશું...... ઓ મારા વીરા.
હાં રે અમે જઈશું સોનીડાને હાર જો
આ ઝુમણાં રે મુલવીને રે વહેલાં આવશું..... ઓ મારા વીરા.
હાં રે અમે જઈશું ગાંધીડાને હાર જો
આ કંકુ શ્રીફળ મુલવીને રે વહેલાં આવશું..... ઓ મારા વીરા.
હાં રે અમે જઈશું જોશીડાને હાર જો
આ શુભ ચોઘડીયું જોઈ મામેરું લઈ વહેલા આવશું..... ઓ મારા વીરા.

## સાંજી તથા માયર

### ગીત નંબર-(૧)

સોનાની સાંજીને રૂપાનાં મોર વાસ્યાં રે
ઉડે રે પાંખાળા ભમરાં નોતરે રે
ગામ અજાણ્યું ને નામ અજાણ્યુ રે
કોણશ બેન ઘેર જાવરે સાજન નોતરે રે
ગામ છે જૂનાગઢ શહેર ને નામ છે વિનોદ જમાઈ
જાગૃતિબેન ઘેર જાવ રે સાજન નોતરે રે
આવશે તે બેની જાગૃતિબેનને બેસસે રે માંડવા હેઠ રે
શુભાંગીબેનનાં નાળીયેરડા શણગારશે રે
આવશે તે જમાઈ વિનોદજમાઈને બેસશે માંડવા બહાર રે
સાજનીયાનાં ખાસડલા ખંખેરશે રે.

### (૨)

ગૌતમ ઋષીએ રાયજંગ માંડીયો
નારદમુની નોતરા દેવા જાય રે ઋષીએ રાયજંગ માંડીયો
પરથમ નોતરું સૂરજદેવ ઘેર મોકલ્યું
સૂરજદેવને રન્નાદે નો સાથ રે ઋષીએ રાયજંગ માંડીયો
બીજું નોતરું ચંદ્રદેવ ઘેર મોકલ્યું
ચંદ્રદેવને રોહીણીનો સાથ રે ઋષીએ રાયજંગ માંડીયો
ત્રીજું નોતરું ઈન્દ્રદેવ ઘેર મોકલ્યું
ઈન્દ્રદેવને ઈન્દ્રાણીનો સાથ રે ઋષીએ રાયજંગ માંડીયો

ચોથું નોતરું બ્રહ્માદેવ ઘેર મોકલ્યું
બ્રહ્માદેવને સાવીત્રીનો સાથ રે ઋષીએ રાયજંગ માંડીયો
ચારે દશે ચારે દેવને નોતર્યા
એક ના નોતર્યા ભોળા શંભુ ઘેર રે ઋષીએ રાયજંગ માંડીયો
શુભવાણી પારવતીજી બોલીયા
સ્વામી અમને મૈયર જવાના કોડ રે ઋષીએ રાયજંગ માંડીયો
શુભવાણી ભોળા શંભુ બોલીયા
વણ તેડ્યા વણનોતર્યા નવ જાઈએ રે ઋષીએ રાયજંગ માંડીયો
દોલતરાય ભાઈએ રાયજંગ માંડીયો
અમરીશ જમાઈ નોતરા દેવા જાય રે દાદે રાયજંગ માંડીયો
પરથમ નોતરું પરેશભાઈ ઘેર મોકલ્યું
પરેશભાઈને ભાવનાવહુનો સાથ રે દાદે રાયજંગ માંડીયો
બીજું નોતરું ભારદ્વાજભાઈ ઘેર મોકલ્યું
ભારદ્વાજભાઈને પલ્લવીવહુનો સાથ રે દાદે રાયજંગ માંડીયો
ત્રીજું નોતરું રાકેશભાઈ ઘેર મોકલ્યું
રાકેશભાઈને રીદ્ધીવહુનો સાથ રે દાદે રાયજંગ માંડીયો
ચોથું નોતરું ગૌરાંગભાઈ ઘેર મોકલ્યું
ગૌરાંગભાઈને ગાર્ગીવહુનો સાથ રે દાદે રાયજંગ માંડીયો
ચારે દશે ચારે વીરને નોતર્યા
એક નવ નોતર્યા શૈલેષ જમાઈ ઘેર રે દાદે રાયજંગ માંડીયો
શુભવાણી કૌમુદીબેન બોલીયાં
સ્વામી અમને મૈયર જવાના કોડ રે દાદે રાયજંગ માંડીયો
શુભવાણી શૈલેષ જમાઈ બોલીયાં
વણ તેડ્યાં વણનોતર્યા નવ જાઈએ રે દાદે રાયજંગ માંડીયો

(૩)

મારી બેનીની સાંજી આજ હોંશ મને આવે છે.
જસવંતીબેન દાદી સાંજી ગવરાવોને આજ હોંશ મને આવે છે.
કોઈને સાડી કોઈને સેલા ચુંદડીની શી વાત .....હોંશ.....મારી.
ભાવના વહુ માતા સાંજી ગવરાવોને આજ હોંશ મને આવે છે.
કોઈને વાડકી કોઈને છાલીયા, કાથરોટની શી વાત .....હોંશ.....મારી.
નીતા વહુ કાકી સાંજી ગવરાવોને આજ હોંશ મને આવે છે.
કોઈને બંગડી, કોઈને ચાંદલા, રૂમાલની શી વાત .....હોંશ.....મારી.
સરલાબેન મામી સાંજી ગવરાવોને આજ હોંશ મને આવે છે.
કોઈને રૂપિયો, કોઈને આઠ આની, પાવલીની શી વાત .....હોંશ.....મારી.
અંજના વહુ ભાભી સાંજી ગવડાવોને આજ હોંશ મને આવે છે.
કોઈને ભેળ, કોઈને રગડો, પાણીપૂરીની શી વાત .....હોંશ.....મારી.
જાગૃતિબેન ફઈબા સાંજી ગવરાવોને આજ હોંશ મને આવે છે.
કોઈને વેણી, કોઈને ગજરો, ઝુમખાની શી વાત .....હોંશ.....મારી.

(૪)

મેં તો મેંદી વાવી મારે આંગણે
છોડ ફૂલ્યો ને ફાલ્યો અપાર ..... મેંદી રંગ લાગ્યો રે.
વાટી ઘૂંટી ભર્યા મેં તો વાટકા
ભાભી રંગજો તમારા હાથ ..... મેંદી રંગ લાગ્યો રે.
જમણા હાથમાં સ્વસ્તીક શોભતો
ડાબા હાથમાં શ્રીફળ કુંભ ..... મેંદી રંગ લાગ્યો રે.
ભાભી પહેલું નમજો ઘરને ઉંબરે
ઉંબરે હોય લક્ષ્મીજીનો વાસ ..... મેંદી રંગ લાગ્યો રે.

ભાભી બીજું નમજો પિતૃદેવને
જેના આશિર્વાદ વંશવૃદ્ધિ થાય ..... મેંદી રંગ લાગ્યો રે.
ભાભી ત્રીજું નમજો ઈષ્ટદેવને
તેના આશિર્વાદે સુખસંપિત્ત થાય ..... મેંદી રંગ લાગ્યો રે.
ભાભી ચોથું નમજો સાસુસસરાને
તેના આશિર્વાદ અખંડ સૌભાગ્ય ..... મેંદી રંગ લાગ્યો રે.

(૫)

એક ભર રે જોબનીયામાં બેઠા શુભાંગીબેન
દાદાએ હસીને બોલાવીયા.
કેમ રે કુંવરી તમારા મુખડા કરમાણા
કેમ રે આંખોમાં આંસુ આવીયા
એક ઉંચો તે વર ના જોશો હો દાદા
ઉંચો તો નત્ય નેવા ભાંગશે...... એક ભર રે.
કાકાએ હસીને બોલાવીયા
કેમ રે ભત્રીજ તમારા મુખડા કરમાણા
કેમ રે આંખોમાં આંસુ આવીયા
એક નીચો તે વર ના જોશો હો કાકા
નીચો તો નત્ય ઠેબે આવશે ..... એક ભર રે.
મામાએ હસીને બોલાવીયા
કેમ રે ભાણેજ તમારા મુખડા કરમાણા
કેમ રે આંખોમાં આંસુ આવીયા
એક કાળો તે વર ના જોશો હો મામા
કાળો તો કુટુંબ લજાવશે ..... એક ભર રે.

વીરા એ હસીને બોલાવીયા
કેમ રે બેની તમારા મુખડા કરમાણા
કેમ રે આંખોમાં આંસુ આવીયા
એક ગોરો તે વર ના જોશો હો વીરા
ગોરાને નત્ય નજરું લાગશે ..... એક ભર રે.
એક કડરે પાનળીયોને મુખરે શામળીયો
એ મારી સહીયરે વખાણીયો.

(૬)

કંકુડા ઉડ્યા મોંઘા મૂલનાં હો રાજ
ઉંડે અબીલગલાલ (૨) બેની તમારી સાંજી માણારાજ
દાદા વીના કેમ ચાલશે હો રાજ
દાદા દોલતભાઈ છે સાથ દાદા દિનેશભાઈ છે સાથ બેની તમારી...
પપ્પા વિના કેમ ચાલશે હો રાજ
પપ્પા પરેશભાઈ છે સાથ માતા ભાવના વહુ છે સાથ બેની તમારી...
કાકા વિના કેમ ચાલશે હો રાજ
કાકા યોગેશભાઈ છે સાથે કાકી નીતા વહુ છે સાથ બેની તમારી...
મામા વિના કેમ ચાલશે હો રાજ
મામા જનકભાઈ છે સાથ મામી સરલાબેન છે સાથ બેની તમારી...
વીરા વિના કેમ ચાલશે હો રાજ
વીરા પ્રતિકભાઈ છે સાથે વીરા જશભાઈ છે સાથ બેની તમારી...
ફઈબા વિના કેમ ચાલશે હો રાજ
ફઈબા પ્રતિભાબેન છે સાથ ફઈબા અર્ચનાબેન છે સાથે તમારી...

(૭)

ચાલો સર્વે બેનો મળી મંગળગીતો ગાઈએ
બેન્ડવાજા વાગે આજે ઓઝા કુટુંબમાં
સામે ઉભા પિતા યોગેશભાઈ હરખાય છે
કુંવર પરણાવીને લ્હાવો લેવો આજ રે ..... બેન્ડવાજા.
ઉભા ઉભા માતા નીતાબેન હરખાય છે
મંડપ રોપાવીને લ્હાવો લેવો આજ રે ..... બેન્ડવાજા.
ઉભા ઉભા કાકા રાકેશભાઈ હરખાય છે
કુટુંબ તેડાવીને લ્હાવો લેવો આજ રે ..... બેન્ડવાજા.
ઉભા ઉભા મામા ધર્મેશભાઈ હરખાય છે
મોસાળા લઈ આવી આજે લ્હાવો લેવો આજ રે ..... બેન્ડવાજા.
ઉભા ઉભા વીરા હર્ષિતભાઈ હરખાય છે
મોટર શણગારી આજે લ્હાવો લેવો આજ રે ..... બેન્ડવાજા.

(૮)

જી રે સરસ્વત સ્વામીને વીનવું ને ગુણપત લાગું પાય
રાધાજી કૃષ્ણજીને વીનવે, સ્વામી સાંભળો એક વાત
અમને ચુડલાનાં કોડ થયાને મનમાં એક જ આશ
સ્વામી ઘડાવોને ચુડલો મારી બાવલડી પરમાણ
શીયાળે શીતળ વળે ને ઉનાળે લૂ વાય
પછે ઘડાવું રાધા ચુડલો વરસીને ટાઢો થાય
ઘર પછવાડે સાસુ દેવકીને સાંભળે વહુવારુની વાત
અમરે દેખંતા વરવહુ બોલીયા હવે શીયો રીયો મરજાદ
તેડાવો ગામ ગરાસીયા ને તેડાવો વહુની સહીયર

વેગે તેડાવો વહુનાં વીરને જટ વળાવો પીયર
આટલું કીધું ને રાધાર રીસાઈ ગયાં ને જઈ બેઠાં મંદિરમાંય
ત્યારે શ્રીકૃષ્ણજી બોલીયા માતા માફ કરો અપરાધ.
કીડી ઉપર કર નો હોય ને રાંક ઉપર શો રોષ
છોરૂ હતાં ને બોલીયા માતા માફ કરો આ દોષ
હસીને દેવકીજી બોલીયા ને મુખથી વધ્યાં વેણ
વેગે ઘડાવું વહુનો ચુડલો, હરખે મારાં નેણ
સરખી સાહેલી ટોળે મળીને રાધા મનાવા જાય
સહીયર દેખીને રાધાનાં મન મોહ્યાં હૈયે હરખ ન માય
જી રે સાવરે સૌને યે ભરી સાંઢડી પીયુ જાય રે પરદેશ
જી રે સોનીડાનું સોનું સવા લાખનું ઘડજે ઘાટ સુઘાટ
જી રે હીરા હરીનાં હાથમાં રંગ પૂરે રે રણછોડ
જી રે મોતી મોહનજીનાં હાથમાં મઢયો છે માધવરાય
જી રે ઘૂઘરી ઘનશ્યામજીનાં હાથમાં નંગ જડે જાદવરાય
જી રે કીંમતી રાધાજીનો ચૂડલો એનાં તેજ તણો નહીં પાર
જી રે શ્રીકૃષ્ણ મુખથી બોલીયા ગોરાંદે પૂરો મનની આશ
જી રે સાંવરે સૌનેયે ભરી મુઠડી સાસુને પાયે પડવા જાય
જી રે પહેરી ઓઢી રાધાજી સોચર્યા સાસુને પાયે નમવા જાય
જી રે સાસુએ આશીષ એમ દીધાં રહેજો અખંડ સૌભાગ્ય
જી રે અખંડ રાધાજીનો ચૂડલો અખંડ શ્રીકૃષ્ણનાં નામ

(૯)

વનરા તે વનમાં મીંઢોળ ઝાઝાં
મીંઢોળ પરણેને ઝાડવા બાળ કુંવારા
હું તમ પૂછું બેન રે શુભાંગીબેન
આવડા ને લાડ તમને કોણે લડાવ્યા
પપ્પા પરેશભાઈને માતા ભાવનાબેન
આવડા ને લાડ અમને દાદીમા એ લડાવ્યા ..... વનરા.
કાકા રાકેશભાઈને કાકી રીદ્ધીબેન
આવડા ને લાડ અમને ફઈબા એ લડાવ્યા ..... વનરા.
મામા જનકભાઈને મામી સરલાબેન
આવડા ને લાડ અમને માસીબા એ લડાવ્યા ..... વનરા.
વીરા મહર્ષિભાઈને વીરા પ્રતીકભાઈ
આવડા ને લાડ અમને જશભાઈએ લડાવ્યા ..... વનરા.

(૧૦)

આ વાડીમાં એક ઝાડવું ને ઉગ્યું આંબા ડાળે જો
આ ડાળે ને ડાળે તોરણ નીપજે
આ વિજયભાઈ વેવારીયા ને કુંવરને પરણાવે જો
આ તોરણ મારે પરેશવેવાઈને માંડવે ..... વાડીમાં.
આ સંજયભાઈ વેવારીયા ને ભત્રીજને પરણાવે જો
આ તોરણ મારે યોગેશ વેવાઈને માંડવે ..... વાડીમાં.
આ કમલેશભાઈ વેવારીયા ને ભાણેજને પરણાવે જો
આ તોરણ મારે જનક વેવાઈને માંડવે ..... વાડીમાં.
આ નીશા બેન વેવારીયા ને વીરાને પરણાવજો
આ તોરણ માટે મહર્ષિ વેવાઈને માંડવે ..... વાડીમાં.

(૧૧)

બંગલે બેસીને વીરા રેડીયો વગાડે
રેડીયોનાં મીઠાં મીઠાં સૂર શુભાંગીવહુએ સાંભળ્યાં
શુભાંગીવહુએ જઈને એના દાદાને જગાડ્યાં
પરણું તો વિજયભાઈનાં કુંવર વગાડે રૂડો રેડીયો ..... બંગલે.
શુભાંગી વહુએ જઈને એનાં કાકાને જગાડ્યાં
પરણું તો સંજયભાઈનો ભત્રીજ વગાડે રૂડો રેડીયો ..... બંગલે.
શુભાંગી વહુએ જઈને એના મામાને જગાડ્યાં
પરણું તો કમલેશભાઈનાં ભાણેજ વગાડે રૂડો રેડીયો ..... બંગલે.
શુભાંગી વહુએ જઈને એના વીરાને જગાડ્યાં
પરણું તો નીશાબેનનાં વીરા વગાડે રૂડો રેડીયો ..... બંગલે.

(૧૨)

શુંભાગીબેનનાં લગન આવ્યાં માંડવે આવ્યા સૌ
લબક ઝબક લાજ કાઢે પરેશભાઈનાં વહુ
પરેશ બીચારો શું કરે ઓલી ભાવના ને બરો બહુ
લબક ઝબક લાજ કાઢે યોગેશભાઈના વહુ
યોગેશ બીચારો શું કરે ઓલી નીતાને બરો બહુ
લબક ઝબક લાજ કાઢે ભારદ્રાજભાઈનાં વહુ
ભારદ્વાજ બીચારો શું કરે ઓલી પલ્લવીને બરો વહુ
લબક ઝબક લાજ કાઢે રાકેશભાઈનાં વહુ
રાકેશ બીચારો શું કરે ઓલી રીદ્ધીને બરો બહુ
લબક ઝબક લાજ કાઢે ગૌરાંગભાઈનાં વહુ
ગૌરાંગ બીચારો શું કરે ઓલી ગાર્ગીને બરો બહુ

(૧૩)

સૂડલો પૂછે રે કોયલ કયાં ગઈ તી રે
આવી રૂડા આંબલીયાની ડાળ,સરોવરની પાળ
મેલીને કોયલ કયાં ગઈતી રે...
કુંવરી પરણે રે પરેશભાઈ તણી રે
રૂપૈયાની હોય છાકમછોળ હરખે ને જોવા હું ગઈતી રે ..... ચૂડલો.
ભત્રીજી પરણે રે ગૌરાંગભાઈ તણી રે
કટુંબડાની હોય છાકમછોળ હરખેને જોવા હું ગઈતી રે ..... ચૂડલો.
ભાણેજ પરણે રે જનકભાઈ તણી રે
મોસાળાની હોય છાકમછોળ હરખેને જોવા હું ગઈતી રે ..... ચૂડલો.
બેની પરણે રે મહર્ષિ ભાઈ તણી રે
મંડપમાં હોય છાકમ છોળ હરખે ને જોવા હું ગઈતી રે ..... ચૂડલો.
બેની પરણે રે મોક્ષાબેન તણી રે
સાંજીની હોય છાકમછોળ હરખે ને જોવા હું ગઈતી રે ..... ચૂડલો.
ભત્રીજી પરણે રે જાગૃતિબેન તણી રે
ફૂલેકાની હોય છાકમછોળ હરખેને જોવા હું ગઈતી રે ..... ચૂડલો.

(૧૪)

સવામણ સોનાનો છે દીવો રે
અધમણ રૂપાનું છે છાડું રે
ભાર કપાસની છે વાટુ રે
આછી આછી ધાણીનાં છે તેલ રે
સવામણ તેલે દીવડો શગ બળે
દાદા વિનવજો રે પરેશભાઈ

તમને શુભાંગીબેન કેવા વહાલાં રે
જેવી મારી આંખલડીનાં તેજ રે
એવા અમને શુભાંગીબેન છે વહાલાં રે
કાકા વિનવજો રે યોગેશભાઈ
તમને શુભાંગીબેન કેવા વહાલાં રે
જેવો મારો માથા કેરો મુગટ રે
એવા અમને શુભાંગીબેન છે વહાલાં રે
કાકી વિનવજો રે નીતાબેન
તમને શુભાંગીબેન કેવા વહાલાં રે
જેવો મારો સેથા કેરો સીંદુર રે
એવા અમને શુભાંગીબેન છે વહાલાં રે
મામા વિનવજો રે જનકભાઈ
તમને શુભાંગીબેન કેવા વહાલાં રે
જેવી મારી તીજોરીનાં નાણાં રે
એવા અમને શુભાંગીબેન છે વહાલાં રે
મામી વિનવજો રે સરલાબેન
તમને શુભાંગીબેન કેવા વહાલાં રે
જેવો મારો લલાટનો ચાંદલો રે
એવા અમને શુભાંગીબેન છે વહાલાં રે
વીરા વીનવજો રે મહર્ષિભાઈ
તમને શુભાંગીબેન કેવા વહાલાં રે
જેવી મારી હૈયાની છે પ્રીત રે
એવા અમને શુભાંગીબેન છે વહાલાં રે

ભાભી વિનવજો રે શણગાર વહુ
તમને શુભાંગીબેન કેવા વહાલાં રે
જેવો મારો હૈયા કેરો હાર રે
એવા અમને શુભાંગીબેન છે વહાલાં રે

**(૧૫)**

શુભાંગીબેન કાંઈ બોલે મીઠાં બોલ
પવિત્ર માતાશ્રી તમે સાંભળો માણારાજ
અમારા પપ્પાને કરો જાણ
લગનીયા લેવડાવ્યા વીના નહીં ચાલે માણારાજ
ભલે ખર્ચાય લાખ બે લાખ
મંડપડા રોપાવ્યા વીના નહીં ચાલે માણારાજ
શુભાંગીબેન કાંઈ બોલે મીઠા બોલ
પવિત્ર કાકીશ્રી તમે સાંભળો માણારાજ
અમારા કાકાને કરો જાણ
કુટુંબ તેડાવ્યાં વીના નહીં ચાલે માણારાજ
ભલે ખર્ચાય લાખ બે લાખ
નાત જમાડ્યાં વીના નહીં ચાલે માણારાજ
શુભાંગીબેન કાંઈ બોલે મીઠાં બોલ
પવિત્ર મામીશ્રી તમે સાંભળો માણારાજ
અમારા મામા ને કરો જાણ
મોસાળા લઈ આવ્યા વીના નહીં ચાલે માણારાજ
ભલે ખર્ચાય લાખ બે લાખ
છાબ ભરાવ્યાં વીના નહીં ચાલે માણારાજ
શુભાંગીબેન કાંઈ બોલે મીઠાં બોલ

પવિત્ર ભાભીશ્રી તમે સાંભળો માણારાજ
અમારા વીરા ને કરો જાણ
જવતલીયા હોમાવ્યાં વીના નહીં ચાલે માણારાજ
ભલે ખર્ચાય લાખ બે લાખ
પસ ભરાવ્યાં વીના નહીં ચાલે માણારાજ

(૧૬)

લાલ મોટર આવી ગુલાબી ગજરો લાવી
મારા ભાભી સાસરીયે લીલા લહેર છે.
વિજયભાઈ જેવા સસરા તમને કદી ન લાગે વસમા
મારા ભાભી સાસરીયે લીલા લહેર છે.
હીનાબેન જેવા સાસુ તમને કદી ન આવે આંસુ
મારા ભાભી સાસરીયે લીલા લહેર છે.
ચીરાગભાઈ જેવા જેઠ તમને કદી ન કરાવે વેઠ
મારા ભાભી સાસરીયે લીલા લહેર છે.
અંજુબેન જેવા જેઠાણી તમને કદી ન ભરાવે પાણી
મારા ભાભી સાસરીયે લીલા લહેર છે.
પ્રેમભાઈ જેવા દિયર તમને કદી ન સાંભરે પીયર
મારા ભાભી સાસરીયે લીલા લહેર છે.
નીશાબેન જેવા નણંદી તમને સદા રાખે આનંદી
મારા ભાભી સાસરીયે લીલા લહેર છે.

## (૧૭)

માંડવડામાં સાજંતી છે વેલ, વેલમાં ખીલ્યાં રાતાં ફૂલડાં
એક જ ફુલડું શુભાંગીબેને તોડ્યું ત્યાં તો, આનંદ જમાઈનાં મનડાં મહ્યાં.
પરણું તો પરણું પરેશભાઈની કુંવરી નહીંતર તડકે બેસી તપ ધરું
..... માંડવડા.
એક જ ફુલડું શુભાંગીબેને તોડ્યું ત્યાં તો, આનંદ જમાઈનાં મનડાં મહ્યાં.
પરણું તો પરણું રાકેશભાઈની ભત્રીજ નહીંતર તડકે બેસી તપ ધરું
..... માંડવડા.
એક જ ફુલડું શુભાંગીબેને તોડ્યું ત્યાં તો, આનંદ જમાઈનાં મનડાં મહ્યાં.
પરણું તો પરણું જનકભાઈની ભાણેજ નહીંતર તડકે બેસી તપ ધરું
..... માંડવડા.
એક જ ફુલડું શુભાંગીબેને તોડ્યું ત્યાં તો, આનંદ જમાઈનાં મનડાં મહ્યાં.
પરણું તો પરણું મહર્ષિભાઈની બેની નહીંતર તડકે બેસી તપ ધરું
..... માંડવડા.

## (૧૮)

શુભાંગીબેનનાં હાથમાં મેંદી સોહાય
આનંદ જમાઈનાં હાથમાં ગજરો સોહાય
મેંદીને ગજરો સંગમ કહેવાય
શુભાંગીબેનનાં દાદા દરબાર કહેવાય
શું રે જુવો છો મારા નવલા વેવાય
શુભાંગીબેનનાં પપ્પા પાયલોટ કહેવાય
શુભાંગીબેનનાં હાથમાં મેંદી સોહાય
આનંદ જમાઈનાં હાથમાં ગજરો સોહાય

મેંદીને ગજરો સંગમ કહેવાય
શુભાંગીબેનનાં કાકા કલેક્ટર કહેવાય
શું રે જુવો છો મારા નવલા વેવાય
શુભાંગીબેનનાં મામા મામલતદાર કહેવાય
શુભાંગીબેનનાં હાથમાં મેંદી સોહાય
આનંદ જમાઈનાં હાથમાં ગજરો સોહાય
મેંદીને ગજરો સંગમ કહેવાય
શુભાંગીબેનનાં વીરા સાળા કહેવાય
શું રે જુવો છો મારા નવલા વેવાય
શુભાંગીબેનનાં બેની સાળી કહેવાય

(૧૯)

ઊંચા ઊંચા રે દાદે ગઢ રે ચણાવ્યા
ગઢ રે સરીખા ગોખ મેલીયા
ગઢડે ચડીને બેની શુભાંગીબેન બોલ્યા
કેમ રે દાદાશ્રી રાઈવર શામળા
સોના ચાંદી હોય તો બદલાવી લઈએ
ઈશ્વરનાં આપ્યાં કુંવરી ભોગવો ..... ઊંચા.
ગઢડે ચડીને બેની શુભાંગીબેન બોલ્યા
કેમ રે કાકાશ્રી રાઈવર શામળા
હીરામોતી હોય તો બદલાવી લઈએ
ઈશ્વરનાં આપ્યાં ભત્રીજ ભોગવો ..... ઊંચા.
ગઢડે ચડીને બેની શુભાંગીબેન બોલ્યા
કેમ રે મામાશ્રી રાઈવર શામળા

નીલમ પોંખરાજ હોય તો બદલાવી લઈએ
ઈશ્વરનાં આપ્યાં ભાણેજ ભોગવો ..... ઊંચા
ગઢડે ચડીને બેની શુભાંગીબેન બોલ્યાં
કેમ રે વીરાશ્રી રાઈવર શામળા
માણેક રતન હોય તો બદલાવી લઈએ
ઈશ્વરનાં આપ્યાં બેની ભોગવો

(૨૦)

જૂનાગઢથી રે માલણ બેસંતી આવે, આવે ને લાવે માલણ ફૂલડાં,
તારાં ફૂલડાં રે માલણ કોણ જ લેશે ? કયે ઘેર લગન ઉતાવળા ?
તારાં ફૂલડાં રે માલણ પરેશભાઈ લેશે
તારાં ફૂલડાં રે માલણ ભાવનાબેન લેશે
ઈ ઘેર લગન ઉતાવળાં..... જૂનાગઢ..... ઉતાવળાં.....
તારાં ફૂલડાં રે માલણ યોગેશભાઈ લેશે
તારાં ફૂલડાં રે માલણ નીતાબેન લેશે
ઈ ઘેર લગન ઉતાવળાં..... જૂનાગઢ..... ઉતાવળાં.....
તારાં ફૂલડાં રે માલણ જનકભાઈ લેશે
તારાં ફૂલડાં રે માલણ સરલાબેન લેશે
ઈ ઘેર લગન ઉતાવળાં..... જૂનાગઢ..... ઉતાવળાં.....
તારાં ફૂલડાં રે માલણ મહર્ષિભાઈ લેશે
તારાં ફૂલડાં રે માલણ પ્રતિકભાઈ લેશે
તારા ફૂલડાં રે માલણ હર્ષિતભાઈ લેશે
તારાં ફૂલડાં રે માલણ જશભાઈ લેશે
તારાં ફૂલડાં રે માલણ પાવનભાઈ લેશે
ઈ ઘેર લગન ઉતાવળાં..... જૂનાગઢ..... ઉતાવળાં.....

(૨૧)

આ વરકન્યાની સુંદર જોડી
કહો પ્રભુજી અમર રહો.
જ્યારે સીતાજીએ તપ ધરીયા
ત્યારે રામચંદ્ર સરખા સ્વામી મળ્યાં ..... આ વરકન્યા.
જ્યારે પારવતીએ તપ ધરીયાં
ત્યારે શંકર સરખાં સ્વામી મળ્યાં ..... આ વરકન્યા.
જ્યારે રુક્ષ્મણીજીએ તપ ધરીયાં
ત્યારે શ્રીકૃષ્ણ સરખાં સ્વામી મળ્યાં ..... આ વરકન્યા.
જ્યારે શુભાંગીબેને તપ ધરીયાં
ત્યારે આનંદકુમાર સરખાં સ્વામી મળ્યાં. ..... આ વરકન્યા.

(૨૨)

જીવન એક સંગ્રામ છે જીવન જીવી જાણજો
દુનીયાને બતાવજો આ જીવન કેમ જીવાય છે.
શ્વસુર પક્ષમાં સાસુ સસરા તેમની સેવા કરજો
તેમની સેવા કરવી એ તો બેની તમારો ધર્મ છે...... જીવન.
શ્વસુર પક્ષમાં જેઠ જેઠાણી તેમની આજ્ઞા માનજો
તેમની આજ્ઞા માનવી એ તો બેની તમારો ધર્મ છે...... જીવન.
શ્વસુર પક્ષમાં દિયર દેરાણી તેમની મશ્કરી કરજો
તેમની મશ્કરી ખમવી એ તો બેની તમારો ધર્મ છે....... જીવન.
શ્વસુર પક્ષમાં નણંદ નણંદોયા તેમના સ્વાગત કરજો
તેમના સ્વાગત કરવા એ તો બેની તમારો ધર્મ છે. ..... જીવન.

(૨૩)

અંબા માગું તારી પાસ, બેનની પૂરી કરજો આશ
માગી માગી માગીને માગું એટલું, બેનનો અમર રહે ચૂડી ચાંદલો.
બેનને સાડી સોહાય, બેનને સેલા સોહાય
બેનના ઘરચોળાનો રંગ નવ જાયજો, બેનનો અમર રહે ચૂડી ચાંદલો.
બેનને હાર સોહાય, બેનને હાંસડી સોહાય
બેનની વરમાળાનો રંગ નવ જાયજો, બેનનો અમર.....
બેનને બંગડી સોહાય, બેનને બ્રીસલેટ સોહાય
બેનનાં મીંઢોળનો રંગ નવ જાયજો, બેનનો અમર .....
બેનને ટાંક સોહાય, બેનને ટીલડી સોહાય
બેનનાં મોડીયાનો રંગ નવ જાયજો, બેનનો અમર .....

(૨૪)

ઓઢી નવરંગ ચુંદડી પાયે ઝાંઝરનો ઝણકાર, પાયે ઝાંઝરનો ઝણકાર
માંડવામાં ચાલે બેની મલપતાં મલપતાં,
બેનીએ સેલું પહેર્યું છે સવા લાખનું
બેનીએ પાનેતર પહેર્યુંછે મોંઘા મુલનું
તોય બેનીને ઘરચોળાનો શોખ (૨) માંડવામાં ચાલે..... ઓઢી
બેનીએ હાર પહેર્યો છે સવા લાખનો
બેનીએ હાંસડી પહેરી છે મોંઘા મૂલની
તોય બેનીને વરમાળાનો શોખ (૨) માંડવામાં ચાલે..... ઓઢી
બેનીએ બંગડી પહેરી છે સવા લાખની
બેનીએ પોંચો પહેર્યો છે મોંઘા મૂલનો
તોય બેનીને મીંઢોળનો શોખ (૨) માંડવામાં ચાલે..... ઓઢી

બેનીએ ટાંક પહેરી છે સવાલાખની
બેનીએ ટીલડી ચોડી છે મોંઘા મૂલની
તોય બેનીને મોડીયાનો શોખ (૨) માંડવામાં ચાલે..... ઓઢી

(૨૫)

નાણાવટી રે સાજન બેઠું માંડવે
લાખોપતી રે સાજન બેઠું માંડવે
જેવા ભરીસભાનાં રાજા એવા વરકન્યાનાં દાદા.....નાણાવટી.
જેવી લીમડે મળે શાતા એવા વરકન્યાનાં માતા.....નાણાવટી.
જેવા અતલસમાઈલા તાકા એવા વરકન્યાનાં કાકા .....નાણાવટી.
જેવી આંબે કેરી પાકી તેવા વરકન્યાનાં કાકી .....નાણાવટી.
જેવા વૈશાખ માંહેલા આંબા તેવા વરકન્યાનાં મામા .....નાણાવટી.
જે સદાય મળજો સામી તેવા વરકન્યાનાં મામી .....નાણાવટી.
જેવા હાર માંહેનાં હીરા એવા વરકન્યાનાં વીરા .....નાણાવટી.
જેવી ફૂલડીયાની વેણી એવા વરકન્યાનાં બેની .....નાણાવટી.

(૨૬)

એક જ મોતી લાખ લાખેણું સોનાને ત્રાજવે તોળાય રે
જમનાને તીરે ભૂલી છું મોતીનો હાર (૨)
આલા ને લીલા વાંસ મંગાવો તેના તે મંડપડા રોપાવો રે
જમનાને તીરે ભૂલી છું મોતીનો હાર (૨) ..... એક જ મોતી
સાગ સીસમના બાજોઠ મંગાવો તેના પર વરકન્યા પધરાવો રે,
જમનાને તીરે ભૂલી છું મોતીનો હાર (૨) ..... એક જ મોતી

ગંગા જમનાની માટી મંગાવો તેની તે ચોરીયો ચીતરાવોરે
જમનાને તીરે ભૂલી છું મોતીનો હાર (૨) ..... એક જ મોતી
સાચાં ને ખોટાં મોતી મંગાવો તેનાથી વરકન્યા વધારો રે
જમનાને તીરે ભૂલી છું મોતીનો હાર (૨) ..... એક જ મોતી

**(૨૭)**

વેલી તે વેલી ચાલો સાહેલી શુભાંગીબેનનાં ગુણ ગાવા
કીયા તે ભાઈની કુંવરી પરણે, પરેશભાઈની કુંવરી પરણે
સહજાનંદ સ્વામી તમે સુખી રાખો, આનંદ જમાઈ તમે ઘણું જીવો
શુભાંગીબેનનો અમર ચૂડો.....વેલી તે વેલી.
કીયા તે ભાઈની ભત્રીજ પરણે, રાકેશભાઈની ભત્રીજ પરણે
સહજાનંદ સ્વામી તમે સુખી રાખો, આનંદ જમાઈ તમે ઘણું જીવો
શુભાંગીબેનનો અમર ચૂડો ..... વેલી તે વેલી.
કીયા તે ભાઈની ભાણેજ પરણે, જનકભાઈની ભાણેજ પરણે
સહજાનંદ સ્વામી તમે સુખી રાખો, આનંદ જમાઈ તમે ઘણું જીવો
શુભાંગીબેનનો અમર ચૂડો ..... વેલી તે વેલી.
કીયા તે ભાઈની બેની પરણે, મહર્ષિભાઈની બેની પરણે
સહજાનંદ સ્વામી તમે સુખી રાખો, આનંદ જમાઈ તમે ઘણું જીવો
શુભાંગીબેનનો અમર ચૂડો

**(૨૮)**

ઢોલીડા વગડાવો ઢોલ જાન આવી રે જાન આવી રે
માંડવે મોંઘેરા મહેમાન આવ્યા રે
સીતાને પરણવા એના રામ આવ્યા રે (૨)

માંડવે મોંઘેરા મહેમાન આવ્યા રે ..... ઢોલીડા.
રુક્ષ્મણીને પરણવા એના શ્યામ આવ્યા રે (૨)
માંડવે મોંઘેરા મહેમાન આવ્યા રે ..... ઢોલીડા.
પાર્વતીને પરણવા એના શીવજી આવ્યા રે (૨)
માંડવે મોંઘેરા મહેમાન આવ્યા રે ..... ઢોલીડા.
લાડીને પરણવા એનો લાડો આવ્યો રે (૨)
શુભાંગીને પરણવા એનો આનંદ આવ્યો રે (૨)
માંડવે મોંઘેરા મહેમાન આવ્યા રે ..... ઢોલીડા.

**(૨૯)**

ગઢેથી બેઠા રાણી રાજવરણી બોલે
હું તો મારગડાની ભૂખી રાજ બંગલા
મને મારગડી દેખાડો રાજ બંગલા
અલબેલડા મારે શુભાંગીબેનનાં દાદા
એ તો જાણે ભરી સભાનાં રાજા રાજ બંગલા...ગઢેથી...રાજબંગલા.
અલબેલડા મારે શુભાંગીબેનનાં કાકા
એ તો જાણે અતલસ માંહેના તાકા રાજ બંગલા...ગઢેથી...રાજબંગલા.
અલબેલા મારે શુભાંગીબેનનાં મામા
એ તો જાણે વૈશાખ માહલા આંબા રાજ બંગલા...ગઢેથી...રાજબંગલા.
અલબેલડા માટે શુભાંગીબેનનાં વીરા
એ તો જાણે હાર માંહલા હીરા રાજ બંગલા...ગઢેથી...રાજબંગલા.
અલબેલડા માટે શુભાંગીબેનની બેની
એ તો જાણે ગુલાબની વેણી રાજ બંગલા...ગઢેથી...રાજબંગલા.

## (૩૦)

મસ્ત મારી બેની તું મસ્ત રહેવાની
તિજોરીની ચાવી તારે હાથ રહેવાની .....મસ્ત.
બેની પિતાના આંગણ છોડો, તમે સસરાનાં આંગણા દિપાવો
પિતાનાં આંગણ હવે સૂના થવાના,
સાસરાનાં આંગણ હવે ગાજી રહેવાના ..... મસ્ત મારી.
બેની વીરાનાં બંગલા છોડો, તમે જેઠનાં બંગલા દિપાવો
વીરાનાં બંગલા હવે સૂના થવાના,
જેઠનાં બંગલા હવે ગાજી રહેવાના ..... મસ્ત મારી.
બેની સખીઓનાં સાથ તમે છોડો, તમે પિયુજીની પ્રિતડી જોડો
સખીઓનાં દિલડા હવે સૂના થવાના,
પિયુજીનાં દિલડામાં ઝમી રહેવાનાં ..... મસ્ત મારી.

## (૩૧)

કોઈ આપે અન્નદાન, કોઈ આપે ધાન્યદાન
કોઈ રે આપે રે દિકરીનાં દાન, જતન કરી જાળવજો
અમારે પરેશભાઈ હૈયાનાં ભોળાં
આપી દીધાં કુંવરીનાં દાન જતન કરી જાળવજો ..... કોઈ.
અમારે રાકેશભાઈ હૈયાનાં ભોળાં
આપી દીધાં ભત્રીજનાં દાન, જતન કરી જાળવજો ..... કોઈ.
અમારે જનકભાઈ હૈયાનાં ભોળાં
આપી દીધાં ભાણેજનાં દાન, જતન કરી જાળવજો ..... કોઈ.
અમારે મહર્ષિભાઈ હૈયાનાં ભોળાં
આપી દીધાં બેનીનાં દાન, જતન કરી જાળવજો .....કોઈ.

## (૩૨)

કેસર ટાંકે તોળાય રે, વાટકડે ઘોળાય રે, કેસર જોશે છાંટણે

જેમ રે વેચાય તેમ લ્યો રે, પરેશભાઈ પપ્પા આપણે

જુગતે જમાયુને, વરતે વેવાયુને, નવલા ભાણેજડાને છાંટણે..... કેસર.

જેમ રે વેચાય તેમ લ્યો રે, યોગેશભાઈ કાકા આપણે

જુગતે જમાયુને, વરતે વેવાયુને, નવલા ભાણેજડાને છાંટણે..... કેસર.

જેમ રે વેચાય તેમ લ્યો રે, જનકભાઈ મામા આપણે

જુગતે જમાયુને, વરતે વેવાયુને નવલા ભાણેજડાને છાંટણે ..... કેસર.

જેમ રે વેચાય તેમ લ્યો રે, મહર્ષિભાઈ વીરા આપણે

જુગતે જમાયુને, વરતે વેવાયુને, નવલા ભાણેજડાને છાંટણે..... કેસર.

## (૩૩)

હાથમાં બંગડીને ડોકમાં માળા રે

પરણે શુભાંગીબેન બેની રે. મારી બેની લાડકડાં

કિયા ભાઈની શેરીએ રમવાને ગ્યાંતા

કઈ વહુએ ટીલડી ચોડી રે. મારી બેની લાડકડાં

યોગેશભાઈની શેરીએ રમવાને ગ્યાંતા

નીતા વહુએ ટીલડી ચોડી રે. મારી બેની લાડકડાં

કિયા ભાઈની શેરીએ રમવાને ગ્યાંતા

કઈ વહુએ ચોખા ચોડ્યાં રે. મારી બેની લાડકડાં

રાકેશભાઈની શેરીએ રમવાને ગ્યાંતા

રીદ્ધી વહુએ ચોખા ચોડ્યાં રે. મારી બેની લાડકડાં

કિયા ભાઈની શેરીએ રમવાને ગ્યાંતા

કઈ વહુએ પસ ભર્યો રે. મારી બેની લાડકડાં

ભારદ્વાજ ભાઈની શેરીએ રમવાને ગ્યાંતા
પલ્લવી વહુએ પસ ભર્યો રે. મારી બેની લાડકડાં
કિયા ભાઈની શેરીએ રમવાને ગ્યાંતા
કઈ વહુએ પીઠી ચોળી રે. મારી બેની લાડકડાં
ગૌરાંગભાઈની શેરીએ રમવાને ગ્યાંતા
ગાર્ગી વહુએ પીઠી ચોળી રે. મારી બેની લાડકડાં

(૩૪)

કાંડે ઘડિયાળ ને ઘડિયાળમાં હીરા રે
પરણે આનંદભાઈ વીરા રે..... મારા વીરા કુંવારા
કિયા ભાઈની શેરીએ રમવાને ગ્યાંતા
કઈ વહુએ ટીલડા તાણ્યાં રે..... મારા વીરા કુંવારા
ગીરીશભાઈની શેરીએ રમવાને ગ્યાંતા
નીલા વહુએ ટીલડા તાણ્યાં રે..... મારા વીરા કુંવારા
કિયા ભાઈની શેરીએ રમવાને ગ્યાંતા
કઈ વહુએ ચોખલા ચોડ્યાં રે..... મારા વીરા કુંવારા
વિજયભાઈને શેરીએ રમવાને ગ્યાંતા
હીના વહુએ ચોખલા ચોડ્યાં રે..... મારા વીરા કુંવારા
કિયા ભાઈની શેરીએ રમવાને ગ્યાંતા
કઈ વહુએ પસ ભર્યો રે..... મારા વીરા કુંવારા
સંજયભાઈની શેરીએ રમવાને ગ્યાંતા
પ્રિતી વહુએ પસ ભર્યો રે..... મારા વીરા કુંવારા
કિયા ભાઈની શેરીએ રમવાને ગ્યાંતા
કઈ વહુએ પીઠી ચોળી રે..... મારા વીરા કુંવારા

ભાવીનભાઈને શેરીએ રમવાને ગ્યાંતા
ઈલા વહુએ પીઠી ચોળી રે..... મારા વીરા કુંવારા
કિયા વેવાઈની શેરીએ રમવાને ગ્યાંતા
કઈ કન્યાએ મનડાં મોહ્યાં રે..... મારા વીરા કુંવારા
પરેશ વેવાઈની શેરીએ રમવાને ગ્યાંતા
શુભાંગી એ મનડાં મોહ્યાં રે..... મારા વીરા પરણેલા.

(૩૫)

આંગણીયા છંટાવો આજ તોરણ બંધાવો
ઢોલડીયા વગડાવો આજ તોરણ બંધાવો
પરેશભાઈને આંગણે આવ્યા, લગ્નનાં અવસર હોજી રે
કાકા મામા આવ્યા ને આવ્યા છે દીકરી જમાઈ હોજી રે
દિવડીયા પ્રગટાવો આજ તોરણ બંધાવો..... આંગણીયા.
સાજન માજન આવીયુંને આવી છે મહેતા કુટુંબની જાન હોજી રે
માંડવડો આજે ગાજી રહ્યો, નાચે ઉમંગે સહુ નરનાર હોજી રે
મોતીડે વધાવો આજ, તોરણ બંધાવો ..... આંગણીયા.
ઝુમઝુમ ઝાંઝર ઝમકે છે ને, ખનખન ચુડલો થાય હોજી રે
સોળે શણગારમાં શોભી રહ્યાં બેની શુભાંગીબેન હોજી રે
મંગળ ગાન ગવરાવો આજ તોરણ બંધાવો ..... આંગણીયા.

(૩૬)

(રાગ : આધા હે ચંદ્રમા...)
ખીલ્યો છે ચંદ્રમા રાત રૂપાળી
બેન્ડ વાગે, વાજા વાગે, વાગે શરણાઈ

રૂડી વાગે શરણાઈ, ખીલ્યો છે ચંદ્રમા
આ સસરા તમારા આવે, રૂડા સાડાને સેલા લાવે
આવો પહેરી કરી કુમકુમ પગલાં ભરી
તારી સખીયો જુએ છે વાટ તારી, ખીલ્યો છે ચંદ્રમા ..... ખીલ્યો.
આ જેઠ તમારા આવે, રૂડા પોંચાને લૂસ લાવે
આવો પહેરી કરી કુમકુમ પગલાં ભરી
તારી સખીઓ જુએ છે વાટ તારી, ખીલ્યો છે ચંદ્રમા ..... ખીલ્યો.
આ નણંદી તમારા આવે, રૂડા હારને ગજરા લાવે
આવો પહેરી કરી કુમકુમ પગલાં ભરી
તારી સખીઓ જુએ છે વાટ તારી, ખીલ્યો છે ચંદ્રમા ..... ખીલ્યો.

**(૩૭)**

(રાગ : આધા હે ચંદ્રમા...)

આવોને ભાભી શણગાર સજી
વીરા મારા આજ રહ્યાં તમને બોલાવી
તમે વાર લગાડી ...આવોને ભાભી...આવોને.
ભાભી આવી છે નવલી આ રાત, વીરા જુએ છે તમારી વાટ
લાગી લાગી લગન અંગે અંગે આનંદ
આવો નવરંગ ચુંદડી આજ ઓઢી ...આવોને ભાભી...આવોને.
ઉંચે ઉંચે આકાશ, ચંદ્ર સાથે પ્રકાશ
આવી પૂનમની રાત, આજ અજવાળી ...આવોને ભાભી...આવોને.
ભાભી સોળે સજીને શણગારો, તમે રૂમઝુમ કરતાં આવો
વાગે મૃદંગનાં તાલ, કરે પાયલ ઝણકાર
રમે રંગે આનંદે રંગ તાળી ...આવોને ભાભી...આવોને.

(૩૮)

ઢોલીડા, ઢોલીડા ...હો ...હો. (૨)
ઢોલીડાં, ઢોલીડાં, ઢોલીડાં
ઢોલીડાં ઢોલ ધીમો ધીમો વગાડમાં, ધીમો વગાડમાં
લગ્નની રાતડીનો જોજે રંગ જાયનાં
ગાજેનાં મંડપ તો અવસર કહેવાયનાં અવસર કહેવાયનાં
લગ્નની રાતડીનો જોજે રંગ જાયનાં ..... ઢોલીડાં ઢોલ.
કંઠે વરમાળા ને કુમકુમ લલાટ
નાક કેરી નથડીનો બહુ રે ચમકાર હો.હો.હો.હો.
નવરંગી ચુંદડીમાં બેનીનો હરખ માયના (૨)
લગ્નની રાતડીનો જોજે રંગ જાયનાં ..... ઢોલીડાં ઢોલ.
લટકતી ચાલને ઘુઘરી ઘમકાર
ચૂડીયો સાથે નુપૂરનો તાલ હો.હો.હો.હો.
મંડપમાં ઘૂમતા બેની કેવા સોહાય હા કેવા સોહાય.
લગ્નની રાતડીનો જોજે રંગ જાયનાં ..... ઢોલીડાં ઢોલ.
સોળે શણગારમાં બેની શોભી રહી
પ્રિત કેરાં દીલડાનાં રંગે રમી હો.હો.હો.હો.
લાગ્યો રંગ એવો કે કદીયે ભૂસાયનાં, કદીયે ભૂસાયનાં
લગ્નની રાતડીનો જોજે રંગ જાયનાં ..... ઢોલીડાં ઢોલ.

(૩૯)

કિયા વસે કોયલ ને કિયા વસે હંસ
કિયા રે વસે બેની તમારા કંથ
આંબા ડાળે કોયલ સરોવર પાળે હંસ
સૂરત શહેરમાં વસે રે બેની તમારા કંથ

શું જમે કોયલ ને શું જમે હંસ
શું રે જમે રે બેની તમારા કંથ
ફળ ખાય કોયલ ને મોતી ચરે હંસ
કંસાર જમે રે બેની તમારા કંથ
કેવી વાણી કોયલ કેવી વાણી હંસ
કેવી વાણી રે બેની તમારા કંથ
મધુરવાણી કોયલ ને મીઠી વાણી હંસ
શુભ વાણી રે બેની તમારા કંથ

**(૪૦)**

આ રૂડોને રંગીલો રે બેની તારો માંડવો રે લોલ
માંડવડાની... હેજી માંડવડાની શોભા છે અપરંપાર
સાહેલીની સંગે બેની સાહયળો જોવા નીસરી રે લોલ ..... આ રૂડોને.
સાયબો તારો... હેજી સાયબો તારો, ચંદરમાનું તેજ જો
સાજનને માજનની વચ્ચે આજે કેવો શોભતો રે લોલ ..... આ રૂડોને.
સાયબો તારો... હેજી સાયબો તારો પાતળીયો પતવારજો
બેનીને લઈ જાવા આજે, આવી ઉભો માંડવે રે લોલ ..... આ રૂડોને.
બેની મારી હેજી બેની મારી સોળે સજી શણગારજો
સાયબાની સંગાથે આજે મંગળફેરા ફરી રહી રે લોલ ..... આ રૂડોને.

**(૪૧)**

ખમ્મા મારી બેનીને આજ સાસરે કોણ વળાવશે.
ખમ્મા મારી બેનીને આજ સાસરે વીરા વળાવશે.
બેની સૂતીતી માતાનાં મહેલમાં
સાંભળ્યો શરણાઈનો સાદ, સાસરે કોણ વળાવશે.

ખમ્મા મારી.....વીરા વળાવશે.

બેની બેઠાતાં મામાની મોટરમાં
ત્યાં તો આવી સૂરતની જાન,સાસરે કોણ  વળાવશે.
ખમ્મા મારી.....વીરા વળાવશે.

બેનીનો વીરો જાન તેડાવે
ભાભી રંગે બેનીનાં હાથ, સાસરે કોણ વળાવશે.
ખમ્મા મારી.....વીરા વળાવશે.

સરખી સાહેલીઓ શણગાર સજાવે
દીદી ગવરાવે મંગલગીત, સાસરે કોણ વળાવશે.
ખમ્મા મારી.....વીરા વળાવશે.

## (૪૨)

(રાગ : બહુચરમાના દેરા પાછળ કુકડે કુક બોલે)

મનડા કેરા મંદિરીયામાં મોરલો ટહુક બોલે
હે બેનડી તારી હો...હો...બેનડી તારી
સૂરત મને પ્યારી પ્યારી લાગે
ડોકમાં માળમ શોભે તારા પગમાં ઝાંઝર બોલે
તારા પગમાં ઝાંઝર બોલે, તારા પગમાં ઝાંઝર બોલે
બેની તારી ચુંદડી અંગે ઝુમે ઝાકમ ઝોળે
હે બેનડી તારી હો...હો... બેનડી તારી
સૂરત મને પ્યારી પ્યારી લાગે..... મનડાં.
ભાલમાં બીંદીયા શોભે, તારા નાકમાં નથણી શોભે
તારા નાકમાં નથણી શોભે, તારા નાકમાં નથણી શોભે
બેની તારો ચુડલો આજે ખનકે હાથમાં જો રે

હે બેનડી તારી હો...હો... બેનડી તારી
સૂરત મને પ્યારી પ્યારી લાગે..... મનડાં.
સોળે શણગાર સજીને તારે જાવું પીયુની સાથે
તારે જાવું પીયુની સાથે, તારે જાવું પીયુની સાથે
બેની તું તો પ્રભુતામાં આજ પગલાં માંડે
હે બેનડી તારી હો...હો... બેનડી તારી
સૂરત મને પ્યારી પ્યારી લાગે ..... મનડાં.

## મંગલફેરા

### ગીત નંબર-(૧)

માંડવડામાં મંગળીયા વરતાય રે
ઈષ્ટદેવની સાક્ષીએ ફેરા ફરાય રે
પહેલું પહેલું મંગળીયું વરતાય રે
પહેલે મંગળ સોનાનાં દાન દેવાય રે
માંડવડામાં મંગળ ગીત ગવાય રે
સાજનીયાનાં હૈયે હરખ ન માય રે
દાન દે છે કન્યા તણા તે તાત રે
દાન લે છે વેવાઈનાં સુપુત્ર રે
બીજું બીજું મંગળીયું વરતાય રે
બીજે મંગળ રૂપાનાં દાન દેવાય રે
માંડવડામાં આનંદ મંગળ થાય રે
માંડવડામાં પુષ્પોની વૃષ્ટિ થાય રે
દાન દે છે કન્યા તણી તે માતા રે
દાન લે છે નવલી વેવાણનાં પુત્ર રે
ત્રીજું ત્રીજું મંગળીયું વરતાય રે
ત્રીજે મંગળ ગાયોનાં દાન દેવાય રે
માંડવડામાં આશિર્વચન બોલાય રે
માંડવડામાં આનંદ મંગળ થાય રે
દાન દે છે કન્યા તણો વીર રે
દાન લે છે નાની નણંદીનાં વીર રે

ચોથું ચોથું મંગળીયું વરતાય રે
ચોથે મંગળ કન્યાના દાન દેવાય રે
માંડવડામાં જવતલ હોમાય રે
માંડવડામાં જય જયકાર વરતાય રે
માંડવડામાં આનંદ મંગળ થાય રે

(૨)
મારી બેની ફર ફર ફેરા ફરે
જમાઈરાજ ફરે નહીં રે
એની ભાભી છાનાં ચીટલા ભરે
જમાઈ રાજ ફરે નહીં રે..... મારી બેની
એની કાકી શાનમાં સમજાવે
જમાઈ રાજ ફરે નહીં રે..... મારી બેની
એની માતા ડબ ડબ ડોળા કાઢે
જમાઈ રાજ ફરે નહીં રે..... મારી બેની
એની મામી ધોકેથી ધમકાવે
જમાઈ રાજ ફરે નહીં રે..... મારી બેની

(૩)
નવખંડી ગુજરાત છે ને ફેરા ફરવા ચાર છે
બેસો મારા બેની હજી ઘણી વાર છે
પરેશભાઈ તૈયાર છે ને વિજય વેવાઈને વાર છે..... બેસો મારા
ભાવના વહુ તૈયાર છે ને હિના વેવાણને વાર છે..... બેસો મારા
માંડવીયા તૈયાર છે ને જાનૈયાને વાર છે..... બેસો મારા

શુભાંગીબેન તૈયાર છે ને આનંદકુમારને વાર છે..... બેસો મારા
મહર્ષિ તૈયાર છે ને ભાવિન વેવાઈને વાર છે..... બેસો મારા
મોક્ષાબેન તૈયાર છે ને નીશાબેન ને વાર છે..... બેસો મારા

**(૪)**

(રાગ : આજા સનમ મધુર ચાંદની મેં)
ચોરી બાંધી એની શોભા ઘણી, વરકન્યાની જોડી લાગે કેવી રૂડી
લગ્ન દિવસ ઉજવાય (૨) ધડકે છે દિલ એનું, મલકે છે મુખ
એના હૈયામાં લાખ લાખ પ્યાર ઉભરાય, ઉરમાં આનંદ લહેરાય(૨)
શ્વેત પાનેતર પહેરીને સેથે સિંદુર પૂરીને
લાલ લાલ ચુંદડી ઓઢીને કુમકુમ પગલે ચાલીને
મંગળ ફેરા ફરે, વરકન્યા કંસાર જમે
શ્લોકની સ્પર્ધા વહે, સાજન માજન જોઈ રહે..... ચોરી બંધી
પાળી પોષી પ્રેમથી સોંપીએ તમને આજ રે
છે અમારું પુત્રીધન કરજો એનું ખૂબ જતન
છે અમારું કુળ રતન છોડી ચાલી જાય વતન
જીવન દિપાવવાના અરમાન પૂરા કર ..... ચોરી બંધી

**(૫)**

લાડો લાડી જમે રે કંસાર કંસાર કેવો ગળ્યો લાગે રે
વરની માડી આંગળડી ચટાડ કંસાર કેવો ગળ્યો લાગે રે
હીના વેવાણ પરણી છો કે નાંહી ઘડીકમાં શેને ભૂલી ગઈ રે..... લાડો લાડી.
વરની કાકી આંગળડી ચગાડ કંસાર કેવો ગળ્યો લાગે રે
પ્રીતી વેવાણ પરણી છો કે નાંહી ઘડીકમાં શેને ભૂલી ગઈ રે..... લાડો લાડી.

વરની મામી આંગળડી ચટાડ કંસાર કેૌ ગળ્યો લાગે રે
ગીતા વેવાણ પરણી છો કે નાંહી ઘડીકમાં શેને ભૂલી ગઈ રે..... લાડો લાડી.
વરની ભાભી આંગળડી ચટાડ કંસાર કેવો ગળ્યો લાગે રે
ઈલા વેવાણ પરણી છો કે નાંહી ઘડીકમાં શેને ભૂલી ગઈ રે..... લાડો લાડી.

(૬)

એક ઝારા ઉપર ઝારી રે હવે લાડડી થઈ છે અમારી રે
અમારો વિજયભાઈનાં કહ્યાં વહુ કરશે રે
ઓલ્યા પરેશ વેવાઈનાં બોલ પાછા વળશે રે..... એક ઝારા
અમારે હિનાબેનનાં કહ્યાં વહુ કરશે રે
ઓલી ભાવના વેવાણનાં બોલ પાછા વળશે રે..... એક ઝારા
અમારે સંજયભાઈનં કહ્યાં વહુ કરશે રે
ઓલ્યા યોગેશ વેવાઈનાં બોલ પાછા વળશે રે..... એક ઝારા
અમારે પ્રીતી વહુનાં કિયા વહુ કરશે રે
ઓલી નીતા વેવાણનાં બોલ પાછા વળશે રે..... એક ઝારા
અમારે પ્રેમ ભાઈનાં કહ્યાં વહુ કરશે રે
ઓલ્યા મહર્ષિભાઈનાં બોલ પાછા વળશે રે..... એક ઝારા
અમારે નીશાબેનનાં કહ્યાં વહુ કરશે રે
ઓલી મોક્ષાનાં બોલ પાછા વળશે રે..... એક ઝારા

(૭)

વીરનાં લગ્નનો દિવસ આજે, તારા દિલનો ઉમંગ આજે
વીરા હોંશે પરણજો, ભાભી હોંશે પરણજો
જેવા ભરી સભાના રાજા એવા વરકન્યાનાં દાદા..... વીરા હોંશે.

જેવી ગુલાબ કેરી ફુલવાડી એવી વરકન્યાની માડી..... વીરા હોંશે.
જેવા અટલસ માંહેલા તાકા એવા વરકન્યાનાં કાકા..... વીરા હોંશે.
જેવી આંબે કેર પાકી એવા વરકન્યાનાં કાકી ..... વીરા હોંશે.
જેવા વૈશાખમાંનાં આંબા એવા વરકન્યાનાં મામા..... વીરા હોંશે.
જે સદાય મળજો સામી એવી વરકન્યાની મામી..... વીરા હોંશે.
જેવા વીંટીમાંના હીરા એવા વરકન્યાનાં વીરા..... વીરા હોંશે.
જેવી મોગરા કેરી વેણી એવા વરકન્યાનાં બેની..... વીરા હોંશે.

(૮)

બેની તમારા લેખ લખાણાં આનંદકુમારની સાથ
જીવનમાં રહેજો સંપી સાથ, સાસરીયામાં રહેજો સંપી સાથ
સસરા તમરા દશરથ જેવા, સાસુજી કૌશલ્યા માત
.....જીવનમાં .....બેની તમારા.
જેઠ તમારા રામ જેવા, જેઠાણી સીતા માત
.....જીવનમાં .....બેની તમારા.
દિયર તમારા લક્ષ્મણ જેવા, દેરાણી ઉર્મીલા જોડ
.....જીવનમાં .....બેની તમારા.
નણંદ તમારા સુભદ્રા જેવા નણદોયા અર્જૂનરાય
.....જીવનમાં .....બેની તમારા.

(૯)

કણ કણ કંકણને બની ચૂડી રે
લાડા પાસે લાડડી દીસે છેરૂડી રે
લાડી તે તો શીયા શીયા તપ કીધાં રે

તેને તપે મોટા ઘરનાં વહુ તમે થયા રે
નાથદ્વારા શ્રીજીબાવા પૂજવાને ગ્યાંતા રે
તેને તપે વિજયભાઈ સસરાજી પામ્યાં રે..... કણ કણ.
ગીર મધ્યે કનકાઈમા પૂજવાતે ગ્યાંતા રે
તેને તપે હીનાબેન સાસુજી પામ્યાં રે..... કણ કણ.
ડાકોરમાં રણછોડરાય પૂજવાને ગ્યાંતા રે
તેને તપે ભાવિનભાઈ જેઠજી પામ્યાં રે ..... કણ કણ.
દ્વારીકામાં દ્વારકાધીશ પૂજવાને ગ્યાંતા રે
તેને તપે પ્રેમભાઈ દિયર પામ્યાં રે ..... કણ કણ.
ઉજ્જૈનમાં મહાકાલેશ્વર પૂજવાને ગ્યાંતા રે
તેના તપે આનંદકુમાર ભરથાર પામ્યાં રે..... કણ કણ.

# જાન સામૈયા વિભાગ

## ગીત નંબર-(૧)

સુવાચંદન કેવડો ત્યાં બેસે વીરની જાનજો
લીલું લીલું શું વખાણે ? વીર બોલે તે પરમાણ જો
લીલા તે આંબા આંબલીને લીલાં વડલાનાં પાન જો
લીલો વરનો માંડવો વીર બોલે તે પરમાણ જો
સુવાચંદન કેવડો ત્યાં બેસે વીરની જાન જો
પીળું પીળું શું વખાણે ? વીર બોલે તે પરમાણ જો
પીળો તે હળદર ગાંઠીયો ને પીળી ચણાની દાળ જો
પીળી વરની પીઠડી વીર બોલે તે પરમાણ જો
સુવાચંદન કેવડો ત્યાં બેસે વીરની જાન જો
રાતું રાતું શું વખાણે ? વીર બોલે તે પરમાણ જો
રાતો તે કન્યાકેરો ચૂડલો ને રાતા કન્યાનાં દાંત જો
રાતા વીરનાં મોળીયા વીર બોલે તે પરમાણ જો
સુવાચંદન કેવડો ત્યાં બેસે વીરની જાન જો
ધોળું ધોળું શું વખાણે વીર બોલે તે પરમાણ જો
ધોળા તે ધોબી ધુવે ધોતિયા ને ધોળા બગલાની પાંખ જો
ધોળા કન્યાના પાનેતર વીર બોલે તે પરમાણ જો

## (૨)

ગાગર ઉપર બેઠો લીલો હંસ રે
આ હંસ કોણે ઉડાડીયો રે

કહો હંસરાજા કિયા તમારો વાસ રે
આ કિયા તમારા બેસણાં રે
માનસરોવરમાં છે અમારો વાસ રે
આ સરોવર પાળે બેસણાં રે
કહો આનંદભાઈ કિયા તમારો વાસ રે
આ કિયા તમારા બેસણાં રે
જૂનાગઢ શહેરમાં છે અમારો વાસ રે
આ રાયજીબાગમાં બેસણાં રે
કહો હંસરાજા કેમ કરી જાશો પરદેશ રે
આ કેમ કરી દરીયો ડહોળશો રે
પાંખે ઉડી જાશું પરદેશ રે
આ ચાંચે દરીયો ડહોળશું રે
કહો આનંદભાઈ કેમ કરી જાશો પરદેશ રે
આ કેમ કરી લાડડી લાવશો રે
રૂપીયાની થેલીએ જાશું પરદેશ રે
આ હરખે લાડડી લાવશું રે ..... ગાગર.

(૩)

મોર તારી સોનાની ચાંચ, મોર તારી રૂપાની ચાંચ
સોનાની ચાંચે રે મોરલો મોતી ચરવા જાય
મોર જાજે ઉગમણે દેશ, મોર જાજે આથમણે દેશ
વળતો જાજે રે વેવાયુને માંડવે હો રાજ
પરેશ વેવાય સુતા છો કે જાગો (૨)

આનંદભાઈ વરરાજે સીમડીયુ ઘેરી માણારાજ
સીમડીયે કાંઈ ચમરુ ઢળાવો (૨)
ચમરુંનાં હોંશી વીરો મારો આવ્યો માણારાજ
યોગેશ વેવાઈ સૂતા છો કે જાગો (૨)
આનંદભાઈ વરરાજે શેરીઓ ઘેરી માણારાજ
શેરીએ કાંઈ ફૂલડા વેરાવો (૨)
ફૂલડાંનાં હોંશી વીરો મારો આવ્યો માણારાજ
ભારદ્વાજ વેવાઈ સૂતા છો કે જાગો (૨)
આનંદભાઈ વરરાજે રાયજીબાગ ઘેર્યું માણારાજ
રાયજીબાગમાં રોશની શણગારો (૨)
રોશનીનાં હોંશી વીરો મારો આવ્યો માણારાજ
રાકેશ વેવાઈ સૂતા છો કે જાગો (૨)
આનંદભાઈ વરરાજે માંડવડો ઘેર્યો માણારાજ
માંડવડે કોઈ બેન્ડવાજા વગડાવો (૨)
શરણાયુનાં હોંશી વીરો મારો આવ્યો માણારાજ
ગૌરાંગ વેવાઈ સૂતા છો કે જાગો (૨)
આનંદભાઈ વરરાજે માંડવો ઘેર્યો માણારાજ
માંડવડે કાંઈ કન્યા પધરાવો (૨)
પરણવાનાં હોંશી વીરો મારો આવ્યો માણારાજ

**(૪)**

ઊંચા ઊંચા રે દાદાએ ગઢરે ચણાવ્યા
એથી ઊંચા રે ગઢનાં કાંગરા
ગોખે બેસીને બેની શુભાંગીબેન જુવે

કેટલેક આવે વરરાજીયા
પાંચસે પાળા ને છસો ઘડીયાળા
ઘોડાની ઘુમરે વરરાજીયા
શા શા ઉતારા દાદા વરનાં જાનૈયા
શા શા ઉતારા વરરાજીયા
ઓરડાંને ઓસરી બેની તારા વરનાં જાનૈયા
મેડીના મહોલે વરરાજીયા
કુવા તળાવ બેની તારા વરનાં જાનૈયા
નદીયુનાં નીરે વરરાજીયા
ભોજન લાપસી બેની તારા વરનાં જાનૈયા
પાંત્રીસ પકવાને વરરાજીયા
લવિંગ સોપારી બેની તારા વરનાં જાનૈયા
પાનનાં બીડલાં વરરાજીયા

(૫)

મારો માન સરીખો માંડવો
તમારી જોયા સરીખી જાન, પધારો શેઠીયા.
તમને કિયા ભાઈ તેડાં મોકલે
તમને કયા ભાઈ  દેશે માન, પધારો શેઠીયા.
તમને દોલતભાઈ તેડાં મોકલે
તમને દિનેશભાઈ દેશે માન, પધારો શેઠીયા.
તમને યોગેશભાઈ તેડાં મોકલે
તમને રાકેશભાઈ દેશે માન, પધારો શેઠીયા.

તમને ભારદ્વાજભાઈ તેડાં મોકલે
તમને ગૌરાંગભાઈ દેશે માન, પધારો શેઠીયા.
તમને પરેશભાઈ તેડાં મોકલે
તમારા કરશું અમે સન્માન, પધારો શેઠીયા.
તમને મહર્ષિભાઈ તેડાં મોકલે
અમારા હૈયામાં હરખ ન માય, પધારો શેઠીયા.
મારો માન.....

(૬)

કેસરીયો જાન લાવ્યો જાન લાવ્યો રે
મોટાની જાન આવી જાન આવી રે
જાનમાં તો આવ્યા શેઠીયા, માંડવે મૂકાવો ગાદી તકિયા
કેસરીયો જાન લાવ્યો જાન લાવ્યો રે
જાનમાં તો આવ્યા વેપારી, માંડવડે વેંચાવો સોપારી
કેસરીયો જાન લાવ્યો જાન લાવ્યો રે
જાનમાં તો આવ્યા પારેખ માંડવડે વેંચાવો ખારેક
કેસરીયો જાન લાગ્યો જાન લાવ્યો રે
જાનમાં તો આવ્યા મોટા, જળ ભરી લાવો લોટા
કેસરીયો જાન લાવ્યો જાન લાવ્યો રે
જાનમાં આવ્યા મીત્રો ઝાઝા જોરથી વગડાવો વાજા
કેસરીયો જાન લાવ્યો જાન લાવ્યો રે

(૭)

હાલો હાલો હાલો અમે જાનમાં જવાનાં
જાનમાં ગયા વગર નથી રહેવાનાં ..... હાલો.
દાદા આવ્યા ને માતા પણ આવશે
દાદીમાં તો આવ્યા વગર નથી રહેવાનાં ..... હાલો.
કાકા આવ્યા ને કાકી પણ આવશે
ફઈબા તો આવ્યા વગર નથી રહેવાનાં ..... હાલો.
વીરા આવ્યા ને ભાભી પણ આવશે
બેની તો આવ્યા વગર નથી રહેવાનાં ..... હાલો.
મામા આવ્યા ને મામી પણ આવશે
માસી તો જાનમાં જરૂર જવાનાં..... હાલો.
જય જયકારી મંગલકારી જાન આવી ગઈ છે
ફૂલ સેન્ટ અત્તરથી સ્વાગત કરવાનાં..... હાલો.
ગાદી ને તકીયા અમને નહીં રે ચાલે
સોફાને પલંગ તૈયાર રાખવાનાં..... હાલો.
લાડુને મોહનથાળ અમને નહી રે ચાલે
રસગુલ્લાને ગુલાબજાંબુ તૈયાર રાખવાનાં..... હાલો.
શરબત અને ચા અમને નહીં રે ચાલે
કોકાકોલા, આઈસ્કીમ તૈયાર રાખવાનાં..... હાલો.

(૮)

આશા ભર્યા ને અમે આવ્યાં ને
મારા વેવાયે ખૂબ દીધાં માન જો આવેલ આશા ભર્યા
ઉતારા દીધા બંગલાને દીધા છે એ.સી. રૂમ રે આવેલ આશા ભર્યા.

ગાદી તકિયાનો ઘણાં દીધાં ને દીધા છે સોફા સેટજો આવેલ આશા ભર્યા.
સ્વાગતમાં શરબત અનેક હતાં ને દીધાં છે કઢીયેલ દૂધ જો આવેલ આશા ભર્યા
કલવામાં મીઠાઈ અનેક હતી ને દીધાં છે પાંચ પકવાન આવેલ આશા ભર્યા
માયરામાં નમકીન અનેક હતાં ને દીધો છે સાથે આઈસ્ક્રીમ જો આવેલ આશા ભર્યા
ભોજનમાં મેનુ ખૂબ મોટું ને ભાત ભાતની મીઠાઈ જો આવેલ આશા ભર્યા
વિદાય માટે આવ્યું સર્વે કુટુંબ ને દીધું છે કન્યાનું દાન જો આવેલ આશા ભર્યા
આશા ભર્યા ને અમે આવ્યાં ને

(૯)

ધીમી ધીમી મોટર હાંકો આનંદભાઈ, મધુરીસી મોટર હાંકો ને.
રાયજીબાગનાં ચાર દરવાજા, પહેલે દરવાજે ઉભી રાખો ને
પહેલે દરવાજે તમારા સસરાજીનાં બંગલા, ઈનામ બક્ષીસ માંગો ને
ઈનામ બક્ષીસ સુવર્ણ અલંકાર, તે લઈ મન વાળો ને ..... ધીમી.
બીજે દરવાજે તમારા કાકાજીનાં બંગલા, ઈનામ બક્ષીસ માંગો ને
ઈનામ બક્ષીસ રૂપાનાં અલંકાર, તે લઈ મન વાળો ને ..... ધીમી.
ત્રીજે દરવાજે તમારા મામાજીનાં બંગલા, ઈનામ બક્ષીસ માંગો ને
ઈનામ બક્ષીસ મોતીનાં અલંકાર, તે લઈ મન વાળો ને ..... ધીમી.
ચોથે દરવાજે તમારા સાળાશ્રીનાં બંગલા ઈનામ બક્ષીસ માંગો ને
ઈનામ બક્ષીસ સોનેરી સુંદરી, તે લઈ મનથી હરખો ને ..... ધીમી.

(૧૦)

લાલ મોટર આવી ગુલાબી ગજરો લાવી, મારા ભાભી સાસરીયે લીલા લહેર છે
મારા વીરને વરશો તો સાડી સેલાં પહેરશો ..... મારા.
મારા વીરને વરશો તો સોના રૂપા પહેરશો..... મારા.

મારા વીરને વરશો તો મોટરમાં બેસી ફરશો..... મારા.
મારા વીરને વરશો તો નીત નવા ભોજન જમશો..... મારા.
વિજયભાઈ જેવા સસરા તમને કદી ન લાગે વસમા..... મારા.
હિના બેન જેવા સાસુ તમને કદી ન આવે આંસુ..... મારા.
ભાવિનભાઈ જેવા જેઠ તમને કદી ન કરાવે વેઠ..... મારા.
પ્રેમ ભાઈ જેવા દિયર તમને કદી ન સાંભરે પિયર..... મારા.
નીશાબેન જેવા નણંદી તમને સદાય રાખે આનંદી..... મારા.

(૧૧)

(રાગ : સુરતથી ગાડી આવી રે... હો લટીયા રાણા)

મુંબઈથી જાન આવી રે વરરાજા રાણા રે
જાનમાં કોણ કોણ આવ્યું રે વરરાજા રાણા રે
જાનમાં શેઠીયા આવ્યાં રે વરરાજા રાણા રે
એમને ગાદી તકિયા આપો રે વરરાજા રાણા રે..... મુંબઈ.
જાનમાં મોટા આવ્યાં રે વરરાજા રાણા રે
જળ ભરી લાવો લોટા રે વરરાજા રાણા રે..... મુંબઈ.
જાનમાં વેપારી આવ્યાં રે વરરાજા રાણા રે
તમે વેંચાવો સોપારી રે વરરાજા રાણા રે..... મુંબઈ.
જાનમાં પારેખ આવ્યાં રે વરરાજા રાણા રે
ખોબલે ખારેક આપો રે વરરાજા રાણા રે..... મુંબઈ.
જાનમાં મીત્રો ઝાઝા રે વરરાજા રાણા રે
તમે વગડાવો વાજા રે વરરાજા રાણા રે..... મુંબઈ.
જાનમાં આવી જાનડીયું રે વરરાજા રાણા રે
શીખમાં દેજો ચુંદડીયું રે વરરાજા રાણા રે..... મુંબઈ.
જાનમાં આવ્યાં વરરાજા રંગે રૂપાળા રે
તમારી કન્યા દેજો રે વેવાઈ સમજુ શાણા રે ..... મુંબઈ.

(૧૨)

(રાગ : ઈંચક દાના બીચક દાના ..... દાને ઉપર દાના)

વાજા વાગે બેન્ડ વાગે શરણાઈનાં સૂર રે વાજા વાગે (૨)

જુઓ પેલા દૂર દૂર ઢોલકાં વાગે છે.

હાથી ઘોડા મોટરગાડી વરઘોડાનો સાજ છે. હોં (૨)

સાજન માજન સાથે આવ્યા, કન્યા લેવા કાજ રે..... વાજા વાગે.

બોલો કોણ ..... જાનૈયા.

જરકસી જામા શોભે છે ને કલગીનો તાજ છે

કંઠે શોભે જયમાળા ને પુષ્પો કેરો હાર છે હોં (૨)

સાજન માજન વચ્ચે એનો ઘોડલીયો અસવાર છે..... વાજા વાગે.

બોલો કોણ ..... વરરાજા.

નાનકડી બહેનીએ આજે પહેર્યુ રે પાનેતર

મસ્તકે શોભે મોડીયોને ટીલડી લલાટ પર હોં (૨)

સાહેલીની સાથમાં ચાલી મનમાં એ શરમાય છે..... વાજા વાગે.

બોલો કોણ ..... દુલ્હન.

માંડવડાની શોભા ન્યારી રોશની અપાર છે

શરણાઈનાં સૂર છે ને મંગળગીત ગવાય છે હોં (૨)

વરકન્યા પરણી ઉતરે તો આપણે શું દઈશું ? ..... વાજા વાગે

બોલો શું ? ..... આશિર્વાદ.

(૧૩)

જયજયકારી મંગલકારી જાન પધારી રે

જાનમાં આવ્યાં મોટા શેઠીયા

બેસવા જોશે ગાદી તકિયા...જાન પધારી રે...... જયજયકારી

જાનમાં આવ્યાં મોટા વેપારી
તેને જોશે સુડી સોપારી...જાન પધારી રે...... જયજયકારી
જાનમાં આવી નાની બેબી
તેને જોશે ગરમ જલેબી...જાન પધારી રે...... જયજયકારી
જાનમાં આવ્યાં મોટા પારેખ
તેને જોશે ખાવા ખારેક...જાન પધારી રે...... જયજયકારી
જાનમાં આવ્યાં નાના મોટાં
એમને જોશે દૂધ ભરી લોટાં...જાન પધારી રે...... જયજયકારી

(૧૪)

સીતાને તોરણ રામ પધાર્યા, લે રે પનોતિ પહેલું પોખણું
પોખંતા રે વરની ભ્રમર ફરકી, આંખલડી રે અમી ભરી
રવાયે રે વર પોંખ્યો પનોતા, રવાયે ગોબીએ સોહામણો..... સીતાને.
ધુંસરીયે રે વર પોંખ્યો પનોતા, તરાક ધોરીડે સોહામણી ..... સીતાને.
તરાકે રે વર પોંખ્યો પનોતા, તરાક રેંટીયે સોહામણી ..... સીતાને.
મુસળીયે રે વર પોંખ્યો પનોતા, મુસળી મુખે સોહામણી..... સીતાને.
છેત પીડીએ વર પોંખ્યો પનોતા, પીંડીએ નજરુ ચોરામણી ..... સીતાને.

(૧૫)

માધવપુરનો માંડવો રે, આવી જાદવકુળની જાન રે
શ્રીકૃષ્ણજી શુભ લગ્નમાં પધારજો રે
કોણશ કેરા બેટડા રે, કઈ બાઈ માતાનાં જલમેલ રે...શ્રીકૃષ્ણજી
વસુદેવ કેરા બેટડા રે,દેવકીજીના જલમેલ રે...શ્રીકૃષ્ણજી.
કોણશ કેરા ભત્રીજા રે, કોણશનાં ભાણેજ રે...શ્રીકૃષ્ણજી.

અક્રુર કેરા ભત્રીજા રે, કંસ મામાનાં ભાણેજ રે...શ્રીકૃષ્ણજી.
કોણશ કેરા બાંધવા રે, કઈ બેન ચુડાળીનાં વીરા રે...શ્રીકૃષ્ણજી.
બળભદ્ર કેરા બાંધવા રે, સુભદ્રાબેન ચુડાળીનાં વીરા રે...શ્રીકૃષ્ણજી.
માધવપુરનો માંડવો રે...

(૧૬)

સવાર થયુંને સૂરજ ઉગ્યો
હજી રે વરરાજા કેમ ન આવ્યાં.
વરનાં દાદાને રૂપિયા નહોતા તે માટે વર મોડા આવ્યાં.
રૂપિયા જોઈએ તો પરેશભાઈનાં લેજો
શુભાંગીબેનનાં વર વેલા આવજો..... સવાર.
વરનાં કાકાને મોળીયા નોતા, તે માટે વર મોડા આવ્યાં.
મોળીયા જોઈએ તો યોગેશભાઈનાં લેજો
શુભાંગીબેનનાં વર વેલા આવજો ..... સવાર.
વરના મામાને મોટરુ નોતી, તે માટે વર મોડા આવ્યાં.
મોટરું જોઈએ તો જનકભાઈની લેજો
શુભાંગીબેનનાં વર વેલા આવજો ..... સવાર.
વરનાં વીરાને મોજડી નોતી, તે માટે વર મોડા આવ્યાં. ..... સવાર.
મોજડી જોઈએ તો મહર્ષિભાઈની લેજો
શુભાંગીબેનનાં વર વેલા આવજો..... સવાર.
વરનાં બેનીને ગજરા નોતા, તે માટે વર મોડા આવ્યાં...... સવાર.
ગજરા જોઈએ તો મોક્ષાબેનનાં લેજો
શુભાંગીબેનનાં વર વેલા આવજો ..... સવાર.

(૧૭)

કેસરીયો રે..... બાલમાં..... પધારો મારે દેશ.
કંકુનાં કરું રે..... છાંટણાં..... પધારો મારે દેશ.

(૧૮)

છોરો કેદાડાનો પૈણુ પૈણું કરતો તો
મારી ભાગોળે ભટકાતો તો
મને કાનમાં કંઈક કહી જાતો તો
મને સપનામાં દેખાતો તો
મારી શેરીમાં સંતાતો તો
મારી માતાને મનાવતો તો
મારા પપ્પાને પંપાળતો તો
મારા કાકાને કરગરતો તો
મારી કાકીની કાકલુદી કરતો તો
મારા મામાને મનગમતો તો
મારી મામીને મુંઝવતો તો
મારા વીરાન વીનવતો તો
મારી બેનીને બનાવતો તો
છોરી ઘડો પાણીનો ભરી લાવ
તરસે મરીયે છીએ..... છોરો કેદાડાનો...

(૧૯)

સોના ચાંદી ગંધીયાણાનાં ઝુડા વરરાજા
તમ કરતાં મારે શુભાંગીબેન છે રૂડા વરરાજા

શુભાંગીબેનને મારૂતીમાં ફરવા જોશે વરરાજા
ડ્રાઈવરને દાદા કહેવા જોશે વરરાજા
એ તમારા દાદીને કેમ ગમશે વરરાજા..... સોના ચાંદી.
શુભાંગીબેનને પ્લેનમાં ફરવા જોશે વરરાજા
પાઈલોટને પપ્પા કહેવા જોશે વરરાજા
એ તમારા મમ્મીને કેમ ગમશે વરરાજા..... સોના ચાંદી.
શુભાંગીબેનને નીત નવા ડ્રેસ જોશે વરરાજા
કાપડીયાને કાકા કહેવા જોશે વરરાજા
એ તમારા કાકીને કેમ ગમશે વરરાજા..... સોના ચાંદી.
શુભાંગીબેનને ગજરાવેણી જોશે વરરાજા
માળીડાને મામા કહેવા જોશે વરરાજા
એ તમારા મામીને કેમ ગમશે વરરાજા..... સોના ચાંદી.
શુભાંગીબેનને મલ્ટીપ્લેક્સમાં જાવું જોશે વરરાજા
ડોરકિપરને વીરા કહેવા જોશે વરરાજા
એ તમારા ભાભીને કેમ ગમશે વરરાજા ..... સોના ચાંદી.

(૨૦)

દૂર દૂર દેશ છે, સસરાનાં ગામ છે.
ચેતીને ચાલ વીરા ચાલજો
સસરા તમારા છે રે ધુતારા, ગામને ગોંદરે દેશે ઉતારા..... ચેતી.
સાસુ તમારી છે રે ધુતારી, પોંખવાને ટાણે નાક લેશે તાણી..... ચેતી.
સાળી તમારી છે રે ધુતારી, મીઠાનું પાણી દેશે પીવરાવી ..... ચેતી.
ભાભી તમારી છે રે ધુતારી, હાથમાંની વીંટી લેશે ઉતારી..... ચેતી.

## ફટાણા વિભાગ

### ગીત નંબર-(૧)

મેં તો મુંબઈથી મગાવી મસુરીયાની દાળ
મેં તો ઘાસલેટમાં રાંધી મસુરીયાની દાળ
મેં તો પેટ્રોલમાં વઘારી મસુરીયાની દાળ
મેં તો જય ને ખવરાવી મસુરીયાની દાળ
એણે ખવાય એટલે ખાધી મસુરીયાની દાળ
એણે દબાય એટલી દાબી મસુરીયાની દાળ
એના પેટડીયામાં એતર બોલે, તેતર બોલે
ગામનાં ગધેડા બોલે હોંચી હોંચી
શેરી માંહેલા કુતરા બોલે હાઉ હાઉ
વડ કેરા વાંદરા બોલે હૂપ હૂપ
તળાવ માંહેલા દેડકાં બોલે ડ્રાઉં ડ્રાઉ ..... મસુરીયાની દાળ

### (૨)

મારો પાંચ મણાનો લાડવો
મેં તો પીરસ્યો છે સંજય વેવાઈને ભાણે અજીઠો લાડવો.
એને જમતાં ને પ્રીતી વેવાણ સાંભર્યા
લઈ સંતાડ્યો છે રૂમાલની વચ્ચે અજીઠો લાડવો.
અમારા યોગેશભાઈની શેરીએ સરી પડ્યો.
અમારા ભારદ્વાજભાઈએ કર્યો રે ફજે તો અજીઠો લાડવો.

મારો પાંચ મણાનો લાડવો

મેં તો પીરસ્યો છે વિજયવેવાઈને ભાણે અજીઠો લાડવો.

એને જમતાં ને હીના વેવાણ સાંભર્યા

લઈ સંતાડ્યો છે ટીશર્ટની મધ્યે અજીઠો લાડવો.

અમારા રાકેશભાઈની શેરીએ સરી પડ્યો.

અમારા ગૌરાંગભાઈએ કર્યો રે ફજેતો અજીઠો લાડવો.

મારો પાંચ મણાનો લાડવો

(૩)

દરીયે ઝુલે છે વહાણ વેવાઈનાં વહાણ દરીયે ઝુલે છે.

વિજય વેવાઈ કે છે અમને શુભાગંબેન વહાલાં

વહાલાં હશે તો સેટ અપાવશે.

વહાલાંની હવે ખબર પડશે વેવાઈનાં વહાણ દરીયે ઝુલે છે.

સંજય વેવાઈ કે છે અમને શુભાંગીબેન વહાલાં

વહાલાં હશે તો ડાયમંડ સેટ અપાવશે.

વહાલાંની હવે ખબર પડશે વેવાઈનાં વહાણ દરીયે ઝુલે છે.

કમલેશ વેવાઈ કે છે અમને શુભાંગીબેન વહાલાં

વહાલાં હશે તો મારૂતિ અપાવશે.

વહાલાંની હવે ખબર પડશે વેવાઈનાં વહાણ દરીયે ઝુલે છે.

નીશાબેન કે છે અમને શુભાંગીબેન વહાલાં

વહાલાં હશે તો વાડી ભરાવશે.

વહાલાંની હવે ખબર પડશે વેવાઈનાં વહાણ દરીયે ઝુલે છે.

(૪)

ચાલો શોખીનો બેનો ફરવાને જઈએ.
કઈ બેનને સાથે લેશું દર્શન કરવાને
કયા વેવાણને સાથે લેશું ચંપલ સાચવવા
જસવંતીબેનને સાથે લેશું દર્શન કરવાને
મુક્તા વેવાણને સાથે લેશું ચંપલ સાચવવા..... ચાલો.
કઈ બેનને સાથે લેશું આઈસ્ક્રીમ ખાવાને
કઈ વેવાણને સાથે લેશું ડીશ ધોવાને
ભાવના વહુને સાથે લેશું આઈસ્ક્રીમ ખાવાને
હીના વેવાણને સાથે લેશું ડીશ ધોવાને ..... ચાલો.
કઈ બેનને સાથે લેશું પીક્ચર જોવાને
કઈ વેવાણને સાથે લેશું છોકરા સાંચવવા
ગાર્ગી વહુને સાથે લેશું પીક્ચર જોવાને
પ્રીતી વેવાણને સાથે લેશું છોકરા સાંચવા ..... ચાલો.

(૫)

રેલગાડી આવી મુંબઈનો માલ લાવી
જુવોને મારી બેનો આ રેલગાડી આવી
ગાડીમાં ભર્યા રીંગણા વિજય વેવાઈ છે ઠીંગણા..... જુઓને.
ગાડીમાં ભરી દૂધી હિના વેવાણમાં નથી બુદ્ધિ..... જુઓને.
ગાડીમાં ભરી ખારેક વરરાજા છે પારેખ ..... જુઓને.
ગાડીમાં ભરી સોપારી વરનાં મામા છે વેપારી ..... જુઓને.
ગાડીમાં ભરી કુચી પ્રીતી વેવાણ છે બુચી .... જુઓને.
ગાડીમાં ભરી સુડી નીરૂ વેવાણ છે રૂડી ..... જુઓને.
રેલગાડી આવી.....

(૬)

બાજોઠ ઉપર બાજોઠીને ઉપર દહીંના દડવા
મારા નવલા વેવાયુ.
દહીં ખાઈ ગયા ગીરીશ વેવાઈને
સંજય કુટે જડબા મારા નવલા વેવાયુ
બાજોઠ ઉપર બાજોઠીને ઉપર દહીંના દડવા
મારા નવલા વેવાયુ.
દહીં ખાઈ ગયા ભાવીન વેવાઈને
જય કુટે જડબા મારા નવલા વેવાયુ
બાજોઠ ઉપર બાજોઠીને ઉપર દહીંના દડવા
મારા નવલા વેવાયુ.
દહીં ખાઈ ગયા વિજય વેવાઈને
હીના કુટે જડબા મારા નવલા વેવાયુ.

(૭)

વેવાઈનાં ઘર ઉપર કેવડો રે લોલ.
કેવડે ઝાઝાં ફૂલ મોટી બેન સોહે રત્નાગર કેવડો રે લોલ.
મેં જાણ્યું કે પરેશ વેવાઈ લાખનાં રે લોલ.
નીવડયા સવા લાખનાં રે લોલ. ..... સોહે રત્નાગર.
મેં જાણ્યું કે ભાવના વેવાણ લાખનાં રે લોલ.
નીવડ્યા સવા લાખનાં રે લોલ. ..... સોહે રત્નાગર.
મેં જાણ્યું કે માનપાન આપશે રે લોલ
સ્વાગતની શોભા શી કહું રે લોલ. ..... સોહે રત્નાગર.
મેં જાણ્યું કે જલેબી ગાંઠીયા આપશે રે લોલ.
નાસ્તામાં આઠ આઠ વાનગી રે લોલ...... સોહે રત્નાગર.

મેં જાણ્યું કે શરબત આપશે રે લોલ.
જ્યુસ કોલ્ડ્રીંક્સનાં સ્ટોલ ખોલ્યાં રે લોલ. ..... સોહે રત્નાગર.
મેં જાણ્યું કે ભોજન લાડવા રે લોલ.
છપ્પન ભોગ ભાણે ભર્યાં રે લોલ. ..... સોહે રત્નાગર.
મેં જાણ્યું કે સીખમાં ચુંદડી રે લોલ.
સોના ચાંદીની શી વાત કહું રે લોલ...... સોહે રત્નાગર.

(૮)

સીતાફળી ભાતનું બાંધણું રે સખી મારું મન મોહયું.
પહેરો ગાર્ગી વહુ બાંધણું રે સખી મારું મન મોહયું.
પહેરે ને પહેરતાં ન આવડે રે સખી મારું મન મોહયું.
પહેરી સાસરીયું લજાવ્યું રે સખી મારું મન મોહયું.
સીતાફળી ભાતનું બાંધણું રે સખી મારું મન મોહયું.
પહેરો અર્ચનાબેન બાંધણું રે સખી મારું મન મોહયું.
પહેરે ને પહેરતાં આવડે રે સખી મારું મન મોહયું.
પહેરી પીયરીયુ દીપાવ્યું રે સખી મારું મન મોહયું.

(૯)

ગુવારફળી રે મારી ગુવારફળી
ઉના ઉના દાળભાતમાં લહેજત પડી
રીંગણું કે હું કાળું કાળું માટે શીરે ચોટલો
મારો સ્વાદ ચાખવો હોય તો બનાવો બાજરીનો રોટલો
..... મારી ગુવારફળી.

પંડોળુ કે હું લાંબુ લાંબુ માટે શીરે વાળ
મારો સ્વાદ ચાખવો હોય તો નાખો ચણાની દાળ
..... મારી ગુવારફળી.
કંટોલું કે હું નાનું નાનું માટે શીરે કાંટા
મારો સ્વાદ ચાખવો હોય તો પાડવા જોશે ઘાંટા
..... મારી ગુવારફળી.
કારેલું કે હું કડવું કડવું મારે જાડી ખોળ
મારો સ્વાદ ચાખવો હોય તો નાખવો જોશે ગોળ
..... મારી ગુવારફળી.

**(૧૦)**

અધમણ સોનું ને અધમણ રૂપું
પાલખડી ઘડાવો રાજ હાં ને વળી લુંબે ઝુંબે
પાલખડીને રણકે ઝણકે સંજય પાણી આવ્યા રાજ...હાં ને.
સીંચણીયુંનાં પૂગે છોરાનું ઘડૂલોનાં ડૂબે રોજ... હાં ને.
ઉગીને આથમ્યો કુવાને કાંઠે આવી પ્રીતી આગળ રોપા રાજ... હાં ને.
કાં રે છોકરડાં કોણો માર્યો કોણે ને રોવરાવ્યો રાજ... હાં ને.
ઓઝાની વહુ દીકરીયે છાણે પાણે માર્યો રાજ... હાં ને.
રીદ્ધી વહુએ ઝાલી રાખ્યો ગાર્ગી વહુએ સોર્યો રાજ... હાં ને.

**(૧૧)**

લાલ પીળી પચરંગી સાઈકલ જાય
તેના ઉપર વિજય વેવાઈ ફરવા જાય
સામા મળ્યા એને હીના વેવાણ

કેમ રે મીસ્ટર કેમના જાવ
નાટક સીનેમાનાં શો જોવા જાય
સાઈકલ ગબડીને વિજય વેવાઈ ગબડયા
લાલ પીળી પચરંગી સાઈકલ જાય

(૧૨)

મારું સાત સમદરીયાનું મોતી રે
મોતી ગાડે આવ્યું ને પાડે તાણ્યું રે
એક ઝીણેરી સોય મંગાવો રે
ઓલ્યા સંજયનું નાક વિંધાવો રે
એનું નાક નકટું ને મોતી મોટું રે
એને નાકે તો નથડી પેરાવો રે
એને કાને તો કુંડળ પેરાવો રે
એને ઘમ્મરીયો ઘાઘરો પેરાવો રે
એને પગે તો ઘૂઘરા બંધાવો રે
એને ઓઝાની ડેલીએ નચાવો રે
એતો નાચંતા નાચંતા નાથ્યો રે
એને પોલીસે પકડી લીધો રે
એને કોણ છોડાવાને જાશે રે
એને મહર્ષિભાઈ છોડાવા જાશે રે

(૧૩)

વીંછી ચડ્યો રે કમાડ વિંછી રાજીયો રે
વીંછી ચડ્યો રે ગાર્ગી વહુને ચોટલે રે

ગૌરાંગભાઈ આઘાપાછા થાય વીંછી રાજીયો રે
ગાર્ગી વહુ ઊંચા નીચા થાય વીંછી રાજીયો રે
કોઈને આપું એક ગોળી છાની રાખો મારી ભોળી
વીંછી રાજીયો રે ..... વીંછી ચડયો.
વીંછી ચડયો રે પલ્લવી વહુને ચોટલે રે
ભારદ્વાજભાઈ આઘાપાછા થાય વીંછી રાજીયો રે
પલ્લવી વહુ ઊંચા નીચા થાય વીંછી રાજીયો રે
કોઈને આપું એક સુડી રાજી રાખો મારી રૂડી
વીંછી રાજીયો રે ..... વીંછી ચડયો.
વીંછી ચડયો રે રીદ્ધી વહુને ચોટલે રે
રાકેશભાઈ આઘા પાછા થાય વીંછી રાજીયો રે
રીદ્ધી વહુ ઊંચા નીચા થાય વીંછી રાજીયો રે
કોઈને આપું એક કુંચી રાજી રાખો મારી ઊંચી
વીંછી રાજીયો રે ..... વીંછી ચડયો.
વીંછી ચડયો રે નીતા વહુને ચોટલે રે
યોગેશભાઈ આઘાપાછા થાય વીંછી રાજીયો રે
નીતા વહુ ઊંચા નીચા થાય વીંછી રાજીયો રે
કોઈને આપું એક રીંગણું રાજી રાખો મારું ઠીંગણું
વીંછી રાજીયો રે ..... વીંછી ચડયો.

(૧૪)

પરેશભાઈ મુંબઈ શહેર ગ્યાતાં ગોરીનાં રૂસણાં
ભાવના વહુ હલવો મંગાવે ગોરીનાં રૂસણાં
આખું મુંબઈ શહેર જોયું હલવો નજરે ન દીઠો ગોરીનાં રૂસણાં

પરેશભાઈ ભાઈબંધને પૂછે, ભાઈબંધ રસ્તો બતાવે ગોરીનાં રૂસણાં
લીલું નેતર મંગાવો તેની સોટી ઘડાવો
તેને તેલ સીંચાવો, ફરતી ઘૂઘરી ટંકાવો ગોરીનાં રૂસણાં
સોટી સબસબ વાગે ઘૂઘરી ઘમઘમ વાગે
ભાવના વહુ હલવો ન માગે ગોરીનાં રૂસણાં

(૧૫)

ગૌરાંગભાઈ અમેરીકા ગ્યાતા સેજી માલણ રે
ત્યાંથી મેડમ પરણી લાવ્યા સેજી માલણ રે
મેડમ ગાર્ગી વહુની શોક્ય સેજી માલણ રે
ગૌરાંગભાઈ છાના સુખડા લાવે સેજી માલણ રે
ઓલી મેડમને ખવરાવે સેજી માલણ રે
ગાર્ગી વહુ રહ રહ રૂએ સેજી માલણ રે
નણંદી અર્ચનાબેન મજાવે સેજી માલણ રે
નવી નવ દાડા રહેશે સેજી માલણ રે
જૂની જન્મારાની સાથી સેજી માલણ રે

(૧૬)

સોનાની પેટીને રૂપાનાં સાજ
આપણા કુટુંબમાં વહુઆરુનાં રાજ
ભાવના વહુ કે હું તો ઊંચામાં ઊંચી
મને રે સોંપોને ભંડારાની કુંચી
નીતા વહુ કેહ હું તો ફરતી ફુદરડી
ચુલા પાણીઆરા વચ્ચે કરું રે ઉકરડી
પલ્લવી વહુ કહે હું ભલી રે ભથરોટ
માસ બે માસે હું ધોવું રે કથરોટ

રીદ્ધી વહુ કહે હું તો ભોળામાં ભોળી
દઈ આવું ગાગરને લઈ આવું ગોળી
ગાર્ગી વહુ કહે હું તો કાચા ચણા ચાવું
ટચલી આંગળીયે નાવલીયો નચાવું

(૧૭)

મેં તો હોંશે દળી ચણાની દાળ
મારે આજે કરવા છે પતરવેલીયા રે
મેં તો ભાવના વહુને દળવા બેસાડીયા રે
એણે દળ્યું છે ઝીણું ઝટ ..... મારે આજે.
મેં તો નીતા વહુને ચોપડવા બેસાડીયા રે
એણે ચોપડ્યું છે આછું પાતળું રે ..... મારે આજે.
મેં તો પલ્લવી વહુને બાફવા બેસાડીયા રે
એણે બાફ્યાં છે કાચા કચ ..... મારે આજે.
મેં તો રીદ્ધી વહુને સુધારવા બેસાડીયા રે
એણે સુધાર્યા છે ઝીણા ઝટ ..... મારે આજે.
મેંતો ગાર્ગી વહુને વઘારવા બેસાડીયા રે,
એણે વઘાર કર્યો છે, બહુ તેજ ..... મારે આજે.
મેં તો કૌમુદીબેનને જમવા બેસાડીયા રે
એણે ખાધા છે ઝૂટા ઝૂટ ..... મારે આજે.
એને અડધી રાતે પેટમાં દુખીયું રે
ઘેરે ડોક્ટર બોલાવ્યા તાબડતોબ ..... મારે આજે.
આવી ડોક્ટર નાડ તપાસતાં રે
આને ચડ્યો પતરવેલીયાનો ભાર ..... મારે આજે.

(૧૮)

વાંકો વડલો કે વાંકી વડવાઈ
વાંકી છે ભાવના વહુની જીભ અવસર આવ્યો ઢૂંકડો રે
આવતા જતાં ગોરી લવલવે
પ્રતિભાબેન નણંદ ન તેડાવો અવસર આવ્યો ઢૂંકડો રે
પ્રતિભાબેન વીંછી કેરો આંકડો
કૌમુદીબેન સરપલડાની ફેણ અવરસ આવ્યો ઢૂંકડો રે
ઓસરીમાં ઉભા નીતા વહુ બોલીયા
નહિ રે તેડું ને નહિ રે નોતરું
નહિ રે બાંધશું બેનને બારણે
નહિ રે આપું કમખાની કસ રે અવસર આવ્યો ઢૂંકડો રે
ઓરડામાં ઉભા રીદ્ધી વહુ બોલીયા
હું રે તેડીશને હું રે નોતરીશ
હું રે બાંધીશ બેનને બારણે
હું રે આપીશ કમખાની કસરે અવસર આવ્યો ઢૂંકડો રે

(૧૯)

ચારે કુંવરીયા વાદ વદે બે નાળીયેરી
ચારે ને ઘોડે ચડવાના કોડ બે નાળીયેરી
ઘોળી ઘોડી બહુરંગી બે નાળીયેરી
એ ઘોડા તો મારે જાગૃતિબનને સોહે બે નાળીયેરી
રાતી ઘોડી બહુરંગી બે નાળીયેરી
એ ઘોડી માટે પ્રતિભાબેનને સોહે બે નાળીયેરી
ભૂરી ઘોડી બહુરંગી બે નાળીયેરી
એ ઘોડી મારે અર્ચનાબેનને સોહે બે નાળીયેરી

પચરંગી ઘોડી બહુરંગી બે નાળીયેરી
એ ઘોડી મારે કૌમુદીબેનને સોહે બે નાળીયેરી
ચારે જમાઈ તો વાદ વદે બે નાળીયેરી
ચારે ને ગધેડે ચડવાના કોડ બે નાળીયેરી
લુલુ ગધેડું વિનોદભાઈને સોહે બે નાળીયેરી
બાડું ગધેડું બહુરંગી બે નાળીયેરી
એ ગધેડું અમરીષભાઈને સોહે બે નાળીયેરી
બેરું ગધેડું બહુરંગી બે નાળીયેરી
એ ગધેડું વિપુલભાઈને સોહે બે નાળીયેરી
કાળું ગધેડું બહુરંગી બે નાળીયેરી
એ ગધેડું શૈલેષભાઈને સોહે બે નાળીયેરી

(૨૦)

પરેશભાઈને ઘેર વિવાહનાં દિન રે હાંકો દલીયા
આવી રે જમાઈની જમાત રે હાંકો દલીયા
જૂનાગઢ તે ગામને ગોંદરે હાંકો દલીયા
કોણ વગાડે ઢોલ રે હાંકો દલીયા
કોણ વગાડે વાંસળી હાંકો દલીયા
કોણ વગાડે ભૂંગળું હાંકો દલીયા
કોણ તે ચડશે વાંસડે હાંકો દલીયા
કોણ તે થૈ થૈ નાંચશે હાંકો દલીયા
જૂનાગઢ તે ગામને ગોંદરે હાંકો દલીયા
સુરેશકુમાર વગાડે ઢોલ રે હાંકો દલીયા
વિનોદ કુમાર વગાડે વાંસળી હાંકો દલીયા

અમરીષકુમાર વગાડે ભૂંગળું હાંકો દલીયા
વિપુલકુમાર ચડશે વાંસડે હાંકો દલીયા
શૈલેષકુમાર થૈ થૈ નાચશે હાંકો દલીયા

(૨૧)

જી રે સરસ્વત સ્વામીને વિનવું
જી રે ગુણપત લાગેલું પાય...આંગણ દાડમ નીપજે
કીયા જમાયે ખેતર ખેડીયા
કીયા જમાયે રોપ્યા છે રોપ...આંગણ દાડમ નીપજે
કીયા જમાયે દાડમને પાણી પાયા
કીયા જમાઈ તે કરે રખવાળ...આંગણ દાડમ નીપજે
કીયા જમાયે દાડમ વેડીયા
કીયા જમાઈ વેચવા જાય...આંગણ દાડમ નીપજે
કીયા ભાઈએ દાડમ મૂલવ્યા
કીયા ભાઈએ ખર્ચયા છે દ્રવ્ય...આંગણ દાડમ નીપજે
કઈ બેને તે દાડમ સુધારીયા
કઈ બેને તે ભેળવી સાકર...આંગણ દાડમ નીપજે
કીયા ભાઈને જમવા બેસાડીયા
વધ્યુ ઘટ્યું કીયા જમાઈ ખાય...આંગણ દાડમ નીપજે
ગૌરશંકર જમાઈ એ ખેતર ખેડીયા
સુરેશ જમાઈ એ દાડમને રોપ્યા છે...આંગણ દાડમ નીપજે
વિનોદ જમાઈએ દાડમને પાણી પાયા
અમરીશ જમાઈએ કર્યા રખેવાળ...આંગણ દાડમ નીપજે

વિપુલ જમાઈ એ દાડમ વેડીયા
શૈલેષ જમાઈ વેચવા જાય...આંગણ દાડમ નીપજે
પરેશભાઈએ તે દાડમ મૂલવ્યા
યોગેશભાઈએ તો ખર્ચયા છે દ્રવ્ય...આંગણ દાડમ નીપજે
ભાવનાવહુએ તો દાડમ સુધારીયા
નીતા વહુ એ તો ભેળવી સાકર...આંગણ દાડમ નીપજે
મહર્ષિભાઈને જમવા બેસાડીયા
વધ્યું ઘટ્યું રાહુલ જમાઈ ખાય...આંગણ દાડમ નીપજે

(૨૨)

ઘમ્મ રે ઘમ્મ ઘંટી, બાજરોને બંટી
ઝીણું દળું તો ઉડી ઉડી જાય
જાડું દળું તો કોઈ નવ ખાય
નવલા વેવાઈ તમે એવા તે કેવા
હાલતા જાય, ચાલતાં જાય સીનેમાનાં બોર્ડ વાંચતાં જાય..... ઘમ્મ રે.
ટીકીટ લ્યો ભાઈ ટીકીટ લ્યો
સવારની છે કે સાંજની છે
સવારની હોય તો છોકરા છોકરા જાય
સાંજની હોય તો બંને જાય..... ઘમ્મ રે.
વેવાઈ કહે તું મેક્સી પહેર
વેવાણ કહે હું ના પહેરું
બંને વચ્ચે ઝઘડો થાય
સીનેમાની ટીકીટ કેન્સલ થાય ..... ઘમ્મ રે.

(૨૩)

રંગતાળી રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી
આવી લગ્નની રાત રઢીયાળી રે રંગમાં રંગતાળી
જાનમાં આવી છે ગીરીશભાઈ વાળી રે રંગમાં રંગતાળી
એ તો નીચી ને નખરાળી રે રંગમાં રંગતાળી
જાનમાં આવી છે વિજયભાઈ વાળી રે રંગમાં રંગતાળી
એ તો જાડી ને જગાડે વાડી રે રંગમાં રંગતાળી
જાનમાં આવી છે સંજયભાઈ વાળી રે રંગમાં રંગતાળી
એ તો લાંબી ને લટકાળી રે રંગમાં રંગતાળી
જાનમાં આવી છે ભાવીનભાઈ વાળી રે રંગમાં રંગતાળી
એ તો ધોળીને ધુતારી રે રંગમાં રંગતાળી
જાનમાં આવી છે જયભાઈ વાળી રે રંગમાં રંગતાળી
એ તો કાળીને કામણગારી રે રંગમાં રંગતાળી

(૨૪)

મારે આંગણ તલાવડી રે છબછબીયાં પાણી
આવતાં અણવર લપસ્યો રે એની કેડ લચકાણી
ગોળ ઘો, ગોળ ઘો, ગોળ ઘો રે એની કેડ લચકાણી
ગોળને બદલે ખોળ ઘો રે એની કેડ લચકાણી
ઘી પાવ, ઘી પાવ, ઘી પાવ રે એની કેડ લચકાણી
ઘી ને બદલે તેલ પાવ રે એની કેડ લચકાણી ..... મારે.
આવતા વેવાણ લપટી રે એની કેડ લચકાણી
ગોળ ઘો, ગોળ ઘો, ગોળ ઘો રે એની કેડ લચકાણી
ગોળને બદલે ખોળ ઘો રે એની કેડ લચકાણી
ઘી પાવ, ઘી પાવ, ઘી પાવ રે એની કેડ લચકાણી
ઘી ને બદલે તેલ પાવ રે એની કેડ લચકાણી ..... મારે.

(૨૫)

ઝાટકો રે ઝાટકો સુપડુ સવા લાખનું (૨)

બોલો શુભાંગીબેન તમારા સસરા લાગે કેવા

રંગે રૂડા રૂપે પૂરા લાગે અમરીશપુરી જેવા..... ઝાટકો રે.

બોલો શુભાંગીબેન તમારા સાસુ લાગે કેવા

રંગે રૂડા રૂપે પૂરા લાગે શશીકલા જેવા..... ઝાટકો રે.

બોલો શુભાંગીબેન તમારા નણંદ લાગે કેવા

રંગે રૂડા રૂપે પૂરા લાગે બિંદુ જેવા..... ઝાટકો રે.

બોલો શુભાંગીબેન તમારા જેઠ લાગે કેવા

રંગે રૂડા રૂપે પૂરા લાગે અનુપમ ખેર જેવા..... ઝાટકો રે.

બોલો શુભાંગીબેન તમારા પીયાજી છે કેવા

રંગે રૂડા રૂપે પૂરા લાગે ભોળા ભર જેવા ..... ઝાટકો રે.

બોલો શુંભાગીબેન તમારા પિતા લાગે કેવા

રંગે રૂડા રૂપે પૂરા લાગે દશરથ જેવા ..... ઝાટકો રે.

બોલો શુભાંગીબેન તમારા માતા લાગે કેવા

રંગે રૂડા રૂપે પૂરા લાગે કૌશલ્યા જેવા ..... ઝાટકો રે.

બોલો શુભાંગીબેન તમારા વીરા લાગે કેવા

રંગે રૂડા રૂપે પૂરા લાગગે રામચંદ્ર જેવા ..... ઝાટકો રે.

બોલો શુભાંગીબેન તમારા ભાભી લાગે કેવા

રંગે રૂડા રૂપે પૂરા લાગે સીતા જેવા ..... ઝાટકો રે.

## (૨૬)

(રાગ : મેરે બન્ને કી બાત ન પૂછો...)

વરપક્ષ : મારા વીરાની વાત ન પૂછો, મારો વીરો બહુ શાણો છે.
ઈન્દ્ર જેવું રૂપ છે એનું એ મહેતા કુટુંબનો રાણો છે.
મારા વીરાની વાત ન પૂછો મારો વીરો બહુ શાણો છે.

કન્યાપક્ષ : મારી બેનીની વાત ન પૂછો મારી બેની બહુ શાણી છે.
ચાંદની જેવું રૂપ છે એનું કોયલ જેવી વાણી છે.
મારી બેનીની વાત ન પૂછો મારી બેની બહુ શાણી છે.

વરપક્ષ : તારી માડીની વાત હું જાણું, તારી માડી જોયા જેવી છે.
ચાલ ચાલે જાણે હું છું નુતન, એ લાંબીને લટકાળી છે.
તારી માડીની વાત હું જાણું, તારી માડી જોયા જેવી છે.

કન્યાપક્ષ : તારી માડીની વાત હું જાણું, તારી માડી પણ કેવી છે.
રીંગણા જેવી ઠીંગણી ને, એ તો નીચી ને નખરાળી છે.
તારી માડીની વાત હું જાણું, તારી માડી જોયા જેવી છે.

વરપક્ષ : તારી ભાભીની વાત હું જાણું, તારી ભાભી જોયા જેવી છે.
સમીરભાઈને પણ છોડે નહીં, એ ધોળીને ધુતારી છે.
તારી ભાભીની વાત હું જાણું, તારી ભાભી જોયા જેવી છે.

કન્યાપક્ષ : તારી ભાભીની વાત હું જાણું, તારી ભાભી પણ ક્યાં ઓછી છે.
ખાણ માંહેલો કોલસો જોઈ લ્યો, તારી ભાભી કામણગારી છે.
તારી ભાભીની વાત હું જાણું, તારી ભાભી કામણગારી છે.

વરપક્ષ : મારા વીરાની સાળીજી તું તો ટુનટુન જેવી જાડી છે.
ડબલ સાડી તું વીંટાળે તોયે રહેતી ફાંદ ઉઘાડી છે.
મારા વીરાની સાળીજી તું તો ટૂન ટૂન જેવી જાડી છે.

કન્યાપક્ષ : મારી બેનીની નણંદ શાને થાય છે તું દોઢ ડાહી રે
પાપડ પણ તારાથી ભાંગી શકે નહીં, તું તો સાગની સોટી છે.
મારી બેનીની નણંદ તું તો, સાવ રે સાગની સોટી છે.
મારી બેનીની નણંદ તું તો વાહ રે કાંઈ દોઢ ડાહી છે.

વરપક્ષ : મારા વીરાની વાત ન પૂછો...

કન્યાપક્ષ : મારી બેનીની વાત ન પૂછો...

(૨૭)

કિયા ભાઈની મેડીયે ચડીયા ચોર ચડીયા ચોર હિલ્લોરી
પરેશભાઈની મેડીયે ચડીયા ચોર ચડીયા ચોર હિલ્લોરી
પેટીમાંથી શું શું ગયું શું શું ગયું હિલ્લોરી
પેટીમાંથી કાંબી ગઈ કોબી ગઈ હિલ્લોરી
પરેશભાઈની લાંબી ગઈ લાળી ગઈ હિલ્લોરી
યોગેશભાઈની મેડીયે ચડીયા ચોર ચડીયા ચોર હિલ્લોરી
પેટમાંથી શું શું ગયું શું શું ગયું હિલ્લોરી
પેટીમાંથી રીંગણું ગયું રીંગણું ગયું હિલ્લોરી
યોગેશભાઈનું ઠીંગણું ગયું ઠીંગણું ગયું હિલ્લોરી
ભારદ્વાજભાઈની મેડીયે ચડીયા ચોર ચડીયા ચોર હિલ્લોરી
પેટીમાંથી શું શું ગયું શું શું ગયું હિલ્લોરી
પેટીમાંથી થાળી ગઈ થાળી ગઈ હિલ્લોરી
ભારદ્વાજભાઈની કાળી ગઈ કાળી ગઈ હિલ્લોરી
રાકેશભાઈની મેડીએ ચડીયા ચોર ચડીયા ચોર હિલ્લોરી
પેટીમાંથી શું શું ગયું શું શું ગયું હિલ્લોરી
પેટીમાંથી સાડી ગઈ સાડી ગઈ હિલ્લોરી

રાકેશભાઈની જાડી ગઈ જાડી ગઈ હિલ્લોરી
ગૌરાંગભાઈની મેડીયે ચડીયા ચોર ચડીયા ચોર હિલ્લોરી
પેટીમાંથી શું શું ગયું શું શું ગયું હિલ્લોરી
પેટીમાંથી કુંચી ગઈ કુંચી ગઈ હિલ્લોરી
ગૌરાંગભાઈની લુચી ગઈ લુચી ગઈ હિલ્લોરી

(૨૮)

લીલા લીલા લવીંગડા તમે ચાવો રે શુભાંગીબેન
વધે તેટલા સાસરીયે મોકલાવોરે શુભાંગીબેન
શુભાંગીબેન મોટરમાં ફરવાને ગ્યાતાં
ત્યારે આનંદ જમાઈ ડ્રાઈવર થ્યાતાં
ડ્રાઈવરે ખૂબ ખૂબ કલ્પાંત કીધાં
ત્યારે પરેશભાઈએ કુંવરીને દીધાં..... લીલા લીલા.
શુભાંગીબેન પ્લેનમાં અમેરીકા ગ્યાતાં
ત્યારે આનંદ જમાઈ પાયલોટ થ્યાતાં
પાયલોટે ખૂબ ખૂબ કલ્પાંત કીધાં
ત્યારે રાકેશભાઈએ ભત્રીજીને દીધાં..... લીલા લીલા.
શુભાંગીબેન બગીચામાં ફરવાને ગ્યાતાં
ત્યારે આનંદ જમાઈ માળી રે થ્યાતાં
માળીએ ખૂબ ખૂબ કલ્પાંત કીધાં
ત્યારે જનકભાઈએ ભાણેજને દીધાં..... લીલા લીલા.
શુભાંગીબેન બસમાં ફરવાને ગ્યાતાં
ત્યારે આનંદ જમાઈ કંડક્ટર થ્યાતાં
કંડક્ટરે ખૂબ ખૂબ કલ્પાંત કીધાં
ત્યારે મહર્ષિભાઈએ એની બેનીને દીધાં ..... લીલા લીલા.

## (૨૯)

કુ બાઈ કુ કુગડી કુ

દમ લાસ કાય માઝા ગોવીંદા તું..... ગોવીંદા તું.....

એક ઓંડ કે દોખ ઓંડ કે

ઓંડ કીયા વરતી ઓંડ કે (૨)

ભાવનાબાઈની નવરા કેલા તોહી દાદા કોંડકે ..... કુ...બાઈકુ.

એક ગોટી દોન ગોટી

ગોટી વરતી ગોટી (૨)

નીતાબાઈની નવરા કેલા તોહી મોહન ચોટી ..... કુ...બાઈકુ.

એક ગન્ના દોન ગન્ના

ગન્ના વરની ગન્ના (૨)

પલ્લવીબાઈની નવરા કેલા તોહી રાજેશ ખન્ના ..... કુ...બાઈકુ.

એક પાન દોન પાન

પાન વરતી પાન (૨)

રીદ્ધીબાઈની નવરા કેલા તોહી આમીરખાન..... કુ...બાઈકુ.

એક જીરા દોન જીરા

જીરા વરતી જીરા (૨)

શુભાંગીબાઈની નવરા કેલા તોહી આહે હીરા ..... કુ...બાઈકુ.

એક ખારેક દોન ખારેક

ખારેક વરતી ખારેક (૨)

વિજયભાઈની બાઈકો કેલી તોહી આશા પારેખ..... કુ...બાઈકુ.

એક બેલન દોન બેલન

બેલન વરતી બેલન (૨)

સંજયભાઈની બાયકો કેલી તોહી આહે હેલન..... કુ...બાઈકુ.

એક દેવી દોન દેવી
દેવી જેવળ દેવી (૨)
ભાવિનભાઈની બાયકો કેલી તોહી શ્રીદેવી..... કુ...બાઈકુ.

(૩૦)
હોંશીલા બેની લગ્ન મુબારક
ભણેલા શુભાંગીબેન લગ્ન મુબારક
અભણ આનંદભાઈ લગ્ન મુબારક
લાડ લડાવે તેવા માતા તમારા (૨)
પાયે પડાવે તેવા સાસુ ક્યાંથી શોધ્યાં..... હોંશીલા.
રસમલાઈ ખવરાવે તેવા કાકી તમારા (૨)
ખીચડી ખવરાવે તેવા જેઠાણી ક્યાંથી શોધ્યાં..... હોંશીલા.
પીક્ચર દેખાડે તેવા વીરા તમારા (૨)
ઓર્ડર ફરમાવે તેવા દિયર કયાંથી શોધ્યાં..... હોંશીલા.
પિકનીક લઈ જાય એવા બેની તમારા
કામ કરાવે તેવા નણંદી કયાંથી શોધ્યાં..... હોંશીલા.

## નીંદરડી વિભાગ

### ગીત નંબર-(૧)

રાજા પહેલા તે પોરની નીંદરા
નીંદર જાજો રે શ્રીકૃષ્ણની સેજ, નીંદરડી નેણે સોયામણી
રાણી રૂક્ષ્મણી જગાડે જાગે નહીં
પોઢ્યા જાગો રે સુભદ્રા બેનનાં વીર, નીંદરડી નેણે સોયામણી
તમને શીયે સુખે આવે છે નીંદરા
આપણે ઘેર છે રે સુભદ્રાબેનનાં વીવા, નીંદરડી નેણે સોયામણી
તમે કીયા બેસી અમલ આરોગ્યાં
કીયા ચાવી રે લીલી નાગરવેલ, નીંદરડી નેણે સોયામણી
અમે ડાયરેથી અમલ આરોગ્યાં
માંડવે ચાવી રે લીલી નાગરવેલ, નીંદરડી નેણે સોયામણી
રાજા બીજલા તે પોરની નીંદરા
નીંદર જાજો રે પરેશભાઈની સેજ, નીંદરડી નેણે સોયામણી
ગોરા ભાવના વહુ જગાડે જાગે નહીં
પોઢયા જાગો રે કૌમુદીબેનનાં વીરા, નીંદરડી નેણે સોયામણી
સ્વામી શીયે સુખે આવે છે નીંદરા
આપણે ઘેર છે રે શુભાંગીબેનનાં વીવા, નીંદરડી નેણે સોયામણી
તમે કીયાં બેસી અમલ આરોગ્યાં
કીયા ચાવી રે લીલી નાગરવેલ, નીંદરડી નેણે સોયામણી
અમે ડાયરેથી અમલ આરોગ્યાં
માંડવે ચાવી રે લીલી નાગરવેલ, નીંદરડી નેણે સોયામણી

(૨)

ઊંચી મેડીને મારા ઘર રે વિવાયતા
તીયાં રે ઢળાવો ભમ્મર ઢોલીયો
ઢોલીયે તે પોઢશે રે મારા રાકેશભાઈ વીરા
ઉભલા રીદ્ધી વહુ ઢોળે વાસોલા
વાસોલા ઢોળે ને વાત જ પૂછે
અર્ચનાબેન નણંદ ન તેડજો
ઓછા પીયરનાં ગોરી ઓછા શું બોલો
ઓછા બોલેને અવગણ નીપજે
ઘરનાં વહુવારું તમે ઘરચોળા પહેરો
પટોળા પહેરે મારી મા જણી
ઘરનાં વહુવારું તમે તિજોરી ખોલો
દાગીના પહેરે મારી મા જણી
ઘરનાં વહુવારું તમે હાલો ને ચાલો
માંડવડે મ્હાલે મારી મા જણી
ઘરનાં વહુવારું તમે રાંધોને ચીંધો
પીરસણે શોભે મારી મા જણી
ખાસડું ખંખેરું તો કાલ બીજી આવે
નાણે ના આવે મારી મા જણી.

(૩)

રામપરાની ટોપલી માટે શૈલેષ જમાઈને માથે જો
પરેશભાઈની શેરીએ કાંઈ, શાક વેચવા આવ્યાં જો
પરેશભાઈએ કાછીયો જાલી, દૂધીયે ધૂધીયે સોર્યા જો

એક દૂધી બીજી દૂધી, ત્રીજી ધૂધીએ રોયા જો
રોતા રોતા ઘેર આવ્યા, કૌમુદીબેન પૂછ્યું જો
કેમ રે હાર્દિકનાં પપ્પા, તમને કોણે માર્યા જો
અમથી નાના, તમથી નાના, પરેશભાઈએ માર્યા જો

(૪)

હીરા મોતીની માર હાંસડી ને સંગમ મોતીનો મારો હાર
હાર પેહરીને ગાર્ગી વહુ સુઈ ગયાં ને રાખી પીયરીયાની રીત
મારા ગૌરાંગભાઈને ચડીયલ રીસ, ઢોલીયાની કાઢી ઈસ
બરડામાં મારી ઈસ, ઓરડામાં પડી ચીસ, માલસ મળ્યાં ત્રીસ
મારોમાં મારા વીર...અવસર આવ્યાં ઢૂંકડા...
હીરા મોતીની મારી હાંસડીને સંગમ મોતીનો મારો હાર
હાર પેટીને પલ્લવી વહુ સુઈ ગયા ને રાખી પીયરીયાની રીત
મારા ભારદ્વાજભાઈને ચડીયલ રીસ, ઢોલીયાની કાઢી ઈસ
બરડામાં મારી ઈસ, ઓરડામાં પડી ચીસ, માણસ મળ્યાં ત્રીસ
મારોમાં મારા વીર...અવસર આવ્યા ઢૂંકડા...

(૫)

મારે માંડવે હીરનાં દોર, ચીરનાં દોઢ ઘૂઘરીયાળાં ગોદડાં
મારે માંડવે શૈલેષકુમાર ચોર, ચોરી ગયાં છે ગોદડાં
કૌમુદીબેન ધોકો લ્યો, ધમકી દ્યો કેમ ચોર્યા ગોદડાં
મારીશમાં મારા ઘરની નાર હવે નહીં ચોરું ગોદડાં
હું ચારીશ રે તારા બાપનાં ઢોર નહીં ચોરું ગોદડાં
હું પાળીશ રે તારા બાપનાં બોલ હવે નહીં ચોરું ગોદડાં

(૬)

ભાવના વહુ છટડી દે ને અમને શીખ રે
આ જૂનાગઢ રળીયામણો
પતાસાનું પૈતું અમે નહીં લઈએ
અમે લેશું યોગેશભાઈવાળ નાર રે ..... આ જૂનાગઢ.
યોગેશભાઈવાળી ધોળી અમે નહીં લઈએ
અમે લેશું ભારદ્વાજભાઈ વાળી નાર રે ..... આ જૂનાગઢ.
ભારદ્વાજભાઈ વાળી મીઠડી અમે નહીં લઈએ
અમે લેશું રાકેશભાઈ વાળી નાર રે..... આ જૂનાગઢ.
રાકેશભાઈ વાળી મોર્ડન અમે નહીં લઈએ
અમે લેશું ગૌરાંગભાઈ વાળી નાર રે ..... આ જૂનાગઢ.
ગૌરાંગભાઈ વાળી મેડમ અમે નહીં લઈએ
અમે લેશું ગુણી ગુણી ખાંડ રે..... આ જૂનાગઢ.
ગુણી ગુણી ખાંડ અમે નહીં લઈએ
અમે લેશું ઓઝા કુટુંબની રીત રે ..... આ જૂનાગઢ.

(૭)

ખમા પોઢો શ્રીકૃષ્ણકમળ લોચન નયણે નીંદ્રા ભરાણી જી
સોનાનાં છે ઓરડાં ને રૂપાનાં છે બારસાખ, બારસાખે રતન જડેલાજજી
સોનાનાં છે ઢોલીયા ને રૂપાની છે પાટી, પાટે તે રતન જડેલાજી
રેશમનાં છે ગાદલાં ને મશરૂનાં ઓછાડ, ઓછાડે ઘૂઘરી ટાંકીજી
ત્યાં પોઢે વાસુદેવનો પુતર, વાસ ઢોળે પટરાણીજી
સોનાનો છે વીંઝણો ને રૂપાની છે દાંડી, દાંડીયે રતન જડીયાજી
ખમા પોઢો દિનેશભાઈનાં પૂતર નયણે નીંદ્રા ભરાણીજી

સીમેન્ટનાં ઓરડા, સુખડનાં બારસાખ, બાર સામે પીત્તળ જડીયાજી
સીસમનાં ઢોલીયા ને રેશમની છે પાટ, પાટે પીત્તળ જડીયાજી
રેશમનાં છે ગાદલાં ને ભેરવનાં ઓછાડ, ગાદલે ગાલ મસુરીયાજી
તીયાં પોઢો દિનેશભાઈનાં પુતર વાસ ઢોળે રીદ્ધી રાણીજી
મોતીનો છે વીંઝણો ને, દાંતની દાંત, વાસોલા ઢોળે રીદ્ધી રાણીજી
રાતે વહેલા પોઢજો સવારે વેલા ઉઠજો, કરજો લગ્નનાં કામજજી

**(૮)**

(રાગ : રાધાજીનાં ઊંચા મંદિર નીચા મોલ)

દિનેશભાઈનાં ઊંચા મહેલ નીચા બાગ, મહેલોમાં રોશની રે લોલ.
ખમ્મા પોઢો દિનેશભાઈનાં પૂતર, નયણે નીંદરા ભરી રે લોલ.
અગર ચંદનનાં શોભે ઓરડીયા, સુખડ રસીયા કમાડ છે રે લોલ.
સાગ રે સીસમનાં ઢળાવ્યા કાંઈ ઢોલીયા, રેશમનાં ગાદલાં રે લોલ.
મશરૂનાં ઓછાડ હીરથી ભરેલાં, ઓછાડે ટાંકી ઘૂઘરી રે લોલ.
તીયાં તમે પોઢો દિનેશભાઈનાં પૂતર, વાહર ઢોળે વહુરાણી રે લોલ.
મોતીની વીંઝલો ને રૂપલાની દાંડી, દાંડીએ ટાંકી ઘૂઘરી રે લોલ.
ઘૂઘરી ઘમકે ને વાહર મીઠો થાય, સુખેથી આવે નીંદરા રે લોલ.
આપણા તે ઘેર વિવાહનાં ઘણા કામ, સવારે વહેલા ઉઠજો રે લોલ.
વહેલા ઉઠીને લેજો પ્રભુજીનાં નામ, અવસર રંગે ઉકલે રે લોલ.

## વિદાય વિભાગ

### ગીત નંબર - (૧)

આ દશ આ દશ પીપળો, આ દશ દાદાનાં ખેતર
દાદા મેં એક પાન તોડીયું, દાદા ગાળ ન દેજો
અમે રે લીલુડા વનની ચરકલડી, ઉડી જાશું પરદેશ જો
દાદાને વહાલાં દિકરા, અમને દીધાં પરદેશ જો
દાદા દોલતભાઈ વિનવે, દીકરી ડાહ્યાં થઈ રહેજો
દાદા દિનેશભાઈ વિનવે, દીકરી ડાહ્યાં થઈ રહેજો
સસરાનાં ઘૂંઘટ તાણજો, સાસુને પાવોલે પડજો
જેઠ દેખીને ઝીણાં બોલજો, જેઠાણીનાં વાદ ન વદજો
નાનો દેરીડો લાડકો, તેની મશ્કરી ખમજો
નાની નણંદ લાડકી, તેના કોડ જ પૂરજો

### (૨)

રોઈ રોઈ આંખો લાલ ન કરીયે, શું છે તમારે દુઃખ રે
પરણ્યા એટલે પ્યારા લાડી, ચાલો આપણે ઘેર રે
ઉભા રહો તો માગું મારા દાદા પાસે શીખ રે
હવે કેવી શીખ રે લાડી, હવે કેવા બોલ રે
સાસરીયાનાં સાથમાં લાડી, શું છે તમને દુઃખ રે
સસરા તમારા દશરથ જેવા, સાસુજી કૌશલ્યા માત રે ..... રોઈ રોઈ.
ઉભા રહો તો માંગુ મારા કાકા પાસે શીખ રે
હવે કેવી શીખ રે લાડી, હવે કેવા બોલ રે
જેઠ તમારા રામચંદ્ર સરખા, જેઠાણી સીતા માત રે ..... રોઈ રોઈ

ઉભા રહો તો માંગુ મારા વીરા પાસે શીખ રે
હવે કેવી શીખ રે લાડી, હવે કેવા બોલ રે
દીયર તમારા લક્ષ્મણ જેવા, દેરાણી ઉર્મિલા જોડ રે ..... રોઈ રોઈ
ઉભા રહો તો માંગુ મારા બેની પાસે શીખ રે
હવે કેવી શીખ રે લાડી, હવે કેવા બોલ રે
નણંદ તમારા સુભદ્રા જેવા, નણદોઈ અર્જૂનરાય રે
સાસરીયાનાં સાથમાં લાડી શું છે તમને દુઃખ રે

(૩)

તું મહર્ષિભાઈની બેની રે તારે અંબોડે ફૂલ વેણી રે
તું મહર્ષિભાઈની બેની રે તારે જાવું જોશે સાસરીયે
તારા સસરા તને બોલાવે છે
તારી સાસુ હેત વર્ષાવે છે
તું પ્રતિકભાઈની બેની રે તારે અંબોડે ફૂલ વેણી રે
તારા જેઠ લાડ લડાવે છે
તારા જેઠાણી આનંદ કરાવે છે
તું હર્ષિતભાઈની બેની રે તારે અંબોડે ફૂલ વેણી રે
તારા દિયર કોડ પૂરે છે
તારી દેરાણી હાં જી હાં કરે છે
તું જશભાઈની બેની રે તારે અંબોડે ફૂલ વેણી રે
તારી નણંદ સદા છે સુગંધી
તને રાખશે સદા આનંદી
તું પાવનભાઈની બેની રે તારે અંબોડે ફૂલ વેણી રે
તારા કંથના હાથમાં વાટકી રે
તું લાગે છે તેને લાડકી રે
તું સમીરભાઈની બેની રે તારે અંબોડે ફૂલ વેણી રે

(૪)

લાલ ઘરચોળું લીલી નવખંડી રે લોલ
ચંપાપટાની છાપેલ કોર રાજ હો રાજ
ખોળે શ્રીફળને બેન ચાલીયા રે લોલ
દાદા માતાએ વિદાય આપીયા રે લોલ
મોટાળાની વિદાય લેતા જાવ રાજ હો રાજ..... ખોળે.
કાકા કુટુંબે વિદાય આપીયા રે લોલ
ફઈબાની વિદાય લેતા જાવ રાજ હો રાજ..... ખોળે.
મામા મોસાળે વિદાય આપીયા રે લોલ
માસીબાની વિદાય લેતા જાવ રાજ હો રાજ..... ખોળે.
વીરા ભાભીએ વિદાય આપીયા રે લોલ
બેનીની વિદાય લેતા જાવ રાજ હો રાજ..... ખોળે.
ઘરને પછવાડે મોટર ઉભીયું રે લોલ
સહિયર વળાવાને જાય રાજ હો રાજ ..... ખોળે.

(૫)

(રાગ : જીદંગી એક સફર હે સુહાના)

સાસરું એક મંજીલ છે તમારું, તીયાં સંપીને રહેવાનું
સસરાજીનાં ઘૂંઘટ તાણવા જરૂર, સાસુજીને પાયે પડવું જરૂર
તેમાં ગભરાવાની શી જરૂર.....તીયાં.....સાસરું
જેઠજીની આજ્ઞા, માનવી જરૂર, જેઠાણીનાં વાદન વદવા જરૂર
તેમાં ગભરાવાની શી જરૂર.....તીયાં.....સાસરું
દિયરજીની મશ્કરી ખમવી જરૂર, દેરાણીનાં કોડ જ પુરવા જરૂર
તેમાં ગભરાવાની શી જરૂર.....તીયાં.....સાસરું
નણંદીનાં અરમાન પુરવા જરૂર, નણદોયાનાં સ્વાગત કરવા જરૂર
તેમાં ગભરાવાની શી જરૂર.....તીયાં.....સાસરું

(૬)

(રાગ : મન ડોલે, મેરા તન ડોલે)

મન રોવે તારું તન રોવે, તારી સખીઓ કરે પુકાર રે
બેની ચાલી સાસરીયે
લગ્ન મંડપમાં તમારી જોડી કેવી સુંદર લાગે
તને લઈ જાવાને હો બેની કોણ અજાણ્યો આવે (૨)
દિલ તૂટે મારું મનડું વહે તારી કોણ લેશે સંભાળ રે
બેની ચાલી સાસરીયે ..... મન રોવે.
સખીઓ સંગાથે રમતી ભમતી તું માતાને મનગમતી
આજ માતાનું આંગણ છોડી શ્વસુર પંથે તું ચાલી (૨)
હૈયે બળતી દિલમાં રડતી એની આંખે આંસુની ધારા રે
બેની ચાલી સાસરીયે ..... મન રોવે.
દૂર નથી કદી મૂકી તુજને, અળગી કદી ન રાખી
આજે સાસરવાસી બનતાં પરઘેરે તું ચાલી (૨)
માતા રડતી, સખીઓ કહેતી તુજ વિદાય વસમી ધારે
બેની ચાલી સાસરીયે ..... મન રોવે.
મધુર મધુર એ સ્મરણો તારા, યાદ અમોને આવે
બાળપણની એ મસ્તી તારી અમ સૌને રડાવે (૨)
ભાઈ કહેતા ભાભી કહેતી તારી આશા સદા પૂરી થાય રે
બેની ચાલી સાસરીયે ..... મન રોવે.

(૭)

(રાગ : રાખનાં રમકડાં... રમકડાં)

સ્નેહનાં સંભારણાં સંભારણાં, તું તો હસતી રમતી બાળા રે
કાલ સવારે શ્વસુર ગૃહમાં ગૃહિણી થઈને જાવાં રે ..... સ્નેહનાં સંભારણાં

પિયરનું પહેર્યું પાનેતર કરમાં કંકણ રણકે
હાસ્ય ભરેલું મુખડું તારું (૨)
ધીમું ધીમું મલકે રે ..... સ્નેહનાં સંભારણાં
સાસરવાસી સાજન આવ્યા, સાસુ સસરા જેઠ રે
લાડકવાયા દિયર આવ્યા (૨)
નણંદી નરખર ભારી રે ..... સ્નેહનાં સંભારણાં
માતપિતાની તું લાડકડી, સખીયોની સંગાથી રે
આજ માતાનું આંગણ છોડી (૨) તું તો પરઘેર ચાલી રે ..... સ્નેહનાં સંભારણાં
આપીએ તુજને એક શિખામણ, ધ્યાનમાં તું એ લેજે રે
સાસરું તો એક શિખરમાર્ગી છે (૨)
ધીરા પગથીયાં ચડજે રે..... સ્નેહનાં સંભારણાં
જીવનપથનાં થયા પ્રવાસી, સુખદુખ સર્વે સહજે રે
પરમાત્માને કરું હું વિનંતી (૨)
અખંડ જોડી તારી રહેજે રે..... સ્નેહનાં સંભારણાં

**(૮)**

(રાગ : તારી પ્યારી પ્યારી સૂરત કો...)
મારી પ્યારી પ્યારી બેની રે તું અમને છોડીને ચાલી જશે...સાસરું છે દૂર.
એક તરફ તારી માતા રડે, બીજી તરફ તારા પિતા રડે
સામે ઉભા તારા સાસુ સસરા, ઉભા ઉભા તારી વાટ જુવે... મારી પ્યારી.
એક તરફ તારા વીરા રડે, બીજી તરફ તારા ભાભી રડે
સામે ઉભા તારા જેઠ જેઠાણી, ઉભા ઉભા તારી વાટ જુવે... મારી પ્યારી.
એક તરફ તારી બેની રડે, બીજી તરફ તારા બનેવી રડે
સામે ઉભા તારા નણંદ નણદોઈ, ઉભા ઉભા તારી વાટ જુવે... મારી પ્યારી.

(૯)

(રાગ : ચલી ચલી રે પતંગ મેરી ચલી રે.)

ચાલી ચાલી રે બેની મારી ચાલી રે.

છોડી પિયરનો સાથ, ચાલી સાસરીયાની વાટ

ચાલી જાય રે સાસરીયાની ગલી રે.

વીરા તમારા મંડપ વધાવે, ભાભી મંગળીયા ગવરાવે.

માતા પિતા મળી સાથ, કન્યાદાન કરે આજ ચાલી જાય રે સાસરીયાની ગલી રે.

..... ચાલી ચાલી રે બેની.

આવ્યા વરરાજા મંડપ દ્વારો, સૌને હૈયે હરખને માયે

વાગે શરણાયુંના સૂર, બેની ચાલી ઘણી દૂર, ચાલી જાય રે સાસરીયાની ગલી રે.

..... ચાલી ચાલી રે બેની.

(૧૦)

(રાગ : ભેટે ઝુલે છે તલવાર વિરાજી કેરી ભેટે ઝુલે છે.)

રમતી એક બાલીકા મંડપને આંગણે

લેતીતી મહિયરની વિદાય રે, વસમી વિદાય તારી લાગશે.

પિતાના અંકે રમતી એ બાલીકા (૨)

લઈ રહી છે છેલ્લી આશિષ રે, વસમી વિદાય તારી લાગશે.

નાનકડો વીર તારો માડીનો જાયો (૨)

મીઠા શબ્દોથી મનાવ રે, વસમી વિદાય તારી લાગશે.

માતાનાં બેની કાળજા રે કમકમ્યા (૨)

હૈયા કેરો હાર કેમ દેવાય રે, વસમી વિદાય તારી લાગશે.

સરખી સહિયર તારી આંસુડા આરતી (૨)

દઈ રહી છે છેલ્લી વિદાય રે, વસમી વિદાય તારી લાગશે.
પરદેશી પોપટો પીંજરામાં એકલો (૨)
તાકી બેઠો છે શિકાર રે, વસમી વિદાય તારી લાગશે.
જન્મભૂમી મુક્તિ ને પ્રભુતામાં પુરતી (૨)
છેલ્લા લાગે છે આવાસ રે, વસમી વિદાય તારી લાગશે.
તડકાંને છાંયા બેની જીવનમાં આવશે (૨)
જીવન છે એક સંગ્રામ રે, વસમી વિદાય તારી લાગશે.
હળવે હળવે તારી નાવડી ચલાવજે (૨)
લઈ જાજે પેલે પાર રે, વસમી વિદાય તારી લાગશે.
ધમ ધમ કરતી મોટર આવી (૨)
લઈ જાશે બેની ને સાસરે, વસમી વિદાય તારી લાગશે.
માતા પિતા ને બેની પાયે પડીને (૨)
લે જે તું છેલ્લા આશિષ રે, વસમી વિદાય તારી લાગશે.

**(૧૧)**

મધ મધ કરતી વેણીયું ને માંહે ગુલાબનું ફૂલ
આવને મારી બેનડી તારે સેંથે પૂરું સીંદુર
કુમકુમ ચોડ્યાં ભાલમાં ને કેસર છાંટ્યા ચીર
વિજયી હાર પહેરાવજે બેની જીવનસાથીને શીર ..... મધ મધ.
એકતો જનનીનાં દૂધડાં ને બીજું પિતાનું કુળ
ત્રીજું ત્રીલોક દિપાવજે બેની ઓઝા કુટુંબનું નૂર ..... મધ મધ.
ધમ ધમ કરતાં આવશે, વરરાજા તુજને લેવા
સાસુ સસરાને પાયે પડીને સોહાવજે સંસાર ..... મધ મધ.
બેની જેવું રત્ન જમાઈરાજ સોંપ્યું તમારે હાથ
સાગર જેવા સ્નેહથી સદા રહેજો સંપીને સાથ..... મધ મધ.

(૧૨)

(રાગ : નગરી નગરી દ્વારે દ્વારે...)

રડતી રડતી બહેની આજે ચાલી રે સાસરીયે (૨)
માતપિતાને છોડી દઈને પિયુની સંગાથે રે..... રડતી રડતી.
ભણાવી ગણાવી મોટી કીધી, શિખવાડ્યાં વિનયનાં પાઠ રે (૨)
જતન કરેલું રતન અમે નો, સોંપીયે તમને આજે રે (૨)
જાળવજો એ રતન અમારું, મુખડું ના કરમાયે રે ..... રડતી રડતી.
સાસરીયામાં સંપથી રહેજે, હસતી રહેજે સદાયે રે (૨)
સ્વામીનો પડછાયો થઈને, દેજે સદાય સાથે રે (૨)
આશિષનાં અમે મોતી દઈએ શીખમાં તુજને આજે રે ..... રડતી રડતી.

(૧૩)

સમજુ બાળકી જાય સાસરે વચન માડીનું ધ્યાનમાં ધરે.
શ્વસુર પક્ષમાં લાજથી રહો, કસુર કામમાં કીજીયે નહીં.
વચનથી વધે વેરીઓ ઘણાં, વચનથી સરે હેતુ આપણા.
વિષ રહ્યું મુખે મુખમાં સુધા, વચન મીઠડાં બોલે જે સદા ..... સમજુ.
પરઘરે ઘણું બેસવું નહિ, ઘરતણી કથા કહેવી નહીં.
દિયર જેઠથી બોલવું થોડું, અદબમાં રહી રોજ ચાલવું.
વડિલ વૃદ્ધની ચાકરી કરી, પ્રભુ તણી કૃપા પામશે ખરી.
હઠ કરી કશું માંગવું નહીં, રૂસણું માંડીને બેસવું નહીં. ..... સમજુ.
ઉપડતા સાદે વહાલ ના વધે, રખડતે મને કામ ના સરે
વખત જો મળે વાચવું સારું, નવ રહીશ બહેન તું આળસુ
હસમુખી રહી પ્રેમ વધારજે, કુટુંબ કલેશ સૌ દૂર તો થશે.
અધર્મ પાપથી વેગળા રહી, જીવન ભક્તિમાં મન રાખવું સહિ......સમજુ.

**(૧૪)**

(રાગ : મેં તો ભૂલ ચલી બાબુલ કા દેશ...)

બેનીએ ત્યજી દીધો પિયરીયાનો સાથ, સાસરીયું પ્યારું લાગે.

બેનીએ ગ્રહી લીધો સાસરીયાનો વાસ, સાસરીયું પ્યારું લાગે.

માતા પણ પ્યારા છે પિતા પણ પ્યારા

પણ સૌથી પ્યારા છે સાસુજી મારા

હો... કોઈ આપી દીયો પિયરને સંદેશ, સાસરીયું પ્યારું લાગે.

..... બેનીએ ત્યજી દીધો.

કાકા પણ પ્યારા છે કાકી પણ પ્યારા

પણ સૌથી પ્યારા છે જેઠાણી અમારા

હો... કોઈ આપી દીયો પિયરને સંદેશ, સાસરીયું પ્યારું લાગે.

..... બેનીએ ત્યજી દીધો.

ભાઈ પણ પ્યારા છે ભાભી પણ પ્યારા

પણ સૌથી પ્યારા છે દેરાણી અમારા

હો... કોઈ આપી દીયો પિયરને સંદેશ, સાસરીયું પ્યારું લાગે.

..... બેનીએ ત્યજી દીધો.

ચંદ્ર પણ પ્યારો છે સૂરજ પણ પ્યારો

પણ સૌથી પ્યારો છે સાજન અમારો

હો... કોઈ આપી દીયો પિયરને સંદેશ, સાસરીયું પ્યારું લાગે.

..... બેનીએ ત્યજી દીધો.

## સીમંત વિભાગ

### ગીત નંબર-(૧)

મારી ભાભીને સીમંત આજ હોંશ મને આવે છે.
ગૌરાંગભાઈનાં ઘરે અવસર આજ હોંશ મને આવે છે.
દિનેશભાઈ સાંજી દેવરાવોને આજ હોંશ મને આવે છે.
સાંજીમાં સોનૈયા, સાંજીમાં રૂપૈયા, રૂપીયાની શી વાત હોંશ (૨)
મિનાક્ષીબેન લાણી દેવરાવોને આજ હોંશ મને આવે છે.
લાણીમાં વાટકો, લાણીમાં છાલીયા, ખુમયાની શી વાત ..... હોંશ.
મારી ભાભીને.....
અનિલ વેવાઈ સાંજી દેવડાવોને આજ લાજ મને આવે છે.
કોઈને પાવલી કોઈને પૈસો, ખાલી હાથે રે ઘેર જાય, લાજ મને આવે છે.
દિના વેવાણ જમણ જમાડોને આજ લાજ મને આવે છે.
કોઈને કટકું કોઈને બટકુ ભૂખ્યા રહીને ઘેર જાવ લાજ મને આવે છે.
મારી ભાભીને.....

### (૨)

પંખીડા તું ઉડી જજે મુંબઈ શહેર રે
ધ્રણની માડીને કહેજે વેલા આવે રે (૨)
ઓલ્યા ગામનાં કાપડીયા વીરા વહેલા આવો રે (૨)
મારી ભાભીને માટે રૂડા સેલા લાવો રે
સાડી લાવો, સેલા લાવો વહેલાં આવો રે
વેવાણને કહેજે સીમંત ભરવા આવે રે
પંખીડા.....ઓ.....પંખીડા (૨)

ઓલ્યા ગામનાં માળીડા વીરા વેલા આવો રે
મારી ભાભીને માટે રૂડાં ફૂલડાં લાવો રે
ગજરા લાવે, ફૂલડાં લાવે, વહેલાં આવે રે
વેવાણને કહેજે સીમંત ભરવા આવે રે
પંખીડા....ઓ....પંખીડા (૨)
ઓલ્યા ગામનાં રે કાછીયા વીરા વહેલા આવે રે
મારી ભાભીને માટે મીઠાં ફળ લાવે રે
કેરી લાવે, દાડમ લાવે વહેલાં આવે રે
વેવાણને કહેજે સીમંત ભરવા આવે રે
પંખીડા....ઓ.....પંખીડા (૨)
ઓલ્યા ગામનાં રે કંદોઈ વીરા વહેલા આવો રે
મારી ભાભીને માટે સારી મીઠાઈ લાવો રે
લાડુ લાવે, જાંબુ લાવે, વહેલાં આવે રે
વેવાણને કહેજે સીમંત ભરવા આવે રે
પંખીડા.....ઓ.....પંખીડા...

**(૩)**

(રાગ : આજનો ચાંદલીયો મને.....કહી દો સૂરજને...)
આજનો પ્રસંગ ભાભીને લાગે અતિ વહાલો
લેવો છે આ ધ્રણને સીમંતનો લહાવો
સરખી સહિયર મળી સહુ સાથે આવો
સીમંત અવસરનો ઉત્સવ મનાવો.
દૂર દૂર દેશથી માડી તારી આવે
સાડી સેલાને રૂડાં ફૂલડાં લઈ આવે

ધીમાં પગલાં ભરીને બાજોઠે બીરાજો
લેવો છે આ ધ્રણને સીમંતનો લહાવો ..... આજનો.
દૂર દૂર દેશથી ભાભી તારી આવે
ફળ મેવા ને એતો મેઠાઈ લાવે
હોંશથી પ્રેમથી ધીમે ધીમે ખાવો
લેવો છે આજ ધ્રણનને સીમંતનો લહાવો ..... આજનો.
કાનકુંવર આવવાની તૈયારી થઈ છે
મીઠાં સપનોમાં ભાભી ખોવાઈ ગઈ છે
જલ્દી આવે કુંવર ગોદમાં સમાયો
લેવો છે આજે ધ્રણને સીમંતનો લ્હાવો ..... આજનો.

(૪)

બાગમાં બંધાવો હાલર હીંચકો
હીંચકડુ બંધાવો ઘુઘર વેલ રે ..... બંધાવો હાલર.
કિયા તે ભાઈની ગોરી બેસે હીંચકે
કિયા તે ભાઈની ભાભી ઝુલે આજ રે ..... બંધાવો હાલર.
રાકેશભાઈની ગોરી બેસે હિંચકે
ગૌરાંગભાઈની ભાભી ઝુલે આજ રે ..... બંધાવો હાલર.
હિંચકડાની ફરતે ઝાઝા ફૂલડાં
પાન એટલા ધ્રણરાણીનાં માન રે ..... બંધાવો હાલર.
હિંચકડે મુકાવો સોના ઝુલણી
ઝુલ એટલા ધ્રણરાણીનાં મૂલ રે ..... બંધાવો હાલર.
હિંચકે બેસાડ્યાં ધ્રણને હોંશથી
ધ્રણની સાથે ઝુલે કાનકુંવર રે ..... બંધાવો હાલર.

(૫)

(રાગ : દેર મારી અંગુઠીડીનો ચોર.)

ભાભી તમને કાન કુંવર જન્મ્યાં આજ
ભાભી તમે આપો રે વધાઈ.
ભાભી આવ્યો આવ્યો ખોળાનો ખૂંદનાર
ભાભી મને આપો રે વધાઈ.
કયો તો નણંદબા તમને ઝાંઝર મંગાવી દઉં
કયો તો કડલા રે ઘડાવી દઉં
ના બાઈ ના રે ભાભલડી હાં બાઈ હાં રે નણંદબા
..... ભાભી તમને.
કયો તો નણંદબા તમને ટીલડી મંગાવી દઉં
કયો તો નથણી રે ઘડાવી દઉં
ના બાઈ ના રે ભાભલડી હાં બાઈ હાં રે નણંદબા
.... ભાભી તમને.
કયો તો નણંદબા તમને બીંદીયા મંગાવી દઉં
કયો તો હાર રે ઘડાવી દઉં
ના બાઈ ના રે ભાભલડી હાં બાઈ હાં રે નણંદબા
..... ભાભી તમને.
કયો તો નણંદબા તમને ચુંદડી ઓઢાડી દઉં
કયો તો મનનાં માનેલાને બોલાવી દઉં
હાં બાઈ રે ભાભલડી હાં બાઈ હાં હું તો માંગુ છું એજ વધાઈ
..... ભાભી તમને.
કયો તો નણંદબા હવે ઢોલડીયા વગડાવી દઉં
હાં બાઈ હાં રે ભાભલડી તમે મારા મનડાની વાત હવે જાણી
..... ભાભી તમને.

(૬)

ગોરા ગોરા પોચા ને ગોરી રે કળાયુ રે

ગોરા ધ્રણ વહું હું તમને પૂછું રે

તમારી સાસુએ સઈ સાદર પૂરી રે

નગરની માટલની માંય મસુરીયા પેંડા રે

તાજી જલેબી ઉપર ઘીના થર રે

એવી એવી સદર ધ્રણની સાસુએ પૂરી રે

જમી જૂઠી ધ્રણ પલંગે પોઢ્યા રે

રાતનાં ચારે પોરે નીંદરે ઘેરાણા રે

ગોરા ગોરા પોચાને ગોરી કળાયુ રે

ગોરા ધ્રણ વહું હું તમને પૂછું રે

તમારી માતાએ સઈ સદર પૂરી રે

બાર વરસનો બાજરોને તેર વરસનાં તેલ રે

ટાંકાની ભાજીને અંદર જાજું મીઠું રે

એવી એવી સદર ધ્રણનની માતાએ પૂરી રે

ખાય ખધોડી ધ્રણ એટલે પોઢ્યા રે

રાતનાં ચાર પોર જાગી જાગી કાઢ્યા રે

(૭)

ધ્રણના સસરા ઘડાવે ધ્રણને મોતી છડો

એના ઘરમાં જાજા સોનેયા, ઘરમાં જાજા રૂપૈયા

કાલ ઘડાવે ધ્રણને મોતી છડો

એના પાણીયારામાં પાન છે વહુ દીકરીનાં માન છે

કાલ ઘડાવે ધ્રણને મોતી છડો

એના પાણીયારામાં બેડું છે વહુ દીકરીનું તેડું છે
કાલ ઘડાવે ધ્રણને મોતી છડો
એના પાણીયારામાં દાતણ છે વહુ દીકરીમાં ડહાપણ છે
કાલ ઘડાવે ધ્રણને મોતી છડો
ધ્રણના દાદા ઘડવો ધ્રણને મોતી છડો
એના ઘરમાં નથી સોનૈયા, ઘરમાં નથી રૂપૈયા
ક્યાંથી ઘડાવે ધ્રણને મોતી છડો
એના પાણીયારામાં પાન નહીં વહુ દીકરીનાં માન નહિં
ક્યાંથી ઘડાવે ધ્રણને મોતી છડો
એના પાણિયારામાં બેડું નહીં વહુ દીકરનું તેડું નહીં
ક્યાંથી ઘડાવે ધ્રણને મોતી છડો
એના પાણીયારામાં દાતણ નહીં વહુ દીકરીમાં ડહાપણ નહીં
ક્યાંથી ઘડાવે ધ્રણને મોતી છડો

(૮)

તાડેલા પણ તાડેલા સીમંતનો આવ્યો રૂડો લ્હાવ જી રે.
ધ્રણનાં તે સસરા વેવારીયાને સીમંતનો લેશે રૂડો લ્હાવ જી રે.
હાર રે વોરે હાંસડી રે વોરે ચંદનહારનો લેશે રૂડો લ્હાવ જી રે.
ધ્રણના તે સાસુ વેવારીયાને સીમંતનો લેશે રૂડો લ્હાવ જી રે.
સાડી રે વોરે, સેલા રે વોરે ઘરચોળાનો લેશે રૂડો લ્હાવ જી રે.
તાડેલા પણ તાડેલા સીમંતનો આવ્યો રૂડો લ્હાવ જી રે.
ધ્રણના તે દાદા વેવારીયા ને સીમંતનો લેશે રૂડો લ્હાવ જી રે.
તાવડી રે વોરે તોલીયા રે વોરે તુંબડાનો લેશે રૂડો લ્હાવ જી રે.
ધ્રણના તે માતા વેવારીયાને સીમંતનો લેશે રૂડો લ્હાવ જી રે.
સાવરણી રે વોરે સૂથીયા રે વોરે સુપડાનો લેશે રૂડો લ્હાવ જી રે.

(૯)

ધ્રણનો હાર હીરે જડ્યો, ધ્રણનો અંબોડો ફૂલે ભર્યો
ધ્રણ શેરડીએ સાંચર્યા ને વચમાં મેલો રવાયો ધ્રણ જેઠડીયા
ધ્રણ તમારા પીયરીયા દીસે સઘળાં ભવાયા ધ્રણ જેઠડીયા
ધ્રણનો આંકડો નમે નહીં , ધ્રણ સાસુ નણંદી ગમે નહીં.
ધ્રણને બોલવાનો બરો ઘણો, ધ્રણને ચાલવાનો ચટકો ઘણો
ધ્રણ શેરડીએ સાંચર્યા ને વચમાં મેલો કુંચી રે ધ્રણ જેઠડીયા
ધ્રણ તમારી મા છે લુચ્ચી રે ધ્રણ જેઠડીયા
ધ્રણ શેરડીએ સાંચર્યા ને વચમાં મેલો કડી રે ધ્રણ જેઠડીયા
ધ્રણ તમારી ભાભી છે બાડી રે ધ્રણ જેઠડીયા
ધ્રણ શેરડીએ સાંચર્યા ને વચમાં મેલો બંગડી રે ધ્રણ જેઠડીયા
ધ્રણ તમારી બેની છે લંગડી રે ધ્રણ જેઠડીયા
ધ્રણનો આંકડો નમે નહીં, ધ્રણને સાસુ નણંદી ગમે નહીં
ધ્રણને બોલવાનો બરો ઘણો, ધ્રણને ચાલવાનો ચટકો ઘણો

(૧૦)

ઓરડેથી ઉભા ધ્રણ સજે શણગાર
હાર વીના એનો અવળો શણગાર
ઓફીસેથી આવ્યા એના સ્વામી ભરથાર
કેમ નથી બોલતા ઘરડાની નાર
આપણાં તે ઘરમાં કોના કોના રાજ
આપણા તે ઘરમાં સાસુજીનાં રાજ
સાસુજીને તીરથ કરવા મોકલો સ્વામીનાથ
તો તમ સાથે બોલું ભરથાર ..... ઓરડેથી ઉભા.

આપણા તે ઘરમાં કોના કોના રાજ
આપણા તે ઘરમાં જેઠાણીનાં રાજ
જેઠાણીના ગજીયારા વેચાવો સ્વામીનાથ
તો તમ સાથે બોલું ભરથાર ...... ઓરડેથી ઉભા.
આપણા તે ઘરમાં કોના કોના રાજ
આપણાં તે ઘરમાં નણંદીનાં રાજ
નણંદીને સાસરીયે વળાવો સ્વામીનાથ
તો તમ સાથે બોલું ભરથાર ..... ઓરડેથી ઉભા.

**(૧૧)**

અમારે દરબારુનાં ઊંચા ઊંચા ડેલા રે
ભોળી ધ્રણ હમચી ખુંદવાને હાલ્ય.
ઓલ્યા મશુદીનાં નાના નાના ડેલા રે
ભોળી ધ્રણ હમચી ખુંદવાને હાલ્ય.
હમચી આગળ મેલો રવાયો રે ..... ભોળી.
ઓલ્યો યશ સદાયનો ભવાયો રે ..... ભોળી.
હમચી આગળ મેલોને કુંચી રે ..... ભોળી.
ઓલી ચેતના સદાયની છે લુચી રે ..... ભોળી.
હમચી આગળ મેલો ને કુંડી રે ..... ભોળી.
ઓલી મધુ સદાયની છે ભૂંડી રે ..... ભોળી.
હમચી આગળ મેલોને બંગડી રે ..... ભોળી.
ઓલી જયશ્રી સદાયની છે લંગડી રે ..... ભોળી.
હમચી આગળ મેલોને ખારેક રે ..... ભોળી.
અમારે પરેશભાઈ સદાયના છે પારેખ રે ..... ભોળી.

હમચી આગળ મેલો સોપારી રે ..... ભોળી.
અમારે યોગેશભાઈ સદાયના વેપારી રે ..... ભોળી.
હમચી આગળ મેલોને વાટકી રે ..... ભોળી.
અમારે રીદ્ધી સદાયની છે લાડકી રે ..... ભોળી.
હમચી આગળ મેલોને સાડી રે ..... ભોળી.
અમારે દરબારુને ઝાઝી છે ગાડી રે ..... ભોળી.

**(૧૨)**

સોનલા કાચકડીને દસમસનાં દોરા દસમસનાં દોરા
માથું ગૂંથાવા ધ્રણ ચાલ્યા
કિરણ રે સુધરી ગૂંથી શું જાણે ગૂંથાવી શું જાણે
ગૂંથશે મારા દિપકભાઈની રાણી
દિપકભાઈની રાણી, ગીતા વહુ ઠકરાણી (૨)
એણે મારી ધ્રણ શણગારી .....સોનલા કાચકડી.
કુસુમ રે સુઘરી ગૂંથી શું જાણે ગૂંથાવી શું જાણે
ગૂંથશે મારા આશીષભાઈની રાણી
આશિષભાઈની રાણી, પ્રીતી વહુ ઠકરાણી (૨)
એણે મારી ધ્રણ શણગારી.

**(૧૩)**

ઊંચે ટીંબે ઢમઢમ વાગે ચાલો જોવા જઈએ.
કૃપા વહુના મમ્મી આવ્યા ચાલો જોવા જઈએ.
ખોળો ભરામણ શું શું લાવ્યો ચાલો જોવા જઈએ.
ટબ ભરીને ટમેટાં લાવ્યા ચાલો જોવા જઈએ.

કબાટ ભરીને કંટોલા લાવ્યા ચાલો જોવા જઈએ.
સુપડું ભરીને સોનું લાવ્યા ચાલો જોવા જઈએ.
ચારણી ભરીને ચાંદી લાવ્યા ચાલો જોવા જઈએ.
પેટી ભરી પહેરામણી લાવ્યા ચાલો જોવા જઈએ.
નાના મોટા સાથે લાવ્યા ચાલો જોવા જઈએ.

(૧૪)

ચંદન તલાવડી ચંદન પાળ ત્યાં બેસે એની મા રખેવાળ
સગા સગાને નાવા દે પર સગાનાં પૈસા લે
પૈસો પૈસો ભેગો કરી ઘરચોળાની તેવડ કરી
ચંદન તલાવડી ચંદનપાળ ત્યાં બેસે એની મા રખેવાળ
સગા સગાને નાવા દે પર સગાનાં પૈસા લે
પૈસો પૈસો ભેગો કરી ખોળા ભરવાની તેવડ કરી
ચંદન તલાવડી ચંદનપાળ ત્યાં બેસે એની મા રખેવાળ
સગા સગાને નાવા દે પર સગાનાં પૈસા લે
પૈસો પૈસો ભેગો કરી અગલા પગલાની તેવડ કરી
ચંદન તલાડી ચંદનપાળ ત્યાં બેસે એની મા રખેવાળ
સગા સગાને નાવા દે પર સગાનાં પૈસા લે
પૈસો પૈસો ભેગો કરી વાડી ભરવાની તેવડ કરી

## સીમંતનાં ગરબા

### ગીત નંબર-(૧)

સવા વાલ સોનું ને અડધો વાલ રૂપું
એની મેં તો ટીલડી ઘડાવી સહીયર મોરી
ટીલડી રે...ટીલડી રે મારા નયનોમાં રમતી...
ટીલડી ચોડીને હું તો સસરા ઘેર ગઈતી
મારી સાસુજીએ મોં મચકોડ્યું સહિયર મોટી
ટીલડી રે...ટીલડી રે મારા નયનોમાં રમતી...
કેમ રે સાસુજી તમે મોં મચકોડ્યાં
નથી મારા સસરે ઘડાવી સહિયર મોટી
ટીલડી રે...ટીલડી રે મારા નયનોમાં રમતી...
ટીલડી ચોડીને હું તો જેઠજી ઘેર ગઈતી
મારા જેઠાણીએ મોં મચકોડ્યું સહિયર મોટી
ટીલડી રે...ટીલડી રે મારા નયનોમાં રમતી...
કેમ રે જેઠાણી તમે મોં મચકોડ્યાં
નથી મારા જેઠે ઘડાવી સહિયર મોટી
ટીલડી રે...ટીલડી રે મારા નયનોમાં રમતી...
ટીલડા ચોડીને હું તો દિયરજી ઘેર ગઈતી
મારા દેરાણીએ મોં મચકોડ્યાં સહિયર મોટી
ટીલડી રે...ટીલડી રે મારા નયનોમાં રમતી...
કેમ રે દેરાણી તમ મોં મચકોડ્યાં
નથી રે મારા દિયરે ઘડાવી સહિયર મોટી
ટીલડી રે...ટીલડી રે મારા નયનોમાં રમતી...

કાકાએ ઘડાવી મારા મામાએ ઘડાવી
મારા વીરાએ હિરલે જડાવી સહિયર મોટી
ટીલડી રે...ટીલડી રે મારા નયનોમાં રમતી...

(૨)

સાયબા હું રે ત્રાંબાની હેલે પાણીડાં નહીં ભરું
સાયબા મને રૂપલા બેડાની ઘણી હામ રે સાયબા
સાયબા હું રે ત્રાંબાની હેલે.
સાયબા મારે સસરા ખરાં પણ વેગળા (૨)
સાયબા મને લાજ્જુ કાઢ્યાની ઘણી હામ રે સાયબા
સાયબા હું રે ત્રાંબાની હેલે.
સાયબા મારે સાસુ ખરા પણ વેગળા (૨)
સાયબા મને પાયે લાગ્યાની ઘણી હામ રે સાયબા
સાયબા હું રે ત્રાંબાની હેલે.
સાયબા મારે જેઠ ખરા પણ વેગળા (૨)
સાયબા મને ઝીણું બોલવાની ઘણી હામ રે સાયબા
સાયબા હું રે ત્રાંબાની હેલે.
સાયબા મારે જેઠાણી ખરા પણ વેગળા (૨)
સાયબા મને વાદ વદવાની ઘણી હામ રે સાયબા
સાયબા હું રે ત્રાંબાની હેલે.
સાયબા મારે દિયર ખરા પણ વેગળા (૨)
સાયબા મને હોળી રમવાની ઘણી હામ રે સાયબા
સાયબા હું રે ત્રાંબાની હેલે.
સાયબા મારે નણંદ ખરા પણ વેગળા (૨)
સાયબા મને માથું ગૂંથવાની ઘણી હામ રે સાયબા
સાયબા હું રે ત્રાંબાની હેલે.

(૩)

સોના ઈંઢોણી રૂપા બેડલું રે  નાગર ઉભા રહો રંગ રસીયા
પાણીડાં ગઈતી તળાવ રે નાગર ઉભા રહો રંગ રસીયા
કાંઠે તે કાન ઘોડા ખેલવે રે  નાગર ઉભા રહો રંગ રસીયા
કાન મને ઘડૂલો ચડાવ રે નાગર ઉભા રહો રંગ રસીયા
તારો ઘડૂલો ગોરી તો ચડે રે નાગર ઉભા રહો રંગ રસીયા
તું જો મારા ઘર કેરી નાર રે નાગર ઉભા રહો રંગ રસીયા
ફટ રે ભૂંડા ને ફટ પાપીયા રે નાગર ઉભા રહો રંગ રસીયા
તું છે મારો માડી જાયો વિર રે નાગર ઉભા રહો રંગ રસીયા
કેડ મરડીને ઘડો હું ચડાવું રે નાગર ઉભા રહો રંગ રસીયા
તૂટી મારી કમખાની કસ રે નાગર ઉભા રહો રંગ રસીયા
ભાઈ રે દરજીડા વીરા વીનવું રે નાગર ઉભા રહો રંગ રસીયા
સાંધો મારા કમખાની કસ રે  નાગર ઉભા રહો રંગ રસીયા
ટાંકે ટાંકે છે ઘમ્મર ઘૂઘરી રે નાગર ઉભા રહો રંગ રસીયા
વચમાં ટાંકે છે ઝીણાં મોર રે નાગર ઉભા રહો રંગ રસીયા
જાતા ને વાગે ઘમ્મર ઘૂઘરી રે નાગર ઉભા રહો રંગ રસીયા
વળતાં ટહુકે ઝીણાં મોર રે નાગર ઉભા રહો રંગ રસીયા
સોના ઈંઢોણી રૂપા બેડલું રે નાગર ઉભા રહો રંગ રસીયા
પાણીડાં ગઈતી તળાવ રે નાગર ઉભા રહો રંગ રસીયા

(૪)

મોરલી તે ચાલી રંગ રૂસણે રે (૨)
કોણ મનાવા જાય રંગ મોરલી
સસરો મનાવા જાય રંગ મોરલી

સસરાની વારી હું તો નહીં રે વરું રે
હાં,હંઅં, હોવે હું તો મારે મૈયર જઈશ રંગ મોરલી
મોરલી તો ચાલી.....કોણ મનાવા.
સાસુ મનાવા જાય રંગ મોરલી
સાસુની વારી હું તો નહીં રે વરું રે
હાં,હંઅં, હોવે હું તો મારે મૈયર જઈશ રંગ મોરલી
મોરલી તો ચાલી.....કોણ મનાવા.
જેઠજી મનાવા જાય રંગ મોરલી
જેઠની વારી હું તો નહીં રે વરું રે
હાં,હંઅં, હોવે હું તો મારે મૈયર જઈશ રંગ મોરલી
મોરલી તો ચાલી.....કોણ મનાવા.
જેઠાણી મનાવા જાય રંગ મોરલી
જેઠાણીની વારી હું તો નહીં રે વળું રે
હાં,હંઅં, હોવે હું તો મારે મૈયર જઈશ રંગ મોરલી
મોરલી તો ચાલી.....કોણ મનાવા.
દિયર મનાવા જાય રંગ મોરલી
દિયરની વાળી હું તો નહીં રે વળું રે
હાં,હંઅં, હોવે હું તો મારે મૈયર જઈશ રંગ મોરલી
મોરલી તો ચાલી.....કોણ મનાવા.
પરલ્યો મનાવા જાય રંગ મોરલી
પરલ્યાની વાળી હું તો જટ રે વળું રે
હાં,હંઅં, હોવે હું તો મારે મૈયર નહીં જાઉં રંગ મોરલી
હું તો મારે મૈયર નહીં જાઉં રંગ મોરલી.

(૫)

પાંદડું ઉડી ઉડી જાય રે પરદેશી લાલ પાંદડું
પાંદડાની માયા મને લાગી પરદેશી લાલ પાંદડું ..... પાંદડું.
હે માડી મારો સસરોજી આતો આવ્યો
માડી હું તો સસરાજી ભેળી નહિં જાઉં
સાસુજી મેણા બોલે પરદેશી લાલ પાંદડું ..... પાંદડું.
હે માડી મારો જેઠજી આણે આવ્યો
માડી હું તો જેઠજી ભેળી નહીં જાઉં
જેઠાણી મેણા બોલે પરદેશી લાલ પાંદડું ..... પાંદડું.
હે માડી મારો દેરજી આણે આવ્યો
હે માડી હું તો દેરજી ભેળી નહિ જાઉં
નણંદબા મેણાં બોલે પરદેશી લાલ પાંદડું ..... પાંદડું.
હે માડી મારો પરણોજી આણે આવ્યો
હે માડી હુતો પરણ્યા ભેળી નહિ જાઉં
પરણોજી મીઠું બોલે પરદેશી લાલ પાંદડું ..... પાંદડું.

(૬)

મારો સોનાનો ઘડૂલો રે... હાં પાણીડાં છલકે છે
ઘૂંઘટની ઓરકોર પાલવની ઓરકોર
ગોરીનું મુખડું મલકે છે...હાં પાણીડાં છલકે છે. ..... મારો.
પચરંગી પાઘડી વાલાને બહુ શોભે આજ
નવરંગી ચુંદડીમાં વાલાનું મન મોહે આજ
ઘૂંઘટની ઓરકોર પાલવની ઓરકોર
ગોરીનું મુખડું મલકે છે...હાં પાણીડાં છલકે છે. ..... મારો.

પગમાં તે મોજડી વાલાને બહુ શોભે આજ
ચટકતી ચાલમાં રાધાનું મન મોહે આજ
ઘૂંઘટની ઓરકોર પાલવની ઓરકોર
ગોરીનું મુખડું મલકે છે...હાં પાણીડાં છલકે છે. ..... મારો.
દલડાની ડેલીએ વાલાનું રૂપ શોહે આજ
અંબોડે ફૂલડાં ચટકે ને મન મોહે આજ
ઘૂંઘટની ઓરકોર પાલવની ઓરકોર
ગોરીનું મુખડું મલકે છે...હાં પાણીડાં છલકે છે. ..... મારો.

(૭)

ઢોલીડા ઢોલ વગાડ મારે હીંચ લેવી છે.
હીંચ લેવી છે મારે હીંચ લેવી છે. (૨) ..... ઢોલીડા.
કીયા ભાઈને મહેલે મારે હીંચ લેવી છે.
કઈ વહુને ઘુમરે મારે હીંચ લેવી છે.
હીંચ લેવી છે મારે હીંચ લેવી છે...... ઢોલીડા.
રાકેશભાઈને મહેલે મારે હીંચ લેવી છે.
રીદ્ધી વહુને ઘુમટે મારે હીંચ લેવી છે.
હીંચ લેવી છે મારે હીંચ લેવી છે...... ઢોલીડા.
ગૌરાંગભાઈને મહેલે મારે હીંચ લેવી છે.
ગાર્ગી વહુને ઘુમટે મારે હીંચ લેવી છે.
હીંચ લેવી છે મારે હીંચ લેવી છે...... ઢોલીડા.
દિપેશભાઈને મહેલે મારી હીંચ લેવી છે.
દીશા વહુને ઘુમટે માટે હીંચ લેવી છે.
હીંચ લેવી છે મારે હીંચ લેવી છે...... ઢોલીડા.

હેમાંગભાઈને મહેલે મારે હીંચ લેવી છે.
કૃપા વહુને ઘુમટે મારે હીંચ લેવી છે.
હીંચ લેવી છે મારે હીંચ લેવી છે...... ઢોલીડા.

(૮)

ભલા ભાણેજડા સરોવર જાઉં ત્યાં ઢોલે રમું
હાથ કેરા ચુડલા લઈ ગયો વિઠ્ઠલોને
હાથે અડવી ફરૂ ભાણેજ.....
સરોવર જાઉં ત્યાં ઢોલે રમું ..... ભલા.
પગ કેરા કડલા લઈ ગયો વિઠ્ઠલોને
સરોવર જાઉં ત્યાં ઢોલે રમું ..... ભલા.
નાક કેરી નથલી લઈ ગયો વિઠ્ઠલોને
નાકે અડવી ફરૂં ભાણેજ
સરોવર જાઉં ત્યાં ઢોલે રમું ..... ભલા.
ડોક કેરો હારલો લઈ ગયો વિઠ્ઠલોને
ડોકે અડવી ફરૂં ભાણેજ
સરોવર જાઉં ત્યાં ઢોલે રમું ..... ભલા.
આજ મારું ચીતડું લઈ ગયો વિઠ્ઠલોને
જોવા બાવરી ફરૂં ભાણેજ
સરોવર જાઉં ત્યાં ઢોલે રમું ..... ભલા.

(૯)

ઝૂલણ મોરલી વાગે રે રાજાનાં કુંવર
હાલો હાલોને જોવા જઈએ રે
મોરલી વાગી રે રાજાનાં કુંવર ..... ઝુલણ.

માથે મેવાડી મોળીયા રાજાનાં કુંવર
ખંભે ખંતીલો ખેસ રે
મોરલી વાગી રે રાજાનાં કુંવર .... ઝુલણ.
કાને તે કુંડળ શોભતાં રાજાનાં કુંવર
કંઠે એકાવન હાર રે
મોરલી વાગી રે રાજાનાં કુંવર ..... ઝુલણ.
બાંયે બાજુબંધ બેરખા રાજાનાં કુંવર
દશે આંગળીયે વેઢ રે
મોરલી વાગી રે રાજાનાં કુંવર ..... ઝુલણ.
ચડવા તે ઘોડો હંસલો રાજાનાં કુંવર
પીતળીયા પલાણ રે
મોરલી વાગી રે રાજાનાં કુંવર ..... ઝુલણ.
પગે રાઠોડી મોજડી રાજાનાં કુંવર
ચાલે ચટકતી ચાલ રે
મોરલી વાગી રે રાજાનાં કુંવર ..... ઝુલણ.
રૂપાળી રાધા આવી રે રાજાનાં કુંવર
તારી સાથે રમવા રાસ રે
મોરલી વાગી રે રાજાનાં કુંવર ..... ઝુલણ.

# જનોઈ વિભાગ

## ગીત નંબર-(૧)

બડવા કાન કડી હાથી વીંટી હીરે જડી.
બડવો જઈ બેઠો છ દાદાશ્રીને ખોળે ચડી.
દાદા જનોયુ દેવરાવો અમને હોંશ ઘણી.
અમને હોંશ ઘણી દાદા તમને ખંત ઘણી. ..... બડવા કાને.
બડવો જઈ બેઠો છે કાકાશ્રીને ખોળે ચડી.
કાકા કુટુંબ તેડાવો અમને હોંશ ઘણી.
અમને હોંશ ઘણી કાકા તમને ખંત ઘણી. ..... બડવા કાને.
બડવો જઈ બેઠો છે મામાશ્રીને ખોળે ચડી.
મામા મોસાળા લઈ આવો અમને હોંશ ઘણી.
અમને હોંશ ઘણી મામા તમને ખંત ઘણી. ..... બડવા કાને.
બડવો જઈ બેઠો છે વીરાશ્રીને ખોળે ચડી.
વીરા મોટરું શણગારો અમને હોંશ ઘણી.
અમને હોંશ ઘણી વીરા તમને ખંત ઘણી. ..... બડવા કાને.

## (૨)

બ્રહ્મચાર ટોપી વાપરી જૂનાગઢનાં છે મોતી.
ટોપી વચ્ચે મોતીનાં સાથીયા વચ્ચે રસીયા છે આટા
પહેરો રે જસભાઈ પાતળા લાવ્યા તમારા દાદા
દાદાનાં મનડા મધ ભર્યાં હૈયે હરખ ન માય જો
પહેરી ઓઢી બળવો સાંચર્યો માતા જોવાને જાય જો
માતાનાં મનડા મધ ભર્યાં હૈયે હરખ ન માય જો
..... બ્રહ્મચાર ટોપી ...રસીયા છે આટા.

પહેરો રે જસભાઈ પાતળા લાવ્યા તમારા કાકા
કાકાનાં મનડા મધભર્યાં હૈયે હરખ ન માય જો
પહેરી ઓઢી બડવો સાંચર્યો કાકી જોવાને જાય જો
કાકીનાં મનડા મધ ભર્યાં હૈયે હરખ ન માય જો
..... બ્રહ્મચાર ટોપી ...રસીયા  છે આરા.

(૩)

સાત સુંવાળી બડવા પાંચ લાડુડા
ભીક્ષા બાંધીને બડવો કાશીએ ચાલ્યો
વરો વરો બડવા તમારા દાદા મનાવે
દાદા મનાવી બડવા ગરથ ઉકેલે
નહીં વરું દાદા મારે કાશીએ જાવું
કાશીએ જઈને મારે વેદ જ ભણવા
રામવેદ, સામવેદ, યજુર્વેદ ભણવા
અથર્વવેદ ભણી મારે બ્રહ્મચારી થાવું
સાત સુંવાળી બડવા પાંચ લાડુડા
ભીક્ષા બાંધીને બડવો કાશીએ ચાલ્યો
વરો વરો લડવા તમારા કાકા મનાવે
કાકા મનાવી બડવા ગરથ ઉકેલે
નહીં વરું કાકા મારે કાશીએ જાવું
કાશીએ જઈને મારે વેદ જ ભણવા
રામવેદ, સામવેદ, યજુર્વેદ ભણવા
અથર્વવેદ ભણી મારે બ્રહ્મચારી થાવું

(૪)

આલા લીલા વાંસની વાંસલડી
શેરી શેરી વજંતી જાય
દાદાને અતિ વાલા જસભાઈ
એતો કાશીએ ભણવા ને જાય
આજનો દિવસ કુંવર રોકાઈ જાવ
તમને કાલે આપીશું વિદાય
આજનો દિવસ દાદા રોકાવાય નહીં
મારો સાથ બ્રહ્મચારીનો જાય ..... આલા લીલા.
કાકાને અતિ વાલા જસભાઈ
એતો કાશીએ ભણવાને જાય
આજનો દિવસ ભત્રીજ રોકાઈ જાવ
તમને કાલે આપીશું વિદાય
આજનો દિવસ કાકા રોકાવાય નહીં
મારો સાથે બ્રહ્મચારીનો જાય ...... આલા લીલા.
મામાને અતિ વાલા જસભાઈ
એતો કાશીએ ભણવાને જાય
આજનો દિવસ ભાણેજ રોકાઈ જાવ
તમને કાલે આપીશું વિદાય
આજનો દિવસ મામા રોકાવાય નહીં
મારો સાથ બ્રહ્મચારીનો જાય

(૫)

અમદાવાદી પાલખી રે આવી, પાલખી ઉપર રે ધજા
જસભાઈ માગે તેના દાદા પાસે રજા
આજ્ઞા આપોને દાદા, હવે મને જનોઈનો રંગ લાગ્યો
જનોઈ લાગે રે સારી સંસાર લાગે રે ખારો ..... અમદાવાદી.
જસભાઈ માગે તેના વીરા પાસે રજા
આજ્ઞા આપોને વીરા, હવે મને જનોઈનો રંગ લાગ્યો
જનોઈ લાગે રે સારી સંસાર લાગે રે ખારો

(૬)

બડવા સાવ રે સોનાની ઝૂલણી
બડવો જઈ બેઠો છે પાસોલી વાડી કોણ મનાવશે
બડવો માગગે છે જનોઈની રીત કોણ દેવરાવશે
બડવા તેડાવો દિનેશભાઈ દાદા હરખે દેવરાવશે
..... બડવો જઈ બેઠો છે.
બડવો માગે છે કુટુંબડાની રીત કોણ તેડાવશે
બડવા તેડાવો ગૌરાંગભાઈ કાકા હરખે તેડાવશે
..... બડવો જઈ બેઠો છે.
બડવો માગે છે મોસાળાની રીત કોણ લઈ આવશે
બડવા તેડાવો ચીરાગભાઈ મામા હરખે લઈ આવશે
..... બડવો જઈ બેઠો છે.
બડવો માગે છે ભીક્ષાની રીત કોણ પીરસાવશે
બડવા તેડાવો રિદ્ધીબેન માતા હરખે પીરસશે
..... બડવો જઈ બેઠો છે.

## આરતી

૧૦ મી ડીસેમ્બર ૨૦૧૦ નાગેશ્રી મુકામે ઓઝા પરિવારનાં સુરાપુરા દાદાશ્રી ઓઝા સરીયા દાદાનાં મંદિરને જીર્ણોદ્ધાર પૂર્ણ થતાં પ્રથમ યજ્ઞનું આયોજન કરેલ તેમાં મુખ્ય યજમાન બનવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થતાં તે પ્રસંગ નિમિત્તે દાદાની આરતીની સ્વયં રચના કરી જે નીચે મુજબ છે.

દિવડા ઝગમગ ઝગમગ થાય
આરતી કુળદેવતાની થાય..... દિવડા ઝગમગ.
આરતી નાગેશ્રીમાં થાય
આરતી ઓઝાસરીયા દાદાની થાય..... દિવડા ઝગમગ.
અમે આવ્યા છીએ દાદાની પાસ
લેવા આશિર્વાદ દાદાનાં આજ..... દિવડા ઝગમગ.
દર્શન દિધા છે સ્વપ્નની માંહ્ય
જાગ્યો સમગ્ર ઓઝા પરિવાર..... દિવડા ઝગમગ.
ઓઝા આવ્યા છે સાથે મળી આજ
કરવા દાદાનાં સૌ કામકાજ..... દિવડા ઝગમગ.
અમે લાવ્યા છીએ ધૂપ ને દીપ
જાગી નાગેશ્રી ગામની પ્રીત..... દિવડા ઝગમગ.
દેવ તમને બેસાડ્યા મંદિર માંહ્ય
દેવ તમે રાજી રાજી થાવ..... દિવડા ઝગમગ.
દેવ તમે વરસાવો આશિષ લાખ
ભક્તોનાં પૂરણ કરવા કાજ ..... દિવડા ઝગમગ.

## 'વસંતોત્સવ-૨૦૧૩' ના ઉપક્રમે લાગણીભીની હૈયા સ્ફૂરણા

'જય મહાકાળ' બોલતાં, ઉનેવાળ હરખાય છે,
ઉનાને આંગણે આજે, વિપ્રસભા થાય છે,
અમુલખ લ્હાવો લેતા, કનકાઈમાં સમરાય છે.....જય
ઉનાના રહીશ છે ને, ઉનેવાળ કહેવાય છે,
નાથળ ગામમાં રહેતાં, નાથળીયા કહેવાય છે.....જય
જ્ઞાનની ખોજ માટે, જ્ઞાનગંગા વહાવે છે,
'વિઠ્ઠલદાસ' નામ લેતાં, બોર્ડીંગ સ્થપાય છે.....જય
ગરીબોનો દોર હતોને, જ્ઞાતિજન રીબાતોતો,
'માધવજીભાઈ' એ હાથ ઝાલતાં, શિક્ષાર્થી તરીજાય છે.....જય
સંસાર રથનાં પૈડામાં સ્ત્રી, પુરૂષ સમાન થાય છે,
શિક્ષણની માંગ થાતાં, કન્યા ગૃહ સ્થપાય છે.....જય
'કંકુબેને' ઉદારતાથી, લોકમાંગણી પૂરી કરી છે,
કન્યા શિક્ષણ માટે, ભવનની રચના થાય છે.....જય
નિરાધારની આધાર આ, માતૃસંસ્થા કહેવાય છે,
જન ઉપયોગી કાર્યો કરતાં, સંસ્થાને આનંદ થાય છે.....જય
વસંતોત્સવની ઉજવણી, ૧૯૮૬ થી થાય છે,
વિદ્યાર્થીને પુરસ્કારથી, સન્માનીત કરાય છે.....જય

સંસ્થાની દિકરીઓ, હોંશે હોંશે ગાય છે,

પ્રાંગણનાં મંડપની, શાન વધારે છે.....જય

દાતાઓને આયોજકો, પ્રેમ વરસાવે છે,

દિકરા દિકરી ભણી, સંસ્થાને બિરદાવે છે.....જય

આવો આવો ઈતિહાસ જાણી, હરકોઈનું મન હરખાય છે,

મીના તૃપ્ત થતાં, કાવ્યની રચના થાય છે.....જય

- દિનેશ વી. ઓઝા

મિનાક્ષી ડી. ઓઝા

# ૮૪ બ્રાહ્મણોની યાદી

(૧) સીધ્ધપુરા ઔદીચ્ય (૨) સીહોરા ઔદીચ્ય (૩) ટોળકીયા ઔદીચ્ય (૪) વડનગરા નાગર (૫) વીસનગરા નાગર (૬) સાઠોદરા નાગર (૭) પ્રશ્નોલા નાગર (૮) કૃષ્ણોરા નાગર (૯) સાચોરા (૧૦) ઉદમ્બરા (૧૧) નરસાધરા (૧૨) વલાદરા (૧૩) પંગોરા (૧૪) નાંદોદરા (૧૫) ગીરનારા (૧૬) સોમપરા (૧૭) હરસોરા (૧૮) સજોધરા (૧૯) ગંગાપુત્રા (૨૦) મોઢમીત્રા (૨૧) ગૌમીત્રા (૨૨) ચીત્રોદા નાગર (૨૩) શ્રીગોડા (૨૪) ગુર્જર ગોડા (૨૫) કરોડા (૨૬) વાયકા (૨૭) ભટ્ટ મેવાડા (૨૮) ત્રીવાડી મેવાડા (૨૯) દ્રાવીડા (૩૦) દેશાવાલ (૩૧) રાયકવાલ (૩૨) રોઢવાલ (૩૩) ખેડાવાળ (૩૪) સિંધુવાલ (૩૫) પલ્લીવાલ (૩૬) ગોમતીવાલ (૩૭) ઇટાવાલ (૩૮) મેડતાવાલ (૩૯) ગયાવાલ (૪૦) અગસ્ત્યાવાલ (૪૧) પ્રેતવાલ (૪૨) યાજ્ઞિક્વાલ (૪૩) ધોડવાલ (૪૪) પુડવાલ (૪૫) ઉનેવાળ (૪૬) રજવાલ (૪૭) કનોજીયા (૪૮) સરવરીયા (૪૯) કંડોલીયા (૫૦) કરખડીયા (૫૧) પટવાલીયા (૫૨) સોરઠીયા (૫૩) તંગમોડિયા (૫૪) સણોઠિયા (૫૫) વંશવધા (૫૬) મોતારા (૫૭) ઝારોળા (૫૮) રામપુળા (૫૯) કપીળા (૬૦) અક્ષયમંગળા (૬૧) ધુગરી (૬૨) નાયલ (૬૩) અનાવળા (૬૪) શ્રીમાળી (૬૫) ત્રીવેદી મોઢ (૬૬) ચતુર્વેદી મોઢ (૬૭) વાલ્મીક (૬૮) વારદીક (૬૯) કલીંગા (૭૦) તિલિંગા (૭૧) ભાર્ગવ (૭૨) માલવી (૭૩) નંદુઆણા (૭૪) ભરથાણા (૭૫) પુષ્કર્ણા (૭૬) સારસ્વત (૭૭) ખડાયતા (૭૮) મારુ (૭૯) દાહીમા (૮૦) ચોવીસા (૮૧) જાંબુ (૮૨) મરેઠા મહારાષ્ટ્ર (૮૩) દધીચ (૮૪) લલાટ

ઉનાગામના રહેવાસી ઉનેવાળ. વીભાગ ૧૮ છે. ઇ.સ.૧૩૦૪ માં સોમનાથ ઉપર અલ્લાઉદીન તથા અહમદશાહના વખતમાં લડાઇ થઇ તે વખતે ઉનેવાળ બ્રાહ્મણોને સહન કરવુ પડ્યુ. મહંમદ ગઝનીએ ૧૦૨૬ માં સોમતાથ પર ચઢાઇ કરી ત્યારે મુસ્લીમલશ્કરનો સામનો કરી સહન કર્યું. પરીણામે ઉનેવાળોને ઉના છોડવુ પડ્યુ અને કોડીનાર પાસે છારા ગામમાં વસ્યા તે છારીયા .ખેડા જીલ્લામાં બાજ -બાજવા તરફ ગયા તે બાજિયા નાથળ ગામમાં વસ્યા  તે નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ કહેવાયા- નાથેર પંથકમાં સોરઠ પંથકમા વસ્યાતે નાથેરવાસી સોરથવાસી બ્રાહ્મણ કહેવાયા તે જ રીતે વલાદરાઓને વલાદ  છોડવુ પડ્યુ અને વલાદ્રા કહેવાયા અને દરેકના ઇસ્ટ્દેવ -દેવી અલગ અલગ નામ હોવા છતા દરેકનો ઇતીહાસ ક્યાંકને ક્યાંક  સરખો છે જેમ સાંચોરમાંથીસાંચેરા બ્રાહ્મણ તેમનો ઇતીહાસ માતાજીનો બાલામાતા જેવોજ છે જે અમે ગયા હતા અને દર્શન પણ કરેલા. સુર્યના ચાર સ્વરુપ બાલાર્ક. તરુણાર્કવૃધ્દાર્ક સીધ્ધાર્ક...જ્યારે કોટ્યાર્ક પ્રભુનુમંદીર પણ છે. કાઠી લોકો પણ સુર્યનીપુજાકરતા અને આજે સુર્યના મંદીરો ઘણા છે .।

**ब्राह्मणों की वंशावली भविष्य पुराण**

**ब्राह्मणों की वंशावली भविष्य पुराण के अनुसार ब्राह्मणों का इतिहास है की प्राचीन काल में महर्षि कश्यप के पुत्र कण्वय की आर्यावनी नाम की देव कन्या पत्नी हुई | ब्रम्हा की आज्ञा से दोनों कुरुक्षेत्र वासनी सरस्वती नदी के तट पर गये और कण् व चतुर्वेदमय सूक्तों में सरस्वती देवी की स्तुति करने लगे एक वर्ष बीत जाने पर वह देवी प्रसन्न हो वहां आयीं और ब्राम्हणो की समृद्धि के लिये उन्हें वरदान दिया | वरदान के प्रभाव से कण्वय के आर्य बुद्धिवाले दस**

पुत्र हु ए जिनका क्रमानुसार नाम थाउपाध्याय, दीक्षित, पाठक, शुक्ला, मिश्रा, अग्निहोत्री, दु बे, तिवारी, पाण्डेय,और चतुर्वेदी | इन लोगो का जैसा नाम था वैसा ही गुण | इन लोगो ने नत मस्तक हो सरस्वती देवी को प्रसन्न किया | बारह वर्ष की अवस्था वाले उन लोगो को भक्तवत्सला शारदा देवी ने अपनी कन्याए प्रदान की | उनके क्रमशः नाम हु ए उपाध्यायी, दीक्षिता, पाठकी, शुक्लिका, मिश्राणी, अग्निहोत्रिधी, द्विवेदिनी, तिवेदिनी पाण्ड्यायनी और चतुर्वेदिनी कहलायीं | फिर उन कन्याओं के भी अपने-अपने पति से सोलह-सोलह पुत्र हुए हैं वे सब गोत्रकार हुए जिनका नाम - कष्यप, भरद्वाज, विश्वामित्र, गौतम, जमदग्रि, वसिष्ठ, वत्स, गौतम, पराशर, गर्ग, अत्रि, भृगडत्र, अंगिरा, श्रंगी, कात्याय,और याज्ञवल्क्य। इन नामो से सोलह-सोलह पुत्र जाने जाते हैं |

## मुख्य 10 प्रकार ब्राम्हणों ये हैं-

(1) तैलंगा, (2) महार्राष्ट्रा, (3) गुर्जर, (4) द्रविड, (5) कर्णटिका, यह पांच "द्रविण" कहे जाते हैं, ये विन्ध्यांचल के दक्षिण में पाय जाते हैं | तथा विंध्यांचल के उत्तर मं पाये जाने वाले या वास करने वाले ब्राम्हण (1) सारस्वत, (2) कान्यकुब्ज, (3) गौड़, (4) मैथिल, (5) उत्कलये, उत्तर के पंच गौड़ कहे जाते हैं | वैसे ब्राम्हण अनेक हैं जिनका वर्णन आगे लिखा है | ऐसी संख्या मुख्य 115 की है | शाखा भेद अनेक हैं | इनके अलावा संकर जाति ब्राम्हण अनेक है | यहां मिली जुली उत्तर व दक्षिण के ब्राम्हणों की नामावली 115 की दे रहा हूं | जो एक से दो और 2 से 5 और 5 से 10 और 10 से 84 भेद हु एहैं फिर उत्तर व दक्षिण के ब्राम्हण की संख्या शाखा भेद से 230 के लगभग है | तथा और भी शाखा भेद हुए हैं | जो लगभग 300 के करीब

**ब्राम्हण भेदों की संख्या का लेखा पाया गया है | उत्तर व दक्षिणी ब्राम्हणां के भेद इस प्रकार है** 81 **ब्राम्हाणां की** 31 **शाखा कुल** 115 **ब्राम्हण संख्या** (1) **गौड़ ब्राम्हण**, (2)**मालवी गौड़ ब्राम्हण**, (3) **श्री गौड़ ब्राम्हण**, (4) **गंगापुत्र गौडत्र ब्राम्हण**, (5) **हरियाणा गौड़ ब्राम्हण**, (6) **वशिष्ठ गौड़ ब्राम्हण**, (7) **शोरथ गौड ब्राम्हण**, (8) **दालभ्य गौड़ ब्राम्हण**, (9) **सुखसेन गौड़ ब्राम्हण**, (10) **भटनागर गौड़ ब्राम्हण**, (11) **सूरजध्वज गौड ब्राम्हण(षोभर)**, (12) **मथुरा के चौबे ब्राम्हण**, (13) **वाल्मीकि ब्राम्हण**, (14) **रायकवाल ब्राम्हण**, (15) **गोमित्र ब्राम्हण**, (16) **दायमा ब्राम्हण**, (17) **सारस्वत ब्राम्हण**, (18) **मैथल ब्राम्हण**, (19) **कान्यकुब्ज ब्राम्हण**, (20) **उत्कल ब्राम्हण**, (21) **सरवरिया ब्राम्हण**, (22) **पराशर ब्राम्हण**, (23) **सनोडिया या सनाड्य**, (24)**मित्र गौड़ ब्राम्हण**, (25) **कपिल ब्राम्हण**, (26) **तलाजिये ब्राम्हण**, (27) **खेटुवे ब्राम्हण**, (28) **नारदी ब्राम्हण**, (29) **चन्द्रसर ब्राम्हण**, (30)**वलादरे ब्राम्हण**, (31) **गयावाल ब्राम्हण**, (32) **ओडये ब्राम्हण**, (33) **आभीर ब्राम्हण**, (34) **पल्लीवास ब्राम्हण**, (35) **लेटवास ब्राम्हण**, (36) **सोमपुरा ब्राम्हण**, (37) **काबोद सिद्धि ब्राम्हण**, (38) **नदोर्या ब्राम्हण**, (39) **भारती ब्राम्हण**, (40) **पुश्करर्णी ब्राम्हण**, (41) **गरुड़ गलिया ब्राम्हण**, (42) **भार्गव ब्राम्हण**, (43) **नार्मदीय ब्राम्हण**, (44) **नन्दवाण ब्राम्हण**, (45) **मैत्रयणी ब्राम्हण**, (46) **अभिल्ल ब्राम्हण**, (47) **मध्यान्दिनीय ब्राम्हण**, (48) **टोलक ब्राम्हण**, (49) **श्रीमाली ब्राम्हण**, (50) **पोरवाल बनिये ब्राम्हण**, (51) **श्रीमाली वैष्य ब्राम्हण** (52) **तांगड़ ब्राम्हण**, (53) **सिंध ब्राम्हण**, (54) **त्रिवेदी म्होड ब्राम्हण**, (55) **इग्यर्शण ब्राम्हण**, (56) **धनोजा म्होड ब्राम्हण**, (57) **गौभुज ब्राम्हण**, (58) **अट्टालजर ब्राम्हण**, (59) **मधुकर ब्राम्हण**, (60) **मंडलपुरवासी ब्राम्हण**, (61) **खड़ायते ब्राम्हण**, (62) **बाजरखेड़ा वाल ब्राम्हण**, (63) **भीतरखेड़ा वाल**

**ब्राम्हण**, (64) **लाढवनिये ब्राम्हण**, (65) **झारोला ब्राम्हण**, (66) **अंतरदेवी ब्राम्हण**, (67) **गालव ब्राम्हण**, (68) **गिरनारे ब्राम्हण**

**सभी ब्राह्मण बंधुओ को मेरा नमस्कार बहु त दु र्लभ जानकारी है जरूर पढ़े । और समाज में शेयर करे इस तरह ब्राह्मणों की उत्पत्ति और इतिहास के साथ इनका विस्तार अलग अलग राज्यो में हु आ और ये उस राज्य के ब्राह्मण कहलाये । ब्राह्मण बिना धरती की कल्पना ही नहीं की जा सकती** Shri Suktam Rug Ved...Fal shruti...

**वरांकुशौ पाशमभीतिमुद्रां करैर्वहन्तीं कमलासनस्थाम्**

**बालार्क कोटि प्रतिभां त्रिणेत्रां भजेहमाद्यां जग।दीश्वरीं ताम् ॥** 30**॥**

આવો આપણે બ્રાહ્મણોની અવટંક-અટક વીશે જાણીએ પ્રારંભમાં બ્રાહ્મણોમાં અટક ન હતી. ઋગ્વેદાદી ગ્રંથોમાં તેઓ નામથી ઓળખાતા જેમકે વીસ્વામીત્ર.વસીષ્ઠ.જમદગ્ની. આ ઋષીઓની અટક મલતી નથી. અહી એ પણ નોધવુ જરુરી છે કે ક્ષત્રીય -વૈષ્ય વર્ણમાં પણ અટક ન હતી. આ બધા નામથી ઓળખાતા કાળાન્તરે સ્વીકારેલ વ્યવસાયના આધારે તેની તે "ઓળખ" થઇ .પછીથી તે સંબંધીતવ્યક્તીની અવટંક-અટક બની. અટકને પ્રારંભમાં ઉપનામ કે પદવી કહેવાતી .બ્રાહ્મણોના આરંભ-વીકાસનો અભ્યાસ જરુરી છે. અહી થોડીક માહીતી પ્રપ્ત છે તે સમજવુ જરુરી છે

I will list down here some Brahmin surnames I have come across over the years -note that there are some surnames which are shared across castes - they denote place of origin (like the -kar surnames of Maharashtra), occupation amongst other things, and are not exclusive to a caste. Also, the list is heavily biased to (1) Bhatt (2) Joshi (3) Pandit (4) Kulkarni (not exclusive, but common) (5) Dwivedi, Trivedi, Chaturvedi and Tripathy (6) Pant,

Sharma, Mishra, Dixit, Tiwari/Tewari, Jha, Bahuguna (7) Fadnavis, Phadnis or Phadnavis (again common but not exclusive) (8) Acharya, Upadhyay, Shastri, Pandey, Panda (9) Bhattacharya Bannerjee, Bonnerjee, Chatterjee, Mukherjee& Ganguly(Bengali Brahmin surnames)Kaul, Raina, Haksar, Tikoo, Mattoo, Dhar, Kak, Sapru,Sopori, Razdan (Kashmiri Pandit surnames) (10) Bhargava, Vashishta, Rasgotra (11) Assamese Brahmins list of SurnamesBaruah. Bez Baruah. Bujar Barua. Chandra BaruaRam Barua Prasad Barua. Gobinda BaruaAcharya / Acharjee. Bhattacharya / Bhattacharjee Bhagavati. Bardalai. Gain. Goswami . Sharma Siddhanta. Thakur. Pathak Brahmin is a varna (class, caste) in Hinduism specializing as priests of sacred learning across generations. [1][2][3] Brahmins used to survive on the donations they used to earn fromreligiousrituals called "Daan" by following the religion ie. "Dharma". They were traditionally responsible for religious rituals in temples, as intermediaries between temple deities and devotees, as well as rite of passage rituals such as solemnising a wedding with hymns and prayers. [3][4] However Indian texts suggest that Brahmins were often agriculturalistsin medieval India. [4][5]

**The following rules of conduct for a Brahmin**

- Be always truthful
- Conduct himself as an Aryan
- Teach his art only to virtuous men
- Follow rules of ritual purification
- Study Vedas with delight
- Never hurt any living creature
- Be gentle but steadfast
